# કુમાર

સંસ્થાપક • રવિશંકર રાવળ

આવતી કાલનાં નાગરિકોનું માસિક ૩૮૪ વર્ષ ૩૨ • અંક ૧૦મો • ઑક્ટોબર '૫૫

તંત્રી • બચુભાઈ રાવત



'લીલા લહેર' : ચેકોસ્લોવાકિયાના અર્નેસ્ટ પોટુચેક નામના એક સમર્થ કાતર-કલાકારની કૃતિ, જેનો પરિચય આ અંકમાં આપ્યો છે.











## કાગળ કાતરવાની કલા

પૂઠાની ઉપર તથા અહીં આપેલા આ વિશિષ્ટ કલાના નમૂનાઓ બે વિવિધ કલાકારોના છે, જેમાં, છાયાચિત્રોની ઢબે, કાળા કાગળમાંથી કાપેલાં પ્રસંગચિત્રો તથા દૃશ્યચિત્રોનું વેગવંતું નિરૂપણ છે. પૂઠા પરનું તથા અહીં ડાબી બાજુનું ચિત્ર, સત્તર વર્ષની વયના અર્નેસ્ટ ઑગસ્ટ પોટુચેક નામના એક ચેકોસ્લોવાકિયન કુમારની કૃતિઓ છે, જ્યારે મથાળે વર્તુલાકાર તથા તેની બાજુની ત્રણ કૃતિઓ હન્ટ ડીડરિક નામના જર્મન કલાકારની કારીગરી છે. એણે આ ચારચિત્રોમાં સ્પેનની લોકપ્રિય ને મર્દાની રમત 'ગોધા સાથે યુદ્ધ'ના ચાર પ્રસંગો આલેખ્યા છે, જેમાં એ જીવસટોસટની શિકારી રમતમાં રહેલાં આવેગ અને જોશ ઉતારવાનો સફળ પ્રયત્ન કર્યો છે. એ રમતમાં એક માતેલા ને ફાટેલા સાંઢને ક્રીડાંગણમાં છુટ્ટો મૂકીને ખેલાડી (જે મૅટૅડૉરના નામે ઓળખાય છે) તેને લાલ કપડું બતાવીને હુલાવે છે, જેથી રોષે ભરાઇ ગોધો તેને મારવા ધસે છે; પણ ખેલાડી તેની ચોટ ચુકાવતો જઈ, વારે વારે તેને જુદી-જુદી રીતે કપડું બતાવ્યે જઇ, વધુ ને વધુ ચીડવી ગુસ્સે કરે છે, ને એમ કરતાં કરતાં બરોબર લાગ આવી જાય ત્યારે પોતાના હાથમાંની બરછીઓ જેવાં તીક્ષ્ણ હથિયાર તેની સુંવાળી કાંધમાં ઊંડાં ઘોંચી દે છે, જે જીવલેણ નીવડે છે. મૅટૅડૉર સ્ફૂર્તિવાન ને ગોધાના હલ્લો ચુકાવવામાં વીજળી જેવો ચપળ ન હોય તો ગોધો આંખના પલકારામાં પોતાનાં અણીદાર શીંગની બલવાન ઢીંક વડે તેને જ જમીન સરસો ચગદી છૂંદી પૂરો કરી દે છે. મથાળાનાં ત્રણ ચિત્રોમાં એ ક્રિયાઓ દર્શાવી છે ને વર્તુલાકારમાં એમાંની જ એક ક્રિયાનું ચોટદાર શોભન-સંયોજન કર્યું છે.

કુમાર
ઑક્ટોબર ૧૯૫૫
અંક ૩૮૨

## અનુક્રમ

### ચિત્રો



### કાવ્યો



### ચરિત્ર



### વાર્તા-નાટિકા



### લેખો



### વિભાગો



કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૯; પરદેશમાં રૂા. ૧૧ અથવા શિ૦ ૧૭; છૂટક નકલ: બાર આના

**અહીં પ્રકટ થતી દરેક વસ્તુ માટે 'કુમાર'માંનું એક ત્રિરંગી ચિત્ર ભેટ મોકલાશે.**




સપ્ટેમ્બર અંકમાં શ્રી મણિશંકર વિશે લેખનું ઉત્તમ છાપકામ જોઇ શ્રી મણિશંકર તથા તેમના મિત્રો (સ્કૂલ ઑવ આર્ટ્સમાં) ખુશ થયા. તેઓ કહેતા હતા કે અહીંનાં માસિકો કરતાં રંગીન ચિત્રોના બ્લૉકમાં 'કુમાર'ની છાપ વધુ સારી ને સાચી છે. ખાસ કરીને લેખની સાથે આવેલ ચિત્રોની એકરંગી છાપ પર તો બધા યે ખુશ થઇ ગએલા. આવા કાગળ પર આવી સારી છાપ તેમણે પહેલી જ જોઈ.

શરતચૂકથી લેખમાં બેત્રણ છાપભૂલો રહેવા પામી છે: (૧) ચોથા પૅરામાં તેમની જન્મની સાલ ૧૯૧૧ને બદલે ૧૯૨૧ છપાઈ છે. (૨) તેરમા પૅરામાં 'કલાશાળામાં શરૂઆતનાં વર્ષોમાં પણ તેઓ આસાનીથી બેત્રણ ચિત્રો બનાવી નાખતા' એમાં 'એક દિવસમાં' મૂકવાનું રહી ગયું છે. (૩) ઓગણીસમા પૅરામાં 'આજના યુરોપીય કલાકારોએ જે સિદ્ધ કર્યું છે તેની કે પૂર્વના કલાકારો પહેલાં જે સિદ્ધ કરી ચૂક્યા છે, તેની સરખામણીમાં યુરોપીય ઍકેડેમિક શૈલીમાં ખૂબ "ઓછું" કલાતત્ત્વ રહેલું છે, એમ તેમનું માનવું છે.' એમ જોઇએ. ઉપરના વાક્યમાં "ઓછું" શબ્દ ઊડી જવાથી આખા વાક્યનો વિરુદ્ધ અર્થ થાય છે. 'કુમાર'માં આવી શરતચૂક ભાગ્યે જ બને છે. કદાચ મારા લેખની અસ્પષ્ટતાથી જ આમ બન્યું હશે.

(મદ્રાસ) —શાન્તિ શાહ

ગયા 'કુમાર'માં 'વાચકો લખે છે' વિભાગમાં જિમ કૉર્બેટના વિશિષ્ટ વ્યક્તિત્વનો નિર્દેશ કરવા મુ. શ્રી છોટુભાઈ સુથારે ટાંકેલી પંક્તિ 'સબાર ઉપરે માનવ, તાહાર ઉપરે કેઉ નાઇ' રવીન્દ્રનાથની નથી. ચંડીદાસની છે. તે આમ છે:

'ચંડીદાસ કહે, શુન હે માનુષ ભાઈ,
સબાર ઉપરે માનુષ સત્ય, તાહાર ઉપરે નાઇ.'

આ સંદર્ભમાં કૉર્બેટના મૃત્યુપ્રસંગે સ્વામી આનંદે લખેલા એક અંગત પત્રમાંથી નીચેનાં વાક્યો વાચકોને રસદાયક નીવડશે: 'કૉર્બેટ તો પૂર્વ આફ્રિકામાં ૮૦ વરસની ઉમરે મરી ગયો. એ તુખમે યુરોપિયન પણ નૈનિતાલના પહાડોનો જ વતની ને સોએ સો ટકા પહાડી-કુમાઉંની હતો. આ તરફનો પહાડોનો જ કોક પેઢીધર જીવ એની માની કૂખે પેસી ગયો હશે. તે સિવાય આવો oriental-લગભગ સો ટકા હિંદુ—પક્ષીપ્રાણીઓનો પ્રેમ અને જન્મગત પ્રાણીપ્રેમનો સંસ્કાર પશ્ચિમી માણસમાં મુશ્કેલ છે.'

ખરેખર, આપણે એક આદર્શ શિકારી કે નિપુણ પ્રકૃતિવિદ્ (naturalist) કરતાં એક વિરલ સંવેદનશીલ પ્રકૃતિપ્રેમી જ ખોયો છે.

(મુંબઇ) —અ. મ.

જિમ કૉર્બેટના મૃત્યુથી આપણે હિંદનો સાચો ચાહક ગુમાવ્યો છે. તે પરદેશી નહિ પણ ખરે જ હિંદી હતા. તેની પ્રતીતિ તેમનાં લખાણો દ્વારા જણાઈ આવે છે. તે ભૂત-પ્રેત વગેરેમાં માનતા હતા તેમજ શિકાર કરવા જતાં પહેલાં એકાદ કાળો નાગનો તેમને શિકાર અવશ્ય કરવો જ પડતો. વળી ભયંકર માણસખાઉ વાઘનો સામનો કરવા બેથી વધારે અનામત કારતૂસો તેઓ પોતાની પાસે રાખતા નહિ. અફસોસ છે કે ઘણા જ ઓછા હિંદીઓ તેને ઓળખે છે. 'My India' ભાગ્યે જ કોઇ પરદેશી લખી શકે!

(વીંછિયા) —એમ. જે. જોશી

'કુમાર'ના ઑગસ્ટ માસના પૂઠા ઉપર કમળ અને ભ્રમરનું ચિત્ર આવ્યું છે, એમાં જે વ્યંજના છે કે કમળ 'પંચશીલ'નું પ્રતીક છે, તેને આગળ લંબાવીએ તો પંચશીલરૂપી કમળ બિડાઈ જાય તો એના લોભથી અંદર પેઠેલી ભ્રમરરૂપી દુનિયાનું થશે? हा हन्त नलिनी...... જેવું નહિ થાય?

(અમદાવાદ) —બહાદુરશાહ પંડિત

અંક ૩૮૧માં શ્રી સુન્દરમ્‌ના સિંહસમાગમના પત્રમાં અમુક અતિશયોક્તિ છે. એક સ્થળે એવું લખાયું છે કે ગીરમાં ભેંસો સિંહનો સામનો કરે છે; પણ જે ભેંસ સિંહ સાથે લડે તે પછી દૂધ ન આપે. આ ગલત છે. દૂધ ન આપનારી ભેંસને વરોળ સંજ્ઞાથી ઓળખવામાં આવે છે. સિંહનો સામનો કરવાથી કોઇ પણ ભેંસ દૂધ ન આપનારી (એટલે ગર્ભ જ ધારણ ન કરનારી) વરોળ બની જતી નથી. આવી વરોળ ભેંસ હજારે એકાદ હોય છે, જ્યારે સિંહનો સામનો ગીરની ઘણીખરી ભેંસો કરતી હોય છે. છતાં એનો અર્થ એ નથી કે તે ભેંસને સિંહ ન મારી શકે. બે સિંહ મળીને તેવી ભેંસોને મારે છે. એક સિંહ આગળ રહે છે, બીજો પાછળથી મારી પાડે છે.

(લાખાપાદર) —વિનોદચંદ્ર

'યોગ' ઉપરના શ્રી સાધુરામ દવેના બે લેખ આપવા બદલ અભિનંદન. આપણા દેશમાં આ વિષય ઉપર ચકિત કરે એવું ઘણી વાર સંભળાય છે. અને સ્વભાવ મુજબ કેટલાક એના ઉપર કિલ્લા બાંધે છે તો બીજા એનો પડછાયો ના લેવાનો સંકલ્પ લે છે. 'યોગ'ને 'કુમાર'માં સ્થાન મળ્યું તે યોગ્ય થયું.


લેખકે આ ગહન વિષયમાં વાચકને સરળતાથી પ્રવેશ કરાવ્યો છે. દાક્તર શિવપ્રસાદ ત્રિવેદીએ જેમ એમના શરીરવિજ્ઞાનના લેખોમાં વાચકને રસ લગાડ્યો તેમ શ્રી સાધુરામ ઘણા યુવકોને યોગની દિશામાં વાળવા સફળ થયા હશે એમ માનું છું. આસનપ્રાણાયામથી પચ્ચીસ વર્ષનો જૂનો દમ મટી શકે એ તો મારો જાત-અનુભવ છે.

(મુંબઇ) —નાનુભાઈ દવે


'કુમાર'ના ઑગસ્ટના અંકમાં તૈલંગના ચરિત્રમાં પૃ. ૨૯૭ ઉપર એવું વિધાન કર્યું છે કે 'ઘણાને ખબર નહિ હોય કે ગોવર્ધનરામે સરસ્વતીચન્દ્રના પાત્રનો આદર્શ શ્રી તૈલંગ ઉપરથી લીધો હતો.' મને આ વિધાન યોગ્ય લાગતું નથી. ગોવર્ધનરામે સરસ્વતીચન્દ્રના પાત્રનો આદર્શ પોતાના જીવન પરથી જ લીધો હતો અને બીજી કોઈ વ્યક્તિ ઉપરથી નહિ. ગોવર્ધનરામે યુવાવસ્થામાં સ્વીકારેલી જીવનની ફિલસૂફીનું જીવનભર પાલન કર્યું છે. એમણે લખેલો 'Practical Asceticism in my sense of the word' નામક નિબંધ એમના જીવનના પ્રેરકબળ તરીકે કામ કરતો અને પાછળથી સર્જનાત્મક કલ્પના દ્વારા વ્યક્ત થતા સિદ્ધાંતો ઉપર તે સારો પ્રકાશ નાખે છે.

(સુરત) —કુંજવિહારી મહેતા

[* લેખકે એ માહિતી 'જ્યોતિર્ધર' ૨૩-૯-૫૦ ના અંકમાંના તંત્રીલેખમાંથી લીધી છે, જેમાં તેના લેખક શ્રી ગટુલાલ ધ્રુએ તેને અંતે ઉમેર્યું છે કે 'આ માહિતી મને સદ્‌ગત આનંદશંકરભાઇએ આપી હતી.']



ચિત્રપાટી અને તૂલિકા (પૅલેટ અને બ્રશ)ની સરળરમ્ય આકૃતિમાં 'કુમાર'ના નામાક્ષરો.
(મોકલનાર: નારાયણ દેસાઈ—ધ્રાંગધ્રા)



**પ્રહ્‌લાદઘાટ : કાશી** (ડ્રાઈ પૉઈન્ટ) કલાકાર રમેન્દ્રનાથ ચક્રવર્તી

¶ કલાકાર કલમ કે પીંછીથી જે ચિત્ર આલેખે તેમાં તો એક જ કૃતિ તૈયાર થાય છે, પણ પશ્ચિમમાં ઘણા કલાકારો ધાતુની (મોટે ભાગે ત્રાંબાની) પ્લેટ ઉપર તીક્ષ્ણ ઓજાર વડે ચિત્ર આલેખી કોરી કાઢે છે, અને તે પ્લેટ પર શાહી લગાડી તેના પર કાગળ દાબીને નકલો ઉતારે છે. એ પદ્ધતિમાં પણ કલાકારની સ્વહસ્તની કૃતિ જ મળતી હોવાથી તેનાં મૂલ્ય ને મહત્તા મૂળ કૃતિ જેવાં જ ગણાય છે. એમાં પણ ચિત્રોની છાપ લેતાંલેતાં પ્લેટ પરનું કોતરકામ ઉત્તરોત્તર ઘસાતું જતું હોવાને કારણે નકલોની સંખ્યા ઘણી મર્યાદિત ઊતરે છે; એટલે જેમ નકલોની સંખ્યા ઓછી તેમ કિંમત વધારે. ¶ ધાતુની પ્લેટ પર આ રીતે ચિત્ર કોતરવાના ત્રણેક પ્રકાર છે: 'ઇચિંગ', 'ડ્રાઈ પૉઈન્ટ' અને 'ઍક્વા ટિન્ટ' એ પૈકી પહેલા બેની પદ્ધતિની વિસ્તૃત સમજણ ૨૩૦મા અંકમાં અને ત્રીજા વિષે ૩૭૬મા અંકમાં આવી ગઈ છે. સ્વ. કલાકાર રમેન્દ્રનાથ ચક્રવર્તીએ (જેમનું ત્રણ જ માસ પર અવસાન થયું) આ સર્વે પ્રકારો કુશળતાથી સિદ્ધ કર્યા હતા. તેથી આ અંકમાં આપેલા એમના જીવન-પરિચય સાથે એ સર્વવિધ પ્રકારોના નમૂનાઓ પાછલા અંકોમાંથી આ અંકમાં ફરી પ્રસિદ્ધ કરીએ છીએ, જેમાં રંગીન વૂડકટ તથા પેન્સિલ સ્કેચની પણ એકરંગી છાપો આપી છે.

**કિનારાની સૃષ્ટિ** (ઍક્વા ટિન્ટ) કલાકાર રમેન્દ્રનાથ ચક્રવર્તી





**કમળતળાવડી : કલાકાર સ્વ. રમેન્દ્રનાથ ચક્રવર્તી**

આજથી ત્રીસેક વર્ષ પહેલાં શાંતિનિકેતનમાં ચીતરેલું અને પોતાના સહાધ્યાયી શ્રી કનુ દેસાઈને એમણે ભેટ આપેલું ચિત્ર : શ્રી કનુ દેસાઈના સંગ્રહમાંથી.
ગયા માસમાં અવસાન પામેલા એ કલાકારનો પરિચય તથા એમનાં અન્ય ચિત્રો આ અંકમાં અન્યત્ર આપ્યાં છે.

## ધન્ય ભાગ્ય

· ગાન ·

બાઈ રે, તારાં ભાગ્ય મહા બળવાન:
અમૃત પ્રાશણહાર તે તારાં ગોરસ માગે કાન!—બાઈ રે૦

ઊંચે વ્યોમભવન ખેલંદો ઊતર્યો તારે નેસ,
ગોરસ મિષે પ્રેમપિપાસી યાચત બાળે વેશ,
ધણી થૈ બેસે તોય શું કહીએ; આ તો માગત દાણ—બાઈ રે૦

કંઇક બીજી જો મહિયારીની કોઇ ન ફોડે ગોળી,
રાત દિ પી પી પોતે, ગોરસ બગડયાં દેતી ઢોળી,
આપણું પીધું તુચ્છ, હરિનું ચાખ્યું બુંદ મહાન—બાઈ રે૦

ગગરી ફોડી ભવ ફેડયો ને મહીમાં પ્રીત લૂંટાઇ,
કાનજી જેવો લૂંટણહાર ત્યાં કૈં ન બચાવવું બાઇ!
બચિયું એટલું એળે, અહીં તો લૂંટવ્યું એટલી લ્હાણ!—બાઇ રે૦

ઉશનસ્

## પાર્થને

· અનુષ્ટુપ ·

ધનુર્ધર તું? ના તુંથી  અધિકા પાર્થ છે દીઠા
કર્ણ શા! શિષ્ય સાચો તું દ્રોણનો? એકલવ્ય તો?
નરર્ષભ? હતો નાચ્યો અપુરુષ રૂપે ય તું!
ભીષ્મની જીતનો ગર્વ? શિખંડી ક્યાં ઊભો હતો?
જીત્યો તું? દોર તો તારા કૃષ્ણના હાથમાં રમે,
છતાં યે માનથી મારું હૈયું તો તુજને નમે!
કુરુક્ષેત્રે હતો એક માત્ર તું, પ્રશ્ન જેહને,
પડી'તી રચવી ગીતા કૃષ્ણને ય રણાંગણે.

આજ કિંતુ ગીતા તારી સેવે છે ધૂળસંચય,
તુજ શો ચિત્તમાં કોઈ જાગે ના પાર્થ! સંશય.

વિનોદ અધ્વર્યુ

## પડછાયો

મદહોશ યુવાની, રમ્ય પ્રભા, વેધક દૃષ્ટિ, મોહક અંગો,
ચકચકતા શ્યામલ કેશ, અધર પર ફૂલગુલાબી રસરંગો;
પ્રતિબિંબ નિહાળી દર્પણમાં સૌંદર્યનો ગર્વ કરો છો, પણ
આ પડછાયામાં સાવ કરૂપ ને કાળાં છે અંગેઅંગો.

અંબાલાલ ડાયર

## તમે હો છો જ્યારે—

· શિખરિણી ·

તમે હો છો જ્યારે પ્રણય પણ હોયે, કલહ પણ;
તમે જાતાં કિંતુ મીઠપ રહતી કેવળ પૂંઠે,
બની જાતાં જેમાં કલહ-સ્મરણો યે પ્રણયનાં.

સનાતન

## તીર્થ

બુદ્ધિવિસ્તારનું એક સાધન જે શ્લોકમાં પ્રવાસને જ ગણ્યું છે તે જ શ્લોકમાં પંડિતસેવાને પણ તેનું બીજું સાધન ગણ્યું છે. પંડિતસેવા પંડિત પુરુષના સહવાસથી થાય, તેમ જ પંડિતોના લેખના સહવાસથી અર્થાત્ ઉત્તમ પુસ્તકોના સહવાસથી પણ થાય. પ્રવાસથી તીર્થોનું અવલોકન પ્રાપ્ત થાય તેમ પુસ્તકસહવાસથી પણ થાય. સંસ્કૃતમાં 'તીર્થ' શબ્દના અર્થમાં જેવી રીતે પવિત્ર અને સુંદર પ્રદેશોનો સમાસ થાય છે, તેવી જ રીતે એ શબ્દમાં વિદ્વાન અને સાધુ મહાત્માઓનો પણ સમાસ થાય છે. કુટુમ્બના વડિલોને આપણે તીર્થરૂપ કહીએ છીએ તેમ લોકના અને દેશના વડીલો પણ આવી રીતે તીર્થરૂપ જ છે. આવાં જડ તેમ ચેતન ઉભય તીર્થોનું અવલોકન જેવી રીતે પ્રવાસથી કરાય છે તવી જ રીતે ભૂગોલવિદ્યા ને પ્રવાસવર્ણનના તેમ પદાર્થશાસ્ત્રોના ગ્રંથ જડ તીર્થોનાં અવલોકન કરાવે છે, તો ઇતિહાસ ને જીવનકથાઓ વગેરે ચેતનતીર્થોનાં દર્શન કરાવે છે. તીર્થનું અવલોકન તે સદ્વસ્તુનું તેમ સત્પુરુષોનું જ અવલોકન છે; તે અવલોકનમાત્રથી જ મનુષ્ય પવિત્ર થાય છે; તેવા પદાર્થોનું અને પુરુષોનું ગુણશ્રવણ અને કીર્તન તે તેમનું એક પ્રકારે અવલોકન જ છે અને તે ગ્રંથદ્વારા મળી શકે છે. પ્રવાસમાં તીર્થોનું અવલોકન શોધવાનું છે તો સારાનરસા અન્ય પદાર્થોનો અને મનુષ્યનો પરિચય પણ કંઈ થાય છે અને તેનાથી મનુષ્ય ભણેલો હોય તો ગણેલો થાય ને કેવળ પુસ્તકપંડિત મટી વ્યવહારનિપુણ પણ થાય છે.

ગોવર્ધનરામ મા. ત્રિપાઠી

# ગુજરાતના જીવન અને સાહિત્યના પ્રથમ દ્રષ્ટા અને પંડિત

**ભારતવાસીઓનાં** હૃદયમાં અને જીવનમાં રામાયણ–મહાભારતનાં સ્થાન એટલાં એકરસ થયાં છે કે લોકો તેના કર્તા પરથી એ કૃતિઓને નહિ, પણ એ કૃતિઓના જ કર્તા તરીકે વાલ્મીકિ અને વ્યાસને ઓળખે છે. ગુજરાતના જીવન ને સાહિત્યના પ્રથમ દ્રષ્ટા અને પંડિત ગોવર્ધનરામના વિષયમાં પણ આવું જ થયું છે. ગુજરાતની માત્ર સાહિત્યપ્રિય જ નહિ, પણ સંસ્કારી ને શિક્ષિત સર્વ પ્રજામાં 'સરસ્વતીચન્દ્ર'નું સ્થાન એટલું દૃઢ થયું છે કે ગોવર્ધનરામને એના કર્તા તરીકે પર્યાય રૂપે જ એ ઓળખે છે. આજથી લગભગ પોણી સદી પર એ મહાગ્રંથનો પહેલો ભાગ બહાર પડચો ત્યારથી લાગટ એક પેઢી સુધી તો સાહિત્ય ને સંસ્કારપ્રેમી ગુજરાતીઓમાં ગીતા ને બાઈબલ પેરે એ આદરણીય ગણાતું એમ એક સ્થળે નોંધાયું છે, અને અમુક દૃષ્ટિએ જોતાં એ કથનમાં અતિશયોક્તિ નહિ લાગે.

ગુજરાતીઓના જીવનનું પ્રતિબિંબ પાડી, તેમનામાં ઉચ્ચગ્રાહ ને સાત્ત્વિક જીવનનો વિચારશીલ આદર્શ પ્રેરનારા એ મહાગ્રંથના કર્તા, ગુજરાતના જીવનના ભાષ્યકાર ને દ્રષ્ટા, ગુજરાતી સાહિત્યના પંડિત યુગના પુરોધા, એવા એ ગોવર્ધનરામ ત્રિપાઠીની જન્મશતાબ્દી આ માસમાં આગામી વિજયાદશમીએ આવે છે. વળી ગુજરાતી સાહિત્ય પરિષદ, જેના ઈ. ૧૯૦૫ના પ્રથમ અધિવેશનના તેઓ પ્રમુખ હતા તેની અર્ધશતાબ્દી પણ આ જ વર્ષમાં આવતી હોઇ, તેનું અધિવેશન ગોવર્ધનરામના જન્મસ્થાન નડિયાદમાં આગામી વિજયાદશમીએ જ ભરાય છે એ પણ આનંદદાયક યોગ છે. એવા ત્રિવિધ સુયોગના આ પ્રસંગે અમે ગુજરાતી જીવનના એ ચિંતનકારનો આછો પરિચય પ્રકટ કરીએ છીએ.

**ગુર્જર** જીવનના મહાભાષ્યકાર, સાક્ષરશ્રી ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠીનો જન્મ ઇ. ૧૮૫૫ની ૨૦મી ઑક્ટોબરે નડિયાદમાં સામાન્ય સ્થિતિના નાગર બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો. તેમનું નિવાસસ્થાન નડિયાદ કોઈ રાજ્યનું પાટનગર ન હોઈ એમના જ્ઞાતિજન વેપાર ખેડતા; કવચિત્ પરરાજ્ય કે પરગામ જઇ મુત્સદ્દી થતા. ગોવર્ધનરામના પ્રપિતામહ મોહનરામની દુકાન રતલામ, વડોદરા, સુરત તથા નડિયાદમાં હતી અને પિતામહ તથા પિતાનો વેપાર મુંબાઈ, ગોવા, સૂરત, નડિયાદ વગેરે સ્થળે ચાલતો.

વેપારી કુટુંબ વૈષ્ણવ હતું અને ડાકોર પડોશમાં હોવાથી ભક્તિભાવવાળું હતું. મોહનરામના ભાઇ પ્રભુરામના પુત્ર બાલકૃષ્ણ વિરક્ત થઈ, કુટુમ્બનો ત્યાગ કરી વૃંદાવન પાસે ગિરિનાર ઉપર જઈ રહ્યા હતા. મનઃસુખરામના પિતામહ અને ગોવર્ધનરામના પિતામહ ધીરજરામના જ્યેષ્ઠ ભ્રાતા શિવરામ પણ સંન્યાસી થયા હતા. આવા કુટુંબમાં જન્મનાર ગોવર્ધનરામ નાનપણથી જ વૈષ્ણવસંપ્રદાયના સંસ્કાર પામેલા. વિરક્તિ એમના લોહીમાં ઓઘે ઊતરેલી. વૈષ્ણવભજનો ને પદો ગવાતાં સાંભળી સંગીત ને ગુજરાતી તથા હિંદી સાહિત્યના રસને જીવનમાં ઉતારેલા.



ગોવર્ધનરામ ૧૮૭૮માં · બ્રેઈનફીવરને લીધે અસ્ત્રો ન ખમી શકવાથી દાઢી વધારેલા

પિતા માધવરામ ત્રિપાઠી સંપૂર્ણપણે ધાર્મિક વૃત્તિના અને દિલના બહુ ભોળા; જ્યારે માતા શિવકાશી રગેરગ વ્યવહારુ હતાં. આમ ગોવર્ધનરામને પિતાની અડોલ ધર્મનિષ્ઠા અને માતાની કુશલ વ્યવહારુતા બંને વારસામાં મળ્યાં. નબળા બાંધાના અને સામાન્ય દેખાવના બાલક ગોવર્ધનરામ, સુંદર દેખાવડાં બાળકો માટેની માતાની ઉત્કટ ઝંખનાને સંતોષી ન શકચા, અને માતાએ તો એક બીજી બાઈ પાસે તેના બાળક સાથે ગોવર્ધનરામની અદલાબદલી કરવાનો પ્રસ્તાવ પણ મૂકેલો! પણ સામેવાળી બાઇને તે મંજૂર ન હતું. પછી ભવિષ્યમાં પુત્રની કારકિર્દીને મધ્યાહ્ને માતાનું હૃદય જ્યારે હર્ષથી ઊભરાઈ જતું ત્યારે ગોવર્ધનરામ મીઠી લુચ્ચી ટોળ કરતાં ધીરેથી કહેતા: 'પણ બા, હું તો તારો દીકરો નથી ને? તારો દીકરો તો પેલો બીજો છે!'

ગોવર્ધનરામની પછી શિવકાશીએ બે પુત્રીઓનો જન્મ આપ્યો, જેમાંનાં મોટા શણગારલક્ષ્મી, અને નાનાં જે ગોવર્ધનરામનાં સવિશેષ પ્રીતિપાત્ર થઈ પડેલાં તે સમર્થલક્ષ્મી.

ગુજરાતી ભાષાના સાક્ષરયુગના મોટા ચિંતક શ્રી મનઃસુખરામ ત્રિપાઠી તે ગોવર્ધનરામના પિતરાઈ ભાઈ થાય. મનઃસુખરામના દાદા શિવરામ અને ગોવર્ધનરામના દાદા ધીરજરામ બંને સગા ભાઈ. મનઃસુખરામ ગોવર્ધનરામ કરતાં ઉમરે ઘણા મોટા હતા. તેમના વિદ્યાવ્યાસંગી અને ઉચ્ચ પ્રકારના સહવાસથી ગોવર્ધનરામની જન્મજાત સાહિત્યપિપાસા સંતૃષ્ટ થઇ તેમજ વિકાસ પામી. વસ્તુતઃ મનઃસુખરામની છાયામાં જ તે મોટા થયા.

ગોવર્ધનરામનાં માતુશ્રીએ પણ તેમની સુપ્રત મનઃસુખરામને કરી હતી. અને મનઃસુખરામે એ બાલકને મિત્રવત્ ગણી કેળવણી આપી. નાના પ્રકારની વાર્તાઓ કહી ગોવર્ધનરામનો જિજ્ઞાસારસ દ્રવાવ્યો. માણભટની કથાઓથી અને મનઃસુખરામની વાર્તાઓથી એમને લેખક થવાની અભિલાષા સ્ફુરી હતી. ઘણું કરીને, મનઃસુખરામની ઇચ્છાનુસાર, માણભટ પાસે સાંભળી આવી નળદમયન્તી-કથા લખી પ્રથમ લેખનપ્રયાસ પણ કરેલો. પાંચમે વર્ષે મુંબાઈની બુદ્ધિવર્ધક શાળામાં તેમને અભ્યાસ માટે મૂકવામાં આવ્યા ત્યારે બીજી ચોપડીમાં ભણવામાં આવતી 'સારી ચોપડીઓ શોભાય' નામની દલપતરામની કવિતા વાંચીને તેમનું હૃદય પણ કવિતા લખવા ઊછળી રહ્યું, અને એ જ ચોપાઇ છંદમાં તેમણે છ વર્ષની વયે માતુશ્રીને કવિતારૂપે એક પત્ર લખેલો!

ગોવર્ધનરામનો વિવાહ તેમના જન્મ પહેલાં જ થઈ ગયો હતો! માતા શિવકાશીએ તેમની જ્ઞાતિનાં એક બહેનપણી કાશીકોર સાથે એવી કબૂલાત કરેલી કે પોતાને જો પુત્ર આવે અને કાશીકોરને જો

# ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી



પુત્રીઆવે તો બંનેનો વિવાહ કરવો.કાશીકારને પહેલાં પુત્રી આવી ને ગોવર્ધનરામનો જન્મ તે પછી થયો; છતાં ઉમરમાં મોટી એ કન્યા સાથે આ નાના વરનો વિવાહ શરત પ્રમાણે કરાયો જ !

લગ્ન પછી અંગ્રેજીના અભ્યાસ માટે ગોવર્ધન-રામ મુંબાઈનીઍલ્ફિન્સ્ટન હાઇસ્કૂલમાં દાખલ થયા. વિદ્યાર્થી તરીકે વર્ગમાં તેઓ પહેલોબીજો નંબર લાવતા નહિ, તેનું મુખ્ય કારણ એ જ હતું કે તેમનું ધ્યાન પાઠ્ય પુસ્તકો કરતાં બહારનાં વિવિધ જ્ઞાનનાં પુસ્તકો વાંચવામાં વિશેષ જતું. પરંતુ સખત મહેનત કરીને પણ તેઓ વર્ગ સાથે થઈ જતા. તેમની મહેનતુ વૃત્તિ દર્શાવતો એક પ્રસંગ ખાસ ધ્યાન ખેંચે એવો છે. મૅટ્રિક્યુ-લેશનની સંસ્કૃતની મૌખિક પરીક્ષા આપતી વખતે વિદ્યાર્થીઓએ વર્ગમાં એક પછી એક જવાનું હતું.ગોવર્ધનરામનો વારો આવતાં પરી-ક્ષક ડૉ. ભાંડારકરે બૂમ મારી, પણ તેમને કશો જવાબ ન મળ્યો. ડૉ. ભાંડારકરે બહાર આવીને જોયું તો ગોવર્ધનરામ ઊંઘે છે! તેમણે તેમને ઢંઢોળીને જગાડચા અને આમ ઊંઘ આવી જવાનું કારણ પૂછ્યું. ગોવર્ધનરામે સરલ ભાવે જણાવ્યું: 'વાંચવા પાછળ ખૂબ ઉજાગરો કરવો પડેલો, એટલે અત્યારે આંખ મળી ગઈ.' પછી સંસ્કૃતની લિખિત કરતાં આ મૌખિક પરીક્ષામાં ગોવર્ધનરામને ઘણા જ વધારે માર્ક આવ્યા. ડૉ. ભાંડારકરે તે બાબત તેમને પૂછ્યું ત્યારે પણ એવા જ સરલ ભાવે તેમણે ઉત્તર આપ્યો: 'પહેલે વખતે વ્યાકરણ કાચું રહી ગએલું, તે મૌખિક વખતે મેં બરાબર તૈયાર કરી નાખેલું.' ગોવર્ધન-રામની આ કર્તવ્ય-જાગૃત નિખાલસતા અને મહેનત જોઈને ડૉ. ભાંડારકર ઘણા રાજી થયા. પાછળથી તેમની સાથે ગોવર્ધનરામને જીવન-ભર જે ગાઢ સંબંધ બંધાયો તેનું બીજ કદાચ આ પ્રસંગમાં જ હોય.

મનઃસુખરામ સાથે હમેશ વાતચીત કરવાથી ગોવર્ધનરામ અનુ-ભવ, જ્ઞાન અને ડહાપણ નાનપણમાં જ મેળવી શકચા. વાદવિવાદ કરવાની પૂર્ણ સ્વતંત્રતા હોવાથી વિચાર કરવાની–વિવેક કરવાની ટેવ પડી અને વસ્તુમાત્રના દોષ કરતાં ગુણ જોવાની દૃષ્ટિ પ્રાપ્ત થઈ. સંસારના ઝીણા ઝીણા પ્રસંગ ઉકેલવાની, તેમાંથી અનુભવ બાંધવાની કલા ને કૌશલ ખીલતાં ગયાં. સાથેસાથે વળી મનઃસુખરામના સાક્ષર, વેદાંતી અને રાજદરબારી મિત્રોનો સમાગમ મળતો તથા વિશ્વના નવાનવા ભેદ ખૂલતા. ભક્તિમાર્ગની મસ્તીમાં ઊછરેલાની રસિકતા સંસ્કૃત ને અંગ્રેજી સાહિત્યના રસપાનથી ઉદ્દીપન પામી અને સ્નેહાળ પત્ની તથા મિત્રોના સહવાસમાં ખીલી નીકળી.

તેમનો કૉલેજકાળ પછીનો યુગ તે સુધારાનો અને રૂઢિઓનો બંનેનો સંયુક્ત યુગ હતો. પરંતુ સદ્ભાગ્યે પ્રાચીન અને અર્વાચીન બંને સુધારાઓમાંથી સારાં તત્ત્વો તારવી લઈ તેમનો પુરસ્કાર કરતો એક નવો જ પક્ષ ત્યારે ઊભો થયો હતો, જેમાં રા. મનઃસુખરામ, ગગા ઓઝા, ગોકુળજી ઝાલા, હરિદાસ વિહારીદાસ, મણિભાઇ જશ-ભાઈ, સામળદાસ પરમાનંદદાસ, રણછોડભાઈ ઉદયરામ, મોતીલાલ લાલભાઈ, ચુનીલાલ સારાભાઈ, છોટાલાલ સેવકરામ વગેરે મુખ્ય હતા. સહુનો મનઃસુખરામને ત્યાં અડ્ડો રહેતો. બહુ થોડાને મળે એવા આ યુગલક્ષી તેમજ વિદ્વત્તાભર્યા વાતાવરણના લાભથી ગોવર્ધનરામની જ્ઞાનદૃષ્ટિ ઊઘડવા માંડી, બુદ્ધિ વિશાળ ને વ્યવહારુ થવા લાગી, ને દેશની બારીક સ્થિતિનું ભાન થતાં તેના ઉદ્ધાર સારુ જડેલા ચોક્કસ માર્ગ દ્વારા જીવનભર ઝઝૂમવાની તમન્ના તેમના હૈયામાં નાચી ઊઠી.

ગોવર્ધનરામ મૅટ્રિક થયા ત્યારે મનઃસુખરામની ઇચ્છા તેમને આઇ. સી. એસ. કરવા માટે વિલાયત મોકલવાની હતી, પણ ગોવ-ર્ધનરામનું સ્વતંત્ર માનસ કોઈ પણ પ્રકારની—નાની કે પછી ઊંચા હોદ્દાવાળી નોકરી કરવા તૈયાર ન હતું. તેથી તે વિચાર મનઃસુખરામને ત્યાં ને ત્યાં જ માંડી વાળવો પડચો. કૉલેજકાળ દરમ્યાન તેમણે સા-હિત્ય તથા કવિતાનો આમૂલ અભ્યાસ આદર્યો. સંસ્કૃત માટે પણ એમનો શોખ વધતો ગયો અને તેની સાથે એ ભાષા લખવા-વાંચ-વામાં પણ તેમણે અદ્ભુત પ્રવીણતા પ્રાપ્ત કરી લીધી. ઇતિહાસ ઉપર તેમને ખાસ પ્રીતિ હતી, તેથી તે પણ તેમણે બહુ ધ્યાનથી અને વિસ્તારથી વાંચ્યો—ખાસ કરીને રોમન અને મરાઠા ઇતિહાસનો

તેમણે ઘણો પાકો અભ્યાસ કર્યો. ઉપરાંત નીતિશાસ્ત્ર અને ન્યાયનું પણ અધ્યયન તો ચાલુ જ હતું. રામચન્દ્ર વિષ્ણુ ગોખલે અને હરિરામ ભટ્ટ તેમના કૉલેજકાળ દરમ્યાન ગાઢ મિત્રો હતા. રામચન્દ્ર ગોખલે ગરીબ પણ મહેનતુ અને અસાધારણ બુદ્ધિશાળી વિદ્યાર્થી હતા; અને હરિરામ ભટ્ટે સંસ્કૃતમાં આશ્ચર્યકારક પ્રવીણતા પ્રાપ્ત કરી હતી. કૉલેજના પ્રોફેસરો પૈકી પ્રોફેસર રામકૃષ્ણ ભાંડારકર અને કાશીનાથ ત્ર્યંબક તેલંગ પ્રત્યે તેમને અસીમ માન અને ભક્તિ હતાં. પ્રો. ભાંડારકરની પ્રખર વિદ્વત્તા ઉપરાંત તેમની શિક્ષણપ્રણાલી તેમને બહુ ગમેલી. 'શિક્ષક વગર જાતે જ વિદ્યાર્થીઓએ કેવી રીતે શીખી લેવું તે શીખવનાર એ જ સાચો શિક્ષક', એ સાચી કેળવણીના પાયાના સિદ્ધાન્તનું પ્રો. ભાંડારકર ઉજ્જ્વલ ઉદાહરણ હતા. શ્રી તેલંગને તેઓ જીવનગુરુ માનતા અને એમના ઉપર તેમનો એટલો બધો પૂજ્યભાવ હતો કે તેમની છબિ એમણે પોતાની દૃષ્ટિમાં અહર્નિશ રહે તેવી રીતે દીવાનખાનામાં ગોઠવી હતી. આ નરરત્નની છબિ ઉપર જો ડાઘ પડચો હોય કે ધૂળ પડી હોય તો તરત તે સાફ કરતા. 'સરસ્વતીચન્દ્ર' લખવાની પ્રેરણા એમને શ્રી તેલંગના ઉજ્જ્વલ જીવન પરથી જ મળેલી.

ગોવર્ધનરામની લખવાની પ્રવૃત્તિ–એમના સાક્ષરજીવનનો ફણગો આ અરસામાં જ ફૂટચો હતો. નાનપણથી જ જેમ વાંચવાવિચારવાની તેમને ટેવ પડી હતી, તેમ પોતાના વિચારો લખી લેવાની પણ એમને ટેવ હતી. વળી સંસ્કૃતમાં પણ તેમણે સારી પેઠે લખવા માંડયું હતું. મનઃસુખરામ સાથે જૂનાગઢ ગયા ત્યારે ગિરનાર પર્વતનું તેમણે સંસ્કૃતમાં સરસ વર્ણન લખેલું. એ જ વર્ષમાં કવિ કાલિદાસના 'મેઘદૂત'ની પેઠે 'મનોદૂત' કાવ્ય પણ તેમણે શરૂ કર્યું હતું.

પણ તેમની ઊઘડતી આવતી આ જ્વલંત જીવન–કારકિર્દીની જાણે ઈર્ષ્યા આવતી હોય તેમ દુઃખો અને વિટંબણાઓએ તેમના ઉપર ઘા પર ઘા કરવા માંડચા. ઈ. ૧૮૭૪માં નડિયાદમાં તેમનાં પત્ની હરિલક્ષ્મીનું સુવાવડમાં અવસાન થયું, અને તેમની બાળકી પણ માતા પછવાડે એક મહિને ચાલી ગઈ. એ જ વર્ષમાં પિતા માધવરામની 'શ્રી કૃષ્ણ વાસુદેવ'ની પેઢી તૂટી. વધારામાં આ જ વર્ષે તેઓ બી.એ.માં નાપાસ થયા. આ બધી ચિંતાઓને કારણે વાંચી ન શકાતાં તેમણે અંગ્રેજીના બીજા વિભાગનો પેપર લખ્યો હતો તેટલો યે ફાડી નાખેલો, પણ પરિણામ બહાર પડચું ત્યારે જાણવા મળ્યું કે ફાડી નાખેલા પેપરમાં માત્ર ત્રણ જ માર્ક મળ્યા હોત તોયે તેઓ પાસ થઈ શકે તેમ હતું! આવી પડેલી સંકટ-પરંપરાને કારણે માધવરામે ભાઈવાડાનો પોતે બંધાવેલો માળો વેચી નાખી તેના વડે લેણદારોને પતાવ્યા. પછી આખું કુટુંબ નડિયાદ ગયું અને ગોવર્ધનરામ અભ્યાસ પૂરો કરવા માટે મુંબાઈમાં મનઃસુખરામને ઘેર રહ્યા. પોતાના કુટુંબના આ હાલહવાલ જોઇને વિગલિત હૃદયે ગોવર્ધનરામે પિતાને વચન આપ્યું કે પોતે પુરુષાર્થ કરી તેમનું પાઇએ પાઈનું દેવું ચૂકવી આપશે.

આ પછી બીજે વર્ષે ઈ. ૧૮૭૫માં તેઓ બી. એ.ની પરીક્ષામાં ફરી બેઠા અને બીજા વર્ગમાં પાસ થયા. કૉલેજમાંનાં ચાર વર્ષ દરમ્યાન એમનું મન તથા હૃદય ઘડાય એવા ઘણા પ્રસંગો બન્યા હતા. આ વેળા તેમનો આંતરવિકાસ કેટલો બધો ઉત્કૃષ્ટ રીતે થયો હતો તે સમજવાનાં મુખ્ય ત્રણ સાધન છે: એમના એ સમયના લેખો, ઘરની વિપત્તિઓની એમના ઉપર થએલી ઊંડી ને જાગૃતિપ્રેરક અસર, અને બી. એ. પાસ થયા પછી કરેલા ત્રણ મહાસંકલ્પ: એલએલ. બી.ની પરીક્ષામાં પાસ થવું, મુંબાઇમાં વકીલાતનો સ્વતંત્ર ધંધો માંડવો (નોકરી કરવી નહિ) અને લગભગ ચાળીસમે વર્ષે ધંધામાંથી નિવૃત્ત થઇ બાકીની જિંદગી સાહિત્ય દ્વારા જનસમાજની સેવામાં ગુજારવી.

બી એ. પાસ કર્યા પછી તેઓ 'બ્રેઈન ફીવર'માં સપડાયા. સળંગ આઠ વર્ષ સુધી લંબાએલા આ મહારોગ વખતે તેમનું માથું એવું તો નબળું પડી ગયું હતું કે તેમનાથી માથા કે મોં ઉપર અસ્ત્રાનો સ્પર્શ સરખો પણ ખમી શકાતો નહિ. આ વ્યાધિ સાથે બીજા નાનામોટા વ્યાધિઓએ પણ તેમના શરીરમાં ઘર કર્યું. આવી રીતે તેમના શરીરની આયુષ્ય પર્યંતની નબળાઈની તથા અનારોગ્યની શરૂઆત થઇ.

ત્યારે અંગ્રેજી કેળવણી યુવાનોની રગેરગમાં સ્વદેશાભિમાન ભરી દેતી. પશ્ચિમનાં ગૌરવ, જાહોજલાલી, પ્રતાપ, વૈભવ, જ્ઞાન, સાહસઆદિના અનુભવે યુવાન ભારતના મનોરથો નાના પ્રકારનાં સ્વરૂપ ને સંસ્કાર પામતા. જગતના ઇતિહાસના અભ્યાસથી આર્ય પ્રજાને માટે અભિમાન સ્ફુરતું કે તેની સમકાલીન પ્રજાઓ કાળના સ્રોતમાં વિલીન થઇ ગઈ છે, છતાં અખિલ રહેતા ગિરિરાજની માફક અનેક આફતોમાં આર્ય પ્રજા ચિરંજીવ રહી છે. કઇ શક્તિથી તે ચિરંજીવ રહી છે, જગતની સંસ્કૃતિને એ પ્રજાએ કેટલો ને કેવો વેગ આપ્યો છે અને ભવિષ્યમાં આપશે ઈત્યાદિ પ્રશ્નો ત્યારના યુવકોના મનોરથોને રંગતા, રસતા, ઘડતા. વ્યથિત ગોવર્ધનરામના સંબંધમાં પણ આવું જ બનેલું; પોતાની આધિવ્યાધિના કાળમાં જ એમની કલ્યાણવૃત્તિ જ્વલંત ભભૂકી ઉઠેલી.

તેઓ બી.એ.માં પાસ થયા કે તરત કચ્છ સંસ્થાનના દીવાન બહાદુર મણિભાઈ જશભાઇએ ભૂજની અંગ્રેજી શાળાના હેડમાસ્તર તરીકે રૂપિયા ત્રણસોની જગ્યા એમને આપવા ઈચ્છા બતાવેલી. આ જગ્યા સારી હતી, એટલું જ નહિ પણ તેમની સ્થિતિ પણ આ માગણીની ઉપેક્ષા કોઈ રીતે કરી શકે તેમ ન હતી. બહોળા કુટુંબના નિર્વાહને માટે સારી સ્થિર આવકની તેમને ઘણી જ જરૂર હતી. પરંતુ તે 'નોકરી' હોવાથી તેમણે ઉપકાર સહિત એ પ્રસ્તાવ પાછો વાળ્યો!

ઈ. ૧૮૭૬થી તેમણે પહેલી એલએલ.બી.નો, તથા ભાષા અને સાહિત્યનો ઐચ્છિક વિષય લઈ એમ.એ.નો અભ્યાસ શરૂ કર્યો. પરંતુ અત્યંત નબળી અને નંખાઈ ગએલી તબિયતને કારણે એમ.એ.નો અભ્યાસ માંડી વાળી એ વર્ષના અંતમાં પહેલી એલએલ. બી. તેઓ પાસ થયા ને બીજી એલએલ. બી. માટે કાયદાની ટર્મ ભરવા માંડી.

પ્રથમ પત્ની હરિલક્ષ્મીના મૃત્યુ બાદ ગોવર્ધનરામે સંસારની જંજાળને ઓછી કરી નાખી લોકસેવામાં જ જીવન વ્યતીત કરવાની યોજના ઘડી રાખી હતી, જ્યારે બીજા લગ્ન માટે સમાજ તરફથી અને માતા શિવકાશી તરફથી તેમને ખૂબ આગ્રહ કરવામાં આવતો હતો. એમાંથી બચવા ગોવર્ધનરામે એક યુક્તિ શોધી કાઢી. વડીલોના આગ્રહથી જાણે પોતે પલળ્યા હોય તેમ દર્શાવતાં કહ્યું: 'પણ મારે નાની કન્યા ન જોઇએ. બારેક વર્ષની કન્યા હોય તો, જાઓ, મારે કબૂલ છે.' પોતાની જ્ઞાતિમાં પોતાને ખપે એવી દસ વર્ષથી મોટી કન્યા હતી નહિ તે જાણીને જ ગોવર્ધનરામે આ પ્રસ્તાવ મૂકેલો. પણ પોતે રચેલી યુક્તિજાળમાં તેઓ પોતે જ સપડાયા. લલિતાગૌરી નામની બીજે દેવાએલી એક કન્યાના પતિનું એકાએક મરણ થતાં શિવકાશીને જોઈતું હતું તે મળી ગયું, અને ગોવર્ધનરામને વચનને ખાતર હા પાડવી પડી.

દુકાન તૂટવાથી દ્રવ્યહીન સ્થિતિ થઈ તેમજ મગજ વ્યાધિગ્રસ્ત થયું એટલે અભ્યાસ આગળ થઈ શકે તેમ નહોતું. વેદાંતને લીધે ભાવનગરના તે વખતના દિવાન સામળદાસ સાથે શ્રી મનઃસુખરામને સ્નેહ બંધાયો હતો, એટલે એક વાર એમણે સામળદાસની સન્મુખ ગોવર્ધનરામે જે પર કૉલેજમાં સુન્દરજી જીવાજી પારિતોષક મેળવેલું તે 'વિધિકુંઠિત' નામની સંસ્કૃત કથાનો આદ્ય શ્લોક વાંચી સંભળાવ્યો. (જુઓ આ અંકનું 'સુભાષિત'.) સામળદાસે તો જિંદગીમાં વિવિધ દશાઓ અનુભવી હતી, એટલે આ શ્લોક એમને પોતાના જીવન અને

અનુભવોનો સાક્ષાત્કાર કરતો લાગ્યો અને તેથી રૂચી ગયો. એમણે પ્રસન્ન થઇ રૂ. ૧૫૦ના દરમાયે પોતાની પાસે ગોવર્ધનરામને રાખ્યા. આ પગાર શિષ્યવૃત્તિ જેવો મળતો. કામ જૂજ અને અવકાશ પુષ્કળ હતો. પણ મગજ નાનાવિધ વ્યાધિઓનું નિવાસસ્થાન હતું. કાયદાનો અભ્યાસ થઈ શકતો નહોતો. આ વખતે ગોવર્ધનરામની માનસિક સ્થિતિ અત્યંત વ્યગ્ર હતી. પોતાના નિયમથી ચ્યુત થયાનો આ વજ્રપાત સહન ન થવાથી તેઓ બાળક માફક રડી પડ્યા. પણ સવાલ માત્ર પોતાની જાતનો જ ન હતો, આખા યે બહોળા કુટુંબનો હતો. ગુજરાન માટે કોઈને કોઈ પ્રકારની આવક વિના અઠવાડિયું પણ વીતી ન શકે તેવી કટોકટીભરી પરિસ્થિતિ હતી.

ભાવનગર આવ્યા પછી લલિતાગૌરીએ લીલાવતીને જન્મ આપ્યો. બીજે વર્ષે ગોવર્ધનરામને હરસનો મહારોગ લાગુ પડ્યો, જેણે તેમનો કેડો જિંદગી સુધી છોડેલો નહિ. ઉપરાંત આંખનો દુખાવો તથા બીજી નાનીમોટી વ્યાધિઓને લીધે તેઓ રોજ અરધા કલાકથી વધુ વાંચી જ ન શકતા. પરિણામે એલએલ. બી.ની બીજી પરીક્ષામાં તેઓ બેસી શક્યા નહિ. ઈ.૧૮૮૦માં તેઓ એમાં બેઠા, પણ નાપાસ થયા. ત્યારથી શરૂ કરી ચાર વર્ષ તેઓ લાગટ એ પરીક્ષામાં બેઠા; પણ તબિયત તેમની વેરણ થઇ પડી હતી. આખરે ઈ. ૧૮૮૩માં તેઓ પાસ થયા.

હવે તેમણે 'બેકનના નિબંધો' પરથી ગુજરાતીમાં અનુવાદ કરવા માંડયો. ત્યારની તેમનીસૌથી વધુ મહત્ત્વની પ્રવૃત્તિ તો હતી વાર્તાઓ લખવાની સામગ્રી એકત્ર કરવાની. આ પ્રવૃત્તિનું ફલ જુદીજુદી અવસ્થાને પ્રાપ્ત કરીને છેવટે 'સરસ્વતીચન્દ્ર'ના રૂપમાં પ્રકટ થયું.

દીવાન સામળદાસના સંબંધથી ભાવનગરનો પાછલો ઇતિહાસ, મનઃસુખરામના સહવાસને લીધે જૂનાગઢ તથા કચ્છના ભૂતકાળ, તેમજ અમરજી દીવાન, મેરુ ખવાસ અને કુંભારાણા પછી અંગ્રેજોની સત્તા જામતી હતી ત્યારે 'પોલિટિકલ એજંટો'ની સર્વગ્રાસિની ખટખટોમાં ગોકુળજી ઝાલા અને ગૌરીશંકર ઓઝાએ જૂનાગઢ ને ભાવનગરનાં રાજ્ય કેમ અખંડ રાખ્યાં તે સર્વ કથા, સૂક્ષ્મમાં સૂક્ષ્મ બીના સાથે ગોવર્ધનરામના જાણવામાં આવી. આ ખટપટોમાં દેશી રાજ્યોના રાજા, પ્રધાન અને રૈયત વગેરે અંગોએ કેવો કેવો ભાગ લીધો હતો તે વિચારવાનાં સાધનોથી તેમણે મગજને આ વખતે સંભૃત કરી લીધું.

ઈ. ૧૮૮૩ના છેલ્લા ભાગમાં તેમણે ભાવનગર છોડયું ત્યારે દીવાનસાહેબ સામળદાસે રૂ. ૨૫૦ના પગારથી ભાવનગરના ન્યાયખાતામાં તેમને રાખી લેવાનો આગ્રહ પ્રદર્શિત કર્યો, જૂનાગઢના દીવાન રાવસાહેબ હરિદાસ વિહારીદાસ દેસાઇએ જૂનાગઢ સંસ્થાનના સરન્યાયાધીશની રૂ. ૩૦૦ની જગ્યા એમને આપવા માંડી, પણ પોતાનો નિશ્ચય પાળવાનો હવે ખરેખરો વખત આવ્યો છે એમ સમજી પોતાના સદ્ગુણો સિવાય બીજા કોઈ સાધન વગર કેવળ સ્વાશ્રય ઉપર જ આધાર રાખી તેમણે સંસારના વિશાળ ક્ષેત્રમાં ઝંપલાવ્યું.

ભાવનગરથી માત્ર પચાસ રૂપિયાની મૂડી સાથે મુંબાઈ આવેલા ગોવર્ધનરામે વકીલાતનો પોતાનો નિશ્ચય અમલમાં મૂકયો. તેને બીજે જ વર્ષે તેમને મહારાજા સયાજીરાવ ગાયકવાડ તરફથી વડોદરા રાજ્યના વિદ્યાધિકારી તરીકે ૫૦૦ રૂપિયાને પગારે નીમવાની માગણી કરવામાં આવી, પણ પોતાના સંકલ્પને મક્કમપણે વળગી રહી તે માગણીને માનપૂર્વક પાછી વાળી, અને વકીલાતના ધંધામાંથી ઈ. ૧૮૮૪થી '૮૭ સુધીમાં તેમણે પિતાનું દેવું એકલે હાથે વાળી આપી પોતાનું વચન પાળ્યું. આ અરસામાં લીલાવતીની પછી લલિતાગૌરીએ જશવતી ને રમણીયરામને જન્મ આપ્યો.

પોતાના જીવનનો નકશો તો તેમણે ૨૧ વર્ષની વયે ઘડી રાખ્યો હતો, પણ એમાં વિગતો ઉમેરવાનું કામ તો મુંબાઈ આવ્યા પછી જ કરવા માંડયું. પોતાના બાકીના જીવનમાં શું વાંચવું છે, શું લખવું છે, શાનો અભ્યાસ કરવો છે, જુદીજુદી પ્રવૃત્તિઓને કેટલું સ્થાન આપવું છે તે સર્વનો વિચાર કરી ઈ. ૧૮૮૫માં તેમણે જીવનનો ક્રમ પૂરેપૂરો નક્કી કર્યો. તે જ વર્ષથી નિયમિતપણે તેમણે પોતાની ડાયરી લખવા માંડી, જે એમના છેલ્લા મંદવાડ સુધી અખંડ ચાલુ રહી, ને જે એમના આખા જીવનના પ્રામાણિક પ્રતિબિંબરૂપ હોવાથી અતિ બોધદાયી ને ઉપયોગી છે. આ પ્રમાણે વકીલાત સાથે તેમણે વાચન તથા લેખન વધારે સંગીનરીતે શરૂ કર્યાં. સાહિત્ય, ધર્મ, નીતિ, ઇતિહાસ, રાજ્યનીતિ, અર્થશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન તથા ધારાશાસ્ત્ર—ટૂંકમાં આખા સમાજશાસ્ત્રનો પૂરેપૂરા અર્થમાં અભ્યાસ કરવા માંડયો. અલબત્ત, આ અભ્યાસનો મુખ્ય ઉદ્દેશ દેશના સાંમત કાળના મહાપ્રશ્નોનો નિર્ણય કરવાનો જ હતો. (ચાલુ)

## સુભાષિત

·મન્દાક્રાન્તા·

**सौभाग्यानामुपरि नितरां पूर्णतां यः कलानां**
**नीत्वा नीत्वा हिमकरमिव प्राप्तसर्वाशमेनम् ।**
**लोकश्रेष्ठं जनमपि पुनर्ग्रासयत्येव दुःखै-**
**र्दुष्टायास्मै कुपितविधये लक्षवारं नमोऽस्तु ॥**

(અનુવાદ)

સૌભાગ્યોની ઉપર વળી સોળે કળાને પમાડી
ધીમે જેની વિધુ સમ બધી આશ પૂરે અખંડ;
કિંતુ એ ઉત્તમ પુરુષને ગાળતો કષ્ટ આપી
પાછો, એવા કુપિત વિધિને લક્ષવાર પ્રણામ.

[વિવરણ: 'ચન્દ્રની પેઠે સમૃદ્ધિની સોળે કળાએ પહોંચાડી, બધી આશા પૂરી, શ્રેષ્ઠ પુરુષને જે પાછો ચન્દ્રની જેમ, દુઃખ આપી ગાળવા માંડે છે એવા કુપિત થએલા વિધાતાને લાખ વાર નમસ્કાર હજો.' આ રીતે વિધિની જરા જુદી રીતે સ્તુતિ કરતો આ શ્લોક ગુજરાતના મહાકથાનક 'સરસ્વતીચન્દ્ર'ના લેખક શ્રી ગોવર્ધનરામ ત્રિપાઠી લિખિત સંસ્કૃત લેખ 'વિધિકુણ્ઠિત'ના પ્રારંભમાં દેવસ્તુતિ તરીકે મુકાયો છે.

વિધિનાં નાખેલાં વિઘ્નો માટે તેમ દોષ દેવામાંથી કે યાચનાઓ કરવામાંથી જ જો આપણે ઊંચા ન આવીએ તો આપણો પુરુષાર્થ કટાઈ જાય ને આપણે નિર્માલ્ય બની જઈએ. એટલે વિધાતાની પાસે રોદણાં રોવા કરતાં પુરુષાર્થના શસ્ત્ર વડે તે રોદણાંનાં કારણોને નિર્મૂળ કરવાનો આ શ્લોક આડકતરો ઉપદેશ આપે છે. એમાં સીધી રીતે કોપાયમાન વિધિની અને આડકતરી રીતે પ્રસન્ન થએલા વિધિની સ્તુતિ જ કરવામાં આવી છે. પુરુષાર્થને જો આપણે ફરી વધુ નિશ્ચયપૂર્વક સાધી વધુ કુનેહ અને બળપૂર્વક લડીશું તો કૃષ્ણ પક્ષમાં ક્ષીણ થયા પછી ચન્દ્ર શુક્લ પક્ષમાં જેમ પાછો પ્રકાશી રહે છે તેમ આપણે ફરી પાછા જીવનને સુખી કરવામાં સફળ નહિ થઈએ શું?]

**'પૂર્વગ્રહ કે પક્ષપાત કદી ન રાખશો. પ્રકાશ હમેશાં તેજસ્વી જ છે, પછી ભલે તે કોઇ પણ દીવામાંથી નીકળતો હોય; ગુલાબ સુંદર જ છે, પછી ભલે તે કોઈ પણ બાગમાં ઊગતું હોય; તારો પૂર્વેથી ઊગે કે પશ્ચિમથી, તેથી કંઈ તેની પ્રસન્નતામાં તફાવત નથી પડી જતો.' —અબ્દુલ બાહા**

## ગુજરાતીઓને એમના સાચા સંસ્કારધનની પ્રતીતિ કરાવી આપનાર આરૂઢ ઇતિહાસકાર

**ગુજરાતના** સાંસ્કૃતિક ઇતિહાસમાં મહત્ત્વનું અન્વેષણ, સંશોધન અને નિર્માણ કરી આપણા ઇતિહાસ-સંશોધન કાર્યમાં યશસ્વી પ્રદાન કરી જનાર સમર્થ ઇતિહાસવિદ્ શ્રી રત્નમણિરાવ ભીમરાવ જોટનું ગઇ ૨૪મી સપ્ટેમ્બરે ૬૦ વર્ષની વયે અવસાન થતાં ગુજરાતને એ મહત્ત્વની વિદ્યાશાખામાં એક જબરી ખોટ પડી છે.

શ્રી રત્નમણિરાવ જ્ઞાતિએ સાઠોદરા નાગર હતા. કાપડના ધંધાને અર્થે મોટે ભાગે મદ્રાસમાં તેઓ રહ્યા હતા, જ્યાં(છેક અગિયારસો માઇલ દૂર)થી તેમણે ગુજરાતની બજાવેલી મહત્ત્વની સંશોધનસેવા સવિશેષ નોંધપાત્ર બને છે. સ્વર્ગસ્થના ઇતિહાસવિષયક સંશોધનગ્રંથોમાં 'ગુજરાતનું પાટનગર અમદાવાદ', 'ખંભાતનો ઇતિહાસ', 'ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ' (ભાગ ૧-૨; ત્રીજો છપાય છે, ચોથો લખાતો હતો.), 'સોમનાથ' આદિનો સમાવેશ થાય છે, જેને પાનેપાને કર્તાનો તલસ્પર્શી અભ્યાસ રોચક ને રસિક સ્વરૂપે નિરૂપાએલો માલૂમ પડે છે.

ઇતિહાસ જેવા ગંભીર વિષયના સમર્થ જાણકાર હોવા ઉપરાંત તેઓ મર્માળા હાસ્યકાર પણ હતા. સર જેમ્સ બૅરીના 'The Admirable Crichton' પરથી 'સંભાવિત સુંદરલાલ' નામનું માર્મિકહાસ્યથી રસમય બનતું રસળતું રૂપાંતર એમણે ગુજરાતી સાહિત્યને આપ્યું છે. ભાણુભાઈ(રત્નમણિરાવ સ્વજનો અને મિત્રોમાં એ નામે ઓળખાતા)ના ગુલાબી, રમૂજી અને હસમુખા સ્વભાવનો જેમને પરિચય થયો હશે તેઓ ભાગ્યે જ તેમના એ સ્વભાવને યે ભૂલી શકશે. વળી નગરરચના અને સ્થાપત્ય વિષે પણ તેમને નક્કર જ્ઞાન અને ઊંડી સમજ હતાં, એ 'કુમાર'માં આવેલા એમના લેખો પરથી વાચકોને પ્રતીત થયું હશે. સંસ્કૃત ભાષાના તેમના બહોળા જ્ઞાનની પ્રતીતિ તો છેલ્લાં ચારેક વર્ષથી આવતાં તેમનાં 'સુભાષિતો' કરાવી જ આપતાં હતાં.

ગુજરાતના સાંસ્કૃતિક નવસર્જનમાંનું એક ઇતિહાસ ને સંસ્કૃતિનું ક્ષેત્ર હજી તો ઊઘડતું આવે છે. એમાં પોતાના તલસ્પર્શી અભ્યાસ, જહેમતભર્યાં સંશોધન અને તટસ્થ નિર્ણયોથી અગ્રણી ને આદરભર્યું સ્થાન મેળવનાર એ પ્રકાંડ ઇતિહાસ-પંડિતનું જીવનચિત્ર, એમની સાથે જ ઊછરેલા, એમના લગભગ સમવયસ્ક અને એમના મામા શ્રી ચૈતન્યપ્રસાદ દીવાનજીએ 'કુમાર' માટે ખાસ લખી આપ્યું છે તે આ નીચે સાભાર આપીએ છીએ; અને ભારતના ઇતિહાસની દીપમાળામાં ગુજરાતની મશાલ ઊંચી રાખનાર એ આરૂઢ ઇતિહાસજ્ઞ, ગુજરાતને ગૌરવાન્વિત કરનાર તેના એક પનોતા પુત્ર અને અમારા એક મમતાળુ ને મહાનુભાવ મિત્રને હૃદયભાવની અંજલિ અર્પીએ છીએ.

# ભાણુભાઈ

### લેખક · ચૈતન્યપ્રસાદ મોતીલાલ દીવાનજી

**લગભગ** સાથે જન્મ્યા, સાથે ઊછર્યાં, ભણ્યા, મોટા થયા અને સાથે રહ્યા,—એવો ૫૦-૫૨ વર્ષનો સ્મૃતિપટ એક ચલચિત્રની જેમ આજે આંખ આગળથી પસાર થતો જણાય છે, અને એ આખા યે સમયનાં સ્મરણો, અનુભવો, સુખદુઃખ અને હર્ષશોકના પ્રસંગોમાંથી વિકસિત થતું આવતું ભાણુભાઈનું અદ્‌ભુત વ્યક્તિત્વ જોઉં છું ત્યારે મન એક રોમાંચ અનુભવે છે.




દીવાન બહાદુર મોતીલાલ લાલભાઈની સાથે
પુત્ર ચૈતન્યપ્રસાદ — દૌહિત્ર રત્નમણિરાવ

નાના, અધૂરે મહિને જન્મેલા, બીકણ, શરમાળ અને તદ્દન સામાન્ય ગણાતા ભાણુભાઈ ઇતિહાસના પ્રકાંડ વિદ્વાન, સાહિત્યના સમજુ, કલાઓના રસિક ભાવક, હાસ્યવિનોદ તથા મીઠા હળવા મર્મથી આનંદછોળો ઉડાડનાર અને સાથેસાથે પોતાનાં આભિજાત્ય, સંસ્કાર, સૌજન્ય તથા મીઠાશથી તેમજ પોતાનાં ખંત, અભ્યાસ, પરિશીલન, અને વિદ્વત્તા, સાથેની ઋજુતા, અમાનિત્વ, અદંભિત્વ, સ્વભાવની શ્રદ્ધા અને ભક્તિના ગુણોથી સર્વને મુગ્ધ કરનારા સર્જનનું અનન્ય વ્યક્તિત્વ કેવી રીતે વિકસાવી શક્યા એ એક કોયડો લાગે છે. એ ખરેખર એક વિરલતા છે. સમયના અમુક અંતરે જ આવાં રત્નો નીકળી આવે છે. રત્નમણિરાવ એ આવું રત્ન હતા. એમણે પોતાનું નામ સાર્થક કર્યું છે: રત્ન ને મણિ બંને જાણે એકમાં જ સમાયાં હોય તેવા એ ગુણસમૃદ્ધ હતા.

ભાણુભાઇનો જીવનપ્રવાહ બે સરખાં અસ્ખલિત વહેતાં વહેણોમાં વહેતો. એક હતો એમના હાસ્યવિનોદ અને હળવા મીઠા મર્મનો, બીજો હતો ગહનગંભીર પરિશીલન અને પ્રકાંડવિદ્વત્તાનો, જેમાં એમની જન્મજાત ઋજુતા ને શુચિતા, અમાનિત્વ ને અદંભિત્વ, નિર્દોષ બાલક જેવી સરલતા ને સાદાઇ, મમતા અને મીઠાશ, રસિકતા અને નજાકત, સાહિત્યની ઊંડી અને તલસ્પર્શી સમજ, અભ્યાસ અને ચિંતન, દીર્ઘ વિચાર કરવાની, તુલના કરવાની, તાટસ્થ્ય રાખવાની અને ઇતિહાસનાં વસ્તુ તથા પ્રસંગોના સાગરમાં ડૂબકી મારી, મહામૂલાં મોતી બહાર લાવી, તેને સુવ્યવસ્થિત ને દેદીપ્યમાનરીતે માળામાં ગૂંથી, લોકો સમક્ષ રજૂ કરવાની એમની સિદ્ધહસ્ત આવડતનાં વિવિધ વહેણો વહેતાં.

બે નદીઓના મિલનને, ત્રણ પ્રવાહોની ત્રિવેણીને કે પાંચ યા સાત સરિતાઓના સંગમને આપણે પવિત્ર તીર્થ ગણીએ છીએ. એ જ રીતે જે વ્યક્તિના જીવનપ્રવાહમાં આવા અનેકવિધ નાના મોટા ગુણસ્રોતો

# રત્નમણિરાવ ભીમરાવ



સ્વ. રત્નમણિરાવની છેલ્લી તસ્વીર (ઈ. ૧૯૫૪)

મળતા હોય તે વ્યક્તિને પણ એક પુણ્ય-તીર્થ-ક્ષેત્ર જ માનવું જોઇએ. ભાણુભાઇનું વ્યક્તિત્વ—જીવનપ્રવાહ એ આવું તીર્થક્ષેત્ર જ હતું.

મૂળ અમદાવાદના રહીશ પણ પાછળથી કચ્છ ભુજના દીવાન સ્વ. દી. બ. મોતીલાલ લાલભાઈનાં પુત્રી શાંતાબહેનનું એ એકમાત્ર સંતાન હતા. શાંતાબેન પણ એકનાં એક પુત્રી હોઈ પોતાના પિતાને ઘેર બહુ જ લાડ ને માનથી ઊછર્યાં હતાં, ને એમને આ પુત્ર પણ એક જ હોવાથી એમને પણ બહુ લાડકોડ અને કાળજીથી મોસાળમાં ઉછેરવામાં આવ્યા હતા. વળી ભાણુભાઇનો જન્મ અધૂરે મહિને થએલો, એટલે એમને અત્યંત કાળજીથી કેટલોક સમય રૂમાં રાખવામાં આવેલા, અને આથી મોટા થયા ત્યારે પણ એક જાતની શારીરિક તેમજ જ્ઞાનતંતુની નબળાઈ એમનામાં રહી ગએલી, જેને લીધે સ્વભાવમાં પણ એક પ્રકારની બીક અને ભડકથી એ હમેશાં પીડાતા. આ બીક પાછળથી સંકોચ ને શરમાળપણામાં પરિણમી હતી અને કોઇ પણ જાતના મ્હોંમારપણાનો—dashing કે pushingના તત્ત્વનો એમનામાં અભાવ જ રહ્યો હતો. એના ઉદાહરણ તરીકે એમના બાળપણનું એક પાસું યાદ આવે છે. નાનપણમાં એ ફટાકડાથી બહુ જ બીતા. ફટાકડાની લૂમો ઘરમાં કે પડોશમાં તડાતડ ફૂટતી હોય ત્યારે ભાણુભાઇ અમારા મકાનના છેક પાછલે ત્રીજે માળે પેસી જઇ, મોઢે માથે ગોદડું ઓઢી, આંખો બંધ કરી અને બંને કાનમાં જોરથી આંગળીઓ નાખી, ટૂંટિયું વાળીને ભરાઇ ગયા હોય! ફટાકડા ફોડવાના બંધ થાય અને ભાણુભાઇ ક્યાં છે એમ જ્યારે શોધ થાય ત્યારે ઉપર વર્ણવેલી સ્થિતિમાંથી મળી આવે. નાનપણની આ અવસ્થામાંથી મોટા થયા ત્યારે પણ જોરથી બારણું વસાય કે 'ઍટમ બૉમ્બ' જેવા ટેટા ફૂટે યા ચોમાસામાં કડાકાભેર વીજળી અને મેઘગર્જના થાય ત્યારે તેનાથી પણ ભાણુભાઈ સ્તબ્ધ થઈ જતા અને એમના જ્ઞાનતંતુઓ એક જાતની બીકની લાગણીથી હચીમચી ઊઠતા.

નાનપણમાં દર શનિવારે સવારે એક માણસને સાથે લઈ, ટ્રાઇસિકલ ઉપર બેસી ભાણુભાઈ ફરવા જતા. એમાં કોઇક વાર માણસ જરા દૂર પડી જતો. આવે એક સમયે કોઈ મુસલમાનના છોકરાએ એમને થપ્પડ મારીને ટ્રાઇસિકલ પરથી ઉતારી કેવી રીતે એ પડાવી લીધી અને પોતે તેના ઉપર બેસી જવા લાગ્યો, અને એ વખતે રસ્તામાં ઝાડુ વાળતી એક મ્યુનિસિપલ ભંગીઅણે કેવી રીતે પેલાને ધમકાવી એની પાસેથી ટ્રાઇસિકલ પાછી લઈ ભાણુભાઇને એના ઉપર બેસાડેલા, એ આખો યે પ્રસંગ જ્યારે ભાણુભાઈ પોતાની લાક્ષણિકરીતે ગંભીર મોં રાખીને કહેતા ત્યારે સાંભળનાર માત્ર ખડખડાટ હસ્યા વિના રહી ન શકતો. પોતાની આવી વાતો ભાણુભાઇ, પેલા વિખ્યાત સિનેમા-નટ બસ્ટર કીટનની માફક, જરા યે મલકાયા વગર એવી તો ઠાવકાઈથી કહેતા કે સાંભળનાર એ જોઇ પેટ પકડીને હસતા.

એમના હાસ્યવિનોદમાં એ પોતાની જાતને પણ છોડતા નહિ. ઘણા યે એવા પ્રસંગો અને વાતો એ કહેતા કે જેના નાયક એ પોતે જ હોય. આમ પોતાની જાતને પણ હાસ્યવિનોદનું પાત્ર બનાવવાથી એ એવો મર્મ અને કટાક્ષ કરતા કે આપણને તેમની આ અજોડ રીતથી તેમના તરફ માન થતું. એમનો મર્મ—હાસ્યવિનોદ હમેશાં હળવો, મીઠો, કટુતા વગરનો પણ સચોટ રહેતો. નર્મ-humourના ઉત્તમ પ્રકારોમાંનો આ એક પ્રકાર છે અને એ એમને સિદ્ધ હતો, જન્મથી



'ગુજરાતનું પાટનગર અમદાવાદ' લખવા માટે ઈ. ૧૯૩૩માં રણજિતરામ સુવર્ણચન્દ્રક મળ્યો એ સમયે યુવાન વયે. નીચે: ઈ. ૧૯૪૦માં બૅંગલોરમાં વ્યાપાર કરતા હતા ત્યારે

વરેલો હતો એમ કહીએ તો પણ ચાલે. વિખ્યાત અંગ્રેજી સામયિક Review of Reviewsનાં ઠઠ્ઠાચિત્રોના વિભાગ ઉપર ટાંકવામાં આવતી કવિ બર્ન્સની આ પંક્તિઓ એમને બહુમાન્ય હતી :

Oh God! The Giftie gie us<br>
To see as others see us.


ભાણાભાઇનાં માતુશ્રીને વાચન પર ખૂબ પ્રેમ હતો અને એમનું વાચન વિશાળ હતું. ભાણાભાઈનાં માતામહી (આ લેખકનાં માતા) પણ બહુ જ વિદ્યાપ્રિય હતાં. એમણે ગુજરાતીમાં એકબે પુસ્તકો પણ લખેલાં છે. આમ એમને વિદ્યાપ્રેમ માતૃપક્ષ તરફથી વારસામાં મળેલો. એમના માતામહ સ્વ. દીવાન બહાદુર મોતીલાલ લાલભાઇ અમદાવાદમાં ફર્સ્ટ ક્લાસ જજ હતા અને ત્યાંથી એ કચ્છ ભુજના દીવાનપદે નિમાએલા. એમનું કાયદાનું અને અંગ્રેજીનું જ્ઞાન ઊંચું હતું, એટલે ભાણાભાઈમાં દીર્ઘ વિચાર કરી સત્ત્વ અને સાર પકડી લેવાની શક્તિ, તુલનાશક્તિ તથા સમતુલા અને તાટસ્થ્ય રાખવાની જે શક્તિ જણાતી, અને જે આપણે એમનાં લખાણોમાં જોઇએ છીએ, એ એમના માતામહ પાસેથી ઊતરી આવેલી લાગે છે. એઓ મોસાળમાં જ ઊછરેલા હોઇ એમના જીવનમાં વધારે અસર મોસાળની જ હતી.

ભાણાભાઈના પિતા અને પિતામહ બંને પોલીસ ખાતામાં અધિકારીઓ હતા. વળી એમનાં પિતા માતા બંને શ્રીમન્નૃસિંહાચાર્ય તેમજ શ્રી ઉપેન્દ્રાચાર્યનાં શિષ્ય-શિષ્યા હતાં અને એમના સ્થાપેલા શ્રેયસ્સાધક અધિકારી વર્ગનાં બંને સાધકો હતાં, એટલે ભાણાભાઈમાં ધાર્મિક ભાવના, શ્રદ્ધા અને ભક્તિ પણ ઊતરેલાં.

**ભા**ણાભાઈનો જન્મ ઈ. ૧૮૯૫ની ૧૯મી ઑક્ટોબરે (વિ. સં. ૧૯૫૨ના કાર્તિક સુદ એકમ ઉપર બીજના દિવસે) થએલો. નાનપણમાં એમને રમતગમતનો કે કસરતનો જરા પણ શૉખ કે પ્રેમ નહિ, બલકે રમત ગમત-કસરતથી એ એટલા તો વિમુખ કે બીજી એવી વિમુખ કોઇ વ્યક્તિ મારા જોવામાં કે જાણવામાં આવી નથી. છતાં દરેક રમતને એ પોતાની અનોખીરીતે ભોગવી શકતા અને આનંદ માણી શકતા! ઉત્તરાયણને દિવસે એ પતંગ ચડાવે નહિ—પતંગ ચડાવતાં કે ચગાવતાં એમને આવડતો જ નહિ—પણ પાસે એક કાતર રાખી એ અગાશીમાં આવી બેસતા અને અમારી અગાશી ઉપર બીજાની દોર આવી પડી હોય તે કાપી લેતા; કે પછી અમારો જ પતંગ બરાબર ચડ્યો હોય, લાંબા દોર મુકાયા હોય અને બરોબર રસ જામ્યો હોય ત્યારે ધીમે રહીને ઠંડે કલેજે કાતરથી દોર કાપી નાખતા, અને અમે હાથમાંથી દોર જતાં 'એ ગયો' કહી બાઘા બની ઊઠતા એ જોવાની એમને બહુ ગમ્મત પડતી! અંતે આ માટે અમે બધાએ એમને ખૂબ અડાવેલા ત્યારથી એમણે એવું નહિ કરવાનું વચન આપેલું; છતાં ફાટેલા પતંગનો ઢઢ્ઢો કાઢી તેને એક હાથે ઝાટકો આપી 'સડ-સુ' બોલાવતા જાય અને 'ફસક ફસક બે મંતર લાગ્યા 'નો મંત્ર બોલતા જાય! કેટલીક વાર બને પણ એવું, કે પવન વધારે હોય અને ઉપરાઉપરી અમારા પતંગો ફસકવા પણ લાગે, એટલે પોતાનો મંત્ર કેવો સિદ્ધ છે એમ કહી એ અમારી ખૂબ મજાક ઉડાવતા!

તે સમયે 'ઇન્ટર હાઇસ્કૂલ' ક્રિકેટ મૅચો બહુ રસાકસીવાળી થતી. કોઈકોઈ મૅચ જોવા ભાણાભાઈ પણ આવતા. અને તે વખતના અમારી આર.સી. હાઈસ્કૂલના કેટલાક ખેલાડીઓ સારી રમત કરી બતાવે અને જીતે એ માટે એ પ્રાર્થના કરતા! એક વખત વડોદરા હાઈસ્કૂલ અને આર.સી. હાઇસ્કૂલ વચ્ચેની મૅચમાં વડોદરાથી ઘોંડ, ધમાલ વગેરે જાણીતા ખેલાડીઓ આવેલા અને આર.સી. હાઈસ્કૂલ તરફથી શંભુ ત્રિવેદી, ફીરોઝ કારંજવાલા વગેરે હતા. ઘોંડે એક ફટકો ખૂબ ઊંચો માર્યો અને એને શંભુ ત્રિવેદીએ છેક લૉંગ બાઉન્ડરી આગળ ઝીલી લીધો એ 'કૅચ'નું તો ભાણાભાઈ એવું વર્ણન કરતા કે બધા ખુશ થઈ જાય! એ મૅચમાં પોતાની આર.સી. હાઈસ્કૂલ જીતે એ માટે એ મૅચ જોવા બેઠેલા ત્યાં ગાયત્રીમંત્રનો જપ પણ કરતા! એને પ્રતાપે જ ઉપર્યુક્ત કૅચથી એ મૅચની બાજી પલટાઇ ગઇ અને હાઈસ્કૂલ જીતેલી એમ એ કહેતા!

પણ ક્રિકેટની રમતનો એમને શૉખ બિલકુલ નહિ. છતાં અમારી ક્લબના ખેલાડીઓ માટે બૅજ સાથેના બ્લેઝર્સ કરાવ્યા ત્યારે ભાણાભાઈએ ખાસ આગ્રહથી પોતાને માટે પણ એક બ્લેઝર કરાવ્યો અને જ્યારે જ્યારે અમારી ક્લબની મૅચ હોય ત્યારે ત્યારે એ પહેરીને પોતે આવતા! એક વખત એવું બન્યું કે **અમારી સામે રમતી ક્લબના**



એક મુરબ્બીએ ભાણાભાઇને ઠાવકાશથી બ્લેઝર પહેરીને બેઠેલા જોઇ પૂછેલું કે 'તમે પણ રમવાના છો?' ત્યારે ભાણાભાઈએ જવાબ આ-આપેલો કે 'ના ના, હું શું રમું? મારા વગર જ તમારો આટલો ઢૂચો નીકળે છે તો પછી હું રમું તો તો શું યે થાય!' પેલાએ પૂછ્યું કે 'તમે કોણ છો?' ભાણાભાઇએ જવાબ આપ્યો કે 'હું તો આ લોકોનો ક્રિકેટ-શિક્ષક છું!' પેલો કહે કે 'તો તો સારું છે, સાહેબ, તમે નથી રમતા તે!'

મુંબાઇમાં ચતુરંગી મૅચો રમાતી હોય, ચારે બાજુએ શમીઆના અને તંબૂઓ બંધાયા હોય, હજારોની મેદની એ મૅચો જોવા ઘેલી થઇને ઊલટતી હોય ત્યારે પણ ભાણાભાઇનું રૂંવાડું સરખું યે ન ફરકે, અને કેટલીક વાર તો ત્યાં આવીને તંબુ બહાર જ શીંગ-ચવાણું ખાઇ, અંદર મૅચ જોવા આવ્યા વિના જ ઘેર પાછા ચાલ્યા જાય! ક્રિકેટની એ ઘેલછા પર એ બહુ આકરી ટીકા કરતા અને પોતાનો એ અણગમો વ્યક્ત કરતો એમનો જાણીતો 'ક્રિકેટનો ગરબો' પણ એમણે રચેલો!


અમે બૅંગલોર હતાં ત્યારે ત્યાં થીઓસોફિકલ સોસાએટીમાં એક યુરોપીઅન બાઇ આવેલી. એણે 'યુરિથમિક્સની' પદ્ધતિથી દરેક અંગને કસરત મળે તેવી કસરતો કરી બતાવેલી. તે જોઈને ઘેર આવી ભાણાભાઈ અમને કહે કે 'આમાં શું હતું? આવું તો હું દરરોજ કરું છું!' એમને બેસવામાં, હરવા ફરવામાં, ઊભા રહેવામાં સૂવામાં, જુદીજુદી રીતે શરીરને વાંકુંચૂંકું કરવાની ટેવ હતી. આથી કોઇકોઈ વખત તો બહુ હસાવે તેવી એમના શરીરની 'ભંગી' એ કરતા અને એ વિચિત્રતા બધાને બહુ જ હસાવતી. એક વખત એમનાં માતુશ્રીની સાથે એ કાંઇ એવી રીતે બેઠેલા કે કોઇ વૃદ્ધ સ્ત્રી ત્યાં મળવા આવેલી એણે એમનાં માતુશ્રીને ગંભીરતાથી પૂછ્યું કે 'કેમ, આ ભાઈનું મગજ બરાબર નથી?' આથી ભાણાભાઇ તથા એમના માતુશ્રીને ખડખડાટ હસવું આવ્યું અને બહુ મહેનતે ડોશીમાને ગળે સાચી વાત ઉતારી શકાએલી.

ટાપટીપ, ભભકો, ફૅશન, ટૅાફબંધ કપડાં વગેરેથી એ તદ્દન વિમુખ હતા. અરે, વાળ ઓળવા કે સાબુ લગાડવાનું પણ એમને ગમતું નહિ! સાબુ માટે તો એટલે સુધી વાત ગએલી, કે કોઈ કોઇવાર એમના પત્ની એમને પકડીને નળ નીચે માથું રખાવી સાબુથી માથું ચોળતાં ત્યારે જ શરીર ઉપર સાબુનો પ્રયોગ થતો! આના અનુસંધાનમાં એક વાત અહીં યાદ આવે છે. વિખ્યાત આઇરિશ કવિ અને કલાવિવેચક ડૉ. જેમ્સ કઝિન્સ એકવાર અમારા મહેમાન તરીકે આવેલા, ત્યારે કંઈક પ્રસંગ નીકળતાં તેમણે અચાનક પોતાના ગાલ ઉપર આંગળી અડાડી મને પ્રશ્ન પૂછ્યો: 'Do you know the secret of this skin, Mr. Diwan?' મેં ના કહી ત્યારે તેમણે જણાવ્યું: 'No soap has touched this skin since last seventy years!'

કપડાં પહેરવામાં પણ સાદા. લાંબો કોટ, કાળી કે કથ્થઈ લાંબી ટોપી, ધોતિયું અને પગમાં 'સ્લીપરો' આ એમની સાદાઈ સાદામાં સાદાને પણ ટપી જતી.

ભાણાભાઈ 'ભોજન-ચુંચુ' હતા! એમને જુદીજુદી વાનગીઓ અને એના સ્વાદની બહુ પરખ હતી; અને તે માટે તે બહુ કાળજી પણ રાખતા ખાવામાં એ અકરાંતિયા ન હતા, પણ જમવાની વિવિધ વાનીઓના સ્વાદ માટે એમને એટલી ચીવટ હતી કે કોઈ વખત તે કચકચ જેવી પણ લાગે. એમની પ્રિય વાનગી 'દાળ-ઢોકળી', 'લાડુ-દાળ,' 'મૂઠિયાં' વગેરે હતાં. અઠવાડિયાના સાતે દિવસે શું શું ભોજન બનાવવું એના એમણે જુદાજુદા ક્રમ ગોઠવ્યા હતા.

ભાણાભાઈનું દાંપત્યજીવન બહુ જ રસિક હતું. અજાણ્યાને તો આશ્ચર્ય લાગે કે આવા સાદા, લગભગ મૂંજી જણાતા ભાણાભાઈ પોતાના દાંપત્યજીવનમાં આટલી મીઠાશ અને રસિકતાની છોળો ઉડાડતા હશે.



વિદ્વાનોને સુપરિચિત ઇતિહાસકાર રત્નમણિરાવ

તદ્દન બાળપણમાં વડીલોએ એમને ધમકાવીને પરણાવેલા. લગ્નજીવન-ની શરૂઆત માટેની એમને એટલી ભડક કે પ્રથમ રાત્રિએ એમને ધક્કો મારીને એમના ઓરડામાં મોકલવા પડેલા! પણ પછી તો સાહિત્યના અભ્યાસથી એ એવા તો રસિક થયા કે ભલભલાને પાઠ આપે! એમના દાંપત્યજીવનમાં કદી વેવલાપણું, છીછરાપણું કે મર્યાદાભંગની ઉદ્ધતાઈ એમણે નથી દાખવી, છતાં જોનારને તરતજણાઈ આવતું કેનાનામાં નાની વસ્તુ વાત કે વર્તનમાં રસિકતા—સતત ને અસ્ખલિત—વહ્યા જ કરતી.

એમણે એમનાં પત્નીનાં જુદાંજુદાં નામ પાડેલાં! એ જુદાંજુદાં પ્રયોજન માટે પડાએલાં. જેમકે મુરબ્બીઓ બેઠા હોય અને પોતાનાં પત્નીને બોલાવી જવાં હોય તો એક નામ; રાત્રે જમ્યા પછી સૂવા જવાનું મોડું થતું હોય તો બધાંની વચ્ચેથી એમનાં પત્નીને એ જણાવવું હોય તે માટે બીજું નામ; પોતાનાં છોકરાં આગળ બોલી શકાય અને સાથે ગમ્મત કરી છોકરાંને રમાડી લેવાં હોય તે માટે ત્રીજું નામ. આ એમની રીત અનોખી હતી. અમને પણ આ નામોની ખબર બહુ જ મોડી પડેલી, પણ વર્ષો સુધી આ નામોથી એમણે પોતાનો ઉપર્યુક્ત દૈનિક વ્યવહાર આનંદ અને રસભર્યો રાખ્યો હતો.

નાનાં બાળકોમાં ભાણાભાઈ બહુ પ્રિય હતા—પોતાનાં બાળકોનાં નામ પણ જુદીજુદી જાતનાં પાડેલાં. વળી બાળકોને ઊંઘાડવાને અને ગમ્મત માટે એમણે સંસ્કૃત વ્યાકરણની કારિકાઓ જેવાં કેટલાંક અર્થહીન જોડકણાં (જેને એ લવારાઓ કહેતા તે) રચેલા; અને તે 'અડકો દડકો દહીં દડુકો'ના લયથી ભાણાભાઈ બોલતા. આ લવારાઓ-ની લાક્ષણિકતા એ હતી કે એમાંથી એકે શબ્દનો કશો જ અર્થ ન થતો, છતાં એની સમગ્ર અસર છોકરાંના મન પર એવી શાતાદાયી થતીકે છોકરાં એ અસર તળે શાંત થતાં, હસતાં અને ઊંઘી જતાં. આ રહ્યોએ લવારા-નો એક નમૂનો: 'જાપે જન્નો, જલકી જલકા, પકકે ટકકો, ફેલબેલ, જબલ જબનકે, ક્રિન્ને રોકી, નેકે નોલો, ફંગ બંગ...' (અનુ. પૃ. ૪૧૧)



# છુટ્ટી

લેખક
**ચંદ્રકાન્ત કે. બક્ષી**

'નમાઝ પઢતા મલ્લાહ સાંજ ઢળતાં સ્વાંગ બદલતા ને રાતના અંધકારમાં હોડીઓ ચૂપચાપ અદ્દશ્ય થઈ જતી. ઉપલી આફિસોના કડક રિપોર્ટો આવવા છતાં બશીરહાટની જિંદગી જારી રહેતી ને આ નાના ગામનાં ગોદામો ભરચક રહેતાં.

**કિનારે** આવીને એંજિનોએ ઘરઘરાટ બંધ કર્યો. જાન્યુઆરીના ઠંડા સૂરજના પ્રકાશમાં ગનબોટની પોલાદી દીવાલ ચમકી રહી હતી. સીમાન્ત પોલીસ દળના જવાનો એક પછી એક જમીન પર ઊતરવા લાગ્યા. રાતભરની ચોકીથી જવાનોની આંખો થાકેલી હતી ને ચહેરા નિસ્તેજ લાગતા હતા. રાઇફલ ડાબા ખભા પર બદલતાં નાયક રામપ્રકાશે કહ્યું, 'જાલિમસિંગ, આ કમબખ્તો બે વર્ષ સુધી યે મારી બદલી નહિ થવા દે. પેટ્રોલ કરતાંકરતાં ચાર દાઢી સફેદ થવા આવી!'

'તું તો ત્રણ જ મહિનામાં તંગ આવી ગયો, પણ મને આજ સાતસાત મહિના થવા આવ્યા છે. બસ, આ જ ઇચ્છામતી નદી ને આ જ બશીરહાટ. રાતભર દૂરબીન લગાવ્યા કરો ને સવાર પડયે બંદૂક સાફ કરો. શું મુલક છે!' જાલિમસિંગે કહ્યું.

'મુલક તો ઠીક, દોસ્ત. તારે અહીરાણી ઘેર છે, ને ભાઇની શાદી છે; પછી શું પૂછવું?—ને ઉપર આ ગુલાબી ઠંડી! વાહ!'

એ તો રાતના જ્યારે પેલા બલોચ ફાયર કરે છે ત્યારે ગુલાબી ઠંડી બરાબર યાદ આવે છે.' જાલિમસિંગે તીખાશથી સ્મિત કરતાં કહ્યું.

'ફૉલ ઇન!...' હુકમ આવ્યો ને જવાનો હારબંધ ઊભા રહી ગયા. ગણતરી થઇ અને 'ડિસ્પર્સ'નો હુકમ મળ્યો. બંદૂકો આર્મરીમાં ગોઠવાવા માટે રવાના થઇ. જવાનો વીખરાવા લાગ્યા. બૅરક તરફ જતાંજતાં રામપ્રકાશે પૂછ્યું, 'તારા ભાઇની શાદી નક્કી થઇ કે?'

હાથમાં પટ્ટો રમાડતાં જાલિમસિંગે જવાબ આપ્યો, 'તારીખ નક્કી તો નથી થઈ, પણ હવે તરતમાં થશે એમ લાગે છે.'

**ક**લકત્તાથી ચાલીસ માઇલ દૂર ઇચ્છામતી નદીને કાંઠે આવેલું બશીરહાટ ગામ દાણચોરીનું નાકું છે. અહીંથી પૂર્વી પાકિસ્તાનની સીમા માત્ર પાંચ જ માઇલ દૂર છે. કિનારાની ભેખડો પર ઊભાઊભા નદીને દૂરદૂર ક્ષિતિજમાં પાકિસ્તાનની હદમાં વળી જતી જોઇ શકાય છે. એ ધરતી અત્યંત ફળદ્રુપ છે—કાચા સોનાનો પ્રદેશ છે, કવિઓ અને કલાકારોની ભાષામાં 'સોનાર બાંગલા' (સોનાનું બંગાળ) છે. પાકિસ્તાનથી સોપારીઓ અને શણ આવે છે; ધુમ્મસમય રાતોમાં ભારતની દિશામાંથી મછવાઓ તમાકુ, કાપડ અને અન્ય વસ્તુઓ પસાર કરે છે. રાતભર બન્ને દેશોની ગનબોટો સર્ચલાઇટોથી નદીની છાતી ચીરતી પહેરો ભરે છે અને કવચિત્ પૂર્વના કિનારા તરફથી મોડી રાતે ફૂટી રહેલી થ્રી નોટ થ્રી રાઈફલનું પરિચિત સંગીત પણ સંભળાય છે!

જાલિમસિંગ બિહારના છપરા જિલ્લાનો અહીર હતો. ભારતની બોર્ડર પોલીસમાં પાંચેક વર્ષથી જોડાયો હતો, પરંતુ થોડા સમયથી તેની બદલી બશીરહાટ પોલીસ સ્ટેશનમાં થઈ હતી. આ વિસ્તારમાં સતર્કતાની ખાસ જરૂર રહેતી. પ્રાતઃકાળે મછવાઓમાં નિર્દોષતાથી

**'અ**હીર જાલિમસિંગ!''

'હુઝૂર!'

'આ તમારી અરજી છે?' ઇન્સ્પેક્ટર મુખર્જીએ પત્ર ઉપાડતાં પૂછ્યું.

'જી.'

'બોલો, શી બીના છે?'

'હઝૂર; મારા ભાઈની શાદી છે. મારે જવું પડશે. કાલે મારી માની ચિઠ્ઠી આવી હતી. પંદર દિવસની છુટ્ટીની જરૂર છે.'

'તમારો ભાઈ શું કરે છે?'

'રાનાઘાટમાં તમાકુની એક દુકાનમાં નોકરી કરે છે.'

ઈન્સ્પેક્ટરે સૂચક પ્રશ્ન મૂકયો, 'શું નામ છે?'

'સેવકસિંગ, સરકાર!' તેણે જવાબ આપ્યો ને શાંતિ વ્યાપી રહી.

ઇન્સ્પેક્ટરે સિગારેટ સળગાવીને રેકર્ડો જોવા માંડયાં. 'જે' વિભાગ પર ઈન્સ્પેક્ટરની સિગારેટ પકડેલી આંગળીઓ ફરવા માંડી—જ...જા...જાલિમસિંગ અહીર...'અચ્છા—તમારી છુટ્ટી પાકવાને હજુ વાર છે. હમણાં તો કોઇ પણ સંજોગોમાં મળવી અસંભવ છે.'

'સરકારનું કહેવું બરાબર છે,' જાલિમસિંગે સિફારશ કરવા માંડી, 'પણ લગ્નમાં ગયા વિના છૂટકો નથી. હૂકમ થશે તો હફતાભરમાં હાજર થઈ જઈશ. પણ આ વખતે છુટ્ટીની ખાસ જરૂર છે, સરકાર.'

'જુઓ, સિક્યુરીટી પોલીસને ઇચ્છા પ્રમાણે છુટ્ટી મળી શકતી નથી. કાનૂન તમે જાણો છો. તમારી અરજી ઉપલા અફસર પર મોકલું છું. આશા રાખું છું તમે શાદીમાં હાજરી આપી શકો. પણ જો ઉપરથી ના આવશે તો મારો ઇલાજ નથી. દરમ્યાન જો ઑર્ડર આવી જશે તો મને રજા પસાર કરવામાં વાંધો નથી.' ઈન્સ્પેક્ટરે સહાનુભૂતિ દર્શાવી.

'બહેતર, સરકાર!' જાલિમસિંગના કરડાકી ભર્યા ચહેરા પર એક આભારવાહી સ્મિત રમી ગયું. એક ઝડપી 'સૅલ્યુટ'...'એબાઉટ ટર્ન' અને પળવારમાં જાલિમસિંગ કમરાની બહાર નીકળી ગયો.

**આ**સમાનમાં સિતારા ટમટમી રહ્યા હતા. હવામાં ઠંડીનો ગમગીન ચમકાર હતો. કાંઠે પડેલી હોડીઓમાંનાં કાળાં પડી ગએલાં લાલટીનોનો ઝાંખો પ્રકાશ વહેતા પાણી પર નાચી રહ્યો હતો. દૂર ભારત સરકારની ગનબોટ ત્રિરંગી ઝંડો ફરફરાવતી ઊભી હતી. ઍંજિનો શાંત હતાં. એકલદોકલ વહી રહેલા મછવા પર સર્ચલાઇટ ફેંકાતી, 'ચેકિંગ' થતું અને મછવો સમુદ્રની દિશામાં ચાલ્યો જતો.

એક નાની ડિંઘી ધુમ્મસ ચીરતી પૂર્વ તરફ નીકળી ગઈ ને કિનારાના પાણીમાં ધીમો અવાજ કરતી માર્ગ કાપવા લાગી. બે માઈલ દૂર તોળાઈ રહેલી એક ભેખડના અંધકારમાં ડિંઘી રોકાઇ. બે પુરુષો કિનારે ઊતર્યા ને ડિંઘીને કિનારે બાંધી લીધી. બંને ગીચ સોપારી ને (અનુ. પૃ. ૪૦૭મે)



# આડંબરી

નાટિકા ☆ **તારક મહેતા**

[પરવાનગી વિના કોઈના શયનગૃહમાં નજર નાખવાનું અસભ્ય વર્તન કરીએ તો—પર્દો ખૂલતાં શયનગૃહનું દૃશ્ય જણાય છે. મુક્તાનો આ ખંડ કોઇ પણ સંસ્કારી સુશિક્ષિત યુવતીના ખંડની બરોબરીમાં ઊતરે તેવો છે. એક તરફ સાદો પણ ઊંચી જાતનો પલંગ, ને બીજી તરફ દીવાલને અડોઅડ શૃંગાર-ટેબલ છે. સજાવટ એક સાધન-સંપન્ન કુટુંબની પ્રતીતિ રૂપ છે.]

વિમલા: (પ્રવેશી) એમ! સવારથી તને કહી રાખ્યાછતાં તારું વાંચવાનું ખૂટતું જ નથી.

મુક્તા: તું ખોટી ડરે છે બા, હું પૂરી તૈયાર છું.

વિમલા: શું, ના પાડવા?

મુક્તા: મારો સવાલ જ ક્યાં છે? એ તો મને 'જોવા' આવવાના છે ને?

વિમલા: તું તારે ફડફડ જીભડી ચલાવ્યા કર. તને તારા ઘરનું સારું દેખાય તેની ક્યાં પડી છે?

મુક્તા: તમે લોકો સારાસારનો એટલો બધો વિચાર કરો છો કે પછી મારે ભાગે કંઇ કરવાનું રહેતું જ નથી.

વિમલા: તારે તો અમે કહીએ એમ કરવાનું. અમે કંઇ તારાં દુશ્મન નથી કે છતી આંખે તને કૂવામાં નાખીએ.

મુક્તા: તમે કૂવામાં જ રહેતાં હો પછી નાખવાનો સવાલ જ ક્યાં આવે છે?

વિમલા: મને તારાં ટાહ્યલાં સાંભળવાનો વખત નથી, મુક્તા. તું ઊભી થાય છે કે નહિ? એ આવતા જ હશે. બીચારો એટલો સરળ છે કે એકલો જ આવવાનો છે. પણ તારાં નસીબ પાધરાં જોઇએ ને? કહું છું, ઊઠે છે કે નહિ?

મુક્તા: તું ખોટી જક લઇને બેઠી છે, બા.

વિમલા: જો મુક્તા, નાતજાતમાં દરેકને મળતા રહેવું પડે. પ્રસંગ આવ્યે વાતચીત પણ કરવી પડે. તું એક નન્નો લઇને બેસે, એટલે શું અમારે નાતમાંથી નીકળી જવું, એમ?

મુક્તા: પણ મેં તને નથી કહ્યું કે મારો હમણાં લગ્ન કરવાનો વિચાર નથી?

વિમલા: પણ તું એની સાથે વાત કરીશ એટલે શું એ તને પરણી જશે? એને આવવા દે. અમેજ પૂરો દીઠે ઓળખતા નથી. જન્મારો આફ્રિકામાં ગાળ્યો તેની બધી મ્હોંકાણ!

મુક્તા: તો તમે મળો, ઓળખો, વાતચીત કરો. પણ મારી નામરજી હોય તો પણ મને અંદર સંડોવવાની શી જરૂર?

વિમલા: જો છોકરી, તને મોંએ ચડાવી છે તારા બાપાએ, એટલે અત્યારે આટલો લવારો સૂઝે છે. જીભડી બારહાથની છે ને, પણ ઘડીના છઠ્ઠા ભાગમાં ખેંચી કાઢીશ!

મુક્તા: તો તો પછી નિરાંત! આ બોબડીને કોઇ જ પરણશે નહિ...!

વિમલા: (એકાએક નરમ પડીને) ભલે ત્યારે, કર તું ફજેતો. હે રામ, આ દહાડો દેખાડવા ક્યાં જીવતી રાખી?

મુક્તા: જો બા, મારી તો એક શરત છે.

વિમલા: શી?

મુક્તા: હું નીચે ઊતરવાની નથી. હું તૈયાર થઈને બેસું છું. એ આવે ત્યારે અહીં મોકલજે.

વિમલા: અહીં તે મોકલાતા હશે? કોઈના ઉપર છાપ કેવી પડે?

મુક્તા: એ મને જોવા આવે છે કે મારો રૂમ? વાત તો જ્યાં આવશે ત્યાં થશે.

વિમલા: બહુ નખરાં તારે તો—

મુક્તા: તને પાલવે તો મોકલ; નહિ તો હું નીચે તો આવવાની નથી જ.

વિમલા: અને જો તૈયાર ન થઈ તો?

મુક્તા: સાડલો બદલું એટલી વાર છે.... અને બીજી વાત એ, કે એ હોય ત્યાં સુધી મારા રૂમમાં કોઈએ આવવું નહિ!

વિમલા: ચાપાણી ત્યારે?...

મુક્તા: એકલી જીવી ભલે આવે.

વિમલા: એક હું જ તારી મા આટલું ચલાવી લઉં છું; બીજી કોઈ હોય ને—

મુક્તા: તો હું આટલી યે હા ન પાડું ને?

વિમલા: અભિમાન કોઈનાં ય ટક્યાં નથી. (જીવી હાથમાં પાણીના ગ્લાસ ગોઠવેલી ત્રાસક લઈ બારણામાં ડોકાય છે.)

જીવી: બા, મે'માન આવી ગયા છે.

વિમલા: મા'રાજને નાસ્તાનું કહ્યું?

જીવી: હા.

મુક્તા: જીવી, તું અહીં જ રહેજે.

જીવી: બાને કંઈ કામ—

વિમલા: તું અહીં જ રહેજે, બેન પાસે; મહેમાનને હું અહીં જ મોકલું છું.

[આ સમય દરમિયાન મુક્તા આયના આગળ જઈ તૈયાર થઈ રહ્યાનો દેખાવ કરે છે.] હું જાઉં છું અને થોડી વારમાં એમને મોકલું છું. અને જો મુક્તા, ચાપાણીનું તો હું નીચે જ રાખું છું; નહિ તો તારા મોટાભાઈ ચિડાશે. એમને ય કંઇ વાતચીત કરવાનું બ્હાનું જોઇએ ને?

મુક્તા: હા...હા...એ જ ઠીક છે. (વિમલા જાય છે.) કેટલી વાર તને, જીવી?

જીવી: મારો તો જીવ તાળવે છે.

મુક્તા: તારો જીવ તો સદા તાળવે જ હોય છે. ચાલ ઝટ કર.

જીવી: ના બાપ, મારી હિમ્મત નથી.

મુક્તા: જો જીવી, તારી દસ વર્ષની નોકરી પાણીમાં જશે અને હું તને કાઢી મૂકીશ.

જીવી: ભલે, બાપ. પણ મારાથી આવું તો નૈં થાય. તમ લોક જેવું મારાથી બોલાય શી રીતે?

મુક્તા: (એના હાથમાં નવો સાડલો વગેરે પકડાવી ધક્કો મારી જમણી બાજુ કે જ્યાં શયનગૃહને સંકળાએલું નાનું સ્નાનાગાર સામાન્યતઃ હોય છે તે તરફ ધકેલી જાય છે.) બધું બરોબર થઇ જશે. મારી જોડે હરામખોરી નહિ ચાલે, જીવી. હું તને પૂરેપૂરી ઓળખું છું. આમ તો રોજ 'મને અંગ્રેજી શીખવો, અંગ્રેજી શીખવો'ની કચકચ કરે છે!

જીવી: પણ બા જાણી જાય તો?

મુક્તા: તો કહીશ કે મેં જ બળજબરાઇથી બેસાડી'તી.

જીવી: ભઈશા'...બ—

મુક્તા: જાય છે કે નહિ? (છેલ્લો ધક્કો મારે છે અને જીવી અંદર ચાલી જાય છે. બહાર મુક્તા પોતાનાં વસ્ત્રોને સહેજ અસ્તવ્યસ્તકરી

નાખે છે. કપાળમાંથી ચાંલ્લો લૂંસે છે. સાડલાથી માથું ઢાંકી દે છે, અને ખંડમાં પાણીની તાસક લઈ પોતે જીવી હોય તે રીતે ફરી જોવા પ્રયાસ કરે છે.)

મુક્તા: (ફરતાં ફરતાં) મેં તને જેટલું જેટલું કહ્યું તે યાદ છે ને? (અંદરથી જીવી ઉત્તર વાળી રહી છે એવાં સૂચન કરતો સંવાદ આગળ વધે છે.) નમસ્તે કહેવાનું... 'બેસોને?' કહેવાનું... જરા હસવાનું... સિનેમાની વાત કરે તો કઈ ગમી કઈ ના ગમી... ચોપડીઓની વાત કરવાની... તબિયત જરા નરમ હતી એટલે નીચે ન આવી એવું બધું કહેવાનું... અરે, તું જોજે તો ખરી. મારું અનુમાન સાચું પડશે... એ તને જ પસંદ કરશે, અને પછી જ્યારે હું કહીશ કે એ મને નહિ પણ તને પસંદ કરી ગયા છે ત્યારે જોજે બધાંનાં મોં થાય તે! ના..ના.. તને ઊની આંચ નહિ આવે. હોય કંઇ? અને જીવી... બોલતાં બોલતાં પાછું તારું 'ભઇશાબ' અંદર ન આવી જાય! તું ઝટ કર. એ આવી પહોંચશે 'તને' જોવા... એ તો જેવાં જેનાં નસીબ... અને તું પાછી એમના પ્રેમમાં ન પડી જતી! નહિ તો પાછું 'આવ બલા પકડ ગલા!' મને તો લાગે છે કે એ તારે લાયક પણ નહિ હોય... કોણ જાણે, એ લોકો એમના મનમાં શું સમજતા હશે? તું ઝટ કર હવે.

[જીવી અંદર સાડલો બદલી જરા ઠીકઠીક, સુઘડ લાગે ને પુનઃ પ્રવેશ કરે તે બધા સમય દરમિયાન ઉપર મુજબની સૂચનાઓ અને સ્વગતોક્તિ મુક્તા ચલાવ્યે રાખે છે, ને પોતે કેમ કરી આબેહૂબ આયા જેવી દેખાય તેનો અભિનય કરે છે. જીવી જ્યારે પ્રવેશે છે ત્યારે નવા પોષાકમાં કંઈક અંશે તેનું લાવણ્ય મુક્તા જેટલું જ ખીલી ઊઠયું છે. અપરિચિતોને જરૂર છેતરનારું નીવડે. બહાર જરા અવાજ થાય છે, પણ સમયસૂચકતાથી મુક્તા માથું ઓઢી બારણાં તરફ પીઠ ધરી ફર્નિચર સાફ કરતી ઊભી રહે છે. બીજી જ પળે એક સામાન્ય બાંધાનો, દેખાવડો થવાના બધા જ દેખીતા પ્રયાસ કરી આવેલો યુવાન પ્રવેશે છે. વદન ઉપર સહેજ ક્ષોભ છે.]

જીવી: (ઝંખવાઈને) નમસ્તે!

અવિનાશ: નમસ્તે; કેમ છો?

જીવી: બેસોને!

અવિનાશ: જી.

જીવી: Sorry, તમારે ઉપર આવવું પડયું.

અવિનાશ: નહિ નહિ, It's alright.

જીવી: મારી સહેજ તબિયત સારી ન હતી, એટલે છેલ્લા બે દિવસથી તો બહાર જ નીકળી નથી.

અવિનાશ: કેમ, શું થયું છે?

જીવી: જરા શરદી—

અવિનાશ: માથા ઉપર પંખો આખી રાત ચાલુ રાખ્યો હશે. (જીવી લજ્જાથી મરકે છે.)

અવિનાશ: Pictures જુઓ છો કે નહિ?

જીવી: (અસ્વસ્થતાથી) જઉં છું કોઈ વાર.

અવિનાશ: જોયું હમણાં કોઈ?

જીવી: ના રે, જોવા જેવાં આવે છે જ કયાં?

અવિનાશ: વાત સાચી; હમણાં તો હિંદી કે ઇંગ્લિશ સારાં ચિત્રો જ ચાલતાં નથી.

જીવી: મારે તો વખત ન જાય તો વાંચું.

અવિનાશ: અમારે તો અમારું જ વાંચવાનું એટલું બધું હોય કે પછી બીજું ત્રીજું કંઈ વંચાય જ નહિ. મને પોતાને મૂળ હૉકી રમવાનો શૉખ હતો, પણ છેલ્લાં બે વર્ષથી રમવા તો શું પણ રમત જોવાનો વખત નથી.

જીવી: તમે કરવા શું માંગો છો?

અવિનાશ: અમારાથી બીજું શું થાય? એકાદ દવાખાનું ખોલી બેસી જઈશું.

જીવી: (કૃત્રિમતાથી) ઘણું સરસ. (એના વદન પર ધીરે ધીરે વાત ખૂટતી જાય છે તેમતેમ અધીરાઈ ડોકાતી જાય છે. મુક્તા હાથમાં ઝાપટિયું લઇ ખંડમાં આમતેમ ફરે છે. કબાટ ખોલી કંઈ ગોઠવતી હોય તેમ ઊભી રહી સાંભળે છે. જીવી જાણે ફસાઈ ગઇ હોય તેમ લાચારીથી વારંવાર એ તરફ નજર નાખે છે.)

મુક્તા: (એની મૂંઝવણ સમજીને) તે તમે દાગતર થવાના હો તો પછી આ અમારાં બેનને જરા જાડાં થવાની દવા આલજો.

અવિનાશ: (હસીને) જાડાં થવામાં વળી દવાની શી જરૂર? બહેનને કહોને કે ચિંતા ઓછી કરે?

મુક્તા: હું તો ઘણુંય કઉં છું, પણ કોણ જાણે શા યે વિચાર કરે છે.

જીવી: (અકસ્માત મુક્તાની સહાય મળતાં) આવું તે શું કહેતી હોઈશ?

અવિનાશ: ના રે, એ તો થોડી આપણા હાથની વાત છે?

મુક્તા: તમે એમને કાંક હમજાવો.

અવિનાશ: હું શું સમજાવવાનો? હજી હું પોતે તો સમજું.

મુક્તા: ડાગતરોને બધીય ખબર પડે.

અવિનાશ: (એની ચબરાકીથી સાશ્ચર્ય બની) બાઈ બહુ હોંશિયાર લાગે છે.

જીવી: બહુ વખતથી અમારે ત્યાં છે.

અવિનાશ: એમ? લાગે જ છે એ તો.

મુક્તા: અહીં જ હું તો મોટી થઇ છું.

જીવી: મને લાગે છે બા હવે આવતાં હશે.

મુક્તા: એમ કંઇ આવે કરે નહિ તો...

અવિનાશ: (વગર સમજ્યે) એમાં શું? ભલે ને આવે.

મુક્તા: તે બેન, તમારે નીચે નથી જવું?

જીવી: ના મારી તબિયત જરા ઠીક નથી.

અવિનાશ: તમે વધારે પડતાં ડરો છો. જરા શરદી થાય તેથી શું? ફરતાહરતા રહેવું જોઇએ.

મુક્તા: તમે જ કંઇ દવા કરો ને?

અવિનાશ: (માર્મિક રીતે) તે માટે તો એમને દવાખાને લઈ જવાં પડે.

જીવી: (મૂળ લહેકાથી જ) ના રે બા. દવાખાનાથી દૂર જ સારાં.

મુક્તા: રોગરોગમાંય તે ફેર તો ખરો ને?

અવિનાશ: હાસ્તો.

મુક્તા: જાઓ ને બેન, જાઓ ને નીચે.

જીવી: ના.

મુક્તા: તમારે તો એક વાર મોંમાંથી 'ના' નીકળી એટલે 'હા' ન થાય.

અવિનાશ: એ તો ફરી કોઈ વાર આવશે. (અવિનાશ પણ જાણે વાત પૂરી થઇ હોય તેમ ઊભો થાય છે.) ચાલો ત્યારે, પાછું જરા નીચે પણ બેસવું તો પડશે જ.

જીવી: હાસ્તો.

અવિનાશ: ફરી કયારે મળશો?

જીવી: માંદી પડીશ ત્યારે બોલાવીશ.

અવિનાશ: સાજાં રહીને જ બોલાવશો તો મને વધુ આનંદ થશે.

જીવી: ભલે. (જીવી જાતે બારણું ખોલે છે.)

મુક્તા: (ઉતાવળથી) એ આવજો, દાગતર સાહેબ!

અવિનાશ: આવજે. (અવિવેક લાગે એટલી ઝડપથી જીવી બારણું વાસી દે છે. તેનું મોં પરસેવે નીતરી ગયું છે. અત્યાર લગી ગૂંગળાતી હતી તે ઊંડો શ્વાસ લે છે. મુક્તા ખૂબ આનંદમાં છે.)

મુક્તા: નહોતી કહેતી હું?

જીવી: (નિરુત્તર)

મુક્તા: બા કહેતી'તી કે એમને મારો ફોટો ગમ્યો છે, ને આણે તો મને ઓળખી યે નહિ.

જીવી: (સ્વસ્થ બનતાં) હાય બાપ! તૈયાર થઈ જાઓ, બા આવતાં હશે. કયાંક જાણશે તો?

મુક્તા: જાણે શું? તને બચાવી તો લીધી.

જીવી: (પુનઃ સ્નાનાગારમાં જતાં) નહિ તો બધું ય પકડાઈ જાત. મને તો એટલી ગભરામણ થાય!

મુક્તા: (આયના આગળ ઠીક થતાં) મને થયું કે જો હવે નહિ બોલું તો ભંડો ફૂટી જશે. (સફળ નાટક કર્યાના અત્યુત્સાહમાં) જીવી, બાકી તને છોકરો કેવો લાગ્યો?

(અનુસંધાન પૃ. ૪૦૭ ઉપર)

# મહિષાસુરમર્દિની
## અને અન્ય માતૃમૂર્તિઓ
### ગુજરાતના ગુપ્તોત્તર કાળના શિલ્પનાં અગત્યનાં અંગ

લેખક
ડૉ. ઉમાકાન્ત પ્રે. શાહ એમ.એ., પીએચ.ડી.



### આબુ અને સૌરાષ્ટ્રમાંની માતૃમૂર્તિઓ

આબુ ઉપરના શ્રીમાતા (અથવા કન્યાકુમારી યા રસિયો વાલમ) નામના સ્થાનમાંથી મળેલાં પ્રાચીન શિલ્પો ૩૮૦મા અંકમાં આપણે જોયાં, ને એ માતૃકાઓની પૂજા આખા પશ્ચિમ ભારતમાં ખૂબ પ્રચલિત હતી તે પણ જોયું. આબુ પાસે આવેલું અંબાજીનું સ્થાન ઘણું પ્રાચીન અને મોટું શક્તિપીઠ ગણાય છે. આ અંબાજીથી થોડે દૂર કુંભારિયાજીનાં પ્રસિદ્ધ જૈન મંદિરો છે. ત્યાંથી આગળ જતાં મોટર કોટેશ્વર અથવા કોટીશ્વર તીર્થે સુધી લઇ જાય છે. પુરાણોમાં અર્બુદ પ્રદેશમાં આવેલા કોટીશ્વર તીર્થનો ઉલ્લેખ છે. વળી કોટેશ્વર નામનું એક સ્થાન આબુ પર્વત ઉપર પણ છે, જે મુનિશ્રી જયંતવિજયજીએ એમના 'તીર્થરાજ આબુ' નામે ગ્રંથમાં નોંધ્યું છે.

અંબાજી પાસેના કોટેશ્વર તીર્થમાં, શિવના મંદિર પાસે એક ઝરણું અને કુંડ છે, જેમાં ભાવિકો સ્નાન કરે છે. એ મંદિરની બાજુમાં જે નાની માતૃકાઓની પ્રતિમાઓ છે તેની સાથે ગણપતિની પણ એક પ્રતિમા છે. માતૃકાઓની સાથે ઘણુંખરું એક આકૃતિ ગણપતિની પણ મળે જ છે. આ સાથે ચિત્ર નં. ૬૬ થી ૭૦ તરીકે એ પૈકીની પાંચ માતૃમૂર્તિઓ રજૂ કરી છે. ચિત્ર ૬૬માં રજૂ કરેલી પ્રતિમા ઐન્દ્રીની છે, જેના ઉપલા હાથોમાં વજ્ર અને ગદા તથા નીચેના ડાબા હાથમાં બાળક છે. ડાબા પગની બાજુમાં હાથીનું વાહન છે, દેવી ઉભડક બેઠેલાં છે જેને 'ઉત્કુડિયાસન' અથવા 'ઉત્કટિકાસન' કહી શકાય. ચિત્ર ૬૭માંની ચામુંડા કંકાલ રૂપે મુંડમાળા ધારણ કરી બેઠી છે. તેના ઉપલા જમણા હાથમાં વજ્ર અને નીચેના જમણા હાથમાં મદિરા-પાત્ર છે. ચિત્ર નં. ૬૮માંની પ્રતિમા વૈષ્ણવીની છે, જેના બંને ઉપલા હાથમાં ગદા અને ચક્ર છે. પ્રત્યેક માતૃકાના હાથમાં બાળક હોય છે તેમ આમાં પણ છે. દેવીનો મુકુટ ઈરાની ટોપી જેવો ને બેઉ બાજુ પાડેલા પાસા ઉપર અગ્નિ-જ્વાલા કોતરેલો, વિષ્ણુની પ્રતિમાઓને મળતા મુકુટો જેવો છે. ચિત્ર ૬૯માં ત્રણ મુખવાળી દેવી છે જેનું વાહન હંસનું છે. એના હાથમાં ધારણ કરેલાં આયુધો સ્પષ્ટ સમજાતાં નથી. સંભવ છે કે એ બ્રહ્માણીની પ્રતિમા હોય. એક તો એ દ્વિભુજ છે, બીજું એના હાથમાં બાળક નથી, અને ત્રીજું એના હાથમાં બ્રહ્માનાં આયુધો નથી, તેથી એ ચોક્કસ બ્રહ્માણી માતૃકા છે કે બીજી કોઈ દેવી છે તે સમજાતું નથી. પણ આ બધી માતૃકાઓ એકીસાથે મળેલી હોઈ એને પણ માતૃકા ગણી લઇએ તો એ બ્રહ્માણી ગણાય. શું એ સાવિત્રીની પ્રતિમા છે?


આવી જ, પણ આથી સુંદર ઘાટની બીજી એક પ્રતિમા વસિષ્ઠાશ્રમમાં પણ છે, જે ચિત્ર નં. ૭૧ તરીકે રજૂ કરી છે. આશરે સાતમા સૈકાની લાગતી એ પ્રતિમા મનોહર છે અને પ્રાચીન પશ્ચિમ ભારતીય





જમણી બાજુ: આબુ-અંબાજી પાસેના કોટેશ્વરતીર્થમાંની માતૃમૂર્તિઓ: અનુક્રમે (૧) ચિત્ર ૬૬-ઐન્દ્રી; (૨) ચિત્ર ૬૭-ચામુંડા; (૩) ચિત્ર ૭૦-વારાહી કે વૈષ્ણવી? મથાળે: ડાબી બાજુથી (૧) વૈષ્ણવી; (૨) બ્રહ્માણી કે સાવિત્રી?
ફોટો: ઉમાકાન્ત શાહ





મથાળે : ચિત્ર ૭૧—આબુ વસિષ્ઠાશ્રમમાં બ્રહ્માણી(?)ની મૂર્તિ; જમણી બાજુ : ચિત્ર ૭૨—કોટેશ્વરમાંની મનોહર ગણેશમૂર્તિ (ફોટો : લેખક)

શૈલીની છે. શિલ્પમાં એ બંનેમાં ત્રણ મુખ દેખાય છે. ચોથું મુખ પાછળ સમજી લેવાનું છે. ચિત્ર નં. ૭૦માંની માતૃકાના ઉપલા બંને હાથમાં ગદા અને ચક્ર છે પણ વાહન સ્પષ્ટ નથી. સંભવ છે કે એ વારાહી હોય, કેમકે વારાહીના હાથમાં પણ વિષ્ણુનાં આયુધો—ગદા અને ચક્ર હોય છે. પરંતુ વારાહીનું મુખ વરાહ રૂપ જોઇએ તે આમાં નથી, એટલે કદાચ તે વૈષ્ણવીની બીજી પ્રતિમા હોઈ શકે. ચિત્ર ૭૨નું શિલ્પ આ માતૃકાઓ સાથે પૂજાતું ગણેશનું ચતુર્ભુજ સ્વરૂપ છે. એના બાજુબંધ ઈડર-શામળાજીનાં શિલ્પોમાં નજરે પડતા કેયૂર જેવા જ છે.

સ્થૂળ શરીરવાળી બેઠી દડીની માતૃકાની આકૃતિઓ, એ આખાયે પશ્ચિમ ભારતની સાતમા-આઠમા સૈકાની આવી શિલ્પકૃતિઓની વિશેષતા હતી. ગળાની હાંસડીઓ, વૈષ્ણવી તથા ઐન્દ્રીના મુકુટો, કેયૂરો વગેરે આ શિલ્પોને સાતમા સૈકામાં મૂકી આપે એવાં છે. જોકે ૩૮૦મા અંકમાં છાપેલી જગન્નાથજીના મંદિરમાંની આબુ પહાડ ઉપરની માતૃકાઓ આ શિલ્પો કરતાં જરૂર વધુ સુંદર લાગે છે, પણ શૈલી તો બંનેની એક જ છે. ચિત્ર ૬૬-૬૭ અને ૭૦ની આકૃતિઓ ચિત્ર ૬૮ અને ૬૯થી કંઈક જુદી પડે છે. સંભવ છે કે એ બે શિલ્પો જુદા હાથનાં અથવા કંઈક પાછળથી બનેલાં હોય.

આ માતૃકાઓ સાથે સરખાવવા પ્રાચીન પશ્ચિમ ભારતીય શૈલીનું—પ્રાચીન ગુર્જર-પ્રતિહાર સંસ્કૃતિનું એક બીજું શિલ્પ આકૃતિ ૭૨ તરીકે આ સાથે રજૂ કર્યું છે. આ પ્રતિમા ઐન્દ્રીની છે અને તે ભિલ્લમાલથી મળેલી હાલ મુંબાઈના પ્રિન્સ ઑવ વેલ્સ મ્યૂઝિયમને આ લેખકે આપેલી છે. બહુ જ સુંદર અંગરચનાવાળી આ પ્રતિમાનો મુકુટ એ આબુના જગન્નાથજીના મંદિરમાંથી મળેલી શેષશાયી વિષ્ણુની પ્રતિમામાંના વિષ્ણુના મુકુટ સાથે સરખાવવા જેવો છે (જુઓ 'કુમાર' ઑગસ્ટ ૧૯૫૫માં આ લેખમાળાની આકૃતિ નં. ૬૦). દેવીના ગળાની એકાવલિ, કેયૂર, મુકુટ, કેશરચના બધું ય, તેમજ બારીક વસ્ત્ર, સુંદર અંગવિન્યાસ વગેરે એને ગુપ્ત કલાની ખૂબ નજીક લઇ જનારાં છે અને ફક્ત હાથીની બેડોળ લાગતી આકૃતિ બાદ કરીએ તો ગુપ્ત યુગમાં મૂકવા પ્રેરાઇએ એવી સુંદર આ પ્રતિમા છે. મારા ધારવા પ્રમાણે આ શિલ્પને ઈ. સ. ૯૦૦ આસપાસનું ગણી શકાય. ચિત્ર નં. ૭૦માં રજૂ કરેલું વસિષ્ઠાશ્રમનું શિલ્પ પણ ઈ.સ.ના સાતમા સૈકાથી અર્વાચીન તો નથી. શાર્ઙ્ગધરની શૈલીના આ બંને સુંદર નમૂનાઓ છે.

ચિત્ર ૭૩માં રજૂ કરેલી ઐન્દ્રી માતૃકાની પ્રતિમા રાજકોટના મ્યૂઝિયમમાં છે. દેવીના જમણા હાથમાં વજ્ર અને ડાબા હાથમાં બાળક છે; વાહન હાથીનું છે. આઠમા-નવમા સૈકા આસપાસનો તેનો સમય ગણાય. આ પ્રતિમા સૌરાષ્ટ્રનું એક સુંદર શિલ્પ છે અને સૌરાષ્ટ્રમાં પણ માતૃકાઓની પૂજા પ્રચલિત હતી તેનો પુરાવો છે.

આબુ ઉપરનું અચલેશ્વરનું સ્થાન પણ ઠીકઠીક પ્રાચીન છે. પુરાણોમાં અચલેશ્વરનો ઉલ્લેખ છે જ. ઓરિયાથી પગરસ્તે અચલેશ્વર જતાં અચલેશ્વર નજીકનાં ખેતરોમાં જૂની વસતિની નિશાનીરૂપે માટીકામના ટુકડા વગેરે મારા જોવામાં આવેલાં ને અચલેશ્વર મહાદેવના મંદિરના સભામંડપમાં જતાં ત્યાં નાનીમોટી અનેક મૂર્તિઓ જોવામાં આવી. એમાંની કેટલીક તો એટલી નાની પાષાણ-પ્રતિમાઓ હતી કે જે પોતાની સાથે લઇને યાત્રી ફરી શકે. તપાસ કરતાં માલૂમ પડ્યું કે અચલેશ્વરની આજુબાજુથી આવા પ્રાચીન અવશેષો મળી આવે છે, જે મંદિરમાં અવારનવાર પૂજામાં મૂકવામાં આવે છે. એવી એક નાની મહિષાસુરમર્દિનીની કાળા પાષાણની પ્રતિમા ઠીકઠીક જૂની લાગવાથી મેં તેનો ફોટો પાડ્યો હતો તે આ સાથે ચિત્ર ૭૪ તરીકે રજૂ કર્યો છે. આશરે પાંચેક ઇંચ ઊંચી, પાષાણફલક ઉપર કોતરેલી આ પ્રતિમામાં દેવીની આકૃતિ શૌર્યયુક્ત ને સુંદર છે. મહિષ પણ ઠીકઠીક



ચિત્ર ૭૩ : સૌરાષ્ટ્રનું એક સુંદર શિલ્પ : રાજકોટ મ્યૂઝિયમમાં માતૃકા ઐન્દ્રીની મૂર્તિ

બલવાન બતાવ્યો છે. તેના મસ્તકને દેવીએ પોતાના ચરણ નીચે ચાંપેલું છે. એલિફન્ટાની મહિષાસુરમર્દિની કે વલભીની એવી જ આકૃતિ (જે 'કુમાર'માં આ લેખમાળામાં અગાઉ આપી છે) સાથે સરખાવવાથી સમજાશે કે મહિષ અને તેના ઉપર પગ ચાંપતી દેવીની પ્રતિમા આ ઢબથી કોતરવાનો રિવાજ તે સમયમાં પ્રચલિત હતો. દેવીનો મુકુટ, અલંકાર વગેરે જોતાં અચલેશ્વર પાસેથી મળેલું (હાલ અચલેશ્વરના સભામંડપમાં પૂજાતું) આ શિલ્પ સાતમા-આઠમા સૈકા જેટલું જૂનું છે.



ચિત્ર ૪૯ : અચલેશ્વરની મહિષાસુરમર્દિની પ્રતિમા

દુર્ગાનાં બે સ્વરૂપ: એક શાંત અને બીજું રૌદ્ર. શાંત સ્વરૂપ તે આર્યા અથવા દુર્ગા કહેવાતું, રૌદ્ર રૂપ તે મહિષાસુરમર્દિની, જેનું બીજું પ્રાચીન નામ હતું 'કોટ્ટવઇ' અથવા 'કોટ્ટકિરિયા'. જૈન ધર્મની 'અનુયોગદ્વાર સૂત્ર'ની ચૂર્ણિ અને હારિભદ્રીય ટીકામાં આ નામનો ઉલ્લેખ આવે છે. આમ, મહિષનું 'કુટ્ટન કરતું-કૂટી નાખતું આ કોટ્ટવઇ દેવીનું સ્વરૂપ દ્રવિડ સંસ્કૃતિમાં પણ ખૂબ પ્રાચીન હશે. આ રીતે, આ દેવીની પૂજા હિંદભરમાં ખૂબ પ્રચલિત હતી. જૈન સમજૂતી મુજબના એ કોટ્ટવઇ શબ્દ ઉપરથી રાજપૂતાનામાં કોટા, કોટિવર્ષ, કચ્છમાં કોટાય અથવા કોટઈ, કાઠિયાવાડમાં કોડીનાર (કોટિનગર), વગેરે નગરોનાં પણ નામો પડયાં છે એમ માનવાને કારણો છે.

એ દુર્ગાનું જ સ્વરૂપ હોવાથી એને માતા અંબિકાનું સ્વરૂપ પણ કહી શકાય. શ્વેતામ્બર જૈન માન્યતા મુજબ જૈન દેવી અંબિકાનું મૂળ રહેઠાણ—મનુષ્ય જન્મે—સૌરાષ્ટ્રમાં કોડીનારમાં હતું. એટલે કોડીનાર પણ પ્રાચીન તીર્થ હશે એમ માનવાને કારણ છે અને તેની પણ પુરાતત્ત્વ દૃષ્ટિએ તપાસ થવી જરૂરી છે.

ગુજરાતમાં મહિષાસુરમર્દિનીની પ્રાચીન પ્રતિમાઓ મળે છે. કારવણની એક ગુપ્તકાલીન, ખૂબ સુંદર અને પ્રાચીન, તથા સોનેરી પાષાણફલક ઉપર આછી કોતરેલી ખંડિત પ્રતિમા વડોદરા યુનિવર્સિટીના શ્રી રમણલાલ મહેતાને મળી છે તેની નોંધ હું અગાઉ કરી ચૂકયો છું. એ ઉપરાંત એમને સાતમા-આઠમા સૈકાનું એક સુંદર મોટું શિલ્પ પણ મધ્ય ગુજરાતમાંથી કરજણ તાલુકામાંથી મળ્યું છે જે તેઓ ભવિષ્યમાં છાપનાર છે. કાવી પાસેથી મળેલી આશરે દસમા-અગિયારમા સૈકાની મહિષાસુરમર્દિનીની એક પ્રતિમાનો ફોટો ડૉ. મંજુલાલ મજમુદારે પાડયો છે તે પ્રતિમા પણ સુંદર છે. (ચાલુ)

## ભારતનાં યુવકગૃહો.... અનુસંધાન પાછળના પૃષ્ઠથી

વિકાસ થતો રહ્યો છે. વળી આજે પાસપોર્ટ ને વીસાના અંતરાયો દેશદેશને દૂર રાખી રહ્યા છે, ને દુનિયામાં ફરીને જ્ઞાન તથા રંજનનો સંચય કરવા માગતા યુવાનો માટે પ્રવાસ અતિ મોંઘો બન્યો છે ત્યારે યુવકગૃહોનું સભ્યપદ આખી દુનિયામાં કાયદેસરના પરવાના તરીકે સ્વીકારાય એવી આકાંક્ષા પણ યુવકગૃહોના સંચાલકો સેવી રહ્યા છે અને દુનિયાના કોઈ પણ દેશનો પ્રવાસ આર્થિક દૃષ્ટિએ મુશ્કેલ ન રહેવો જોઇએ એવો એમનો આગ્રહ છે. ઉપરાંત વિશ્વને ખૂણેખૂણેથી યુવકગૃહોને જો પૂરતા પ્રમાણમાં સહકાર મળે તો સાગરપારનો પ્રવાસ ખેડવા માગતા યુવાનો માટે યુવકગૃહોનાં પોતાનાં માઈલના એક આનાનું જ માત્ર ભાડું લેતાં જહાજો તૈયાર કરવાનું તેમનું સ્વપ્નું છે.

યુરોપ-અમેરિકાનાં યુવકગૃહો તો પહાડો પરની નાનીનાની ઝૂંપડીઓથી માંડીને ભવ્ય ઐતિહાસિક ઇમારતો સુધીનાં વિવિધ સ્થાનોમાં રચાયાં છે. હાઈન નદી અને વેલ્સની સરહદ પરના પુરાણા દુર્ગ-મહાલો તેમજ ડેન્માર્ક અને સ્વીડનના પ્રાચીન કિલ્લાઓને સમરાવીને યુવાનોની સેવામાં મૂકવામાં આવ્યા છે.

આપણો દેશ તો આ દૃષ્ટિએ ઘણો જ નસીબદાર છે. અહીં અનેક પુરાણા મહેલો અને શિકાર-મથકો પડયાં છે, ડાક બંગલાઓ, ધર્મશાળાઓ, સરાઇઓ તેમજ ગામડાંની શાળાઓનાં મકાનો સુદ્ધાંનો આ યુવકગૃહો માટે ઉપયોગ થઈ શકે. આ બધાં સ્થાનોને એક સૂત્રે બાંધીને યુવકગૃહોની એક દેશવ્યાપી રચના કરી શકાય.

સામાન્યરીતે યુવકગૃહની રચના આ જાતની હોય છે: એક નાનકડા મકાનમાં પ્રવાસી યુવકો ને યુવતીઓ માટે સૂવાની ને નાહવાની અલગઅલગ વ્યવસ્થા, અને બધાંને જમવાની વાંચવાની ને રમતગમતની સમાન વ્યવસ્થા. ગૃહસંચાલન સામાન્ય રીતે એક પ્રેમાળ દંપતીના હાથમાં હોય, જે યુવાન સ્ત્રી-પુરુષોની જરૂરિયાતોને સમજે ને પ્રેમપૂર્વક એમની સંભાળ લે. યુવકગૃહની નજીકમાં એક સાદું રસોડું હોય, જ્યાં યુવાન પ્રવાસીઓ પોતપોતાની જરૂરી રસોઈ બનાવી શકે, અથવા તો જ્યાંથી તદ્દન ઓછે ખર્ચે તૈયાર રસોઇ મેળવી શકે.

આ યુવકગૃહોની વ્યવહારુતા અને વિશિષ્ટતા તો એ છે કે માત્ર એક દિવસ-રાત રહેવાનું આઠ આનાનું મામૂલી ભાડું જ દરેક પ્રવાસીએ આપવાનું હોય છે, અને આ ગૃહનો ઉપયોગ કરનાર દરેકે ગૃહપતિની સૂચના મુજબ રોજ અરધા કલાકની સેવા આપવાની હોય છે. આથી ગૃહ ચલાવવાનું ખર્ચ ઘટી જાય છે, ને યુવક-યુવતીઓને ઘરકામનું શિક્ષણ પણ મળે છે.

તાજેતરમાં જ દિલ્હી પાસેના એક ગામ મેહરૌલી ખાતે 'સેન્ટ સ્ટીફન્સ કૉલેજ' અને 'પોલીટેકનીક સ્કૂલ ઑવ આર્કિટેક્ચર'ના વિદ્યાર્થીઓએ એક યુવકગૃહ ઊભું કર્યું છે. ભારતની સરહદની પેલે પાર લાહોરથી પણ 'ફ્રીમાન ક્રિશ્ચિયન કૉલેજ'ના વિદ્યાર્થીઓએ આ કાર્યમાં સાથ આપીને બિરાદરીનો ઉમદા અનુભવ કરાવ્યો હતો.

આ રીતે દેશના વિવિધ ભાગોમાં આવાં યુવકગૃહો ઊભાં થાય તો દેશનાં યુવક-યુવતીઓ માટે દેશનું પરિભ્રમણ કરવાની ઘણી સગવડ મળી રહે. વળી આપણા દેશમાંની આ પ્રવૃત્તિને આંતરરાષ્ટ્રીય યુવકગૃહ પ્રવૃત્તિ સાથે સાંકળવા માટે વર્ષોથી શ્રી ઈ. સેન્ટ જૉન કૅચપુલની બાહોશ દોરવણી પણ મળી રહી છે. આ પ્રવૃત્તિ વધુ ને વધુ વિકસે એવી આશા રાખીએ. ભારતનાં યુવકગૃહોના સભ્ય બનવાની વાર્ષિક ફી રૂા. ૩ છે. આને લગતી તમામ માહિતી શ્રી આર. જી. પડકી, માનદ મંત્રી, યૂથ હૉસ્ટેલ એસોસીએશન ઑવ ઈંડિયા, ૨૭૯૬, ચામુંડીપુરમ, મ્હૈસૂર એ સ્થળેથી મળી શકશે.

# ભારતનાં યુવકગૃહો

લેખક
રતિલાલ મહેતા



આ અંકના પૂઠા ઉપર જેની કૃતિ આપી છે તે જ જર્મન કુમાર પોટ્રુઝેકની કાતરકામ-કલાની એક બીજી કૃતિ

થોડાંક વર્ષો પર કાશ્મીરનો પ્રવાસ ખેડતાં ખેડતાં અમારી મિત્રમંડળી વચ્ચે એક સવાલ વારંવાર ચર્ચાતો હતો: દેશનાં આવાં સુંદર સ્થળોએ હરવાફરવાની સગવડો આપણા સામાન્ય વિદ્યાર્થીસમુદાયને ક્યારે મળે? કઈ રીતે મળી શકે?

આપણા આ વિશાળ દેશમાં પ્રાચીન ઐતિહાસિક ધામો, પ્રાકૃતિક સૌંદર્યનાં સ્થળો, ગિરિધામો, નદીકિનારાઓ ને સમુદ્રતટો, તથા આધુનિક ઔદ્યોગિક વિકાસનાં મથકોની એવી વિપુલ અને વિવિધ સામગ્રી પડી છે કે જેનો પરિચય આમ જનસમાજને માટે તેમજ ખાસ કરીને જેમને પરિભ્રમણનો અવકાશ છે એવા વિદ્યાર્થીઓ ને યુવકોને માટે સુલભ બનવો જોઇએ છે.

યુરોપ-અમેરિકામાં આ માટે 'યૂથ હૉસ્ટેલ'(યુવકગૃહ)ની સંસ્થા વર્ષોથી ચાલે છે, અને એ સંસ્થા દ્વારા ત્યાંનાં યુવક-યુવતીઓ પ્રવાસ અને પર્યટનનો કીમતી લાભ નજીવા ખર્ચે મેળવી શકે છે. એને વિષેનો એક સચિત્ર લેખ પણ અગાઉ 'કુમાર'ના ૩૨૭મા અંકમાં આવી ગયો છે.

આવાં યુવક-ગૃહોની પ્રવૃત્તિનાં મંડાણ હવે આપણા દેશમાં પણ થઈ ચૂક્યાં છે એ ખરેખર ખુશનસીબીની વાત છે. ઈ. ૧૯૪૯માં મ્હૈસૂર ખાતે ભારતમાં યુવક ગૃહો શરૂ કરવા માટેની એક પ્રાથમિક સમિતિ રચાઈ હતી, અને પછીથી ધીમેધીમે એ પ્રવૃત્તિનો વિસ્તાર થતો રહ્યો છે. મ્હૈસૂરમાં યુવકગૃહોનું એક મંડળ 'યૂથ હૉસ્ટેલ્સ એસોસીએશન' સ્થપાયું છે, અને દેશના જુદાજુદા ભાગોમાં એની શાખાઓ સ્થપાઈ રહી છે. દરેક રાજ્યમાં પૂરતી સંખ્યામાં સભ્યો નોંધાઈ રહેતાં પ્રાદેશિક સમિતિઓની રીતસરની રચના થઇ જશે, અને એમાંથી સમગ્ર દેશનાં યુવકગૃહ-મંડળોનું એક મહામંડળ રચાશે.

અત્યારના મધ્યસ્થ મંડળ તરફથી થોડા વખત પર એક પુસ્તિકા બહાર પાડવામાં આવી છે 'હૅન્ડબુક ઑવ યૂથ હૉસ્ટેલ્સ ઇન ઇન્ડિયા'. આ પુસ્તિકામાં ભારતનાં યુવકગૃહો પાછળનો હેતુ, ત્યાં અપાતી સગવડો વગેરેનું નિરૂપણ કરવામાં આવ્યું છે. એમાં જણાવ્યા પ્રમાણે ભારતમાં ૪૭ જેટલાં યુવકગૃહો શરૂ પણ થઇ ગયાં છે. આખી દુનિયાનાં યુવકગૃહોની આ સાથે કુલ સંખ્યા ૩,૦૦૦ જેટલી થાય છે.

ઇંગ્લંડમાં ઈ. ૧૯૩૦માં યુવકગૃહોની પહેલી સંસ્થા સ્થપાઈ હતી. આજે તો તેની પાસે સંખ્યાબંધ ગૃહો છે, ને લાખો માણસો એમનો લાભ ઉઠાવે છે. ત્યાં મોટા ભાગનાં સભ્યો તો સાઇકલો પર જ પોતાનો સામાન લઇને ફરતા હોય છે. ઘણાં પગપાળો પ્રવાસ પણ કરે છે. ઘણીવાર મોટા શહેરનો કોઈ પરિભ્રમણ-શોખીન શિક્ષક એનાં વિદ્યાર્થીઓને આવા ગૃહમાં લઈ આવે છે, અને ત્યાં એમને ગૃહકાર્યમાં મદદ કરવાની સાથોસાથ નિયમસરનું શિક્ષણકામ પણ ચાલુ રાખે છે.

યુરોપમાં તો યુવકો ત્યાંના વિવિધ દેશોમાં પરસ્પર ઘૂમીને એકબીજાના જે ગાઢ સંપર્કમાં આવે છે તેની દૂરગામી અસર થાય છે. જાણીતા ઇતિહાસજ્ઞ પ્રો. જી. એમ. ટ્રૅવેલિયને તે વિષે કહ્યું છે 'આ ગૃહોનો મુખ્ય લાભ એ જણાયો છે કે એ દ્વારા અનેક યુવાન સ્ત્રી-પુરુષોને ગ્રામપ્રદેશ ને પહાડોમાં ભટકવાનું મળ્યું છે, તાપ અને વરસાદમાં શરીરને કસવાનું મળ્યું છે, વિવિધ દેશોનું જીવન જોવા મળ્યું છે. પરિણામે દેશદેશ વચ્ચેનો મૈત્રીભાવ ઉમળકાભેર વધી રહ્યો છે.'

અને આ અતિશયોક્તિ નથી. દેશદેશ વચ્ચેનાં વધતાં સંઘર્ષણોવાળી આજની દુનિયામાં યુવાનો પર મોટી આશા મંડાએલી છે, અને એક દેશના યુવાનો બીજા દેશના યુવાનો સાથે આ રીતે છૂટથી હળતા-મળતા થઈ શકે તો એમાંથી મિત્રાચારીનો અને અરસપરસની સમજદારીનો મહામૂલો ભંડાર ઊભો કરી શકાય છે.


વળી ૧૯૩૨માં પહેલવહેલી બેઠક હૉલેન્ડમાં મળી ત્યારે એવો નિર્ણય થયો હતો કે મહામંડળ સાથે જોડાએલાં તમામ યુવકગૃહો એકબીજા દેશનાં સભ્યો માટે ખુલ્લાં રહેશે, ત્યાં નાત-જાત, ધર્મ કે રંગનો કોઈ ભેદ રહેશે નહિ, અને તેનો ઉપયોગ મુખ્યપણે યુવાનો માટે હોવા છતાં મોટેરાંઓ પણ તેનો લાભ મેળવી શકશે. આ પછીથી વારંવાર આ ગૃહોની આંતરરાષ્ટ્રીય પરિષદો મળતી રહી છે, અને તેમાં સ્વચ્છતા અને વ્યવહારનાં કેટલાંક સામાન્ય ધોરણો ઘડાવા સાથે આ ગૃહો દ્વારા સધાતી આંતરરાષ્ટ્રીય યુવક-બિરાદરીનો

(જુઓ અનુસંધાન પાછળના પાના નીચે)

# માથાનો દુખાવો અને શરદી

## ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

લિખિત 'માંદગીનાં મૂળ' લેખમાળા
દસમો હપતો



**આધાશીશીમાં**

માથાનો દુખાવો લોહીની નળીઓના સોજાને લીધે કઇ રીતે થાય છે તે દર્શાવતી આકૃતિઓ. શરૂઆતમાં પહેલી આકૃતિની નીચે ઘાટા કૂંડાળાથી દર્શાવ્યા મુજબ લોહીની નળીઓ સંકોચાઇ જાય છે. ત્યાર બાદ થોડી વાર પછી બીજી આકૃતિની નીચે દર્શાવ્યા પ્રમાણે લોહીની નળીઓ એકદમ પહોળી થઇ જાય છે અને માથાનો દુખાવો શરૂ થાય છે; અને પછી ત્રીજી આકૃતિની નીચે દર્શાવ્યા પ્રમાણે એ નળીઓમાં સોજો આવતાં માથું ફાડી નાખે એવા સણકા લમણાં સુધી વ્યાપી જાય છે.

**માથાનો દુખાવો કેટલાંવિધ કારણોથી થાય છે તે જાણો છો?**

| | |
|---|---|
| **નાક દાંત અને કાનના સોજાથી** | **કબજિયાતથી** |
| **લોહીના ઊંચા દબાણથી** | **દૃષ્ટિશક્તિની ખામીથી** |
| **સાયનસના સોજાથી** | **નીચું ઘાલીને સતત કામ કર્યાથી** |
| **ચિંતા, ફિકર ને ઉજાગરાથી** | **વ્યસનોની માદકતાથી** |
| **અમુક ખોરાકની 'એલર્જી'થી** | **આધાશીશીથી** |
| **મેલેરિયા, ઇન્ફ્લ્યુએન્ઝા વગેરે સખત તાવવાળા રોગોમાં** | |

**શરીરને** પીડતી બે વેદનાઓ એવી તો સામાન્ય છે કે એનો અનુભવ કોઈને ન થયો હોય એવું જવલ્લે બને. એ છે ચૂંક અને માથાનો દુખાવો. માથું દુખવાનાં કારણો તો અનેક છે ને લોકો આપમેળે વાપરે એવી એની દવાઓ પણ ઘણી છે. ક્વચિત થઇ આવી મટી જતો માથાનો દુખાવો ખાસ બીવા જેવો યે નથી; પણ મોટી કે નાની માંદગીની સૂચના રૂપ શિરોવેદના અવગણવા જેવી નથી.

શિરોવેદના એ જાતે 'વ્યાધિ' નથી, પણ 'વ્યાધિનું ચિહ્ન' છે. એમાં વેદના કરતાં યે બેચેનીની લાગણી ઘણી હોય છે. માથું દુખવાનું મૂળ કારણ જાણવા દાક્તર આપણને ઘણા ઘણા પ્રશ્નો પૂછે છે. જેવા કે, માથાના કયા ભાગમાં દુખાવો થાય છે? વેદના મંદ છે કે તીવ્ર? વેદના શરૂ થવાનો અને મટી જવાનો સમય કયો છે? કુટુંબમાં કોઇને આધાશીશી કે લોહીનું ઊંચું દબાણ છે કે કેમ? વગેરે. આ પ્રશ્નો દ્વારા દુખાવાના કારણરૂપ રોગની માહિતી મેળવાય છે. વધારામાં લોહીનું દબાણ, લોહી, પેશાબ વગેરેની વૈદકીય તપાસ પણ કરવામાં આવે છે.

માથું દુખતી વખતે બેચેની જણાય છે. લમણા કે કપાળમાં (કોઈ વાર તાળવામાં) દુખાવો થાય છે અને માથું ભારે થઇ આવે છે. પ્રકાશ અને અવાજ ગમતા નથી. એકાગ્ર થવાની અશક્તિને લીધે કામ કરવાનું ગમતું નથી. પીડાને લીધે ચીડિયો સ્વભાવ અને ચિંતા આવી પડે છે. સુસ્તી, ઉદાસીનતા અને અનિદ્રા પણ હોય છે.

માથું દુખવાનાં ઘણાં કારણો તો સાધારણ હોય છે. નાક દાંત કે કાનના રોગોને લીધે પણ માથું દુખી આવે છે. એકધારા વાચનથી, સીવણ તથા ભરતકામ કર્યા પછી, કે સિનેમા યા ચિત્રાલયોમાં વધુ વખત જોતા રહેવાથી, દૃષ્ટિશક્તિની ખામીને લીધે આંખને તાણ પડવાથી દુખી આવતું માથું યોગ્ય ચશ્માં પહેરવાથી મટી જાય છે. આ વખતે વધારામાં આંખમાં લાલાશ, બળતરા અને ચૂંટ થઇ આવે છે. લાંબા વખત સુધી માથું નીચું ઘાલી કામ કરનારાઓ (જેવા કે દરજી, ટાઇપિસ્ટ, પ્રૂફરીડર) પણ માથાના દુખાવાનો ભોગ બને છે. આ માટે ઉપાયમાં ગરદન પર તેલની માલિશ તેમજ ગરમ પાણીનો શેક તથા હાથમાં હડપચી રાખી મોઢું ઊંચું રાખી બેસવાથી આરામ થાય છે.

નાક અને સાયનસોના સોજાને લીધે 'સાયનસ શિરોવેદના' થઇ આવે છે. શરદીને કારણે તીવ્ર સાયનસાઇટિસ થઈ આવે છે ત્યારે ગાલ અને લમણામાં વેદના સાથે દુખતું માથું નીચું જોવાથી, નાક નસીકવાથી કે માથું એકદમ ફેરવવાથી વધારે દુખી આવે છે. જીર્ણ સાયનસાઇટિસમાં માથાની વેદના ઓછી હોય છે. નાકમાં દવાનાં ટીપાં મૂકવાથી કે ટિંકચર બેન્ઝૉઈનનો ગરમ વરાળમાં નાસ લેવાથી રાહત મળે છે. ઍસ્પિરીન કે એવી દવા લેવાથી માથાનો દુખાવો મટે છે.

ન્યૂમોનિયા, ઈન્ફ્લુએન્ઝા ને ઓરી બળિયા જેવા વધારે તાવથી શરૂ થતા રોગોમાં માથાનો દુખાવો હોય છે ખરો, પણ મેનિનજાઇટિસ, પોલીઓ પાયેલાઇટિસ ને ટાઇફૉઇડમાં તાવ સાથે તે સખત દુખે છે. ગુરદાના રોગમાં માથું દુખવાની વિશિષ્ટતા છે. તાવ વિના ભમ્મર આગળ દુખતું માથું મેલેરિયાની અસરનું સૂચક છે. તે ક્વિનાઈન ને કૅલ્સ્યમનાં પડીકાં લેવાથી આશ્ચર્યભરી રીતે મટી જાય છે. માથું દુખી આવવાનાં અન્ય કારણોમાં રક્તક્ષય, બંધકોષ અને મધુપ્રમેહ છે.

તંદુરસ્ત શરીરમાં લાગણીભરી ચિંતા ને ફિકર માથાનો દુખાવો આણનારાં છે. આળા દિલનો, અશાંત, અસ્વસ્થ માનવી કામનો બોજો ચિંતા અને અનિદ્રાને કારણે માથાની બેચેની કે ભાર ઊચક્યો હોય એવી માથાની પીડા ભોગવે છે. સતત માથું દુખવાનું કારણ ચિંતા પણ હોય છે અને ચિંતા દૂર થવા છતાં પણ માથાનો દુખાવો કાયમ રહે છે. આમાં તો જીવન જીવવાની કળા શીખવાની છે. ધર્મમાં શ્રદ્ધા, સારા પુરુષોનો સંગ અને સદ્‌વાચનને લીધે માનસિક બોજો અને તાણ દૂર થવાથી માથાની પીડા સતાવતી નથી.

સવારમાં શરૂ થઇ બપોરના મટી જતો માથાનો દુખાવો લોહીના ઊંચા દબાણને લીધે હોય છે. કેટલીક વાર તે દિવસો પર્યંત કાયમ રહે છે. ચિંતા, ઉશ્કેરાટ, ક્રોધ, ઉદ્વેગ ને મનની અશાંતિને લીધે લોહીનું દબાણ ઊંચું રહેતું હોવાથી યોગ્ય દવાઓ સાથે મનની સમાધાનવૃત્તિ કેળવવા જેવી છે. ખાનપાન અને જીવનના બધા વ્યવહારોમાં મિતાહાર અને સાચા અર્થમાં આરામ આવશ્યક છે.

અમુક ખોરાકને લીધે થઈ આવતા માથાના દુખાવાનું કારણ એલર્જી છે. આના કારણે જેમ છીંકો આવે છે તેમ માથું પણ ચડી આવે છે તે આધાશીશી જેટલું સખત પણ હોય છે. એને માટે 'અન્ટીસ્ટાઇન',

અને 'ઍન્ટીસ્થાન' જેવી ઍન્ટીહિસ્ટેમિનિક દવાઓની અસર થોડા કલાક સુધીની હોવા છતાં એથી ઘણી રાહત મળે છે.

દારૂના વ્યસનીને માદકતાના કારણે માથાનો દુખાવો થઇ આવે છે. ઍસ્પિરીન, માથા પર બરફ કે લમણા ઉપર ઠંડા પાણીનાં પોતાં અને શાંતિથી પડી રહેવાના ઉપાયો અજમાવવા જેવા છે. જો થાક લાગ્યો હોય તો ગરમ પાણીથી સ્નાન અને ઊંઘ લેવાની ભલામણ છે.

બાળકોને માથું દુખવાનાં કારણો મોટેરાં જેટલાં જ હોય છે; પણ ધ્યાનમાં રાખવા જેવું છે કે અણગમતું કામ ન કરવા માટે બાળક માબાપની આવી ફરિયાદની નકલ તો નથી કરતું ને? સવારમાં ઊઠતાં-વેંત જ માથું દુખવાની ફરિયાદ કરતા બાળકના શરીરમાં શર્કરાની ખેંચ પડેલી હોય છે. એને ગળ્યું ખાવાનું આપવાથી માથું ઊતરી જાય છે! આધાશીશીમાં ગરમાગરમ જલેબી આપવાનો પ્રચલિત રિવાજ આ હકીકતના આધારે તો નહિ હોય ને?

પણ અતિશય ત્રાસ અને પીડાવાળી માથાની વેદના ઉપજાવનાર તો આધાશીશી (Migraini; Sick Headache) છે. પુરુષો કરતાં ચાર ગણી વધારે સ્ત્રીઓને પીડતો આ વ્યાધિ યૌવનારંભે શરૂ થઇ પચ્ચીસ-ત્રીસની વય સુધીમાં વારંવાર પજવી ઓછો થતો જાય છે. આથી પીડાતી ઘણી સ્ત્રીઓ પુષ્કળ આવેગશીલ, તંગ, બુદ્ધિશાળી, ટીકા પ્રત્યે ખૂબ આળા દિલની, શાંતિપ્રિય અને જિંદગીને ગંભીરતાથી જોનાર લાક્ષણિક વ્યક્તિત્વવાળી હોય છે. અમેરિકાના મેયો ક્લિનિકના વૉલ્ટર સી અલ્વારેઝ કહે છે: 'આ સ્ત્રીઓ અસાધારણ બુદ્ધિચાતુર્યવાળી; વિલક્ષણ વ્યક્તિત્વવાળી અને જુદી તરી આવે એવા દેખાવવાળી હોય છે.' એમના એકધારા જીવનમાં કોઈ પણ ફેરફાર, મુસાફરીની તૈયારી, અણધાર્યો મહેમાન કે નજીવો બનાવ એવા તો પ્રત્યાઘાતો ઊભા કરે છે કે જે છેવટે માથું ફાટી પડે એવા દુખાવામાં પરિણમે છે.

આધાશીશી ચડતાં અગાઉ ચેતવણીનાં ચિહ્નો થઈ આવે છે. જેવાં કે આંખ આગળ ઊજળા પ્રકાશના ઝબકારા કે કાળા ડાઘા દેખાય છે અને આંખે ઝાંખ વળે છે. મગજની લોહીની નળી એકદમ સંકોચાવાથી (આમ થવાનું કારણ હજુ સમજાયું નથી), મગજમાં ઓછું લોહી જવાથી આમ થાય છે. થોડી વાર પછી લોહીની નળીઓ પહોળી થાય છે. હવે માથાનો દુખાવો શરૂ થાય છે. માથામાં ધબકારા ઘણા જોસથી થાય છે. માથું ફાડી નાખે એવા સણકા અને હથોડા વાગતા હોય એવા ધબકારાવાળું અરધું માથું દુખવું શરૂ થઇ લમણા સુધી ફરી વળે છે. આ દુઃખ ઓછું હોય તેમ વળી ઊબકા ને ઊલટી થઈ આવે છે. આ પછી લોહીની નળીઓમાં સોજો આવે છે. આ કારણે કલાકો કે દિવસો સુધી એકસરખો મંદ દુખાવો કાયમ રહે છે.

આધાશીશીની વિચિત્રતા તો એ છે કે એકને આરામ આપતો ઉપચાર બીજાને બિલકુલે મદદ કરતો નથી. કોઇને કૅલ્શિયમથી તો કોઇને ઘેનની દવાથી આરામ થાય છે. વિટામિન-બી ન્યૂશની ગોળીઓ લાંબો સમય લેવાથી આનો હુમલો નથી આવતો. પ્રસૂતાનું વહેતું લોહી અટકાવનાર દવા અર્ગટ આધાશીશી માટે સચોટ ઉપચાર છે. આનાથી પહોળી થએલી લોહીની નળીઓ સંકોચાય છે. દવાની ગોળીના રૂપમાં ગાયનેરજન અને કેફરગટ એમનાં નામ છે. આનું સેવન આધાશીશીનાં શરૂઆતનાં ચિહ્નો દેખા દે કે તરત, અગર આધાશીશી ચડે કે તરત કરવું જોઈએ ને એ દવાઓ દાક્તરની સૂચના નીચે લેવી જોઈએ, કારણ કે વગર વિચારે વાપરવાથી તથા લોહીનું ઊંચું દબાણ અને લોહીની નળીઓની કઠણાઈ વખતે લેવાથી જોખમ આવી પડે છે.

દવાથી આધાશીશીનો ફરી હુમલો ન થાય એવું નથી બનતું. આ માટે માનસિક બોજો અને તાણ ઓછાં થવાં જોઈએ. પ્રતિકૂળ સંજોગોને પહોંચી વળતાં કે ફગાવી દેતાં આવડવું જોઈએ, અગર તો એમાં ફેરફાર યોગ્ય સ્વીકારવાનું આત્મબળ કેળવવું જોઈએ. વૃત્તિ અને ટેવો બદલી નાખી, પરિસ્થિતિ સાથે વ્યક્તિત્વનો સુમેળ સાધી જીવન જિવાય તો આધાશીશીનો ત્રાસ કદી સતાવતો નથી.

## શરદી



છીંકનો ફોટોગ્રાફ: એક મિનિટે બે માઇલની ઝડપથી ખવાતી આપણી છીંકનો અલ્ટ્રાસ્પીડ કૅમેરા વડે લીધેલો આ ફોટોગ્રાફ સળેખમવાળા માણસની છીંકમાં રહેલાં જંતુઓથી ભરપૂર પાણીના સીકરો દર્શાવે છે, જે પરથી તેના ચેપની ભયંકરતાનો ખયાલ આવશે.

પ્લેગ, કૉલેરા, ટાઇફૉઈડ અને બળિયા જેવી ભયાનક આ વ્યાધિ તો નથી, પણ દરેક દેશના લોકોને લાગુ પડતી શરદી કામકાજના કલાકો બગાડી આર્થિક ફટકો આણનારી છે. એ માંદગી છે તો સાધારણ ચિહ્નોવાળી મામૂલી, ને બીજા રોગો કરતાં એનો ટકાવ પણ થોડા દિવસોનો છે.

શરદી : સળેખમ (Cold: Coryga) એ ઉપલા શ્વસનમાર્ગનો દાહ છે. એક મિલિમિટરના હજારમા ભાગ જેવડા કદના વાયરસ (રોગ જીવાણુઓથીયે નાના જીવાણુઓ)થી એ થઇ આવે છે. સ્ટ્રેપ્ટોકોકાઈ, સ્ટૅફિલોકોકાઇ, ન્યૂમોકોકાઈ અને ઈન્ફ્લુએન્ઝાના જીવાણુઓ પણ શરદી થઇ આવવામાં ભાગ ભજવે છે. અમુક ઋતુમાં શરદી થઈ આવવાનાં કારણો હજુ સમજાયાં નથી. ઠંડામાં રહેવાથી કે ભીનાં કપડાં પહેરવાથી શરદી લાગુ પડે છે એ સમજ ખોટી છે. હા, એમ બને છે ખરું કે એ દશામાં દરદીની પ્રતિકાર-શક્તિ ઘટવાથી ગળામાં વસતા રોગજીવાણુઓને લીધે શરદી થઈ આવે છે. શરીરની પ્રતિકાર-શક્તિ ઘટાડનારાં કારણો ઘણાં છે; જેવાં કે શરીરની ગરમીમાં એકદમ વધારો કે ઘટાડો, ખોરાક કે હવાના કારણે ગળા કે નાકમાં થઈ આવતો દાહ, પુષ્કળ થાક, માનસિક બોજો, નાકમાં મસા, ઍડિનોઇડ, ચોળિયા, સાયનસાઈટીસને લીધે શ્લેષ્મ-વહનમાં થતો અટકાવ કે એમાંથી લાગુ પડતો ચેપ, અપૂરતો સૂર્યપ્રકાશ અને વજનદાર પુષ્કળ કપડાં પહેરી ગરમ ઓરડામાં રહેઠાણ.

કેટલાકને શરદી જલદી થઈ આવે એવો શરીરનો નબળો બાંધો હોય છે, તો કેટલાકને ગળામાં શરદીના રોગજીવાણુઓ હોવા છતાં ય શરદી લાગુ પડતી નથી. આમને ઠંડી લાગતાં પ્રતિકારશક્તિ ઘટવાથી શરદી થઇ આવે છે. શરદી વખતે છીંકના ફુવારામાં હજારો રોગજીવાણુઓ બહાર પડે છે, જે બીજાઓને ચેપ લગાડે છે. આટલા માટે નાક આગળ હાથ કે રૂમાલ રાખી છીંકવું જોઈએ. હાથ કે રૂમાલમાં આવેલા રોગજીવાણુઓ સ્પર્શથી બીજામાં રોગસંચાર કરે છે, માટે એમની સાચવણી અને સાફસૂફી અત્યંત અગત્યનાં છે.

શરદીના વ્યાધિ વખતે વ્યાયામ અને આરામનું પ્રમાણ જાળવવું જોઇએ. થાકી જવાય એટલી હદે કામમાં મંડયા ન રહેવું. ખાધા પહેલાં હાથ ધોવા જોઇએ. ખોરાક કે મોઢા લગોલગ વાતો કરતા બીજાને રોકવા જોઇએ. વધારામાં નબળા બાંધાવાળાએ રેસ્ટોરાં ને મેદનીથી વેગળા રહી ખુલ્લામાં રહેવું જોઇએ. હવાદારીવાળું પણ પવનના ઝપાટા કે ગરમી વિનાનું રહેઠાણ હોવું જોઈએ. નબળા બાંધાવાળાએ વિટામિન-એ, વિટામિન-બી અને વિટામિન-સી ભરપટે મળી રહે (અનુ. પૃ. ૪૦૩મે)

મહારાષ્ટ્રના જાણીતા લેખક, નાટકકાર, દિગ્દર્શક, વિવેચક, કવિ ને શિક્ષણશાસ્ત્રી **આચાર્ય અત્રે** લિખિત

# હું હાસ્યરસિક લેખક કેમ થયો

પોતાના જીવનની વિવિધ પ્રવૃત્તિઓનાં સંસ્મરણો મહારાષ્ટ્રનાં જુદાંજુદાં સામયિકોમાં પ્રકટ થએલાં તેનો એક સંગ્રહ 'મી કસેં ઝાલોં' (હું કેમ થયો ?) એ નામથી પ્રકટ થયો છે, જેમાં તેમણે, પોતે કવિ, નાટકકાર, સાહિત્યકાર, દિગ્દર્શક, વિવેચક વગેરે કેવી રીતે થયા તેનું રસળતી શૈલીમાં વર્ણન કર્યું છે. એમાંનાં 'શિક્ષક જીવનનાં સંસ્મરણો' અંક ૩૭૭-૭૮માં આવી ગયાં.

**આપણા** સોગિયા ને રોતલ હિંદુ સમાજમાં જન્મેલા કોઈ પણ નાના છોકરાને વિનોદી માણસ થવાની નાનપણમાં ઇચ્છા થાય એવો સંભવ નથી. અને સભ્ય સમાજમાં વિનોદી માણસો બહુ જોવા યે મળતા નથી. અમારા ઘરનું વાતાવરણ હાસ્ય અથવા વિનોદ માટે બહુ અનુકૂળ ન હતું. મારા પિતાશ્રી સ્વભાવે ક્રોધી ને ગંભીર હતા. ગામનાં બધાં માણસો એમનાથી બીતાં, ત્યારે અમે ઘરનાં માણસો તો એમનાથી કેટલાં બીતાં હશું એની વાત જ શી ? છૂટથી કે મોટેથી હસતા મેં એમને કદી જોયા ન હતા. એ જ પ્રમાણે ઘરમાં કોઈ હસે કે નાચેકૂદે એ પણ એમને જરાયે ગમતું નહિ.

તેમના આવા કડક સ્વભાવને લઇને હું કદી એમની આડો યે ઊતરતો નહિ અને જે વાતાવરણ ઘરમાં એ જ બહાર શાળામાં પણ. અમારી પ્રત્યે સહાનુભૂતિ બતાવનારા, છૂટથી હસનારા કે અમને પેટભર હસવા દે એવા ગમ્મતી આનંદી ને મોજીલા શિક્ષક અમને કદી મળેલા નહિ. એક-બે અપવાદ બાદ કરતાં જે જે શિક્ષક આવતા તે અમારા પર ધૂરકયા કરતા ને આંખો કાઢતા.

મોટેરાંની દાદાગીરી તથા ધાકને લઇને નાનાં છોકરાંનાં કોમળ હૃદયમાંનો આનંદ ને ઉત્સાહ કેવા દબાઈ જાય છે તેની મોટાંને કલ્પના નથી હોતી; કારણ મોટા ભાગનાં મોટાં માણસો પોતાનું નાનપણ ભૂલી ગયાં હોય છે; અને જેમને યાદ હોય છે તેમની બુદ્ધિમાં એ સ્મૃતિમાંથી બોધ લેવાનું ઝાઝું ડહાપણ નથી હોતું. છતાં, વડીલવર્ગની દાદાગીરીને જરા યે ન ગણકારનારાં પણ કોઇ કોઈ રત્નો પ્રત્યેક યુગમાં ને શતકમાં નીકળી આવે છે. હું પણ એમાંનો જ એક હતો. જેને 'અલેલટપ્પુ' વિશેષણ આપી શકાય એવો તો હું ન હતો, પણ સાધારણ ચાવળો ને અડપલો કહેવાય એવો છોકરો તો હતો.

હું અંગ્રેજી પહેલીમાં હતો ત્યારે એક વાર એક નવા શિક્ષક અમને ભણાવવા આવ્યા. તે ખુરશી ઉપર બેઠા પછી પંદર મિનિટમાં જ તેની એક આંખ નબળી છે એ મેં શોધી કાઢ્યું. આંખની એ બાજુ કોઈ કાંઈ કરે તો તેની તેને ખબર પડતી નથી તેની ખાતરી કરી લઈ બીજા સમયે હું મારો મુકામ એ સુરક્ષિત બાજુએ લઈ ગયો ને ત્યાં બેસી શિક્ષકને ઉદ્દેશીને આખા વર્ગ આગળ મોઢાના ચાળા કરવા લાગ્યો. વર્ગના છોકરાઓ હસીહસીને ઊંધા વળી ગયા, ને શિક્ષકને યે થઈ ગયું કે ક્યારે સહીસલામત વર્ગ બહાર નીકળી જઇએ!

એક વખત ગામમાં પ્લેગ શરૂ થયો. અમને થયું કે હવે નિશાળ એકદમ બંધ થશે ને આપણને રજા મળશે. પણ અમારા હેડમાસ્તર પાક્કા હતા. નિશાળ બંધ કરવા જેટલો પ્લેગ નથી એમ તેમણે ઠરાવ્યું ને નિશાળ ચાલુ જ રાખી. આજ રજા પડશે, કાલ પડશે, એમ વાટ જોઈ અમે કંટાળી ગયા. ગામમાં પ્લેગ કાંઈ વધે નહિ ને હેડમાસ્તર શાળા બંધ કરે નહિ. અમારા વર્ગના છોકરાઓની ધીરજ ખૂટી ગઈ. છેવટે, 'નિશાળ બંધ કરવાની હિકમત શોધી કાઢું છું' એમ છોકરાઓને આશ્વાસન દઈ હું ઘેર આવ્યો. મારા પિતાશ્રી ગામની મ્યુનિસિપાલિટીના સેક્રેટરી હતા, તેથી ઉંદર પકડવાનાં બેચાર પીંજરાં તો અમારે ઘેર હમેશાં પડેલાં જ હોય ! તેથી તે રાતે એમાંના એક પીંજરાને મેં માળ ઉપર મૂકી રાખ્યું. સવારે વહેલા ઊઠીને જોયું તો એક મોટો ઉંદર એમાં સપડાયો હતો. ઉંદર બહાર નાખી આવું છું એમ ઘરનાંને કહી એ પાંજરું લઈ ઠેઠ નદીએ દોડતો ગયો, ને ત્યાં દસ-પંદર મિનિટ પાંજરું પાણીમાં બોળી રાખતાં જ નાક મોઢામાં પાણી જતાં ઉંદરમામાના રામ રમી ગયા. પછી મેં એને પીંજરામાંથી બહાર કાઢયો ને કાગળમાં વીંટી તેનું એક પડીકા જેવું બનાવ્યું ને એ પડીકું એક ભાઈબંધને આપી નિશાળ પાસે ઊભા રહેવા કહ્યું. એ પ્રમાણે એ આગળ ગયો.

એ દિવસે રવિવાર હતો, એટલે નકશો જોવો છે એવું બહાનું કાઢી હેડમાસ્તર પાસેથી શાળાની કૂંચી લઈ હું નિશાળે ગયો. શાળામાં હું ને પેલો મારો ભાઇબંધ, એ સિવાય કોઇ ન હતું. અમારી શાળા એક જૂના મકાનમાં બેસતી. એ મકાનની ભીંતમાં હાટિયાં ખૂબ હતાં. હેડમાસ્તરની ઑફિસના એવા એક હાટિયામાં અમે પેલું પડીકું ઠાલવી દીધું ને નકશાવાળી ખોલીમાં થોડાં મીંડા ટપકાં કરી અમે પાછા આવ્યા.

હાટિયામાં નાખેલો ઉંદર સડીને તેની ફક્કડ ગંધ છૂટતાં બે દિવસ થયા. ત્રીજે દિવસે નિશાળે જતો હતો ત્યાં આખી નિશાળ સૂતકીની જેમ બહાર રસ્તા ઉપર ઊભી હતી ને શાળામાં પ્લેગનો ઉંદર પડયો હોવાનું હેડમાસ્તર ગંભીર મુખે સૌને કહેતા હતા. 'હવે નિશાળ બંધ થશે ને આપણો અભ્યાસ બગડશે' એમ બધા આગળ ગંભીરપણે અફસોસ વ્યક્ત કરવાની પણ મેં ને મારા ભાઈબંધે પહેલેથી શરત કરી હતી, તે યે અમે પાળી ! અને લગભગ એક મહિનાની પ્લેગની રજા પડી.

પરંતુ અમારા વર્ગ તથા ગામના કેટલાયે છોકરા મારા કરતાં વધુ તોફાની ને આળવીતરા હતા. તેમના પ્રચંડ ગોકીરામાંથી મારાં શાંત તોફાનોને બહુ પ્રસિદ્ધિ મળી શકી નહિ. આથી મારા માટે કોઇને કદી શંકા આવી નહિ ને કોઇ દી હું કોઇના હાથમાં સપડાયો પણ નહિ.

પ્રતિદિન શુક્લપક્ષના ચંદ્રની જેમ મારી તોફાની વૃત્તિ વધતી જતી હતી. એક દિવાળીની રજામાં તો મેં ને અમારા ઘેર રહેતા મારા લંગોટિયા મિત્રે કાળો કેર જ કર્યો. મારા પિતાશ્રીને બીડી પીવાનો ખૂબ શૉખ. દિવાળીના દિવસો હોવાથી આમારે ત્યાં ફટાકડાની પુષ્કળ સેરો પડી હતી. તે ફોડતાં ફોડતાં અમારા બંનેના મગજમાં એકાએક વિચાર ઝળકયો. ને તે તાબડતોબ અમલમાં મૂકવાનું પણ નક્કી કર્યું.

મારા પિતાશ્રી સંડાસમાં ગયા હતા. તેમનું બીડીનું બંડલ ગોખલામાં પડેલું અમે જોયું ને તરત એમાંથી પાંચ દસ કાઢીને તેનું મોઢું હળવે હાથે ઉઘાડી પ્રત્યેકની અંદર એકેક લવંગિયો ફટાકડો ઘાલી દીધો. આજુબાજુ બરાબર તમાકુ ભરીને મોઢાં બંધ કરી એ 'ખાસ બીડીઓ' અહીંતહીં ઘાલી દીધી ને જાણે અમે એ ગામના જ ન હોઇએ એવા અજાણ્યા ચહેરા કરી આંગણામાં રમવા માંડયા.

થોડી વારે પિતાશ્રી શૌચ જઇને આવ્યા ને હમેશ મુજબ ઓસરીમાં કામ કરતા બેઠા. એટલામાં મારા સાથીદાર મિત્રના પિતાશ્રી પણ યોગાયોગ ત્યાં આવી ચડયા. તે પણ બીડી પીતા હતા. હવે ખૂબ ગમ્મત થવાની એ આશાએ અમે ગુપચાપ બેઠા. અમારી આશા

પૂર્ણ થવાને ઝાઝી વાર ન લાગી. અમારા વડીલ દ્વારા એ બંડલમાંથી બીડીઓ ફૂંકતાંફૂંકતાં ગપ્પાં મારવા લાગ્યાં. તેમનાં ગપ્પાં રંગમાં આવવાનું ને બંનેની બીડીમાંથી બે ભડાકા થવાનું એક સાથે જ બન્યું! મોઢે વીંછી કરડયો હોય એમ બૂમ પાડી બંને જણા પોતાની જગ્યા ઉપરથી બબ્બે ફૂટ ઊંચે ઊડયા! એવી ગમ્મત પડી કે કાંઈ વાત જ પૂછો મા. હસીહસીને અમે બેવડ વળી ગયા. પણ અમારા હસવાથી અમારું પોગળ બહાર પડયું. મારા પિતાશ્રી એવા ખિજાયા કે હાથ દુખે ત્યાં સુધી અમને મેથીપાક જમાડયો.

અમારું ગામ વસતિની દષ્ટિએ જોકે જરા નાનું હતું, છતાં તાલુકાનું થાણું હોવાથી ત્યાં સર્કસ ને નાટકમંડળી પ્રસંગોપાત્ત આવતી. સર્કસના વિદૂષક કરતાં નાટકના વિદૂષકનું કામ મને ખૂબ ગમતું, કેમકે, સર્કસનો વિદૂષક માત્ર આડાઅવળા કૂદકા મારતો ને જોરથી જમીન ઉપર ગબડી પડતો; એ મને બહુ પસંદ નહોતું આવતું. પણ નાટકનો વિદૂષક કંઈક એવું ટીખળભર્યું બોલતો કે એ સાંભળી મને ખૂબ હસવું આવતું. મેં સૌથી પહેલું નાટક જોયું તે 'હરિશ્ચન્દ્ર'. તેમાં સરસ્વતી ને વિદૂષકનો સંવાદ શરૂઆતમાં આવતો. એમાં સરસ્વતી કહેતી:

'વત્સ, હવે હું સ્વર્ગમાં જાઉં છું.' એટલે વિદૂષક પોતાના હાથમાંની સોટી એને આપીને કહેતો, 'ત્યારે માતાજી, અમારા પિતાશ્રીને આ સોટી ત્યાં આપી દેજો. મરતી વખતે તેઓ અહીં ભૂલી ગયા છે!' મારા જીવનમાં મને ગમેલો આ પ્રથમ વિનોદ.

અમારા ગામથી બે-અઢી માઈલ પર એક નાનું ગામડું હતું. ત્યાંના મરાઠી માસ્તર બહુ હોંશીલા હતા. તેમણે એક વાર પોતાના ગામમાં 'સૌભદ્ર' નાટક કરવાનું નક્કી કર્યું. છતાં નાટકનાં પાત્રોને 'મેઈક-અપ' કેવી રીતે કરવો એની તેમને ખબર ન હતી. એ મારા કાકા પાસે આવ્યા. તે પણ માસ્તર હતા. એમની વાતચીત વખતે હું ત્યાં હતો. મેં કહ્યુ, 'એમાં છે શું? તમારા પાત્રોને હું રંગી દઇશ.'

નાટકના દિવસે હું ને મારા બે મિત્રો ગાડામાં બેસી તે ગામ ગયા. સાથે અમે ચૂનો, પીળી માટી, ગેરુ ને દોરાની ડબ્બી લઈ ગએલા. 'સૌભદ્ર' નાટકનાં બધાં પાત્રોને અમે ત્રણ જણાએ એવાં તો રંગી મૂકયાં કે, એનાથી તાબૂતના વાઘ પણ સારા હોય! અર્જુન કોણ ને ઘટોત્કચ કોણ એ જ કોઈ ઓળખી શકે નહિ! પણ અમારું રંગકૌશલ્ય જોઈ ગામડાના બધા માણસો ચકિત થઈ ગયા! પણ આ સૌમાં 'સુભદ્રા'-એ તો સૌને આંટી દીધા. એના મેઈકઅપનું કામ મેં જાતે જ કર્યું, કેમકે એના હોઠ ઉપર આંગળી આંગળી જેટલી મોટી મૂછો હતી!

મેં કહ્યું, 'તમે સુભદ્રાનું કામ કરવાના છો, ને મૂછો નથી કાઢી?'

'વાહ!' તેણે કહ્યું, 'હજી મારા બાપ જીવે છે! હું મૂછ કેમ કાઢું? મૂછ નહિ કાઢવાની શરતે તો આ કામ કરવાનું મેં કબૂલ્યું છે. તમારે પૂછવું હોય તો પૂછો માસ્તરને!' માસ્તરે પણ હકાર ભણીને કહ્યું, 'તમે એની શું કામ પંચાત કરો છો? તમે તમારે એમ જ રંગો!'

ને નિરુપાયે એક હાથે 'સુભદ્રા'ની મૂછ ઊંચી કરીને બાજે હાથે મેં મેઈક-અપ કર્યો. પરિણામે 'સુભદ્રા' સજ્જ બની ત્યારે તે એવી કાંઇ 'ખૂબસૂરત' બની! મને થયું કે, 'આ મૂછાળી બૈરી જેવી બહાર જશે એવું જ નાટકનું ભોપાળું બોલવાનું!' પણ નવાઇની વાત એ કે, સુભદ્રા જ્યારે સ્ટેઈજ ઉપર ગઈ ત્યારે તેને જોઈ એક પણ પ્રેક્ષક હસ્યો નહિ. 'તેના બાપ જીવે છે' એની સૌને ખબર હતી, ને તેથી મૂછ સહિત તેનું કામ જોવાની તેમના મનની આગળથી જ તૈયારી હતી. ઊલટું, તાળીઓ પાડીને તેમણે તેની પ્રશંસા કરી!

**આ** પછી તરત આગળ અંગ્રેજી ભણવા માટે હું પૂના ગયો અને ભાવે સ્કૂલમાં દાખલ થયો. ભાવે સ્કૂલ એટલે મૂર્તિમંત વિનોદ. તેની ઇમારત વિનોદી, ફર્નિચર વિનોદી, માસ્તર વિનોદી, શિક્ષક વિનોદી, સઘળું જ આમૂલાગ્ર વિનોદી! વિદ્યાર્થીઓને 'સ્વાતંત્ર્ય' દેવાની ચળવળ પાશ્ચાત્ય દેશોમાંથી આ બાજુ તો હજી હમણાં શરૂ થઇ; પણ ભાવે સ્કૂલે તો એ શોધ વર્ષો પહેલાં પૂનામાં કરી રાખી હતી!

ભાવે સ્કૂલની શિસ્ત કેવળ સ્વાતંત્ર્ય ઉપર રચાએલી હતી. એક અભ્યાસ સિવાય એ શાળાના વિદ્યાર્થીઓને ગમે તે કરવાની છૂટ હતી. તેથી ક્રિકેટ, ટગ ઑવ વૉર, નાટક ને તોફાન આ ચાર ક્ષેત્રમાં ભાવે સ્કૂલના વિદ્યાર્થીઓએ પૂનામાં ને પૂના બહાર વિલક્ષણ કીર્તિ પ્રાપ્ત કરી હતી. તેના તે વખતના વિદ્યાર્થીઓની સરાસરી ઉંમર વીસ વર્ષની હતી. મૂછ વગરનો છોકરો ભાગ્યે જ એમાં જોવા મળે. મળે તો એકાદ શિક્ષક જ મળે! મૅટ્રિકનો વર્ગ તો એવો ભરેલો દેખાય! મોટા મોટા મૂછાળા 'છોકરાઓ' ગંભીર મોં રાખી બાંકડા ઉપર બેઠેલા જણાય. નવોસવો કોઈ શિક્ષક વર્ગમાં આવ્યો કે એનો ફેંસલો જ થઇ ગયો સમજવો! ભાવે સ્કૂલના વિદ્યાર્થીઓની કસોટીમાં જે શિક્ષક પાર ઊતરે તેને પછી જગતમાં કયાંય ભય નહિ એવું તે વખતે મનાતું. જુદીજુદી જાતની યોગ્યતાવાળા ને ગુણવાળા શિક્ષકોની ભાવે સ્કૂલમાં ખૂબ ગિરદી થઇ હતી. તેમાં વિદ્વાનો હતા, શાસ્ત્રીઓ હતા, લેખક હતા, કવિ હતા, નાટકકાર હતા ને નાટકમંડળીના સંચાલક પણ હતા. દૂધવાળા ભરવાડ ને શાકવાળા કાછિયા પણ હતા! વિદ્યાર્થીઓને ઈરાની હૉટલમાં ચા પીવા લઇ જઇ સિગારેટ પીવા દેનારા સમતાવાદી શિક્ષક પણ ત્યાં હતા, તે જ પ્રમાણે શનિવારે ઘોડાની શરતનો જુગાર રમવા વિદ્યાર્થીઓને લઈ જનારા દ્યૂતકાર શિક્ષક પણ હતા, ને તે તે દિવસના ગામમાં ચાલતા નાટકના પાસ પોતે જ વિદ્યાર્થીઓને આપનારા નાટ્યપ્રેમી શિક્ષક પણ હતા!

પારસી, ખ્રિસ્તી, યહૂદી ને મુસલમાન વિદ્યાર્થીઓનો શાળામાં ભરાવો હોવાથી નિર્ભેળ બ્રાહ્મણી શાળામાં જે શિક્ષક વ્યસની ને રંગીલા લાગે તે આ પચરંગી શાળામાં પ્રગતિશીલ લાગતા. પારસી ને ખ્રિસ્તી વિદ્યાર્થીઓમાં આવા શિક્ષક ખૂબ જ લોકપ્રિય થતા. વિદ્યાર્થીઓની ઈચ્છાઓ કઈ હદ સુધી સંતોષવી એ બાબત અહીં કાંઇ મર્યાદા જ ન હતી. વાર્ષિક સંમેલન પ્રસંગે પારસી વિદ્યાર્થીઓ બ્રાહ્મણ છોકરાઓની જેમ જલેબી કે બટાટાભાત ન ખાય, એટલે તેમને માટે ખાસ મરઘીની બનાવટ ને બીરના બાટલા લાવી નિરાળી વ્યવસ્થા કરનાર હોંશીલા શિક્ષકો હિંદુસ્તાનમાં આજે કયાંય જોવા મળશે ખરા?

હું જે વરસે આ શાળામાં ગયો તે અરસામાં જ શાળાએ ક્રિકેટની મોટી મૅચ જીતી હતી. આ વિજય મેળવવા માટે એક વીસ–બાવીસ વરસના મુસલમાન છોકરાને લશ્કરમાંથી ખાસ પકડી લાવીને પોતાની ટીમમાં લાવવામાં આવ્યો હતો. સોની નીચે આ છોકરો કદી રન કરતો નહિ ને હમેશાં નૉટ–આઉટ જ રહેતો. તેને ટીમમાં લઇને ભાવે સ્કૂલે ગામની બધી શાળાની રેવડી દાણાદાણ કરી નાખી હતી. છેવટની મૅચમાં આ છોકરાએ બસોથી ત્રણસો રન કર્યા ને ઓવર બાઉંડરી મારી બે વાર દડો જ ગુમ કર્યો, એટલે ત્યારથી એ ભાવે સ્કૂલનો દેવ જ બની બેઠો. છતાં, એ કાંઈ ભાવે સ્કૂલનો વિદ્યાર્થી ન હતો,–એ કોઈ પણ શાળાનો વિદ્યાર્થી ન હતો. તેથી તેની વિરુદ્ધ બાકીની શાળાઓએ વિરોધ નોંધાવ્યો અને ઈન્સ્પેક્ટર તપાસ કરવા અચાનક શાળામાં આવ્યા. તાબડતોબ કોઈ એકદમ લશ્કરમાં જઈ એને ટાંગામાં નાખી શાળામાં લઈ આવ્યું. પણ એને બેસાડવો કયા વર્ગમાં? રામ જાણે! ઈન્સ્પેકટર તેને એકાદો જ પ્રશ્ન પૂછે ને આખું પોગળ ખુલ્લું! છેવટે એને ડ્રૅાઇંગના વર્ગમાં બેસાડવાનું નક્કી થયું અને ઈન્સ્પેકટર જ્યારે તે વર્ગમાં આવ્યા ત્યારે ડ્રૅાઇંગ માસ્તરે અર્ધા મૂકેલા ફૂલના

ચિત્રમાં રંગ પૂરવાના કામમાં આ છોકરો મશગૂલ માલૂમ પડ્યો. ઈન્સ્પેક્ટરને સંતોષ થયો: 'ક્રિકેટની જેમ ચિત્રકળામાં પણ આ છોકરો હુશિયાર લાગે છે' એવા ઉદ્‌ગાર કાઢી ઈન્સ્પેક્ટરે મૂંગામૂંગા ચાલતી પકડી!

આ મુસલમાન છોકરો આગળ ઉપર હિંદનો એક નામાંકિત ક્રિકેટ-પટુ બન્યો. પચરંગી મૅચમાં પણ તે કેટલાંક વરસ રમ્યો હતો.

ભાવે સ્કૂલના આ વર્ણન ઉપરથી કોઈને એમ કલ્પના આવશે કે આ શાળામાં જરા પણ શિસ્ત નહિ હોય. છટ! છટ્! એવું જરા યે ન હતું. વર્ષમાં થોડા દિવસ શાળાના હેડમાસ્તરને કડક શિસ્તની અચાનક યાદ આવતી. ત્યારે તે ભયંકર ક્રૂર ચહેરો કરી, હાથમાં લાંબી લચક લાકડી લઈ શાળાની બહાર ઊભા રહેતા, ને પહેલા ઘંટ પછી જો કોઈ પણ અંદર આવે તો તેના હાથ ઉપર જોરથી ફટકારતા. પણ પછી પે તે જેને ફટકારે છે તે વિદ્યાર્થી છે, પાલક છે, નોકર છે કે માસ્તર છે તેનો જરા પણ વિચાર કરતા નહિ. 'હાથ લાંબો કર!' ને પછી 'લગાવ' એ તેમની કડક લશ્કરી રીત હતી. શિસ્તના આ નવા સત્રમાં એક વાર એક નવા માસ્તરને ખરેખર સોટી ખાવી પડેલી! તે દિવસે 'રીસેસ'માં એ શાળાના કારકૂનને પોતાનો સૂજેલો હાથ બતાવતાં બોલ્યા, 'અહીં આવ્યા પહેલાં આ શાળા માટે મેં જે બધું સાંભળેલું તે સાવ ખોટું હતું એમ લાગે છે. આ શાળાની શિસ્ત તો ગજબની કડક છે. અહીં વિદ્યાર્થી તો શું પણ શિક્ષકને પણ ચમચમતી સોટીઓ ખાવી પડે છે!'

કારકૂન આ સાંભળી સ્તબ્ધ જ થઈ ગયો. તેણે કહ્યું, 'પણ તમે નવીન શિક્ષક છો એમ હેડમાસ્તરને કેમ ન કહ્યું?'

'હું કહેવા જતો હતો—' માસ્તર બોલ્યા, 'પણ ત્યાં જ હેડમાસ્તરે કહ્યું કે મોઢું ઉઘાડીશ તો બીજી બે ખાઈશ!'

આવી 'વિનોદી' શાળામાં મારાં ચાર વરસ ગયાં.

આ ચાર વરસનું સ્મરણ થતાં જ નાટ્ય, ક્રિકેટ, મારામારી, મશ્કરીઠઠ્ઠા ને તોફાનની સેંકડો યાદ મોટરના ચક્રની જેમ આંખ આગળ ફરવા લાગે છે. અનેક વ્યક્તિઓના વિક્ષિપ્ત ચહેરા ચિત્રપટનાં પાત્રો પ્રમાણે મોટા મોટા થતાં નજર આગળ ઊભા રહે છે. તેમની બધી જ બાબત લખવા બેસીએ તો એક મોટી 'મર્કટાયણ' થાય! ભાવે સ્કૂલે મને પરીક્ષાના અભ્યાસની વિદ્યા બહુ શીખવી નહિ તેમજ જ્ઞાનના બહુ સંસ્કારો પણ પાડ્યા નહિ; પણ મારા જીવનમાં ટીખળીપણાનો મજબૂત પાયો નાખી દીધો. હું જો 'ન્યૂ ઇંગ્લિશ સ્કૂલ'નો વિદ્યાર્થી હોત તો જીવનમાં ગળા ફરતો મફલર બાંધી કોઈ ઠેકાણે પ્રોફેસર બની બેઠો હોત; 'નૂતન મરાઠી સ્કૂલ'નો વિદ્યાર્થી હોત તો કોઈ ઠેકાણે કલેક્ટરનો મંત્રી અથવા તાલુકાનો વહીવટદાર બન્યો હોત; પણ ભાવે સ્કૂલનો વિદ્યાર્થી ન હોત તો વિનોદી લેખક હું કદાપિ ન બની શક્યો હોત, એ તો ચોક્કસ. આ શાળાએ મારી મોજીલી વૃત્તિનો વિકાસ કર્યો ને જીવનની પ્રત્યેક બાબતને વિનોદી દૃષ્ટિએ જોતાં મને: શિખવાડ્યું.

કવિ જન્મે છે એમ જેમ કહેવાય છે, તેમ વિનોદી લેખક કાંઈ જન્મતો નથી. વિનોદ એવી સહજ વૃત્તિ નથી. જન્મથી કોઈ જ વિનોદી નથી હોતું. બુદ્ધિની પ્રગલ્ભ અવસ્થામાંથી જ વિનોદનું નિર્માણ થાય છે. વિનોદ સૂઝવા માટે જીવનના ભલાબૂરા અનુભવો જરૂરી છે. જીવનની જંજાળ પ્રત્યે ખેલાડુ વૃત્તિથી જોવું તેનું નામ જ વિનોદ. આ 'ખેલાડુ વૃત્તિ' એટલે કાંઈ 'રમત રમવાની' વૃત્તિ નહિ. રમતની વૃત્તિ તો દરેક છોકરામાં હોય છે. રમવાનો શૉખ દરેક છોકરાને હોય છે ને છતાં યે ચોવીસે કલાક ને વર્ષોવર્ષ રમનારા છોકરા જીવનમાં ખેલાડુ વૃત્તિવાળા હોય જ છે એવું કંઈ નથી. ખેલદિલી એ અનેક રમત ને તોફાનોનો માનસિક અર્ક છે. એ અર્ક કાઢવાની કુનેહ જેની બુદ્ધિમાં હોય તે જ જીવનમાં ખેલાડુ બની શકે છે, ને તેને જ વિનોદનું ખરું રહસ્ય સમજાય છે.

સાહિત્યવિષયક વિનોદ સાથે મારો પ્રથમ પરિચય શ્રી. નરસિંહ ચિંતામણ કેળકરના નાટક 'તોતયા ચેં બંડ' દ્વારા થયો. આ નાટકનો લગભગ એકેએક ખેલ મેં જોએલો, તેથી નાટકનાં વાક્યેવાક્ય ને શબ્દેશબ્દ મને મોઢે થઈ ગયાં હતાં. આમ તો એ આખું યે નાટક મને ગમતું, છતાં એમાંનો વિનોદી બગંભટ્ટ મને ખૂબ ગમ્યો. એ રંગભૂમિ ઉપર બોલે કે પ્રેક્ષકોમાં હાસ્યના ફુવારા ઊડે. વિનોદનું પ્રત્યક્ષ પરિણામ શું, ને તેથી હાસ્ય કેવી રીતે નિષ્પન્ન થાય છે તે મને એ વખતે કાને સાંભળવા ને આંખે જોવા મળ્યું. એ વાતની મારા મન ઉપર ને સ્વભાવ ઉપર ખૂબ અસર થઈ. આપણે પણ એમ બોલીને કોઈ વિનોદ કરીને હાસ્ય નિષ્પન્ન કરવું એવી ઇચ્છા મનમાં થઈ ને એ પ્રમાણે વિનોદ કરવાના નાનકડા પ્રયત્નો મેં મારી મિત્રમંડળીમાં શરૂ કરી દીધા. હજામના છોકરા માટલાને ચૂનો ચોપડી અસ્તરાથી તેની હજામત કરવાનું શિક્ષણ લે છે એમ મારું પણ એવું જ કામ હતું. કોઇ પણ ઠેકાણેથી એકાદી વાત કે શબ્દ-ચમત્કૃતિ હું ભેગી કરી આણતો ને તેની અસર એકાદ મિત્ર ઉપર શી થાય છે તે અજમાવીને જોતો. ને આશ્ચર્યની વાત એ કે મારા આ વિનોદનિર્મિતિના બાલિશ પ્રયત્નો યશસ્વી બનવા માંડ્યા.

વિનોદની આ એક મોટી ગમ્મત છે. ચલણી નાણાની જેમ તેને ખણખણાટ વગાડી પારખી શકાય છે. સાંભળનારા હસે તેના ઉપરથી તેનું ખરાખોટાપણું તરત કળાઈ આવે. ને વિનોદકાર પણ પોતે ચૂક્યો છે કે બરાબર છે તે જાણી શકે છે. મારા વિનોદથી મારા મિત્રો હસતા એટલું ઉત્તેજન મને પૂરતું હતું. ત્યારથી વિનોદ વાંચવાનો ને હાસ્યરસની સામગ્રી ભેગી કરવાનો મને નાદ જ લાગ્યો! એ જ અરસામાં 'નાટકચા ચે તારે' નામનું એક વિનોદી પુસ્તક પણ મારે હાથ ચડ્યું. મરાઠી ભાષામાં એ એક ઉત્કૃષ્ટ વિનોદી પુસ્તક છે એમ હજી પણ મને લાગે છે. એ વખતે મેં તેની અનેક વાર પારાયણ કરી હતી ને એમાંની વિનોદી વાતો મારા મિત્રોને કહી તેમને પેટ પકડી હસાવ્યા હતા.

એ વખતે મરાઠી જીવન કે સમાજમાં વિનોદ લગભગ નહોતો જ. જીવનમાં પેટ ભરીને હસવાની તક કોઇક જ વાર મળતી. કોઈ પણ સ્થળે જાઓ, વાચનાલયમાં કે સભામાં આપણને ગંભીર ગ્રંથ ને ગંભીર ગૃહસ્થ જ જોવા મળે! જાણે મહારાષ્ટ્ર પર કંઈક ગંભીર આપત્તિ ત્રાટકવાની હોય એમ જ સૌને લાગતું હતું! એટલે તત્કાલીન જીવનના શુષ્ક સહરામાં વિનોદની એક બે શીતળ લહર આવતી તો અંગ ઉપર હર્ષના રોમાંચ ઊઠતા. એ વખતના સામાજિક જીવનમાં વ્યાખ્યાનોને અતિશય મહત્ત્વ હતું, પણ મોટા ભાગના વક્તાનાં વ્યાખ્યાનો ગંભીર, નિર્જીવ ને ગોટાળિયાં; ને એ વખતના લોકો યે કેવા આળસુના પીર તે કલાકોના કલાકો સુધી એ વ્યાખ્યાનો સાંભળતા!

છતાં એવા વખતે યે મનોરંજન અને વિનોદી થોડા વક્તાઓ મહારાષ્ટ્રમાં હતા. શિવરામપંત પરાંજપે, નરસોપંત કેળકર, દાદાસાહેબ ખાપર્ડે, અચ્યુતરાવ કોલ્હટકર અને ભાઉશાસ્ત્રી લેલેનાં વ્યાખ્યાનો સાંભળવાનું હું કદી ચૂકતો નહિ. જે વાત માટે મારું મન તલસ્યા કરતું તે બધું મને આ વક્તાઓ પાસેથી મળતું. શિવરામપંતનો વિનોદ ખૂબ વેધક ને કટુ હતો, ત્યારે નરસોપંતનો વિનોદ અતિશય નાજુક ને માર્મિક હતો. અચ્યુતરાવનો વિનોદ ખેલદિલ ને ખાપર્ડ્યાનો મસ્તીખોર હતો. ને ભાઉશાસ્ત્રી વિનોદ કરે ત્યારે જીભનું હાડકું કાઢી હાથમાં લઈ લેતા. તેના બોલવાને કાંઈ સીમા જ ન રહેતી!

આ જ અરસામાં ગડકરી સાથે મારી ઓળખાણ થઈ. એ વખતે 'પ્રેમ સંન્યાસ' એ તેનું નાટક રંગભૂમિ ઉપર આવ્યું હતું. તેની કાવ્યપ્રતિભા જેવી મૌલિક હતી, તેવો તેનો વિનોદ સ્વતંત્ર ન હતો. શ્રીપાદ

કૃષ્ણ કોલ્હટકરના અનુકરણરૂપ એ હતો. એ વખતે હાસ્યરસિક લેખક તરીકે જનતા માત્ર કોલ્હટકરને જ ઓળખતી. તેના 'સુદામાચે પોહે' મહારાષ્ટ્રના સાહિત્યપ્રેમી યુવાનો સવારસાંજ મૂઠી ભરીભરીને ખાતા, ને તે પૌંઆ પ્રગતિપ્રિય યુવાનોને જ પચે એવા હતા. સનાતની વૃદ્ધોને તો એ પૌંઆથી અજીર્ણ થઈ ગયું હતું. 'સુદામાચે પોહે'માં ઉદાત્ત ને વિશુદ્ધ હાસ્યનું મને પ્રથમ દર્શન થયું. આ પુસ્તકે મારા જીવનમાં મોટી ક્રાંતિ આણી. હાસ્ય પરત્વેની જૂની ફૂટપટ્ટી, કસોટી ને માપ મારે દૂર ફેંકી દેવાં પડ્યાં. કેવળ મનોરંજન એ તેમના હાસ્યનો જરા પણ હેતુ ન હતો. હિંદુ સમાજના દોષ, અન્યાય તથા ઢોંગને હાસ્યાસ્પદ બનાવવા જ તેમણે પોતાની સમગ્ર હાસ્યશક્તિ વાપરી.

ગડકરીના ગુરુમુખે મને વિનોદલેખનની બધી વિદ્યા શીખવા મળી ને એ બધું જ્ઞાન તેના સાંનિધ્યમાં સહજ મળી ગયું. ગડકરીના ગ્રંથાલયમાંનાં કેટલાં યે અંગ્રેજી પુસ્તકો આ વખતે મેં વાંચી કાઢ્યાં. માર્ક ટ્વેઈનના બધાં પુસ્તકો તેની પાસે હતાં. તેમાંનાં કેટલાંક મેં સંપૂર્ણ વાંચી કાઢ્યાં ને કેટલાંક તારવણી રૂપે. ને તે ઉપરથી તેની વિનોદી શૈલી તથા પદ્ધતિ બાબત મને ઘણો ખયાલ આવ્યો. વળી એ વખતે

'ઝેંડુચી ફૂલેં' પછી મારું નાટક 'સાષ્ટાંગ નમસ્કાર' રંગભૂમિ ઉપર આવ્યું ત્યાં સુધી લગભગ નવ વર્ષ મેં સાહિત્યના પ્રાંતમાંથી દેશવટો લીધો હતો એમ જ કહેવાય. વચ્ચે હું ઇંગ્લંડ જઇ આવ્યો. ત્યાં બર્નાર્ડ શૉ ને નોએલ કૉવર્ડ જેવા પ્રખ્યાત નાટકકારોનાં હાસ્યનો પરિચય થએલો. એ સિવાય સુપ્રસિદ્ધ શિક્ષણશાસ્ત્રી ડૉ. પી. બી. બૅલાર્ડનાં હાસ્યરસિક વ્યાખ્યાનોની મારા મન ઉપર વિશેષ અસર થઈ. અંગ્રેજી સમાજમાં હાસ્યની કક્ષા ખૂબ ઊંચી હોય છે. દરેક સુશિક્ષિત અંગ્રેજ પાસે હાસ્ય, વિનોદ ને રમૂજોનો સરસ ભંડોળ હોય છે. ઇંગ્લંડથી પાછો આવ્યો ત્યારે હું ખરેખર વધુ પ્રખર હાસ્યરસિક બુદ્ધિ લઇને આવ્યો!

એ પછી મેં બાર-તેર વરસમાં એકંદર દસ નાટકો ને દસ મરાઠી ચિત્રકથા લખ્યાં, ને આજ સુધીમાં એકંદર સાઠ હાસ્યરસિક પાત્રોના વિવિધ નમૂના મેં મહારાષ્ટ્ર આગળ ધર્યા છે. એમાંનાં કોઇ કોઇ પાત્રોનાં નામો તો મરાઠી જનતાને ચિરપરિચિત બની ગયાં છે.

સાહિત્યમાં હાસ્યનું સ્થાન ચિરકાલીન નથી એવી ઘણાની સમજ હોય છે. મારા કેટલાક હિતચિંતકો મને ઉપદેશ કરતા કે તમારું હાસ્ય હવે બંધ કરો. તમે લોકોને ખૂબ હસાવ્યા, પણ હવે કંઇક સઘન અને

## છીપનાં મોતી

શંકા એ પ્રેમ-દોરને કાપતી કાતર છે.

વાગતાં પહેલાં વાંસળીને વીંધાવું પડે છે.

પુણ્યનો ગર્વ એ પાપ છે, જ્ઞાનનું ગુમાન એ અજ્ઞાન છે.

પ્રેમે પૂજાવું હોય તો ત્યાગના ટાંકણા વડે ઘડાવું રહ્યું.

મૃત્યુ એ જીવન-નાટકનું ભરતવાક્ય નથી, નૂતન જીવનનું નાન્દી છે.

જિંદગીની આમ્રકુંજને ત્યાગીને કલાની કોઈ કોકિલા કદી ગાઈ ન શકે.

આપત્તિ આવે ત્યારે આટલું ન ભૂલતા : કસોટી કનકની થાય છે, પથ્થરની નહિ.

પાનખર અને વસંતને જીવન-ઉદ્યાન આ રીતે માણી શકે: પાનખરમાં દોષનાં પાંદડાંને ખંખેરીને; વસંતમાં ગુણનાં પુષ્પોને વિકસાવીને.

વિજય તમારામાં ગુમાન ન પ્રેરે તો તમારી જીવન-નૈયાનું સુકાન બની રહે—નહિતર તુફાન!

મમતાને માનવ રૂપે અવતરવાનું મન થયું, અને એ માતામાં પ્રગટ થઈ.

યુદ્ધ કરતાં શાન્તિ અધિકતર શક્તિ અને કુરબાની માગે છે.

બજાવવી જ હોય, એને બંસરી તો મળી જ રહેવાની.

રસિકતા એ શકુન્તલા છે-સંયમ રૂપી તપોવનની!

સ્વમાનનો અતિરેક એટલે અભિમાન.

ભારત માતા એટલે સીતા અને ગીતા.

—નાથાલાલ દત્તાણી

પૂનાના નગર-વાચનમંદિરમાં મોલિયેરનાં હાસ્યરસિક નાટકો બધાં જ હતાં તે મેં અથેતિ વાંચી કાઢ્યાં. જગત્સાહિત્યમાં મોલિયેરના હાસ્ય જેવું હાસ્ય ક્યાં યે નથી. આટલાં વર્ષો વીત્યા છતાં તેનું હાસ્ય હજી એવું જ આધુનિક ને તાજું લાગે છે. કોલ્હટકર ને ગડકરીની જેમ માર્ક ટ્વેઇન ને મોલિયેરને પણ મારા વિનોદી લેખનના હું ગુરુ માનું છું.

ગડકરીના મૃત્યુ પછી બે વરસે 'રવિકિરણ મંડળ' શરૂ થયું. એ મંડળમાં માધવ જુલિયનનું ખૂબ માહાત્મ્ય હતું. બુદ્ધિ અને વિદ્વત્તામાં તે સર્વશ્રેષ્ઠ હતા. પણ તેમને ફારસી ને ઉર્દૂ શબ્દોની અજબ ઘેલછા હતી. તેથી તેમની કાવ્યરચના મને હાસ્યાસ્પદ લાગવા માંડી. વળી, માધવરાવની એવી કવિતાનું અનુકરણ પણ 'રવિકિરણ મંડળ'ના બીજા સભ્યો કરવા માંડ્યા. આ બધું મને હાસ્યાસ્પદ લાગ્યું ને તેમાંથી 'ઝેંડુચીં ફૂલેં' એ કટાક્ષકાવ્યોનો જન્મ થયો. છેલ્લાં વીસબાવીસ વર્ષમાં આ સંગ્રહની ચાર આવૃત્તિ થઈ છે. આ કાવ્યસંગ્રહે મને કટાક્ષકાર તથા હાસ્યકાર તરીકેની પ્રથમ કીર્તિ આપી. પણ આથી ગંભીર કાવ્યો લખનાર ભાવનાપ્રધાન કવિ તરીકે મારી થોડીઘણી કીર્તિ હતી તે સાવ ઢંકાઈ ગઈ. મારી 'ગીતગંગા'ની અત્યારે કોને ખબર છે?

ટકે એવું લખો! ગંભીર લખાણ એ જ 'સઘન અને ટકાઉ' હોય છે એમ ઘણાંને લાગે છે તેનું શું કરવું? હાસ્ય અને વિનોદ એ જીવનનું એક મોટું હાસ્ય છે. જેણે જીવનના સારાનરસા અને કડવામીઠા અનુભવો લીધા છે, જેના અંતઃકરણમાંથી માનવજાતિ પ્રત્યે સહાનુભૂતિનો અખંડ ઝરો વહ્યા કરે છે અને સમગ્ર માનવજાત સુખી અને આનંદી બને એવું જેનું અંતર અહોરાત તલસ્યા કરે છે, એવા માણસના જીવનમાં જ હાસ્યનો સાક્ષાત્કાર થાય છે. હલકટ અને લબાડ માણસ કોઇ દિવસ હાસ્યરસિક થઈ શકતો નથી.

દેવોએ સમુદ્રમંથન કરી ચૌદ રત્નો બહાર કાઢ્યાં તેમાં હાસ્યનું રત્ન કેમ ન નીકળ્યું તેની રહીરહીને મને નવાઈ લાગે છે. છતાં કંઈ હરકત નહિ. જે દેવોને ન મળ્યું તે માનવીને મળ્યું. સંસારના અનુભવોનું જે અખંડ મંથન કર્યા કરે છે તેને જ આખરે હાસ્ય-રત્ન મળે છે. હાસ્યનું આ મહત્ત્વ જ્યારે લોકોને સમજાશે ત્યારે જ તેમને ખબર પડશે કે આપણને હસાવનાર હાસ્યરસિક લેખક એ ઊંધાચત્તા ને ચાવળા શબ્દોની ગુલાંટો મારનારો મૂર્ખ વિદૂષક નથી, પણ માનવજાતિનો સૌથી મહાન ઉપકારક છે.

# પચ્ચીસ વર્ષ પહેલાં




આસો ૧૯૮૬
અંક ૮૨



અજંતાની પહેલા નંબરની ગુફામાં આવેલું 'બોધિસત્ત્વ પદ્મપાણિ'નું જગત્ખ્યાત ચિત્ર

**ભા**રતની ચિત્રકળા જ નહિ, પરંતુ તેની સર્વોચ્ચ કક્ષાએ પહોંચેલી સંસ્કૃતિને જગત્ખ્યાત કરતા આપણા સમૃદ્ધ વારસામાં કોઈ અગ્રણી વસ્તુ હોય તો તે અંજતાની બૌદ્ધ ગુફાઓના કલામંડપો. એનો ગુજરાતમાં પહેલો પરિચય આપનાર'કુમાર'[અને ભારત-ભરની ભાષાઓમાં એને વિષેનું સસ્તામાં સસ્તું તથા સમૃદ્ધમાં સમૃદ્ધ પુસ્તક (આજે જે મળતું નથી) બહાર પાડનાર પણ આ જ સંસ્થા]. આજથી પચ્ચીસ વર્ષ પહેલાં ૮૨મા અંકમાં શ્રી રવિશંકર રાવળે આપેલો એનો પરિચય એટલો ટૂંકો છતાં એટલો વિશદ ને સર્વસ્પર્શી છે કે માત્ર થોડો જ ભાગ જતો કરી સૌના લાભ માટે તે ફરી ઉતારવા જેવો છે :

"**ફ્રા**ન્સનો વતની લુવ્રના ચિત્રાલયની વાત જાણતો ન હોય, કોઈ અંગ્રેજ જો ઇંગ્લંડની નૅશનલ ગૅલેરી(પ્રજાકીય ચિત્રાલય)નું નામ સમજતો ન હોય તો તેમના સમાજમાં સંસ્કારહીન ગણાઇ જાય. હિંદુસ્તાનના દુર્ભાગ્યે હિંદી યુવાનો કલા ને કલાધામોની ચર્ચા કોઈ નવરા બેફિકરા કે આરામપ્રેમીઓને માટે જ છે એમ માની બેઠા જણાય છે.

આજે આપણી સામાન્ય માન્યતા થઈ ગઈ છે કે મનુષ્યને કળા, ચિત્ર ને સંગીત વિના ચાલી શકે. તેની ખોટ કોઇને આજે ખાસ સાલતી નથી. પણ આપણાથી ફક્ત બસો જ વર્ષ પહેલાંની પ્રજામાં હજારો વર્ષની પરંપરાથી કોઈ એવી ઊર્મિ ચાલી આવતી હતી કે લોકો સુંદર ગૃહનિર્માણ માટે, સુંદર વસ્ત્રો અને ઉપસ્કરો માટે, કે ઉત્સવદિનની શોભા માટે અપાર કાળજી બતાવતા અને ખર્ચ કરતા. એમણે હિંદુસ્તાનનો આત્મા એકેએક ઘાટમાં, દરેક રૂપમાં, પ્રત્યેક વ્યવહારમાં દૃષ્ટિગત કરી બતાવ્યો છે.


ધર્મ તથા ખાનપાન જુદાં હોવા છતાં એશિયાના બધા મુલકોમાં આ કળાપ્રેમ એકસરખો વ્યાપી રહ્યો જણાયો છે. અને તે બધાની કળાકૃતિઓ તપાસનારા વિદ્વાનો ચોક્કસ માને છે કે એ સર્વનાં મૂળમાં કળાનો એક જ સંપ્રદાય પથરાએલો છે અને તે ઘણે અંશે હિંદુસ્તાનના ગર્ભમાં જ પાકેલો હતો.

જાપાન, ચીન, જાવા, સુમાત્રા અને બ્રહ્મદેશની કળામાં હિંદની કેન્દ્રરેખા સ્પષ્ટ જણાય છે. અને આખા એશિયાના એ કળાચક્રની ધરી અજંતાનાં ગુફામંદિરો જ હતાં એ આજે તો સૌ કોઈ કબૂલ કરે છે. અજંતાના એ કલામંડપોની કલા એટલી અપૂર્વ ને સંપૂર્ણ પરિપાકવાળી છે કે તેને ભારતવર્ષની કલાની ગુરુપીઠ કહેવામાં જરાયે અતિશયોક્તિ ન ગણાય.

ઈ. સ. પૂર્વે ત્રણસો વર્ષથી માંડીને છેક લગભગ છઠ્ઠા કે આઠમા સૈકા સુધી અજંતાની કલાની લીલા વિસ્તરતી રહી હતી. માળવામાં આવેલી વાઘ ગુફાઓ, મદ્રાસ ઇલાકામાં આવેલી સીતાનવાસ ગુફાઓ અને લંકાની શ્રીગિરિની ગુફાઓ અજંતાના સીધા ખોળાની વારસદાર હોય એવાં થોડાં ચિત્રો હજી સાચવી રહી છે, તે પરથી અજંતાનો પ્રતાપ સ્પષ્ટ દેખાય છે. પણ તે કરતાં યે પહેલા-બીજા સૈકાનાં તુર્કસ્તાન, તિબેટ કે ચીન-જાપાનનાં ચિત્રો જોઇએ છીએ ત્યારે તો સ્તબ્ધ થઈ જઇએ છીએ કે પોતાની એટલી જ સચોટ છાપ



અજંતાની ચિત્રસૃષ્ટિમાં ઉર્શકલાપની શોભા, મનોહર અંગમરોડ અને કોમલ કરાંગુલિઓની વિવિધ લીલા એકેએક પાત્રમાં તાલબદ્ધ રીતે વ્યાપી રહેલી છે.



ડાબી બાજુ'યક્ષ દંપતી' પહેલા નંબરની ગુફામાં પ્રણય કરતા યક્ષ યુગલનું રસભર્યું આલેખન






કમળફૂલ, કમળદોડો, કમળપત્ર, કમળદંડ કે કમળગુચ્છની શોભા-સંસ્કાર ભરી રેખાઓ વેલી ને તોરણો અજંતામાં ડગલે ને પગલે નજરે પડે છે, અને હાથીના દેહની પ્રવાહી રેખાઓની છટા ઉતારવામાં જગતમાં માત્ર ભારતીય કલાકાર જ સફળ થયો છે.

અજંતાએ કેટકેટલી સીમાઓ પાર નાખી હતી! અજંતાનું નામ હિંદવાસીને સમજાય તે પહેલાં તો તેણે કૈંક યુરોપિયનોને આંજી દીધા હતા, અને આજે તેમની જ મહેનતથી, માત્ર હિંદને જ નહિ પણ આખા એશિયાખંડને એ અપૂર્વ વારસા માટે ગર્વ ધરવાની તક મળી છે.


મુંબાઈથી એક રાતની જ મુસાફરી કરી તમે સવારમાં જળગામથી આગળના સ્ટેશન પાચોરા ઊતરી પડો તો ત્યાંથી નાની ગાડીમાં બેસી દસ વાગ્યે પહૂર ગામે પહોંચી જાઓ. ત્યાંથી સાત જ માઈલ છેટે હૈદરાબાદ રાજ્યની હદમાં ફરદાપુર ગામ છે, તેની પાડોશની બાડી ટેકરીઓમાં અજંતાના કલામંડપો છુપાએલા છે. ફરદાપુરથી ચાર માઈલ દૂર ટેકરીઓમાં બાઘોરા નદી વહે છે. અજંતા જતાં આ નદી ઓળંગવી પડે છે અને તેને કાંઠેકાંઠે જ રસ્તો વાંક લેતો જાય છે. નદીમાં વાંક એટલા બધા સર્પાકારછે કે ઠેઠ પહોંચો નહિ ત્યાં સુધી તમને ગુફાઓનો ખયાલ સરખો પણ ન મળે.

અજંતાનાં છાપેલાં ચિત્રો જોયાં હોય, ચોપડીઓ વાંચી હોય, છતાં પહેલી જ નજરે તેનું જે દશ્ય નજરે પડે છે તે તેને વિષેની આપણી કલ્પના કરતાં તદ્દન નવું, ગંભીર ને વધુ ભવ્ય લાગ્યા વિના રહેતું નથી. છેલ્લો વાંક પૂરો થાય છે કે તરત આપણી આંખ સામે ત્રણસો ફીટ જેટલી ઊંચાઇની ઊભી ભેખડ એક દીવાલની પેઠે પહાડમાંથી વર્તુલ કરતી આવે છે. નદીમાં ઊભેલા માણસને તો પોતે કોઈ આકાશાચ્છાદિત મહાલયમાં ઊભેલો હોય એવી કલ્પના થાય! એ ઊંચી ભેખડની બરોબર મધ્યમાં કોરેલી અટારીઓનો એક કંદોરો પાડેલો દેખાય છે. નદીમાંથી એટલે ઊંચે શી રીતે જવું તેનો વિચાર સહજ થાય, એટલામાં તો રાજ્ય તરફથી બંધાવેલાં હાલની ઢબનાં પગથિયાં દેખાય છે.

અજંતાનો પ્રાચીન પ્રવેશમાર્ગ આ નહોતો. હાલ જેને ૧૭ નંબરની ગુફા કહે છે ત્યાં આગળ હજુ પણ એ માર્ગનાં કોતરેલાં પણ ઘસાઇ ગએલાં પગથિયાંની કેડી જણાય છે. એ માર્ગ ગુફા આગળ પહોંચે છે ત્યાં બે બાજુ મોટા હાથીઓ કોરેલા છે. તેમાંનો એક તો લગભગ તૂટી ગયો છે. તેને વટાવી માણસ ડાબી બાજુ વળે તે પહેલાં સામે એક નાની દોઢી પાડીને તેમાં દ્વારપાળ તરીકે નાગરાજની એક મોટી અતિ સુંદર મૂર્તિ કોતરેલી છે. અજંતાનાં ચિત્રો જેટલી જ અનુપમ અજંતાની શિલ્પકૃતિઓમાં એ મૂર્તિ ન ભુલાય એવી છે. ત્યાંથી જરા ઉપર જતાં જ ૧૬ નંબરની ગુફા—જે સૌથી મોટી ગણાય છે તે—ના આંગણાંમાં પહોંચાય છે. અહીંથી નીચે નજર કરતાં પહાડમાંથી ગૂંચળું વળીને આવતી નદી સ્પષ્ટ દેખાય છે. આ ગુફા, આખા મંડપસમૂહની મધ્યમાં હોવાથી ત્યાં આગળથી બંને બાજુના વાંક તરફ લાંબે સુધી જોઈ શકાય છે અને બંને બાજુની લગભગ બધી ગુફાઓ નજરે પડે છે.

અર્ધગોળાકારમાં ભેખડોના પેટમાં ખોદાએલી આ ગુફાઓ પ્રવેશદ્વારથી માંડીને તે ઠેઠ છેલ્લી પછીત સુધી મનુષ્યની ઉપાસના, ધૈર્ય, પ્રેમભક્તિ અને હસ્તકૌશલ્યમાં જગતભરના આશ્ચર્યરૂપ નમૂના છે.

ગુફાઓ કોરવાની કળા અજંતામાં સંપૂર્ણ રૂપે પ્રકટી છે. જોકે બધી યે બૌદ્ધ ગુફાઓના રચનારાઓએ કુદરતનું સૌંદર્ય, એકાંતવાસ ને મોટા જનમાર્ગ ઉપર ખયાલ રાખ્યો છે, છતાં સૌંદર્ય અને એકાંતમાં તો અજંતા એકલી જ શ્રેષ્ઠ ગણાય. નીચેની નદીમાં મોટા મોટા પથ્થરો છે અને ઉપરથી પાણી પડતુંપડતું આવીને બરોબર ગુફા નીચે જ એક મોટા ધૂનામાં સચવાય છે જે 'સાતકુંડ'ના નામથી ઓળખાય છે. બૌદ્ધ



અજંતાની ગુફાઓમાં બીજા નંબરના કલામંડપની છતમાંના સુશોભન તથા ખૂણા પરનાં યુગલોનું આલેખન દર્શાવતો અરધો ભાગ

ભિક્ષુઓ નીચેની ઝાડીમાંથી ત્યાં સુધી જ્યારે આવજા કરતા હશે ત્યારનું દૃશ્ય અવર્ણનીય જ હશે. આજે પણ એ ખીણમાં પારિજાતકનાં પુષ્પોનાં વન ઊભરાય છે. બીજાં અનેક પુષ્પો ને ફળો પણ થાય છે, એટલે કદી નહિ જોએલા રંગબેરંગી પંખીસમુદાય ત્યાં દેખાય છે. આ પ્રદેશનું ખરું સૌંદર્ય માણવાને ઑક્ટોબરથી ડિસેમ્બર સુધીનો સમય ખરેખરો યોગ્ય ગણાય છે.”


કલાને લગતો એવો જ એક ટૂંકો પણ નોંધપાત્ર શ્રી અંબાલાલ પુરાણીનો લેખ એ જ અંકમાં આપેલો. સાદાઇ સાથે સૌંદર્ય ભોગવવાની જાપાની પ્રજાની પદ્ધતિનો એમાંનો ઉલ્લેખ પણ ઉતારવા જેવો છે :

“કલા તો વિલાસિતાની પોષક; એ ધનવાન માટે જ હોઈ શકે; સામાન્ય પ્રજાના નિત્યજીવનમાં તેને સ્થાન નથી;–એવી માન્યતા આપણા દેશમાં ઘણા સેવે છે. પણ પ્રજાના જીવનમાં કલા કેટલે સુધી ઓતપ્રોત થઇ શકે છે તેનું સર્વોત્તમ ઉદાહરણ જાપાન છે. ત્યાં એક સામાન્ય ખેડૂતના ઘરની વ્યવસ્થામાં જે કલારસિકતા, જે સંયમ, ધ્વનિ વડે અર્થબોધ કરવાની જે અસાધારણ શક્તિ છે તેવી દુનિયાભરમાં આજે નથી. અને સાદાઈ તો જાણે જાપાનીઓને જ વરેલી છે! ભલેને ચાનાં વાસણો મૂકવાનો નાનો સરખો વાંસનો બાજઠ બનાવેલો હોય, પણ એ સાદા જંગલી વાંસને જાપાનીનો કલારસિક હાથ લાગતાં એવું રૂપાંતર થઇ જાય કે તમે તેને ઓળખી પણ ન શકો!

પ્રત્યેક ચાની ઓરડી તેના માલિકની પોતાની રસિકતાનું જ પ્રતિબિંબ હોય છે. દરેકને લાગુ પડતો સામાન્ય નિયમ એટલો જ કે ચાનો ખંડ કદી પણ એકના એક પ્રકારનો હોવો જોઇએ નહિ. દરરોજ ત્યાંની વ્યવસ્થામાં–વસ્તુઓની, પુષ્પોની ચિત્રોની ગોઠવણમાં ફેરફાર થવો જ જોઇએ! ચાના કલામય ખંડમાં પુનરુક્તિને સ્થાન જ નહિ. અને પુષ્પ પ્રત્યેનો જાપાની પ્રજાનો પ્રેમ તો કોઈ પરદેશીને પ્રથમ સમજમાં આવવો પણ કઠિન છે.

જાપાની પ્રજાનું મુખ્ય વસ્ત્ર આપણા ફકીરના ઝભ્ભા જેવા ‘કીમોનો’ છે. તેના ઉપર જે સુંદર રંગીન ભાતો પાડવામાં આવે છે તે જોઇને જાપાની કલારસિકતા વિષે માન થયા વિના રહે નહિ. કાંસકીઓ, ફૂલ મૂકવાનાં ફૂલદાન, ધૂપિયાં, બાજઠ, ચાના પ્યાલાઓ, કીટલી વગેરેની રચનામાં જે કળા જાપાન અને ચીનની પ્રજા પ્રકટાવે છે તે આશ્ચર્ય પમાડે તેવી છે.

સાથેના ચિત્રમાં ફક્ત સાદો વાંસ વાપરીને ફૂલદાન બનાવવાની રીત જાપાની પ્રજાની



કલારસિકતાનો પુરાવો આપે છે. ચાના ખંડમાં એની ગોઠવણ કરવામાં આવે છે. બાજુ પર જાપાની કવિ–ઘણુંખરું અજ્ઞાત, અપ્રકટ કે પછી કોઇ પ્રખ્યાત કવિ–ની પંક્તિઓ, કદી ધર્મનાં સૂત્રો તો ક્વચિત ઋતુની પ્રકૃતિ આલેખનાર પ્રાકૃતિક સૌંદર્યની સૂચક કડીઓ ટાંકવામાં આવેલી છે. વાંસને કાપવાની સફાઇનો અને તેમના મોટા કદનો ખયાલ આ નિર્જીવ ચિત્ર કરતાં એકાદ નમૂનો જોયો હોય તો જ આવે.”

આજે તો ઘણા શ્રી ‘ધૂમકેતુ’ના ‘ઇતિહાસ દર્શન’થી પરિચિત છે; પણ ‘કુમાર’ની સ્થાપનાથી તેઓ એ વિષયની લેખમાળા અવારનવાર આપ્યા કરતા તેનો આસ્વાદ આપનાર એક ફકરો પુનરુક્તિને પણ રસમય કરે તેવો છે :

આજથી આશરે ઓગણીસ સો વર્ષ પૂર્વે મહારાજા કનિષ્કે મગધ ઉપર સવારી કરી ત્યારે એક જુવાન માણસ તેની સાથે હતો. આ જુવાનમાં અદ્ભુત શક્તિ હતી. તે મુડદામાં પ્રાણ ફૂંકી શકતો. ગાંધારમાં જ્યારે રોગચાળો ફાટી નીકળ્યો ને કનિષ્ક ઘડી બે ઘડી જીવશે એમ લાગ્યું ત્યારે આ જુવાને તેની જીવનદોરી લંબાવી દીધી હતી.

જેવી નિષ્કલંક એની વિદ્યા હતી, તેવું જ નિષ્કલંક એનું યૌવન હતું. રાજાની બહેન કમલાવતીને એના પર અત્યંત પ્રેમ હતો. એની આંખમાં જીવનને સંપૂર્ણરીતે જાણવાનો નશો હતો. પણ આ જુવાનનું હૃદય રાત ને દિવસ શંકાથી વીંધાઈ રહ્યું હતું. તથાગતના શબ્દો એના કાનમાં આઠે પહોર અથડાયા કરતા. જીવન ક્ષણિક હોય તો પછી વૈભવ, ભોગ, શક્તિ એ બધાંનો ઉપયોગ શો?–પછી તો રાતદિવસ અર્હતપદ મેળવવા મથવું એ જ સર્વશ્રેષ્ઠ મનુષ્યધર્મ નથી?–પછી આ વિદ્યા, જ્ઞાન, બધાંનું કામ શું?–સંતોષ પરમ ધન હોય તો પછી જીવનમાં મહત્ત્વાકાંક્ષા શા માટે જોઇએ? જુવાનને ક્યાંય ચેન પડે નહિ. એનામાં શક્તિ અપરિમિત; એનામાં કલ્પના તેજસ્વી; એનામાં ઝીણવટ વિજ્ઞાનવેત્તાને શોભે તેવી. ઉપનિષદ એને મોંએ. ઍરિસ્ટોટલ ને સૉક્રેટિસના વિચારો પણ જાણે. કનિષ્કના દરબારમાં માત્ર એ એક જ જુવાન સઘળા વૈભવોથી ઢંકાએલો છતાં ઉદાસી ને એકલો રહેતો.

મહારાજા કનિષ્કની મગધની સવારી વખતે તે સાથે ગયો. એનો હેતુ હતો તે વખતના વિદ્વાન આચાર્ય અશ્વઘોષને મળવાનો. પોતાની શંકા તેની પાસે ઠાલવીને એને જીવનનો મર્મ શોધવાની—પોતાનો માર્ગ જીવન જાણવાની ધગશ હતી. આચાર્ય અશ્વઘોષને તે મળ્યો. મગધરાજ તો હવે કનિષ્કનો ખંડિયો ને મિત્ર બની ગયો હતો. એક દિવસ કનિષ્ક, મગધરાજ, અશ્વઘોષ ને આ જુવાન ચાર જણ એકાંતમાં ધર્મકથા કરતા હતા. જુવાને પોતાની શંકા રજૂ કરી: ‘સંસાર અસાર છે એ જાણ્યા પછી સંસારમાં કોણ રહી શકે? જે નિર્વાણ માટે મહાપુરુષો મંથન કરે છે તે આ જન્મે ન મળતું હોય ને બીજા જીવન પર આધાર રાખતું હોય તો પછી એવા નિર્વાણનો અર્થ શો?’

મહારાજા કનિષ્કે કહ્યું, ‘આચાર્યદેવ! આ જુવાન સાધુ થઇને જ જીવનનો મર્મ શોધવા મથે છે. એનામાં અદ્ભુત શક્તિ છે અને એ સંસારમાં રહે એમાં જ સમાજનું શ્રેય છે.’

આચાર્ય બોલ્યા : ‘તથાગતે શું કહ્યું છે તે તને યાદ છે, જુવાન? અનાથપિંડદને તથાગતે કહ્યું છે કે ધન વૈભવ કે સત્તા મનુષ્યને બંધન કરતાં નથી, પરંતુ તૃષ્ણા ભરેલા હૃદયે એને ચોંટી રહેવાની મનોવૃત્તિ એ જ બંધન કરે છે. ક્યારે જીવન સમર્પણ કરવું એમ સમ્યક્‌રીતે જાણનારો માણસ જીવનમુક્ત છે અને તે આ જન્મમાં જ નિર્વાણ પામ્યો છે.’

જુવાનના હૃદયમાં અજવાળું અજવાળું થઈ ગયું હોય તેમ તે એકદમ બેઠો થઈ ગયો: ‘આ વિચાર હું કરી રહ્યો હતો; પણ કોઈ આચાર્યે મને ટેકો આપ્યો નહિ, કોઈ શાસ્ત્રે સંમતિ આપી નહિ, એટલે મને લાગ્યું કે હું ખોટો છું, અધાર્મિક છું, નાસ્તિક છું.’

આચાર્ય બોલ્યા: ‘મારો તને ટેકો છે, જા. ઊંચામાં ઊંચી ધાર્મિકતા પોતાના માનેલા ધર્મ

માટે જીવન સમર્પણ કરવું તેમાં છે.'

કનિષ્ક બોલ્યા : 'એના જેવો વિદ્વાન ભિષગ્વર ભર્યા ભારતવર્ષમાં અત્યારે નથી.'

આચાર્ય બોલ્યા, 'તારું નામ શું?'

જુવાન બોલ્યો, 'ચ ર ક.'

ચરક અને સુશ્રુત નામથી પ્રાચીન ભારતમાં જે બે વિદ્વાન વૈદરાજ થઈ ગયા તેમાંનો જ આ ચરક. અશ્વઘોષના ઉપદેશને પરિણામે તે બૌદ્ધધર્મનો સાધુ થતો મટ્યો ને એને હાથે ભારતવર્ષની વૈદ્યવિદ્યાની અભિવૃદ્ધિ થઈ.

**સા**માન્ય માણસ રોજિંદા જીવનમાં કલાનું રસદર્શન કઈ રીતે કરી શકે તે નિરૂપતી બેત્રણ લેખમાળાઓ સ્વ. ડૉ. હરિપ્રસાદે 'કુમાર'માં લખેલી. તેમાંની એક 'ગીતસુધા'માં એમણે કાવ્ય ને સંગીતે પોતાના જીવન પર કરેલી સચોટ અસરના પ્રસંગો ટાંકેલા. તેમાંનો એક પ્રસંગ એનું મહત્ત્વ આપમેળે બોલે એવો છે:

એકવર્ષે પ્રાર્થનાસમાજમાં સ્વ.ડૉ.ભાંડારકરનું કીર્તન બહુ સરસ થયું હતું.

'ચલતી ચક્કી દેખકે, દિયા કબીરા રોઈ,
દો પટ ભીતર આય કે, સાબિત રહા ન કોઈ.'

એક વખત કબીર ઘંટીમાં દળાતા દાણા જોઇને રોઈ પડયા. એમણે વિચાર્યું કે આ બધા દાણા ઓરાય છે ત્યારે આખા હોય છે, પણ બીચારા બે પડની વચ્ચે આવ્યા કે દળાઈ જાય છે. એક પણ સાબૂત–આખો નથી રહી શકતો. સંસારમાં પણ એમ જ થાય છે. સંસાર રૂપી ઘંટી બધાને દળી નાખે છે!

એ વખતે ગુરુ એને સાન્ત્વન આપે છે ને ઘંટીનાં પડ ઊંચાં કરાવી ખીલડાને વળગી રહેલા થોડાક દાણા આખા રહ્યા છે તે બતાવીને એને કહે છે કે 'સંસાર-ચક્રમાં ફરતાં જે થોડા જીવો આમ પ્રભુને વળગી રહે છે તે દળાઈ નથી જતા. માટે તું રો નહિ.'

ડૉ. ભાંડારકર સૂર્ય જેવા પ્રખર વિદ્વાન હતા. એમની તેજસ્વી વિદ્વત્તાનો લાભ લેવા જેટલી મારામાં શક્તિ નહોતી; પરંતુ ફક્ત આ એક કીર્તન–અને એ કીર્તનમાંથી પણ ઉપર આપેલી કબીરની કથા મારે માટે બસ હતી.એટલા ભાથાથી તો મારી આખા જીવનરૂપી મુસાફરીમાં હરકત પડી નથી.

**ચ**રિત્રનિરૂપણમાં 'કુમાર' હમેશાં અગ્રણી જ નહિ પણ અનન્ય રહ્યું છે. પચ્ચીસ વર્ષ પહેલાંના અંકમાં આવેલું ગુજરાતના વિખ્યાત વિજ્ઞાનશાસ્ત્રી સ્વ. ત્રિભુવનદાસ ગજ્જરનું ચરિત્ર તો એટલું વ્યાપક છે કે અહીં તે ઉતાર્યું જાય એમ નથી; પણ એ જ અંકમાં રશિયન લેખક મૅક્સિમ ગૉર્કીનું આપેલું ચરિત્ર સચોટતા અને લેખન-લાઘવની શૈલીના એક સુંદર નમૂના તરીકે પણ ઉતારવા જેવું છે:

રશિયાનો સામાન્ય પ્રજાવર્ગ જેને પોતાના જીવનનું હૂબહૂ, સત્ય ને વેધક પ્રતિબિંબ આલેખીને જગત સમક્ષ ધરનાર સમર્થ સાહિત્યકાર તરીકે સન્માને છે તે મૅક્સિમ ગૉર્કીના નામનો અર્થ 'કડવો મૅક્સિમ' એવો થાય છે. પરંતુ એ તો એનું તખલ્લુસ છે. એનું ખરું નામ તો ઍલેક્સે મૅક્સિમૉવિચ પેશ્કૉફ. પણ નીચે આપેલું ટૂંકું જીવન બતાવે છે તે પ્રમાણે શરૂઆતની જિંદગી જે હાડમારીઓ ને જહેમતોમાં એણે ગાળી તેની કડવી અસરને લીધે એણે એવું વિચિત્ર તખલ્લુસ પસંદ કર્યું (રશિયન ભાષામાં ગૉર્કી એટલે કટુ). અને તેથી જ એનાં શરૂઆતનાં લખાણોમાં જીવન પ્રત્યે કડવું વલણ જોવામાં આવે છે.

પાંચ વર્ષના મૅક્સિમને નિજની-નૉવગૉરોડના ભર્યા ગામમાં અનાથ મૂકીને એનો ગરીબ કારીગર બાપ ગુજરી ગયો, ને એ અનાથતામાં ઉમેરો કરી માતાએ પુનર્લગ્ન કર્યું એટલે નાનો મૅક્સિમ માતામહને ત્યાં મોટો થયો. પણ એ ગરીબ રંગરેજને ઘડપણમાં મોટા કુટુંબનું પોષણ કરવાના વાખા પડતા ગયા અને અંતે મૅક્સિમને જાતે જ પોતાનું ભરણપોષણ કરી લેવાનો વખત આવ્યો. તે પછીનાં પંદર વર્ષ એણે શી રીતે વિતાવ્યાં તે એનું મન જ જાણે છે. પેટનો ખાડો પૂરવા એણે ચીંથરાં વીણવાનો, ફળફળાદિની ફેરી કરવાનો, ગોદીની મજૂરીનો, ભઠિયારાનો, મૂર્તિઓ રંગવાનો, દેવળના ગવૈયાના મદદનીશનો, વકીલની ગુમાસ્તીનો,–એવાએવા ચિત્રવિચિત્ર ધંધા કરવા પડયા. એ પંદર વર્ષમાં આવી વિવિધ રોજી મેળવવા એ નિજની નૉવગૉરોડથી માંડીને ડાન્યૂબ તથા જ્યૉર્જિયા–કૉકેસસ સુધીનો પૂર્વ અને દક્ષિણ રશિયા આખો ખૂંદી વળ્યો. અને એ દરમ્યાન અનેક વખા એને વેઠવી પડી.

બાળપણની અનાથતા અને આ ત્રાસભરી ગરીબાઇમાં એને શાળાનું શિક્ષણ તો પૂરું ક્યાંથી જ મળ્યું હોય? થોડું વાંચતાં લખતાં શીખેલો. પણ સાહિત્યનો ઊગમ અંતરમાંથી થાય છે, યુનિવર્સિટી-શિક્ષણમાંથી નહિ. ઊગતી અવસ્થામાં જ કિશોર ગૉર્કીને એવો ગુરુ મળ્યો જેણે એના અંતરના દરવાજા ઉઘાડી નાખ્યા. વૉલ્ગા નદીની એક હોડી ઉપરના એક રસોયા પાસે ગૉર્કી નોકર રહેલો. તેણે એને વાચનનો રસ લગાડયો. એ રસોયા પાસે ઘણાં જ સુંદર પુસ્તકોનો સંગ્રહ હતો. તેમાંથી એ રોજ ગૉર્કીને કંઈ ને કંઈ વાંચી સંભળાવતો. ગૉર્કીની જ્ઞાનપિપાસા ઉત્તેજિત થઈ અને એ તૃષાને તૃપ્ત કરવામાં, એને કદી કોઈ શાળા ન આપી શકત એવી કેળવણી મળી.

જુવાન ગૉર્કીનું બીજું ઘડતર કર્યું કઝાન ગામના રામસ નામના એક ભઠિયારાએ. અઢાર વરસની ઉંમરે ગૉર્કી એને ત્યાં ભઠિયારું કરવા નોકર રહેલો. ગૉર્કીથી પંદર વર્ષે મોટો રામસ બહુ તેજસ્વી બુદ્ધિનો ને મધુર આદમી હતો. એની અસરથી ગૉર્કીનું સંગીન ચારિત્ર્યગઠન થયું.એને ત્યાં જ ગૉર્કી પહેલો ક્રાંતિકારી ચળવળના પ્રસંગમાં આવ્યો.રામસ એ ક્રાંતિમંડળનો અગ્રણી હતો ને તેની દુકાનમાં રોજ રાત્રે મંડળની બેઠક મળતી. ભઠિયારાનો ધંધો એટલે રાત્રે ભઠ્ઠીઓ તો સળગતી જ હોય; એ જ કારણે સત્તાધીશોની શંકામાંથી એ મંડળ બચી જવા પામતું, અને રોજ એ ભઠ્ઠીઓના ભડકાને ઓથે રહી સિતમગારોના જુલમોને ગાળવાની બીજી પ્રચંડ જ્વાળાઓ ચેતાવતું.

તે પછીના વર્ષે સહૃદય માનવતાથી પ્રેરાઇને વહોરેલી જે ઘાત ગૉર્કીને માથે ગઇ તેણે એના શરીરના બધેબંધ તોડી નાખ્યા ને એને જીવનભરનો માંદલો બનાવી દીધો. દક્ષિણ રશિયાનાં ગામડાંઓમાં તે ભટકતો હતો એવામાં એક ગામને પાદરે કેટલાક ખેડૂતો એક સ્ત્રી પર સામાજિક સજાનો અસહ્ય જુલમ ગુજારતા તેણે જોયા. કોઈ ખેડૂતની એક સ્ત્રીને બેવફા થવાના ગુનાહ બદલ, તેમની અનાદિ કાળથી ચાલી આવેલી શિક્ષાની પરંપરા મુજબ,ગાડાને ઠૂંઠે તેનો ચોટલો બાંધીને પછી ગાડાને તોફાની ઘોડા જોડી સ્ત્રીને ઘસડતા ઘસડતા બીજે ગામ લઈ જવાની તેઓ તૈયારીમાં હતા. ગૉર્કીથી આ સિતમ સહ્યો ન ગયો. પેલી સ્ત્રીના રક્ષણ માટે તે એકલે હાથે ગામલોકોની સામે થયો, અને પરિણામે, ક્રોધે ભરાએલા આખા ગામે–બસો ત્રણસો માણસોએ તેના પર તૂટી પડીને નિર્દયપણે તેને બેશુમાર માર માર્યો. તેની પાંસળીઓ બધી ભાંગી ગઈ; તેનાં બંને જડબાંનો ચૂરો થઈ ગયો. મારથી અધમૂઆ ને મૂર્છિત બનેલા ગૉર્કીને મરી ગએલો ધારી તેમણે ગામ બહાર ખાઈમાં ફેંકી દીધો. ત્યાંથી બીજે દહાડે કોઇએ એને ઇસ્પિતાલમાં પહોંચાડયો. લાંબી મુદતે તે સાજો તો થયો, પણ મારથી ફેફસાં પર થએલા નુકસાનને લીધે તેને જીવનભરનો ક્ષય ચોંટયો.

રખડપાટ તો ચાલુ જ હતો. ધંધાઓ બદલાયા કરતા હતા. શૅલિયાપાઈન જોડેની મિત્રાચારીને લીધે(અને બેકાર હોવાથી પેટ પૂરવા) ગાતાં આવડતું ન હોવા છતાં તેની સાથે તે કઝાનની નાટકશાળાના ગાયકમંડળમાં નોકરીએ રહ્યો. આ દરમ્યાન વાચન ચાલુ જ હતું

(અનુસંધાન પૃ. ૪૦૩ ઉપર)

# દુષ્યન્ત બીજો

રેડિયો-નાટિકા ★ જયન્તીલાલ કા. પટેલ

**પ્રવક્તા :** તમને જરા વિચિત્ર લાગશે, પણ વાત સાવ સાચી છે. માત્ર તર્કશાસ્ત્રની દૃષ્ટિએ વિચારો તો તદ્દન સાચું ન પણ લાગે; તો એમ માની લો કે કાગનું બેસવું ને ડાળનું પડવું એમ બન્યું. ગમે તેમ હોય, પણ બન્યું. જૂની સંસ્કૃતિ ને નવા વાતાવરણનું દંગલ મારી આંખ સામે જામી રહ્યું છે. વાત જાણે એમ બની કે ... ... ... ... (ગાડી ઊપડવાનો અવાજ)

દુષ્યન્ત : મેં તમને બે વાર કહ્યું કે હું કવિ કાલિદાસવાળો દુષ્યન્ત નહિ; હું તો મારા બાપ કાલિદાસનો દુષ્યન્ત. આ હમણાં જે ગાડી ઊપડી તેમાં મારી પત્ની ગઈ. તેનું આ રૅશન-કાર્ડ. હા જી, શકુન્તલા એ તેણીનું જ નામ. ને સર્વદમન તે મારો પુત્ર. બહારગામ ગએલાંઓનાં રૅશન કાર્ડ અનામત મૂકવાં જોઇએ તે મુજબ આ બંને કાર્ડ મેં આપને સ્ટેશન ઉપર અનામત મૂકવા આપ્યાં. બસ ત્યારે, સાહેબ, મારું કામ પતી ગયું. અને હાં, છેલ્લી એક વાત : મહાકવિ કાલિદાસ ને મારા બાપ કાલિદાસમાં એક વાતનું સામ્ય છે. બેમાંથી કોઈ જીવતું નથી!

*

**પ્રવક્તા :** એ દિવસે પત્નીને અને પુત્રને મુંબઈ ગામમાંથી ઘેર વિદાય કરી આવીને હું ખુરશીમાં બેઠો, અને મારી આંખ સામે એક ચિત્ર ધીમેધીમે તાજું થવા લાગ્યું. મારા એ દિવસો...કૉલેજથી પાછા વળતાં પહેલી વખતે ઝાંપા બહાર સાઈકલ મૂકી હું...

*

દુષ્યન્ત : 'આશ્રમ કુટીર' આ છે કે સાહેબ?

શકુન્તલા : કોનું કામ છે? 'આશ્રમ કુટીર' આ જ બંગલાનું નામ છે.

દુષ્યન્ત : મુનિલાલ માસ્તર ઘેર નથી?

શકુન્તલા : બાપુજી માટે પૂછો છો? એ તો કૉલેજ ગયા છે.

દુષ્યન્ત : હા જી, હું મુનિમહારાજનો શિષ્ય છું. ઘેર નથી? ક્યારે મળશે? ચાલો, કાંઈ નહિ, મને જરા પાણી પાશો?

*

**પ્રવક્તા :** આ હતી અમારી પહેલી મુલાકાત. કાલિદાસના 'શાકુન્તલમાં' જેવું આશ્રમનું વર્ણન છે, તેવું જ મનમોહક વાતાવરણ હતું. સિમેન્ટથી બાંધેલી આ 'આશ્રમ કુટીર'નું માત્ર હરણોને બદલે પાડોશીઓના બેચાર છોકરાઓ ચડ્ડી પહેર્યા વિના અહીંતહીં આંટા મારતા હતા. અને...ઘડામાં પાણી લાવવાને બદલે એ લોટામાં પાણી લઈને આવી.

શકુન્તલા : અરે, તમારું ધ્યાન ક્યાં છે? આ પાણી તો પ્યાલામાંથી ભોંય પર ચાલ્યું.

દુષ્યન્ત : ઓહ! મારું ધ્યાન બીજે જ હતું. કેવી શોભા છે આશ્રમ કુટીરની!

શકુન્તલા : તમને આ આશ્રમ ગમ્યો?

દુષ્યન્ત : મને તો આ આશ્રમ પણ ગમ્યો અને આશ્રમવાસીઓ પણ ગમ્યાં. (બારણા ઉપર ટક્ ટક્ અવાજ)

શકુન્તલા : કોણ... કોણ છે? ઓહ, કોણ અનસૂયા? અરે અનસૂયા, જરા અંદરના ઓરડામાં આવ ને, મારે તારું કામ છે.

અનસૂયા : હા ચાલ ને આવું છું. અરે કોણ દુષ્યન્તભાઈ? કેમ છો?

દુષ્યન્ત : બહુ સારું છે.

શકુન્તલા : (ધીમેથી) અનસૂયા, આ કોણ?

અનસૂયા : કેમ? તેં આમને ન ઓળખ્યા? આ તો દુષ્યન્ત. અમારી કૉલેજમાં 'શાકુન્તલ' નાટકમાં એ દુષ્યન્તનું પાત્ર ભજવતા હતા.

શકુન્તલા : ત્યારે એ નાટકમાં શકુન્તલા તો તું જ બની હોઈશ!

અનસૂયા : હવે એમ કહીને દુષ્યન્તની શકુન્તલા ન બની શકવાનો બળાપો ન કરીશ.

શકુન્તલા : હું તો જીવનમાં એની શકુન્તલા બનું એવી છું. એવો ખોટો બળાપો હું કરું એમ નથી. પણ માણસ કેવો નફ્ફટ છે.

અનસૂયા : એ તો બધા જ પુરુષો નફ્ફટ!

શકુન્તલા : પણ આ તો ખરેખર નિર્લજ્જ છે.

અનસૂયા : કેમ? તેણે તારી સાથે લગ્ન કરવાની માગણી કરી?

શકુન્તલા : એવું તો કાંઈ નહિ, પણ એક અજાણી છોકરી સમક્ષ એ કહે (ચાળા પાડતાં) આશ્રમની શોભા કેવી છે! અને પછી કહે છે આશ્રમવાસીઓની શોભા પણ મને ગમી! મને તો થયું કે આ માણસનું એવું તો અપમાન કરું કે લોકો કહેવા માંડે–'શું થયું, શું થયું ભાઈ? કોણે ચંપલ મારી?'

અનસૂયા : નફ્ફટ! તને એ ગમે છે અને પાછી મારી પાસે નિર્દોષ હોવાનો દાવો કરે છે? સારું, પણ તેં મને અંદર શું કામ બોલાવી?

શકુન્તલા : અમસ્થી જ.

અનસૂયા : હં...અં...હું બધું જ સમજું છું. (બે ય હસે છે.) ચાલ હવે, બહાર ચાલ. બીચારો એકલો બેઠો હશે.

દુષ્યન્ત : (શ્લોક વાંચે છે)...अहो चेष्टा-प्रतिरूपिका कामिजनमनोवृत्तिः। કેમ હસો છો?

અનસૂયા : દુષ્યન્તનો પાઠ તે કાંઈ દુષ્યન્તની ચોપડીમાં જોઇને બોલવો પડતો હશે?

દુષ્યન્ત : મહાવિદ્યાલયમાં ભણતા હોય તે કોઇ સ્વાભાવિકરીતે કશું જ બોલી ન શકે. એમને તો બધું ચોપડીમાં જોઈને જ બોલવું પડે. કેમ કાંઈ બોલતાં નથી? હું તમને કહું છું, શકુન્તલા.

અનસૂયા : એ શું બોલે? એ તો બીચારી શરમાય છે!

દુષ્યન્ત : ચાલો ત્યારે; લ્યો આ તમારી 'શકુન્તલા' સંભાળી લો. પાછાં ગળે પડતાં નહિ. અલબત્ત, હું તો આ ચોપડી 'શકુન્તલા' માટે કહું છું. પાછી શોધાશોધ ન કરતાં. આવજો ત્યારે આવજો... શકુન્તલા બેન.

શકુન્તલા : (ધીમેથી) અલી અનસૂયા, આ તો ચાલ્યા! કાંઈક એવું કર ને કે જેથી આપણે એમને બોલાવ્યા નથી, છતાં એ એમ સમજે કે આપણે એમને બોલાવ્યા છે.

અનસૂયા : કેવી પક્કી છો! ભલે, મને એક વિચાર સૂઝે છે. પેલી રેકર્ડ મૂકીએ (રેકર્ડ મૂકે છે, 'જોગી મત જા, મત જા...મત જા')

**પ્રવક્તા :** અને આમ પહેલી વખતે શકુન્તલાનો જે પરિચય થયો તે અનસૂયા સાથેની કૉલેજની મિત્રાચારીના પરિણામે પછી લગ્નમાં પરિણમ્યો. લગ્ન લેવાયાં ત્યારે ખબર ન હતી કે આટલા સુખેથી જે લગ્ન લેવાઈ રહ્યાં છે તે...

બ્રાહ્મણ : ॐ स्वस्थाये शुभस्य...... વરકન્યા સાવધાન! ભાઇ, બેનનો હાથ ઝાલો.

દુષ્યન્ત : મહારાજ તમે મને કહો છો?

બ્રાહ્મણ : હા હા! તમને જ. તમારે એ બહેન ન થાય એ મને ખબર છે. પણ અમારે તો રોજ લગ્ન કરવાનાં, એટલે આદતનું જોર.

દુષ્યન્ત : શું કહ્યું? લગ્ન એટલે આદતનું જોર.

બ્રાહ્મણ : ના ભાઇ ના, આ અમારે રોજ શ્લોક બોલવાની આદત ને, એ આદતનું જોર. ॐ स्वस्ति शुभस्य (શરણાઈની રેકર્ડ)

**પ્રવક્તા :** લગ્નની વિધિ થઈ ને વરકન્યા ઘેર આવ્યા બાદ પેલો રૂપિયો અને સાત સોપારી રમવાનો વિધિ આવ્યો ત્યારે...(થાળીમાં રૂપિયો અને સાત સોપારી ખખડે છે અને ગીત ગવાય છે–)

આજકાલનાં શકુન્તાબેનને
રૂપિયા રમતાં આવડ્યા.
આવડા મોટા દુષ્યન્તભાઇને
રૂપિયા રમતાં ન આવડ્યા.

અને ખરેખર, એ ફટાણાની ઠેકડી લગ્ન પછી જાણે સાચી પડવાની હોય એવું લાગ્યું! જ્યાં જ્યાં નોકરી શોધવા ગયો ત્યાંથી એક જ જવાબ મળતો : જુઓને, તમે તો જાણો

છો, હમણાં મંદીનું મોજું ફરી વળ્યું છે. લડાઇનો કમાવાનો જમાનો ગયો. હમણાં તો જાણે, જુઓને, અમારે ત્યાં માણસ છે. જરૂર પડયે કાગળ લખીશું. તમે તકલીફ ન લેશો. 'નોકરીનો સાર, સંગ્રહ', આવાં અનેક વાક્યો ભેગાં કર્યાં પછી હું ઘેર આવ્યો.

શકુન્તલા : દુષ્યન્ત.

દુષ્યન્ત : બોલો, શકુન્તલે!

શકુન્તલા : એમ મશ્કરી શું કરો છો?

દુષ્યન્ત : નાયિકાની સાથે નાયક હાસ્ય, વિનોદ ને ગોષ્ઠિ કરે એ જમાનો તો ગયો.

શકુન્તલા : તમે આવું બોલો છો ને મને કાંઈનું કાંઈ થાય છે.

દુષ્યન્ત : એમાં તમને કાંઈ થવાની કશી જ જરૂર નથી શકુન્તલા, નોકરી નહિ મળવાથી મને કંઇ કંઈ થવાનું ક્યારનું શરૂ થઇ ગયું છે.

શકુન્તલા : તો હવે શું કરીશું?

દુષ્યન્ત : હવે તમે અહીં આશ્રમ કુટીરમાં વૃદ્ધ માતાપિતાની સેવા કરો. આ પ્રાણીઓ કે જેમને તમારી તરફ મમતા છે તે બધાંને સાચવો. હું જાઉં છું.

શકુન્તલા : ક્યાં?...મને એકલી મૂકીને?

દુષ્યન્ત : શોક કરવાનું કાંઇ કારણ નથી. તમને ખરેખર 'ઘરવાળાં' બનાવવા જાઉં છું.

શકુન્તલા : ત્યારે હાલ હું 'ઘરવાળી' નથી?

દુષ્યન્ત : ના. અત્યારે તું 'વરવાળી' છે ઘરવાળી નથી. હું જ્યારે કમાતો થઈશ અને આપણે જ્યારે સાથે રહીશું ત્યારે તું ઘરવાળી થઈશ... (જનાન્તિકે) અરે દૈવ! તેં પણ શું ધાર્યું છે? એ જ્યારે મહામહેનતે ઘરવાળી થઈ સંપત્તિવાળી થશે ત્યારે હું સંતતિવાળો થઈશ. ખરું કહ્યું છે કે દૈવને પહોંચી વળવા મનુષ્ય અસમર્થ છે!

શકુન્તલા : શું કહ્યું, દુષ્યન્ત?

દુષ્યન્ત : કાંઈ નહિ, શકુન્તલા. એ તો હું મારી જાતને કહેતો હતો. આજે રાતની ગાડીએ હું મુંબઈ નોકરી માટે જાઉં છું અને પછી...(ગાડી ઊપડવાનો અવાજ)

*

**પ્રવક્તા** : સાહેબ, મુબઈમાં તો હું આવી ગયો. જવાનીના જોરે ને અકસ્માતની અડફેટમાં મને નોકરી યે મળી. પણ હવે ઘરનું શું? છેવટે એક વિચાર આવ્યો : અમારા વૃદ્ધ કરસનકાકાને મળવાનો. હું કાકાને મળવા ગયો.

*

કાકા : કેમ દુષ્યન્ત? આવ ભાઇ, હમણાં શું કામધંધો કરે છે?

દુષ્યન્ત : કામ તો કાંઈ નથી કરતો; નોકરીની શોધમાં છું. હોય તો બતાવો.

કાકા : જો ભાઈ, ટાઈમ બહુ ખરાબ આવી ગયો! અમારા વખતમાં તો...

દુષ્યન્ત : કાકા! હું તમારા વખતની વાત સાંભળવા નહિ પણ મારા વખતની વાત સાંભળવા આવ્યો છું. પૈસો કે ઘર કમાઇને મેળવાય એવો કોઈ રસ્તો હોય તો મને કહો.

કાકા : જો ભાઈ, એમાં એક જ રસ્તો રહ્યો છે. કોઇ એવો સસરો શોધી કાઢ કે જેની પાસેથી ઘર પણ મળે, અને પૈસો પણ મળે.

દુષ્યન્ત : સસરો તો મેં શોધી કાઢ્યો છે—કાકા—

કાકા : તો તો ઘર પણ મળશે ને પૈસો પણ.

દુષ્યન્ત : ઘર તો જાણે મળે એમ નથી, કેમ કે મારા સસરા એમના સસરાને ત્યાં રહે છે.

કાકા: ફટ્ રે ભૂંડા! આવાને ત્યાં શું પરણ્યો? હવે તો કમાવું કઠણ છે. મેં પણ સસરો શોધવામાં ભૂલ કરી અને પાછલી ઉંમરે હવે માત્ર ઘરભાડા પર ગુજારો કરવાનો વખત આવ્યો છે.

દુષ્યન્ત : એટલે? એટલે કાકા?

કાકા : એટલે કે મારો ખર્ચ ઝાઝો છે અને આ જૂના ભાડાનો બ્લૉક છે. એટલે પેટાભાડે આપીને ચલાવું છું. તું આ ઓરડી વાપર, ને ભાડું પહોંચતું કરજે.

દુષ્યન્ત : પારકાનું દુઃખ જોઇને આમ આજે ભાગ પડાવનારે ક્યાં છે, કાકા? ચાલુ મહિનાનું ભાડું આજથી જ લઇ લો, કાકા.

કાકા : ભલે ભાઈ; પણ દુષ્યન્ત, કોણ જાણે કેમ, મારા માથા પરથી ચિંતાનો બોજ દૂર થતો જ નથી.

દુષ્યન્ત : એ તો એમ જ છે, કાકા. મહાકવિ કાલિદાસ આજે જીવતા હોત તો એમણે પણ લખ્યું હોત કે गृहं च कन्या परकीय एव— એટલેકે ઘર ને સ્ત્રી બંને પારકી વસ્તુ છે; અને બીજાને આપવા છતાં આપનારની ચિંતા કદી ઓછી થતી નથી.

*

**પ્રવક્તા:** આમ ઘર મળ્યું એટલે મેં ઘેર કાગળ લખ્યો. એમાં ગયા જન્મમાં આપણે પુણ્ય કર્યાં હશે તેનો ઉલ્લેખ કરી ઘર કેવી રીતે મળ્યું તેનો ઉલ્લેખ કર્યો. પરમેશ્વર આપણને સુખી જોવા કેટલો બધો આતુર છે તે પણ લખ્યું. ઘર મળ્યાની ખબર આપતાં તે આવી પણ ખરી! અમે સુખેથી નહિ પણ સંકડાશથી રહ્યાં પણ ખરાં, ત્યાં તો એક દિવસ કંઈક થયું...

*

કાકા : એ ના ભઈ.... મારા ઘરમાં એવી ધાંધલ જોઇએ નહિ.

દુષ્યન્ત : આમાં ધાંધલ નથી, કાકા. તમે અમને ઓરડી આપી છે અને તમે કહેશો ત્યારે ખાલી કરી આપશું.

કાકા : હું તો કહું છું આજ અને અબઘડીએ જ ખાલી કરો. ઘર મારું છે. નહિ તો આ બધો સામાન ઊંચકીને રસ્તાભેગો કરી દઈશ.

**પ્રવક્તા** : અને સાહેબ, સામાનને રસ્તા ઉપર જોવો એના કરતાં રેલવેમાં જોવો મને ઉચિત લાગ્યું. એટલે આપણે તો એ દિવસે સામાન, શકુન્તલા અને સર્વદમનને મુંબઈ સ્ટેશન પર જનતા એક્સપ્રેસમાં વિદાય કરી સ્ટેશન ઉપર રૅશન કાર્ડ આપીને સીધા જ લૉજમાં પાછા ફર્યા. સંન્યાસી થવા માટે મરજિયાત પણ હરદ્વાર જવું પડે એવું કાંઈ નથી. ફરજિયાતપણે તમે મુંબઈમાં પણ સંન્યાસી થઈ શકો છો. આ વાત બની ગયે દોઢબે વરસ વીતી ગયાં ને આ બાજુ શકુન્તલાની સ્થિતિ.

*

પ્રિયંવદા : અરેરે! ખરેખર આવી ઘટના ખૂબ શોચનીય છે. મને તો લાગે છે કે શકુન્તલાએ કાંઈક પાપ કર્યાં હશે.

અનસૂયા : ખરી વાત છે! નહિ તો આમ બે વર્ષ થયાં અને હજી એના પતિ તરફથી કાંઈ બોલાવવાનું કહેણ પણ ન આવે?

પ્રિયંવદા : અલી અનસૂયા પણ તેં એનું શરીર જોયું? કેવું પીળા પાંદડા જેવું થઈ ગયું છે!

પ્રિયંવદા : ખરી વાત તો એ છે કે પુરુષનો વિશ્વાસ જ નહિ. અને તેમાં યે પુરુષ નોકરી શોધવા જાય ત્યારે તો નહિ જ. બીચારી શકુન્તલા! પણ અનસૂયા, આવતી કાલે હવે શકુન્તલા તેના પતિને ઘેર જાય છે તે સાંભળ્યું?

અનસૂયા : આ આવી શકુન્તલા. તેને જ પૂછીએ.

(શકુન્તલા આવી એકદમ રડે છે.)

પ્રિયંવદા : કેમ રુએ છે શકુન્તલા?

અનસૂયા : એમાં પૂછે છે શું? એક તો સગાંવહાલાંને છોડવાનું દુઃખ અને બીજું પતિ સ્વીકારશે કે નહિ તે આશંકા!

પ્રિયંવદા : બધાં સારાં વાનાં થઈ જશે, શકુન્તલા. જે થવાનું હતું તે થઈ ગયું.

અનસૂયા : થવાનું હતું એ થઈ ગયું એની ચિંતા નથી. ન થવાનું થશે એની ચિંતા છે.

પ્રિયંવદા : જો શકુન્તલા, આ મુનિ માસ્તર આવ્યા. એમને નમસ્કાર કર અને જવાને માટે આશીર્વાદ માગ.

મુનિ: જાઓ બેટા, સુખી થાઓ! તું પતિની થજે પણ પતિને તારો જ ન બનાવતી. રસોડાની કાળજી રાખજે ને હિસાબ ડાયરીમાં રાખજે. ખર્ચ ન પોસાતો હોય ત્યારે તું જનાના શોમાં જ ફિલ્મ જોજે, પણ ખોટો આગ્રહ રાખતી નહિ. તારા પતિને નોકરીથી રજા મળે ત્યારે

'તમે તો કાંઈ નહિ કરી શકો' એમ નહિ કહેતાં 'કાંઈ નહિ, ચાલો હવે બીજું કરો' એમ કહેજે. અને શકુન્તલા, બેન, લે આ કવર. મુંબઈમાં ઇન્દ્રદેવ ઊંઝાવાળા મારા મિત્ર છે. એમને આપજે. એ તને બધી મદદ કરશે. આવજે, બેટા! (ગળગળા થઈ જાય છે, અને જરા શીતલ અવાજે) शान्तानुकूलपवनश्च शिवश्च पन्थाः। (ધ્રુસકાં)

અનસૂયા: એમાં આટલો બધો શોક શું કરો છો, માસ્તરકાકા?

માસ્તર: એ વાત સાંભરી આવે છે ત્યારે આંસુ આવે છે, બેટા. લગ્નમાં સુખ નથી, સુખની ઝાંખી છે.

અનસૂયા: ત્યારે નહિ લગ્ન કરેલા બધા શું સુખી છે?

માસ્તર: એ જ તો જગતની વિષમતા છે બેટા, કે લોકો સુખમાં હોય છે ત્યારે સુખની શોધ કરે છે અને એક વાર સુખ છોડયા પછી મેળવવા પ્રયત્ન કરે છે ત્યારે મળતું નથી, ફક્ત ઝાંખી થાય છે. (છોકરાંનો મોટેથી રડવાનો અવાજ)

અનસૂયા: એ કોણ છે? આવા આનંદને વખતે કોણ રુએ છે?

પ્રિયંવદા: એ તો આ પાડોશીનાં છોકરાં બિચારાંને એ વાતનું દુ:ખ છે કે શકુન્તલા ગયા પછી તેમને ફ્રૉક-ચડ્ડી કોણ પહેરાવશે!

*

**અવક્તા:** અને આ બાજુ મુંબઈમાં મકાન શોધતાં શોધતાં મારા દુ:ખની વાત તો કોઈ અજબ બની ગઈ છે. છાપાંમાં રોજ મકાનની અદલાબદલાની ભાડે આપવાની જગ્યા વાંચતાં મારી નજરે નીચેનો પૅરેગ્રાફ ચડ્યો: "ભાડે આપવાની છે 'સ્વર્ગ વિહાર'માં દરિયાની પાળે બે ઓરડીઓ. કુટુંબ વિનાના માણસને પહેલો ચાન્સ. લખો, બૉક્સ નં. ૨૦૨". મારા નિયમ મુજબ જવાબની અપેક્ષા વિના લખેલા પોસ્ટકાર્ડનો મને તો જવાબ મળ્યો: તુરતમાં જ મળી જાઓ. રૂબરૂ વધુ વાતચીત કરીશું. મેં તો 'સ્વર્ગ વિહાર' શોધી કાઢ્યો, અને ઇન્દ્રદેવ આચાર્ય એજ મકાનના માલિક છે ત્યાં સુધીની યે શોધ કરીને ઘંટડી વગાડી. (ઘંટડી વાગે છે, ને બારણું ઊઘડે છે.)

દુષ્યન્ત: ઇન્દ્રદેવ અહીં રહે છે?

ઇન્દ્ર: હા જી, અંદર આવો.

દુષ્યન્ત: તમારી જાહેરખબરના જવાબ રૂપે હું આવ્યો છું.

ઇન્દ્રદેવ: સારું. તમે શો ધંધો કરો છો?

દુષ્યન્ત: હું ધંધાના વિભાગમાં નથી આવતો, નોકરીના વિભાગમાં આવું છું.

ઇન્દ્રદેવ: હાલમાં નોકરી ચાલુ છે?

દુષ્યન્ત: હા જી, હમણાં તો ચાલુ રહેશે એમ લાગે છે. આપ શાનો ધંધો કરો છો?

ઇન્દ્રદેવ: હું જિંદગીના વીમાનું કામ કરું છું.

દુષ્યન્ત: આપને જે ઓરડી આપવાની છે તે ક્યાં છે?

ઇન્દ્રદેવ: તમે પરણેલા છો કે કુંવારા?

દુષ્યન્ત: એટલે કે ઓરડી કોને આપો છો? પરણેલાને કે કુંવારાને?

ઇન્દ્રદેવ: કુટુંબ વિનાના માણસને હું પસંદગી આપું છું.

દુષ્યન્ત: હું પોતે અ-પરિણીત છું.

ઇન્દ્રદેવ: તમે સાચું બોલો છો?

દુષ્યન્ત: જૂઠું બોલવાનું શું પ્રયોજન હોય?

ઇન્દ્રદેવ: તમારા મનમાં એમ હોય કે હમણાં ઓરડી મેળવી લઇએ અને પછી ઘેરથી બધાંને બોલાવીએ.

દુષ્યન્ત: પણ ઘેર કોઈ હોય ત્યારે ને?

ઇન્દ્રદેવ: ત્યારે તમે હજી પરણ્યા નથી, એમ ને?

દુષ્યન્ત: આવા કપરા સંજોગોમાં, તમે જ કહોને, કોણ પરણવાનો વિચાર કરે? તમે તો પરણેલા છો એટલે સમજી શકશો.

ઇન્દ્રદેવ: ખરી વાત છે.

દુષ્યન્ત: ખરી વાતની વાત શી કરવી? અરે સંજોગો એવા છે કે પરણેલા માણસે છૂટાછેડાનો વિચાર કરવો જોઇએ! એણે ભૂલી જવું જોઇએ કે પોતે પરણેલો છે.

ઇન્દ્રદેવ: સાચું કહ્યું. તમે તો પરણ્યા નથી ને?

દુષ્યન્ત: ના જી, ના.

ઇન્દ્રદેવ: ત્યારે જુઓ; તમે પરણ્યા નથી માટે મારે તમને એક વાત કરવાની છે. મારે, જાણે, એક દીકરી છે.

દુષ્યન્ત: મારી ભૂલ થતી હોય તો માફ કરજો. પણ તમે દીકરીની વાત કરો છો કે ઓરડીની?

ઇન્દ્રદેવ: બંનેની. જો તમે દીકરીને સ્વીકારતા હો તો...

દુષ્યન્ત: જે વ્યક્તિને હું ઓળખતો ન હોઉં, જેને મેં નજરે પણ ન જોઈ હોય તેને વિષે હું શું કહી શકું?

ઇન્દ્રદેવ: તમે એને નથી ઓળખતા, પણ એ તમને ઓળખે છે. એની નજરમાં તમે હમેશાં હો છો. એ તમારી જોડે જ ઊછરેલી.

દુષ્યન્ત: અહો! હૃદયને દુર્બળ કરી નાખે એવો પ્રશ્ન સામે આવી પડ્યો છે. (મોટેથી) બનવાજોગ છે એ કૉલેજમાં મારી સાથે હોય.

ઇન્દ્રદેવ: દુષ્યન્ત, તમે બરોબર વિચાર્યું છે. બોલો, તમે શું વિચારો છો? પૈસો, રહેવાનું મકાન અને દીકરી. તમારા બધા પ્રશ્નોનો આકાર પૂર્ણવિરામમાં બદલાઈ જાય છે.

*

**અવક્તા:** બીજી સ્ત્રી વિષે સજ્જને વિચાર કરવો પણ પાપ છે. અહો, પવન નહિ હોવા છતાં પતંગ ચગે છે, તેવી જ રીતે મારો વિચાર નહિ હોવા છતાં મારું મન આ સ્ત્રી તરફ ઘસડાય છે-ઊડે છે. જો એ સ્ત્રીનું મારી સાથે લગ્ન કરવાથી કલ્યાણ થતું હોય તો પરોપકારનો આવો પ્રસંગ શા માટે જવા દેવો? શાસ્ત્રમાં કહ્યું છે કે—

*

ઇન્દ્રદેવ: કેમ? શો વિચાર કરો છો?

દુષ્યન્ત: લગ્નનું કામ એવું છે. એમાં મારે વિચારવું જોઇએ. મારાં માતપિતાની સંમતિ લેવી જોઇએ.

ઇન્દ્રદેવ: વિચારમાં તો, હું જોઉં છું કે, તમારી ઇચ્છા છે. બાકી લગ્ન તમારે કરવાનાં છે, તમારાં માતપિતાએ નહિ.

દુષ્યન્ત: એ વાત ખરી, પણ માતપિતાએ લગ્ન કરેલાં એટલે એમનો અનુભવ કામ આવે.

ઇન્દ્રદેવ: ખરેખર, તમે તો ગમ્મતી લાગો છો! મારી દીકરી આવા માણસ જોડે પરણીને સુખી થશે. (મોટેથી) સાંભળ્યું બેટી, બહાર આવ તો. જો તો, તને મળવા કોણ આવ્યું છે? (ઘૂંઘટ ઓઢેલી એક સ્ત્રી બહાર આવે છે.)

દુષ્યન્ત: અહો! શો રૂપરૂપનો અંબાર છે! ખેર, ગમે તે હો, પણ શરીરના બીજા ભાગોની પેઠે મને એનું મોં જોવા મળ્યું હોત! પણ તેણે તો છેક આંગળ સુધી લાજ કાઢી છે. ખરું કહ્યું છે, સારા ઘરની સ્ત્રીઓ હમેશાં લજ્જાશીલ હોય છે.

ઇન્દ્રદેવ: કેમ શું વિચારો છો? (ગૅંગ)

દુષ્તન્ત: અરે વિચારવું શું? કમળ ફૂલની અંદર ભરાએલા ભમરા જેવી મારી દશા થઈ છે, ન તો હું તેનો ઉપભોગ કરું છું, ન તો હું તેમાંથી છટકી શકું છું.

ઇન્દ્રદેવ: બેટા, તું તારી લાજ કાઢી નાખ, જેથી તેમને વિચાર કરવાનો ટાઈમ ન મળે અને નિર્ણય કરવાની તક ન મળે. (બે ગૅંગ)

દુષ્યન્ત: અરે! આ તો શકુન્તલા!

ઇન્દ્રદેવ: અરે અરે, દુષ્યન્ત, ક્યાં ચાલ્યા?

દુષ્યન્ત: જરા પાણી પીવા.

ઇન્દ્રદેવ: તમને પાણીની જરૂર પડશે એ તો મને ખબર હતી જ. શકુન્તલા, પેલો પાણીનો લોટો આપ.

શકુન્તલા: એક સ્ત્રી હોવા છતાં બીજી સ્ત્રી જોડે પરણવાનો વિચાર કરતાં શરમ ન આવી?

દુષ્યન્ત: એ તો જાણે, એવું થયું.....વાત જાણે, એમ છે... મારો વિચાર એવો હતો કે-

ઇન્દ્રદેવ : અરે ! એમાં આટલા લોચા શું વાળો છો ? કહી દો ને કે દુષ્યન્તરાજા તો એના અંતઃપુરમાં અનેક પત્ની રાખતો હતો, જ્યારે મેં તો હજી ફક્ત એક જ બીજી સ્ત્રીનો વિચાર કર્યો છે. (હસે છે...બધાં હસે છે.)

દુષ્યન્ત : એ ગમે તે હો, પણ આવું બનવું નહોતું જોઈતું.

ઇન્દ્રદેવ : એ કાંઇ તમારાથી બન્યું નથી; આ તો દેવતાનો શાપ હતો.

દુષ્યન્ત : કોનો શાપ હતો ?

ઇન્દ્રદેવ : યુદ્ધનો. જગતમાં યુદ્ધ શરૂ થયું ત્યારથી અનેક વિટંબણાઓ પડી છે. તેમાં આ ઘર ન મળવું એ તો જરૂરિયાતો ન મળવાની અનેક શાખાઓમાંની ફક્ત એક જ શાખા છે. માણસે જ સંજોગો એવા ઊભા કર્યા છે કે **बिडालो गृहीतो मूषकेण निराशोऽस्मि** બિલાડાની જેમ ઉંદર હતપ્રાય થઈ જાય છે. બાકી આમાં બિલાડો પણ માણસ છે અને ઉંદર પણ માણસ છે. ઇન્દ્ર જેમ ઇન્દ્રદેવ પણ છે અને માણસ પણ છે એવી રીતે...

દુષ્યન્ત : બાકી એટલું તો ખરું કે ઇન્દ્રદેવે આશીર્વાદ આપ્યા તો જ અમે સુખી થયાં !

ઇન્દ્રદેવ : ઇન્દ્ર આશીર્વાદ કેમ ન આપે ! એ તો તપસ્વી મુનિ મહારાજના મિત્ર છે. વાંચવો છે આ પત્ર ? એ પત્ર સાથે એણે શકુન્તલાને મોકલી છે.

દુષ્યન્ત: ગમે તે હોય, 'સ્વર્ગવિહાર'માં ઇન્દ્રદેવના આશીર્વાદથી એક કુટુંબ તો સુખી થયું.

ઇન્દ્રદેવ: એ તો 'સ્વર્ગ વિહાર'માં જ, બાકી પૃથ્વી પર તો માણસોના એ જ હાલ હોય છે.

દુષ્યન્ત : ત્યારે પૃથ્વી પર માણસ કોઈ દિવસ સુખી નહિ થાય ?

ઇન્દ્રદેવ : પૃથ્વી પર જ્યારે બધા ઇન્દ્ર થશે ત્યારે એવું બનશે. પણ તે માટે બધા પાસે 'સ્વર્ગ વિહાર' જોઇએ. શકુન્તલા, તારો બધો સામાન તમે લોકો પેલી ઓરડીમાં ગોઠવી દો. અને મુનિ માસ્તરને જણાવી દેજે.

દુષ્યન્ત : શકુન્તલા, આપણો સર્વદમન...

શકુન્તલા : આ શું તમારી પાસે તો ઊભો છે. જો બેટા, બાપુજીને જેજે કર.

દુષ્યન્ત : આમ જો, મારા સામું જો...નહિ જુએ. લે જો સિંહ બોલાવું.

(સિંહ બોલાવે, એ સાંભળી છોકરો રડે છે.)

શકુન્તલા : કાલે મ્યુઝિયમમાં સિંહ જોઇને બહુ રોયો હતો. માંડ છાનો રાખ્યો હતો, ત્યાં વળી તમે- (રોવાનો અવાજ ચાલુ. 'છાનો રહે બેટા, મારો ભાઇ' વગેરે સંભળાય છે.)

**અવક્તા:** આમ, મારો સર્વદમન સિંહના દાંત ક્યારે ગણશે એ ચિંતા જીવનમાં બાદ કરીએ તો અમે બીજી રીતે, મારા ભાઇ, સુખી છીએ એમ કહી શકીએ. નાટકનો અંત સુખી છે. એટલે ભરતવાક્ય વિના પૂર્ણાહુતિ કેમ થાય ?

સર્વશક્તિમાન ને સ્વયંભૂ એવા હે ઈશ્વર, મને જીવનના આ ફેરામાંથી ઝટ બહાર કાઢ.

(સંગીત)

---

**માથાનો દુખાવો** (અનુ. પૃ. ૩૯૧થી)

એવો ખોરાક ખાવો જોઇએ, અગર તો આ વિટામિનો દવાના રૂપમાં લેવાં જોઇએ.

શરદી થઇ આવવાની ઋતુ શિયાળો છે. ઉનાળામાં તે થવાનું કારણ શ્રમ પછી શરીરને એકદમ ઠંડી લાગવાનું છે, અગર તો ધૂળ કે બીજાં કારણોથી પેદા થતી એલર્જી છે. વારંવાર શરદી લાગુ પડતી હોય તો બીજો કોઈ વ્યાધિ હોવાની શંકા રહે છે, માટે શારીરિક તપાસ કરાવવી જોઇએ. શરદીનાં ચિહ્નોમાં નાકમાંથી પુષ્કળ લીંટ નીકળે છે, નાક સજ્જડ થઈ જાય છે, છીંકો આવે છે, આંખોમાંથી પાણી દદડે છે, તાવ સાથે માથું ભારે રહે છે. શરદી એવી હઠીલી છે કે ઉપચારથી મટતી નથી. માટે તો કહેવત પડી છે કે 'શરદી આપોઆપ મટે સાત દિવસમાં, ને દવાથી મટે આઠ દિવસમાં.' શરદીના યોગ્ય ઉપચારના અભાવે માઠી અસરો થઈ આવે છે, જેવી કે સાયનસાઈટીસ, કાનનો ચેપ કે પછી ફેફસાંમાં બગાડો. થોડા દાખલામાં શરદીનું ઝેર પેટમાં જવાથી ઊબકા, ઊલટી અને ઝાડા થઈ આવે છે. શરદી વખતે નાક નસીકવાનું અને સૂંઘવાનું બંધ રાખવું જોઇએ, કારણ કે આમ કરવાથી સાયનસોને ચેપ લાગુ પડે છે. નાકની લીંટ થૂંકી નાખવી સારી, અગર તો ગળવાથી કોઈ નુકસાન થવાની બીક નથી.

નાક સજ્જડ થાય કે પથારીમાં આરામ કરવો જોઇએ. આથી શરદી આગળ વધતી નથી અને માઠી અસરોની બીક ઓછી રહે છે. મધુપ્રમેહના ને ગુરદા-હૃદય-ફેફસાંના રોગીઓએ શરીરનું તાવમાન ૧૦૦ અંશ થાય કે તરત આરામ કરવો જોઇએ. ઓઢીને પગ ગરમ ને સૂકા રાખવા જોઈએ. બેએક દિવસના ઉપવાસ બાદ ફળનો રસ કે જલદી પચે એવો થોડો ખોરાક લેવાનો છે. માથા માટે ઍસ્પિરીન, નાક માટે દવાનાં ટીપાં, ગળા માટે મીઠાના કોગળા અને જુલાબ માટે કાસકેસ સાગ્રેડા કે હિમજ વાપરવાં જોઇએ. શરદીનો કોઈ ચોક્કસ ઉપાય નથી, પણ ઓરીઓમાયસીન ઘણો ફાયદો કરે છે. શરૂઆતમાં બે અને પછી દર છ કલાકે એક કૅપ્સ્યુલ લેખે ચાર દિવસ સુધીનો ઉપચાર છે.

જીર્ણ શરદીવાળાને ઠંડી કે પવનનો સપાટો લાગતાં નાક, ગળું અને સાયનસોની આંતરત્વચાની લોહીની નળીઓ અનિયમિત રીતે લાંબા વખત સુધી સંકોચાઈ રહેવાથી રોગજીવાણુઓને ધામા નાખવાનું સુગમ પડે છે. હાથપગ ને બરડાના ઉપલા ભાગની ચામડીના જ્ઞાનતંતુઓ નાકની લોહીની નળીઓ સાથે સંબંધમાં હોવાથી ડૉ. સ્પાઈઝમન ને આર્નોલ્ડે વિચાર્યું કે 'જો ચામડીની લોહીની નળીઓને પુષ્ટિ આપવામાં આવે તો નાકની આંતરત્વચાની લોહીની નળીઓની અનિયમિતતા તૂટે.' આ માટે એમણે જલોપચાર નક્કી કર્યો છે. રોગીએ સવાર સાંજ બે વખત ગરમ પાણીએ નાહ્યા બાદ તરત જ પગ, જાંઘ, પેટ, છાતી અને પછી બરડા ઉપર ટાઢું પાણી નાખવાનું છે. ઠંડી ચડી જાય ત્યાં સુધી ટાઢું પાણી નાખવાનું નથી. જો ઠંડી ચડી જાય તો તરત ગરમ પાણીથી નાહવું જોઇએ.

આ ઉપરાંત શરદી થવાનું કારણ એલર્જી હોય તો વધારેપડતા સ્ટાર્ચ પદાર્થ તથા ગળપણ ન ખાવાં જોઇએ. ચા, કૉફી, દારૂ ને બીડી પણ વર્જ્ય કરવાનાં છે. (હવે પછી 'સાંધાઓનો દુખાવો')

---

**પચ્ચીસ વર્ષ પહેલાં** (અનુ. પૃ. ૩૯૯થી)

અને લેખનની પણ થોડીથોડી શરૂઆત થઇ હતી. તેનો પરચો પણ તરત મળ્યો. પ્રચલિત ધર્મરૂઢિ સામે કંઈક નીડર લખાણ કરવા માટે પાદરીઓએ તેનો 'ચર્ચ'માંથી મુદતી બહિષ્કાર કર્યો. અને ૧૮૯૭માં, એ મુદત પૂરી થઇ તે જ દિવસે, ગૉર્કી એ જ ચર્ચમાં જઇ પરણ્યો.

૧૮૯૨માં ૨૪ વર્ષની ઉંમરે ટિફ્લિસની રેલવે વર્કશૉપમાં મિકૅનિક તરીકે તે કામ કરતો હતો તે વેળા તેની પહેલવહેલી ટૂંકી વાર્તા એક સ્થાનિક રોજિંદા પત્રમાં પ્રકટ થઈ, મૅક્સિમ ગૉર્કીના તખલ્લુસથી—જે નામે જ આજ આખું જગત એને ઓળખે છે. પણ એને ખરી કીર્તિ તો અપાવી ત્રણ વર્ષ પછી પ્રકટ થએલી 'ચેલકાશ'નામની એની વિખ્યાત નવલિકાએ. ૧૮૯૫માં સેન્ટ પીટર્સબર્ગના એક અગ્રગણ્ય સામયિકમાં તે આવી ને જગતે એની પ્રતિભા બરોબર પીછી. એ વાર્તાએ એને અપૂર્વ નામના અપાવી અને એનું નામ ટૉલ્સ્ટૉય જેવા સમર્થ વિચારકની જોડાજોડ મુકાવા લાગ્યું. બે વર્ષ પછી ૧૮૯૭માં એનો પહેલો વાર્તાસંગ્રહ બહાર પડચો. હથોડા છોડી એણે હવે કલમ પકડી પત્રકારત્વનો ધંધો લીધો; નાટકો, વાર્તાઓ ને છૂટક લેખો પર બાખૂબ હાથ અજમાવ્યો. થોડા જ વખતમાં રશિયાનાસીમાડા ભેદી એનું નામ દેશદેશાંતરમાં પહોંચી ગયું; જગતકીર્તિનો કળશ એને શિર ઢળ્યો.

# કલાવાર્તા

આ અંકના પૂઠા ઉપર, પૂઠાની અંદર નીચે ડાબી બાજુ, તથા અંકની અંદર પૃ. ૩૮૯ પર જે ત્રણ છાયાચિત્રો જેવી કૃતિઓ આપેલી છે તે વસ્તુતઃ કાળા કાગળમાંથી નાની કાતર વડે કોતરી કાઢેલી કલાકૃતિઓ છે. એ વિશિષ્ટ કલાપ્રકારથી 'કુમાર'ના વાચકો અજાણ નથી. આજથી પચ્ચીસ વર્ષ પહેલાં ૮૧મા અંકમાં આવેલા, મદ્રાસના શ્રી ટી. એસ. રાજાની કલાના આવા બે નમૂના ગયા અંકમાં પ્રકટ કર્યા હતા. એ અગાઉ પણ ૩૩૪મા અંકમાં શ્રી રામપ્રસાદ ભૈયાજીના વિવિધ નમૂનાઓનો પરિચય આપતો આખો લેખ પ્રકટ થયો હતો, જેમાં બારીક જાળીકામનો કસબ આગળ પડતો હતો. ઉપર્યુક્ત કૃતિઓ આજથી પચ્ચીસેક વર્ષ પર અર્નેસ્ટ ઑગસ્ટ પોટુચેક નામના, સત્તર વર્ષના એક ચેકોસ્લોવાકિયન કુમારે કરેલી કૃતિઓ છે. કલાકારોની જ પરંપરામાં ઊતરી આવેલા એ કુમારનો દાદો ઐતિહાસિક ચિત્રો ચીતરવા માટે વિખ્યાત હતો, ને એનો પિતા પ્રોફેસર ઑગસ્ટ પોટુચેક ચેકોસ્લોવાકિયાનો જાણીતો એકૅડેમિક પેઈન્ટર (પ્રશિષ્ટ કલાકાર) અને ગ્રાફિક આર્ટસ(મુદ્રણચિત્રણા)નો સિદ્ધહસ્ત કલાકાર હતો; છતાં અચરજ જેવું એ છે કે એને પોતાને જરા યે ચીતરતાં નથી આવડતું! માત્ર કાતરકામમાં પ્રકટી ઊઠેલી એની આ પ્રતિભા એ ત્રણ જ વર્ષનો હતો ત્યારથી ખીલવા માંડી, અને એ તેર વર્ષનો થયો ત્યાં સુધીમાં તો એની કાતરકલાની કૃતિઓ યુરોપભરનાં સામયિકો ને દૈનિકોમાં પ્રકટ થવા લાગી હતી! એની કૃતિઓની સંખ્યા તો હજારોની થવા જાય છે. સોળ વર્ષની વયે તેની કાતરકલાનું પહેલું પુસ્તક બહાર પડ્યું, જેનો વિષય હતો 'હવામાન વિષે ખેડૂતનો ભોમિયો.' એને પોતાના દેશની લોકકથાઓ અને લોકગીતોમાં ખૂબ રસ હોવાથી એમાંનાં ઘણાંખરાં એણે ચિત્રિત કરી નાખ્યાં. તે પછી એણે પોતાનાં મિત્રો માટે કરેલી 'બુકપ્લેટો'ની પોથી બહાર પાડી. ('બુકપ્લેટ' એટલે, પોતાની માલિકીની ચોપડીઓ ઉપર માણસ પોતાનું નામ લખવાને બદલે પોતાના નામ તથા પોતાના કાંઈક ભાવનાપ્રતીકનું સુશોભનાત્મક આલેખન ધરાવતી કાગળની ચકતીઓ ચોડે તે.)



અર્નેસ્ટ પોટુચેકે કાતરેલું પોતાનું 'છાયાકૃત' ને તેની નીચે કાતરેલા બાળકિનામાક્ષરો વગેરે, તે સત્તર વર્ષના કાતરકલાકારનો કસબ દર્શાવે છે.



રાધાકૃષ્ણ: કલકત્તા શહેરની તળપદી કલાશૈલી 'કાલિઘાટ પેઇન્ટિંગ'નો નમૂનો લંડનના જગવિખ્યાત 'વિક્ટોરિયા ઍન્ડ આલ્બર્ટ મ્યૂઝિયમ'ના ચિત્રસંગ્રહાલયમાં ભારતીય ચિત્રોનો એક સમૃદ્ધ સંગ્રહ છે. થોડા સમય પર કૅમ્બ્રિજમાં તેનું પ્રદર્શન યોજાયું હતું, જેમાં ૧૬મીથી ૧૯મી સદી સુધીમાં ભારતમાં ખીલેલી વિવિધ કલાશૈલીની ચુનંદી કૃતિઓ પ્રદર્શિત થઈ હતી. એ ગાળામાં અકબરના કાળથી ફાલેલી મુઘલ શૈલી, રાજપુતાનાની રાજસ્થાની શૈલી, હિમાલયની તળેટીનાં રાજ્યોમાં પાંગરેલી પહાડી શૈલી અને બંગાળની પાલ શૈલીની સાથોસાથ, એની જ પરંપરામાં છેલ્લી પ્રચલિત કલકત્તાની આ 'કાલિઘાટ શૈલી' આવે છે. વિષયનાં મુખ્ય અંગોને બહોળી ઢબે આલેખી કાઢતી એ લોકકલામાં મૂળનાં લાવણ્ય અને ઉઠાવદાર સંયોજનાના અંશો જળવાઈ રહેલા છે.

યુરોપમાં અંગતગ્રંથસંગ્રહ ધરાવનારા શોખીન માણસોમાં આ પદ્ધતિ ખૂબ વ્યાપક છે, અને એવી 'બુકપ્લેટો'ના આલેખનની પણ એક વિશિષ્ટ કલા છે. ત્રીસ–ચાલીસ વર્ષ પર તેનું જ એક ખાસ સામયિક નીકળતું હતું.) એ કલાપ્રકારનો વિસ્તારથી સચિત્ર પરિચય ભવિષ્યમાં આપવાની ધારણા છે.) અર્નેસ્ટ પોટુચેકનાં ઉપર્યુક્ત ત્રણે ચિત્રોનો વિષય છે. 'વસંત'. 'ભારતનાટ્યમ્', 'કથકલી' વગેરેની સાથે આસામના મણિપુર રાજ્યનો 'મણિપુરી'



સુશોભનની બારીક ને દિલચસ્પ ગૂંથણીમાં ઈસ્લામી કળા સદા મોખરે રહી છે. મકાનોનાં શિખર-કાંગરીથી ગ્રંથોનાં પૂઠાં ને હાંસિયા સુધી વિસ્તરેલી એ લીલાનો નમૂનો

નૃત્યપ્રકાર પણ ભારતની ચરમ સીમાએ પહોંચેલી એ કલાનું એક શિખર છે, અને ગુજરાતમાં પણ તેનો ઠીકઠીક પરિચય તથા પ્રચાર થયો છે. એ કલામાં પ્રવીણ બે બહેનો—કુ. સવિતાબહેન તથા કુ.નિર્મળાબહેન મહેતાએ તેની સર્વોચ્ચ કક્ષા સાધીને અનુક્રમે 'નર્તન-આચાર્યા' અને 'નર્તન-વિશારદા'ની પદવી મેળવ્યા બાદ તેમને 'મેઈ-તેઈ-જોગઈ-હાન્જબી' (મણિપુરી નતનની સર્વશ્રેષ્ઠ નૃત્યપ્રવીણા) એવું પદ અર્પણ કરવામાં આવ્યું છે, જે બહુમાન છેલ્લા કેટલા યે સૈકાઓથી મણિપુરી નર્તનમાં કોઇ પણ સ્ત્રીને અપાયું નથી. તેઓ બંને પોરબંદરના સુપ્રસિદ્ધ ધનાઢ્ય અને સખાવતી શેઠ નાનજીભાઇ કાલિદાસની પુત્રીઓ છે. એ પૈકી કુ. સવિતાબહેન મહેતા, પોરબંદર ખાતેના આર્યકન્યાગુરુકુળનાં આચાર્યા છે,ને શિક્ષણના ક્ષેત્રમાંઆગળપડતું સ્થાનધરાવે છે. તેઓ સંસ્કૃત સાહિત્ય, તત્ત્વજ્ઞાન તથા સંગીતનાં પ્રખર અભ્યાસી છે ને લંડન યુનિવર્સિટીનો શિક્ષણનો ડિપ્લોમા પણ એમણે લીધેલો છે. તદુપરાંત ચારે ય ભારતીય નૃત્યશૈલીના જરૂરી અભ્યાસ પછી તેઓ છેલ્લાં આઠ વર્ષથી મણિપુરી નર્તનની સાધના કરી રહ્યાં હતાં, જેમાં મણિપુરી નર્તન તથા તેની પાંચ ભંગીઓનો ખાસ અભ્યાસ કરી તેઓ પ્રથમ વર્ગમાં પ્રથમ સ્થાન મેળવી ઉપર્યુક્ત પદવી પામ્યાં છે. મણિપુરના મહારાજાએ એમને 'દ્વિતીય ઉષા'નું પદ અર્પી બહુમાન કર્યું છે. (ઉષા શ્રીકૃષ્ણનાં પૌત્રવધૂ હતાં,ને હિંદમાંલાસ્યનર્તનનો પ્રચાર સૌપ્રથમ તેમણેકરેલો.)નાનાં બહેનનિર્મળાબહેનબનારસ હિંદુયુનિવર્સિટીમાંથી સંસ્કૃત, અંગ્રેજીતથા સંગીત લઈને બી.એ. થયાં છે, ને લંડન યુનિવર્સિટીમાં સંસ્કૃતનો આગળ અભ્યાસ કર્યો છે. સંગીત, ચિત્ર, નર્તન આદિ લલિત કલાઓનું શિક્ષણ આપતી એક આદર્શ સંસ્થા ઊભી કરવાના એ બંને બહેનોનામનોરથ છે. ઉપર્યુક્તપદવીઓ એમનેઅર્પણકરવાનો સમારંભ શ્રી મોરારજી દેસાઈની અધ્યક્ષતા નીચે થોડા સમય પહેલાં થએલો ત્યારે કુ.સવિતાબહેને આપેલા વ્યાખ્યાનમાંથી તદ્‌વિષયક પ્રસ્તુત ભાગ ઉતારવા જેવો છે:

"પરમાત્માની સૃષ્ટિની સર્વ શ્રેષ્ઠ રચના મનુષ્ય છે.ભગવાને એને વાણીનું અમર વરદાન આપ્યું છે. ઉપનિષદ્ કહે છે 'પુરુષસ્ય વાગ્રસ:' 'પુરુષનો રસ એ એની વાણી છે.'

દૈહિક પ્યાસ સિવાય એક બીજી પ્યાસ પણ મનુષ્યના અંત:સ્થલમાંથી બહાર આવવા માટે તલસી ઊઠે છે. તે કહે છે 'મને વ્યક્ત કરો,–વાણીમાં, સૂરમાં, રૂપમાં, રંગમાં કે નૃત્યમાં.' અને ત્યારે મનુષ્ય પોતાના ભાવ–અભાવની ચિન્તા કર્યા વિના એને અભિવ્યક્ત કરવામાં લીન બને છે. જગતના આજસુધીનાં સુંદર ચિત્રો, અનમૂન મૂર્તિઓ, અદ્‌ભુત નૃત્ય, સરસ સાહિત્ય, અમર કાવ્યો એ 'તદ્–લીનતા'નું જ પરિણામ છે. એ 'તદ્' જ 'રસો વૈ સ:' છે. આમ રસપ્રેરણાથી ઉત્પન્ન થએલી વસ્તુ માનવમાત્રની સંપત્તિ બની જાય છે.

જે કાર્યમાં માણસને આનંદ મળે છે એ કાર્ય તે હોંશેહોંશે કરે છે. બાળકોના શિક્ષણને એવું હોંશભર્યું, સુગમ્ય ને સરસ બનાવવા માટે કલા દ્વારા એ રમણીય કરવું અતિ જરૂરી છે.

અને એવી સર્વાંગીણ શૈક્ષણિક યોજનાઓ ઉપર જ ભારતની પ્રાચીન વિદ્યાપીઠોની રચના થઈ હતી. ભિન્નભિન્ન દેશના દસ–દસ હજાર વિદ્યાર્થીઓને પ્રત્યેક દિશાનું જ્ઞાન આપતી તક્ષશિલાની વિદ્યાપીઠ ખૈબરઘાટથી ઊઠેલી આંધીમાં નષ્ટભ્રષ્ટ થઈ ગઈ, નાલંદાની વિદ્યાપીઠ બળીને ભસ્મીભૂત થઈ ગઈ, તે છતાં તેમણે સર્જેલો ભારતનો આત્મા અમર જ રહ્યો. ફરી પાછા એવા જ સ્વરૂપની રચના કરવા માટે, આપ સૌને મારી વિનંતી છે કે એવી વિદ્યાપીઠની રચના થવી જોઇએ, જેમાં સુંદર દ્વારા સત્ય અને શિવની આરાધના થઈ શકે."



લાસ્યભંગી(મણિપુરી નૃત્ય)માં કુ. સવિતાબહેન તથા કુ. નિર્મળાબહેન

# ટિકિટસંગ્રહ







## ચેકોસ્લોવાકિયાની ટિકિટો

**ચે**કોસ્લોવાકિયાએ બહાર પાડેલી નવી ટિકિટોમાં પશુ પ્રાણી પંખી જંતુનો એક સાદો છતાં ખૂબ ઉઠાવદાર સમૂહ હમણાં પ્રકટ કર્યો છે, જેના ચાર નમૂના આ સામે મથાળે આપ્યા છે: માછલી, પંખી, જંતુ અને પતંગિયું. ક્રીડા-ઉત્સવ માટેની તેની સાદી એકરંગી ટિકિટો પણ કેટલી ઉઠાવદાર છે તે, તેની નીચેની ત્રણ ટિકિટો પરથી જણાશે. તેની નીચેની પાંચ ટિકિટો પૈકી ચારમાં ત્યાંની પ્રજાના વિવિધ વર્ગોના લોકપોશાકો છે, અને એક આ વર્ષે વૉર્સોમાં ભરાએલી 'જગતયુવક-પરિષદ'ના સ્મરણની ટિકિટ છે, જે પર યુરોપીઅન યુવતી અને આફ્રિકન યુવકને શાંતિનો અનુરોધ કરતાં બતાવ્યાં છે. તેમને માથે શાંતિનું કબૂતર ઊડતું દાખવ્યું છે. છેલ્લી ટિકિટ આ વર્ષે જગતભરમાં ઊજવાએલી વાઇ.એમ.સી.એ.(યંગ મેન્સ ક્રિશ્ચિયન એસોસીએશન) સંસ્થાની શતાબ્દી નિમિત્તની ઑસ્ટ્રેલિયાએ કાઢેલી છે, જેના ઉપર મર્કેટર પદ્ધતિના ફેલાવેલા જગતના નકશાને પડખે સફેદ વર્તુલમાં એ સંસ્થાનું પ્રતીક (ઊંધા પિરામિડ જેવો ત્રિકોણ) લાલ રંગે છાપેલું છે. (સવ ટિકિટો ભાઈ શિવજી પી. આશરના સંગ્રહમાંથી)
















## Sauna (સૉના) સ્નાનની ટિકિટો

**મ**ટવાડ(સુરત)થી ભાઈ મોરારભાઈ પટેલ લખે છે: 'સપ્ટેમ્બરના 'કુમાર'માં ફિન્લૅન્ડની રેડ ક્રૉસ ટિકિટો (છેલ્લી લાઈનમાં ત્રણ) પ્રકટ થઇ હતી. ૧૯૪૯માં ફિન્લૅન્ડે ત્યાંના Sauna Bathના સ્મરણમાં એ ચાર ટિકિટોનો સેટ પ્રકટ કર્યો હતો. 'સહસ્ર સરોવરોના દેશ' તરીકે ફિન્લૅન્ડ જેમ ત્યાંનું આ Sauna સ્નાન પણ પ્રખ્યાત છે. ત્યાં જતો કોઈ પણ પ્રવાસી આ સ્નાન કરવાનું ભાગ્યે જ ચૂકે છે. આ સ્નાન આપણા વરાળ સ્નાનને લગભગ મળતું છે. આ સેટમાં ૫+૨ માર્કની કિંમતની ટિકિટ પર એક સ્ત્રી એ સ્નાનમાં વપરાતી અમુક ઝાડની ડાળીઓની ઝૂડી બાંધી રહી છે. એ ઝૂડી વડે સ્નાન કરનારને ધીમેધીમે ઝાપટવામાં આવે છે, જેથી સ્નાન કરનારને પુષ્કળ પરસેવો થાય છે. ૯+૩ માર્કની ટિકિટ ઉપર સ્નાન કરતા નગ્ન માણસોનો દેખાવ છે. ૩૦+૧૦ માર્કની ટિકિટ ઉપર આ સ્નાનથી હળવુંફૂલ શરીર બનાવી સરોવરમાં તરવાની Sauna સ્નાનની છેવટની વિધિ કરવા દોડતો જતો પુરુષ નજરે પડે છે. સ્નાન પછી ઠંડા સરોવરમાં તરવાથી પુષ્કળ ઉત્સાહ ને સ્ફૂર્તિ વધે છે. ફિન્લૅન્ડ જતા પ્રવાસીને આવાં સ્નાનઘર ઘણી જગ્યાએ જોવા મળશે.
















સંતો અને કવિઓની ટિકિટો પૈકી મારી પાસે ૪ આનાવાળી સૂરદાસની એક કોરી ટિકિટ આવી છે. એમાં સૂરદાસની ટોપીની નીચે ગરદન આગળ તલથી સહેજ નાનો એવો સફેદ ભાગ રહી ગયો છે. એક ટિકિટના વેપારીને તેમજ સારા ટિકિટસંગ્રાહકોને એ બતાવી હતી પણ એવી ટિકિટ તેમના જોવામાં આવી નથી. આ ટિકિટ ખરેખર અપ્રાપ્ય છે કે કેમ એ બાબત ટિકિટસંગ્રાહક મિત્રો પ્રકાશ પાડે એવી આશા રાખું છું.' **ઍલ્યુમીનિયમની ટિકિટ:** હંગેરીના પાટનગર બ્યૂડાપેસ્ટમાં ગયા માસમાં ભરાએલી ધાતુઓના ઉદ્યોગની આંતરરાષ્ટ્રીય કૉંગ્રેસમાં એ દેશે ઍલ્યુમીનિયમના બારીક(૦.૦૦૯ મિલિમીટરની જાડાઈના)પતરા પર છાપેલી ટિકિટ બહાર પાડી છે, જે, જગતભરમાં ધાતુ પર છપાએલી પ્રથમ ટિકિટ છે.



અનુસંધાન]...**છુટ્ટી**...[પૃષ્ઠ ૩૮૩થી

તાડનાં વૃક્ષોની ભુલભુલામણીમાં બિલ્લીપગે ઊતરી ગયા. થોડું ચાલ્યા બાદ એક પુરુષે ધીરેથી કહ્યું. 'બસ. મને મળેલી સૂચના પ્રમાણે આ જ જગ્યા છે... અરધા કલાકમાં પાકિસ્તાનથી હોડી આવવી જોઇએ.'

બન્ને નિઃશબ્દ થઈ ગયા અને એક મોટા પથ્થરની આડ લઈ લીધી. થોડી ભારે ક્ષણો પસાર થઈ ગઈ. એટલામાં જરા ખળખળાટ સંભળાયો. એક પુરુષ ધીમેથી બબડ્યો, 'હોશિયાર, હોડી આવતી લાગે છે.'

વસ્તુતઃ થોડી વારમાં એક હોડી નજરે પડી. હોડીમાં એક જ માણસ બેઠો હતો અને ખૂબ સિફતથી હલેસાં મારી રહ્યો હતો. હવામાં સનસનાહટ હતી. હોડી કિનારે આવતાં એ ઊતર્યો અને પક્ષી જેવો સૂચક ચિત્કાર કરવા માંડ્યો. થોડી વારે પાસેની ઝાડીમાંથી બે જણ નીકળી આવ્યા. એકની પીઠ પર કંઈક હતું. એક પછી એક સામાન એ માણસ ઝાડીમાંથી લાવી લાવીને હોડીમાં ગોઠવવા લાગ્યો. પાંચેક મિનિટ આમ ચાલ્યું ત્યાં પથ્થરની ઓથમાંથી સત્તાવાહી પડકાર આવ્યો, 'ખબરદાર!'

કિનારાના ત્રણે માણસોએ અવાજની દિશામાં જોયું. પથ્થર પાછળથી અવાજ આવ્યો, 'ચૂપચાપ ઊભા રહેજો. તલાશી થશે.'

કિનારા તરફના એકે સ્વસ્થતાથી જવાબ આપ્યો, 'લઈ શકો છો.'

પથ્થરની પાછળથી બે પડછાયા સંકોચાતા, સરકતા આગળ વધ્યા. પલકારામાં કિનારા તરફથી એક ગોળી આવી અને પથ્થરની કરચો ઉડાવતી પસાર થઈ ગઈ. જવાબમાં પથ્થર તરફથી થ્રી નૉટ થ્રી ભડકી ઊઠી. એક લાશ પડી. બાકીના બન્ને જંગલમાં પલાયન થઈ ગયા!

થોડી શૂન્ય મિનિટો વહી ગઈ. ગભરાએલાં પક્ષીઓનો ફડફડાટ મંદ થઈ ગયો અને પડઘા શમી ગયા. પથ્થર પાછળથી પડછાયા બહાર આવ્યા. 'રામપ્રકાશ,' જાલિમસિંગે કહ્યું 'પેલો પિસ્તોલવાળો હોડી મૂકીને ભાગી ગયો છે. તું ગફલતમાં નહિ રહેતો, બરાબર હોશિયાર રહેજે. હું જરા પેલા મુડદાની ખબર લઉં છું.'

જાલિમસિંગે પાસે જઈને લાશના ચહેરા પર નજર નાખી. લાલ, ગરમ, જામી ગએલું ખૂન તગતગી રહ્યું હતું. ખૂનથી રંગાઈ ગએલો ચહેરો સાફ દેખાતો ન હતો. એટલામાં રામપ્રકાશ આવી પહોંચ્યો.

બન્નેએ લાશ કિનારે લાવીને મૂકી. રામપ્રકાશે નદીના પાણીથી જામી ગએલું ખૂન સાફ કર્યું. જાલિમસિંગે ટૉર્ચ દબાવી અને મૃત ચહેરો ચમકી ઊઠ્યો. એ જોતાં જ જાલિમસિંગથી એક ભયભીત, વેદનામય ચીસ પડાઈ ગઇ, 'સેવકસિંગ ... ...!'

'મને ખબર ન હતી કે સેવક દાણચોરી કરતો હશે...'

'ખેર, થઈ ગયું જે થવાનું હતું એ. મર્દનું દિલ રાખ, સાથી! કિસ્મતમાં આમ જ લખ્યું હશે—કદાચ તારા જ હાથથી સેવકની માટી પડવી લખાઈ હશે...' રામપ્રકાશ સાંત્વન આપી રહ્યો હતો. પ્રચંડ જમાદારની આંખો ભીની હતી.

**બ**રાકના દરવાજા પર ટકોરા થયા. રામપ્રકાશે દરવાજો ખોલ્યો. બહાર એક નોકર ઊભો હતો. રામપ્રકાશના હાથમાં એક કવર શૂન્યવત્ મૂકી એ ચાલ્યો ગયો. રામપ્રકાશે તે જોઇ જાલિમસિંગના હાથમાં મૂક્યું. જમાદારે આંખો લૂછી, સ્વસ્થ થઇને પત્ર ફોડ્યો. લખ્યું હતું: 'આથી જમાદાર જાલિમસિંગ અહીરને જણાવવામાં આવે છે કે તેમના ભાઈ સેવકસિંગના લગ્ન નિમિત્તે ચાલુ ડ્યુટીમાંથી પંદર દિવસની છુટ્ટીની એમની ખાસ અરજી મંજૂર કરવામાં આવી છે. સહીઃ અસીમ મુખર્જી (ઈન્સ્પેક્ટર).'

હવે આંખો લૂછવાની કે સ્વસ્થ થવાની જરૂર રહી ન હતી.

અનુસંધાન]...**આડંબરી**...[પૃષ્ઠ ૩૮૫થી

[આ જ વખતે બારણું ખૂલે છે અને અવિનાશ દિઙ્મૂઢ થઈ મુક્તા ભણી તાકતો ઊભો છે. મુક્તાની કાંતિ વિલાઈ જાય છે. અંદરથી જીવી ઉત્તર વાળે છેઃ 'હું તો કહું છું કે કરી નાખો, કંઈ ખોટું નથી.']

**અવિનાશ:** (જરાક મૂંઝાઇને) હું મારો ટેલીફોન નંબર આપવા આવ્યો હતો; પણ મને લાગે છે કે એની હવે કંઇ જરૂર નથી.

(મુક્તા કંઇ જ બોલી શકતી નથી.)

ચાલો ત્યારે હું જાઉં. મને!...I am sorry ...મને ખયાલ ન રહ્યો. મેં તમને જરા disturb કર્યાં. (પછી જતાં જતાં બારણામાંથી) પણ આટલું બધું નાટક કરવાને બદલે મને સીધી જ ના કહી શકયાં હોત.

**મુક્તા:** (ક્ષોભ અને નીરસતાથી) બા માને તેમ ન હતું. અને જે આવી રીતે મને જોવા આવે તેનો બીજી કઈ રીતે સત્કાર થાય?

**અવિનાશ:** પણ હું તો મારી જાતને 'બતાવવા' આવ્યો હતો.

**મુક્તા:** તમારા જેવા સંસ્કારી, ભણેલાગણેલાઓ છોકરીને 'જોવાની' માગણી કરે—

**અવિનાશ:** (રસપડતાં જરાક અંદર આવી) પણ કેમ માન્યું કે તમારી જેમ મેં પણ મારાં માબાપને મનાવવા આ નહિ કર્યું હોય?

**મુક્તા:** તેથી શો ફર્ક પડે છે?

**અવિનાશ:** અને આવી રીતે જોવા આવું અને એક ડૉક્ટર તરીકે તમને જોવા આવું તેમાં કંઇ ફર્ક પડે ખરો કે નહિ?

**મુક્તા:** તેમાં તો ઉભય પક્ષે કોઈ જાતના ઢાંકપિછોડા કે આડંબર હોતા નથી.

**અવિનાશ:** આડંબર તો ઊલટો તમે કર્યો.

**મુક્તા:** તમારા જેવાઓ માટે મારી પાસે બીજો ઉપાય ન હતો.

**અવિનાશ:** પરંતુ અમારી પાસે તો હતો. અવિનાશ તમે માનો છો એટલો ભોટ ન હતો. સવારે મારે ત્યાં આવીને કહે કે 'દોસ્ત, પપ્પા એક છોકરીને 'જોવા' જવાની જક લઇને બેઠા છે, પણ મને એ રીતે જવું પસંદ નથી. તને એવું બધું નાટક આવડે છે, એટલે તું જા. મેં પપ્પાને કહ્યું છે કે હું એકલો જઈ આવીશ.'

**મુક્તા:** (આશ્ચર્યચકિત બની) ત્યારે તમે-?

**અવિનાશ:** ના, હું અવિનાશ નથી.

[બારણામાં વિમળા ડોકાય છે]

**વિમળા:** ચાલો ત્યારે, આવો છો ને?

**અવિનાશ:** (હસીને) હા જી, ચાલો; બસ ત્યારે? હું જાઉં છું!

**મુક્તા:** હેં! હા!

**વિમળા:** અરે! તું હજી આવી જ ફરે છે?

**મુક્તા:** હા બા, મને ઠીક નથી.

**વિમળા:** (મૂંઝાતાં) શું થયું છે?

**અવિનાશ:** કંઈ નહિ. જરા શરદીની બૂમ પાડતાં'તાં. ચાલો... એમને જરા આરામ કરવા દો. ઠીક થઈ જશે.

**વિમળા:** (આંખો કાઢતાં) હા હા ચાલો. [મુક્તા ઢગલો થઇ ખાટલામાં પડે છે.] ચૂપકીથી જીવી બહાર આવે છે. મુક્તાને ખાટલામાં પડેલી જુએ છે એટલે સમજી જાય છે. એના પણ હોશકોશ ઊડી જાય છે.)

**જીવી:** (શીતલ અવાજે) મેં ના'તું કીધું કે જણાયા વિના નહિ રહે?

**મુક્તા:** (ગર્વ વીંધાઈ જતાં અત્યંત હતાશ બની, ઊંચું પણ જોયા વિના) જીવી... જીવી... આ એ જ ન હોતો... એણે પણ મારી પેઠે અહીં તારા જેવા કોઈ જીવલાને મોકલ્યો'તો.

**જીવી:** હાય હાય!

(પડદો પડે છે)

(લેખકની લેખિત પરવાનગી મેળવ્યા વિના આ નાટિકા ભજવવી નહિ.)



# માધુકરી

બોલાયલા શબ્દો ભલા!
બસ સાથે થઇ જાઓ તમે આચાર થૈ;
કે ગૌરવે બોલી શકો પાછા તમે
કે અમે
કયારે ય ના જીવ્યા હતા લાચાર થૈ!

—સુરેશ દલાલ


## કલાગુરુ રમેન્દ્રનાથ ચક્રવર્તી

'આવો આવો, બેસો; કયાંથી આવો છો?' મુખમાંની જાડી ચિરૂટ બાજુની ઍશ-ટ્રેમાં ખંખેરતાં, કલકત્તાની સરકારી કળાશાળાના વિશાળ દફતરખંડમાં, મોટા ટેબલ સામેની પહોળી ખુરશીમાં સમાઈ જતા નાનકડા કદના આચાર્યે રમેન્દ્રનાથે અમને આવકાર આપતાં પૂછ્યું.

ખૂબ પહોળો સફેદ પાયજામો, પહોળી બાંહ્યનું ખુલ્લા ગળાનું લખનવી ઢબનું પહેરણ, ઉપર શ્રીનિકેતનના છાપકામવાળો દુપટ્ટો, તાલવાળા માથામાં આછાપાતળા વેરવિખેર વાળ, વિશાળ લલાટ, ઘેનમાં હોય તેવી અરધી બિડાએલી આંખો...જોતાં જ એ કલાકાર હોવાની પ્રતીતિ થાય એવી એમની અદા હતી.

'કેસૂડાં'ના અંક માટે એમનું એકાદ ચિત્ર લેવા માટે અમારું જવાનું થએલું. તેમાં પોતાનાથી શકય એટલો સહકાર આપવાની ખાતરી આપી અને એક સુંદર વૂડકટ મોકલી આપીને વાયદો ય પાળ્યો. પણ અમે વાયદો ન પાળી શકયા. 'કેસૂડાં'નો અંક તૈયાર થયેથી એમને મળવાની અમે ખાતરી આપેલી, પણ એક દિવસ સવારે છાપામાં વાંચ્યું કે આગલે દિવસે,પમી જુલાઇએ (૨૨ અષાઢ બંગાળી સં. ૧૩૬૧) બપોરે હૃદયરોગના ઓચિંતા હુમલાથી એમનું નિધન થયું!

કલાચાર્ય અવનીન્દ્રનાથના પ્રયત્ને ભારતીય ચિત્રકલા પુનરભ્યુદય પામી રહી હતી તેના પ્રારંભના દિવસોની આ વાત છે. ભારતવર્ષમાં તેમજ પરદેશમાં આ નવી કલા-પદ્ધતિના પક્ષમાં અને વિરોધમાં જ્યારે પ્રચંડ વિવાદથી વાતાવરણ ગાજતું હતું તે સમયમાં પોતાના દેશની ચિત્રપદ્ધતિ આત્મસાત્ કરવાની રમેન્દ્રનાથે શરૂઆત કરી. એમનો જન્મ થયો તે સમય બંગાળના ઇતિહાસમાં વાવાઝોડાનો સમય હતો. સ્વદેશી આંદોલનની સાથે-સાથે બીજી કેટલી યે ભાવનાઓ બંગાળી માનસ-પ્રદેશમાં પૂરની જેમ ધૂમી વળી હતી.



ઈ. ૧૯૦૨માં ત્રિપુરા જિલ્લાના ચાંદેરચોક ગામમાં રમેન્દ્રનાથનો જન્મ



## તુર્રી અથવા ચટકી


આકટોબરથી મે સુધી આપણું મહેમાન બનીને આવતું, યુરોપ સાઈબીરિયા અને ઉત્તર તથા મધ્ય એશિયાનું રહેવાસી આ પંખી પોતાનો ઉતારો ખાસ કરીને મલબાર, નીલગિરિ, બિહાર કે બંગાળમાં રાખે છે. તેની મુખ્ય બે જાતો છે, જેમાં રંગના આછા તફાવત સિવાય ખાસ ફરક પડતો નથી.

માંડ પાંચ ઇંચ લાંબા ચટકીનાં પીંછાં છેડા પર સફેદ છાંટવાળાં તપખીરી, માથું ભૂરું રાખોડી, આંખની આજુબાજુએ સફેદ ગોળ ચકરડું, પાંખો ઘાટી અને પૂંછડી કાળાશપડતી તપખીરી, ગળાનો અને છાતીનો ભાગ ખુલ્લો લાલ, કીકી ઘાટા તપખીરિયા રંગની, ચાંચ આછી તપખીરી અને પગ કાળાશપડતા તપખીરિયા. આ પંખીના ઉપરથી તપખીરિયા ને નીચેથી સફેદ રંગના તથા કોઇકોઈમાં ગળાના ને છાતીના લાલાશપડતા ભાગ પરથી તેમજ આંતરેઆંતરે પૂંછડી ફરકાવવાની તેની ટેવ પરથી તેને પારખવું સહેલું થઇ પડે છે.

તેને રહેવા ઝાડ મળ્યું એટલે બસ, પછી તે ઝાડ ગામમાં ઊગ્યું હોય, જંગલમાં ઊગ્યું હોય કે બગીચામાં. તો ય જે ઠેકાણે ડાળીએ ડાળીએ કૂદી શકાય, તથા ખોરાક-જંતુઓ અને ઘાડો છાંયો મળી રહે તે જગ્યા તેને વધુ પસંદ આવે. સ્વભાવે તે શરમાળ અને સંકોચશીલ. વળી તેનાં સમોવડાં પંખીઓ જોડે કજિયાખોર પણ ખરું. ગુસ્સો કે ભય દર્શાવવા ટૂંકે-ટૂંકે આંતરે તે 'ફ્વી...ફ્વી' એ પ્રકારનો અવાજ કરે છે. હલનચલનમાં ઘણું જ ચંચળ, પૂંછડી નીચેથી ઊંચે ફરકાવતું કૂદકતું જ હમેશાં દેખાય.

સંવનનકાળ દરમ્યાન તે વિધવિધ-સૂરીલું મીઠું ગીત ગાય છે, જો કે આપણે ત્યાં તે સંભળાતું નથી. જમીનથી ૬ થી ૪૦ ફૂટ ઊંચે તે માળો બાંધે છે. તેનો માળો તે સેવાળ, અને ઘાસ સાથેનાં સૂકાં પાંદડાં, ડાળખાં તથા પીંછાનો બનાવેલો અને વાળની કિનારભરેલો શોભિત ચોખ્ખો મઝાનો પ્યાલો. તેમાં તે અડધા ઇંચના કદનાં, લંબગોળાકાર, ફિક્કાં નીલા અથવા ગુલાબી ઝાંયવાળા રાખોડી રંગનાં ચારથી પાંચ ઈંડાં મૂકે છે.

થયો. એમના પિતા શીતલચન્દ્ર ચક્રવર્તી આગરતલાની અંગ્રેજી શાળાના મુખ્ય શિક્ષક હતા. મૅટ્રિક સુધીનો અભ્યાસ ત્યાં પૂરો કરીને રમેન્દ્રનાથ કલકત્તા આવી કૉલેજમાં દાખલ થયા, પણ બચપણથી જ તેમનામાં જે ચિત્રાનુરાગ પ્રગટ થયો હતો તે જ ઉપર તરી આવ્યો અને ૧૯૧૯માં છેવટે તે કલકત્તાની સરકારી કલાશાળામાં દાખલ થઈ ગયા. પણ એમની થોડી વાત એમના પોતાના જ શબ્દોમાં સાંભળીએ :


'હિમાલયની વૃક્ષરાજિ' (વૂડકટ): કલાકાર સ્વ. રમેન્દ્રનાથ ચક્રવર્તી. ('કેસૂડાં' વાર્ષિકના સૌજન્યથી)

'જ્યારે શાળામાં ભણતો ત્યારે 'ભારતી', 'પ્રવાસી' વગેરે માસિકોમાંથી કાપી લઇને એનાં ચિત્રોનું આલ્બમ તૈયાર કરતો. નંદબાબુનાં કેટલાં યે ચિત્રોની નકલ પણ કરી હતી. પુસ્તકોનાં પાનાંની બાજુમાં જે હાંસિયા હોય છે ત્યાં પણ અનેક ચિતરામણ ચીતરી નાખતો. આ રીતે એક પછી એક ધોરણમાં ઉત્તીર્ણ થતાં થતાં જેમતેમ મૅટ્રિક પણ કુદાવ્યું. બધા જ કહેતા કે 'આ ચિત્રકાર થવાનો'; છતાં કલકત્તા આવીને કળાશાળામાં દાખલ થવાને બદલે કૉલેજમાં દાખલ થવું પડયું. મનને એ જરી યે ગોઠતું ન હતું. હમેશાં થતું કે 'કેમ કરીને ચિત્રો ચીતરું ?' કૉલેજમાં ગાપચી મારવા માંડી. મારા મોટા ભાઇને પણ લાગ્યું કે જેને ચિત્રો જ ચીતરવાં છે તેને કૉલેજમાં ભણાવવાથી કાંઈ ફાયદો નથી. થોડા દિવસ એમણે મારી ગતિવિધિનું નિરીક્ષણ કર્યું. હું તો કૉલેજમાં જવાને બદલે હૉસ્ટેલમાં જ રોકાતો ને કાગળો ને રંગો લઈ બેસતો. નવાં પાઠયપુસ્તકો જેમનાં તેમ ખડકાએલાં રહેલાં.

સદ્‌ભાગ્યે આ વખતે જ અવનીબાબુ સાથે પરિચય થયો. મારાં થોડાં ચિત્રો જોઈને એમણે આશા આપી: 'તારું કામ તો સારું છે. અવારનવાર અહીં આવીને તારાં ચિત્રો બતાવી જજે... ફરી કોઈ વાર આવીશ ત્યારે નંદલાલ સાથે ઓળખાણ કરાવી દઇશ...' હૉસ્ટેલમાં જઇને બધાં જ ચિત્રો પાથરીને બેસતો. મનને કંઈ જ ગોઠે નહિ. કૉલેજ વધુ ને વધુ પડવા માંડી. દાદા(મોટાભાઇ)એ આ બધું જોયું. ચિત્ર સિવાય મારાથી બીજું કંઈ જ નહિ થઈ શકે એની એમને ખાતરી થઈ ચૂકી ને એક દિવસ કળાશાળાની વિગતો ભેગી કરીને મને પ્રિન્સિપલ જામિની ગાંગુલી પાસે લઇ ગયા. એમણે મારાં ચિત્રો જોયાં, પરીક્ષા લીધી અને ઠીકઠીક ઉપલા વર્ગમાં મને દાખલ કરી દીધો.'

પણ કળાશાળાની પશ્ચિમી ચિત્રપદ્ધતિ કરતાં ત્યાંના ભારતીય વિભાગ અને ચિત્રપદ્ધતિ માટે રમેન્દ્રનાથને વધુ પક્ષપાત રહ્યો. બે પદ્ધતિ વચ્ચેના આ ગજગ્રાહમાંથી છૂટવા એમને ઘણાં ફાંફાં પણ મારવાં પડયાં, અને અંતે ૧૯૨૧માં એમાંથી છૂટીને તે કલાચાર્ય નંદલાલ બસુના હાથ નીચે શાંતિનિકેતનના કલાભવનમાં દાખલ થઇ ગયા.

અને ખરું જોતાં એ કલાભવનમાં જ એમને પોતાના ચિત્રાંકન માટેનો પાયો લાધ્યો. શાંતિનિકેતનનો વાસ એમના મનને જે અપૂર્વ આનંદનો સ્પર્શ કરાવી ગયો એ વાત પણ એમની જ ભાષામાં સાંભળીએ :

'પૂજાની રજાઓમાં હું શાંતિનિકેતન ગયો. શારદશોભાથી ચારે દિશા ત્યારે પ્રફુલ્લિત બની હતી. શ્રી અસીતકુમાર હલધરે મારા ત્યાં રહેવાની વ્યવસ્થા કરી આપી અને ગુરુદેવ (કવિવર ટાગોર) સાથે ઓળખાણ પણ કરાવી દીધી. તે વખતે રવીન્દ્રનાથ શારદોત્સવની તૈયારીમાં પડયા હતા. દૂર દૂર શાલવન, તાલવન અને સાંતાલોનાં ગામડાં ચિત્ર સમાં દેખાતાં હતાં. શાંતિનિકેતનની શાલવીથિ અને આમ્રકુંજ જોતાં તો મન ધરાય જ નહિ. જીવનમાં આવું બધું કયાં યે આસ્વાદ્યું ન હતું. સાંજ પડયે રવીન્દ્રનાથ કવિતા વાંચે; મદ્રાસના એક પ્રખ્યાત વીણાકાર જ્યોત્સ્નાભરી રાતે વીણા બજાવે: અમે સૌ જાણે સ્વપ્નભોમમાં વિચરતા હોઈએ એમ લાગે. નંદબાબુ ટેમ્પેરા પદ્ધતિએ વીણાવાદિની ચિત્ર તૈયાર કરે છે. અસીતબાબુ રાસલીલા કુણાલ વગેરે મોટાં મોટાં ચિત્રો કલાભવનના વરંડામાં ચીતર્યે જાય છે, નંદબાબુ બધાનાં ચિત્રો જુએ છે ને કોઈને થોડું સુધારી આપે છે, કોઇને કંઇ સમજાવે છે, આવું વાતાવરણ કયાં યે જોવા મળે ખરું ? ચિત્રો ચીતરવાં, ગીત ગાવાં, વનભોજન માણવાં અને રવીન્દ્રનાથનું સાન્નિધ્ય,—આ બધું કેવી રીતે મારા હૃદયને નવી જ સંજીવનીથી ભરી દેવા માંડયું તેનું વર્ણન કરવા માટે મારી પાસે શબ્દો કયાં છે?'

કલાભવનનું શિક્ષણ સમાપ્ત કરીને રમેન્દ્રનાથ ૧૯૨૬માં મછલીપટ્ટમની આંધ્ર કળાશાળામાં ચિત્રવિભાગના મુખ્ય પરિચાલક બન્યા અને ત્યાં થોડો સમય ગાળી ફરીથી શાંતિનિકેતન કલાભવનમાં જ

શિક્ષકપદે જોડાયા, જ્યાંથી ઈ. ૧૯૨૯માં કલકત્તા કળાશાળામાં શિક્ષક તરીકે નિયુક્ત થયા. આઠ વર્ષ ત્યાં ગાળીને ઈ. ૧૯૩૭માં યુરોપ ગયા અને ત્યાં લગભગ બે વર્ષ યુરોપની વિધવિધ કળાપદ્ધતિનો અભ્યાસ કરવામાં તથા આધુનિક વિવિધ ચિત્રપદ્ધતિઓનાં જુદાં જુદાં અંગો તેમજ શૈલીના તરેહતરેહના પ્રકારો સમજવા તથા અજમાવવામાં ગાળ્યાં. ત્યાંથી પાછા આવ્યા બાદ ૧૯૪૬માં દિલ્હીની પૉલીટેકનિક સ્કૂલના ચારુકલા વિભાગના મુખ્ય અધ્યાપક તરીકે જોડાયા અને ૧૯૪૬ તથા ૧૯૪૭માં પારીસ તથા લંડનમાં યુનેસ્કો તરફથી જે સંસ્કાર-સમારંભ થયો તેમાં ભારતના કલાવિભાગના પ્રતિનિધિ તરીકે ભાગ લીધો. તે પછી તરત ૧૯૪૮માં કલકત્તાની સરકારી કલાશાળાના આચાર્ય અને અધ્યક્ષ તરીકે એમની નિમણૂક થઇ. ૧૯૫૨માં અમેરિકાની યાત્રા દરમ્યાન આધુનિક ભારતીય કલાના પ્રદર્શનનું આયોજન કર્યું.

પરંતુ આ બધી પ્રવૃત્તિની પાછળ રહેલી એમની સૌથી મોટી સિદ્ધિ કલાકાર તરીકેની જ છે. એમનાં કેટલાં યે ચિત્રો આજે ભારતમાં તેમજ પરદેશમાં વેરાએલાં પડયાં છે. ચિત્રકળાને એમણે સદાકાળ વિદ્યાર્થીની દૃષ્ટિએ જ આરાધી છે. એક વાર વિદ્યાર્થી અવસ્થામાં ઉદાસ મને એમણે અવનીન્દ્રનાથને પૂછેલું, 'મારામાંથી કંઈ નીપજશે ખરું?' ત્યારે આપાદ-મસ્તક રમેન્દ્રને નિહાળીને એ કળાગુરુએ ભાખ્યું હતું, 'હા નીપજશે, જરૂર નીપજશે, પણ પરસેવો ખૂબ પાડવો પડશે.' અને જીવનના છેલ્લા દિવસ સુધી એમણે આચાર્યની એ શિખામણ પાળી હતી.

એમણે પ્રાચીન ભારતીય પરંપરામાં પૌરાણિક વિષયો ચીતર્યાં છે, તો આધુનિકતમ શૈલીમાં દૃશ્યચિત્રો પણ તૈયાર કર્યાં છે. યુરોપના પ્રવાસ દરમ્યાન એમણે પારીસની ધુમ્મસઘેરી ગલીઓનાં દૃશ્યો ત્યાંના જ કોઈ અઠંગ કળાકારની હથોટી વ્યક્ત કરે તે રીતે ચીતર્યાં છે, તો બંગાળના ગામડાની કોઈ નીરવ શેરીને માટીના તળપદા રંગોમાં એમણે જીવંત બનાવી છે. વૂડકટ, ડ્રાઇ પૉઈન્ટ, ઍક્વાટિન્ટ ને ઇચિંગમાં તો એમનું નૈપુણ્ય આજે ભારતીય કલાકારોમાં મોખરાનું સ્થાન ધરાવે છે. આધુનિક (મૉડર્નિસ્ટિક) પદ્ધતિનું પરિશીલન કરવા છતાં એનું વિકૃત સ્વરૂપ એમણે કદી અપનાવ્યું નથી. એમની પીંછીએ સૌંદર્ય જ પ્રકટાવ્યું છે.

એક વાર રાજગીરમાં ધીખતા બપોરમાં ઉઘાડે માથે નંદબાબુ ચાલ્યા જતા હતા. કયા ખેંચાણે આવી ઉત્કટ ગ્રીષ્મ ઋતુમાં નંદબાબુ ચાલ્યે જાય છે એવો પ્રશ્ન રમેન્દ્રનાથના મનમાં ઊઠયો અને એક સાંજે એ પ્રશ્નનો જવાબ મળ્યો. સંધ્યા સમયે આ ગુરુશિષ્ય રાજગીરમાં રઝળતા હતા. ક્યાંક ક્યાંક નાનાં બાળકો ઘરની વંડીમાં રમતાં હતાં, ક્યાંક વૃદ્ધજનો રામાયણ વાંચતાં બેઠાં હતાં, સ્ત્રીઓ કૂવામાંથી પાણી ખેંચતી હતી, ધુમાડા અને રંધાતા વાળુની ગંધથી હવા ભરીભરી હતી, ત્યાં નંદબાબુ બોલ્યા, 'જો તો, આ જ ગામમાં ભગવાન બુદ્ધ આવેલા: નક્કી આ જ માર્ગે એ ચાલ્યા હશે, ગ્રામજનોની આવી જ કોઈ વંડીમાં આવીને એ બેસતા હશે, વાસનાં બધાં સ્ત્રી-પુરુષો-બાળકો એમને વીંટળાઇને બેસતાં હશે ને એમનો બોધ સાંભળતાં હશે,- આ બધો એ જ પ્રદેશ, હોં. આટલાં વર્ષો વીત્યાં, પણ એમાંનું કાંઈ જ જાણે બદલાયું નથી. અંધકારમાં પણ એમના અસ્તિત્વની દિવ્ય જ્યોતિ પ્રકાશ પાથરતી હશે...' એવી એક જગ્યાએ ગુરુશિષ્ય બેઠા, ગુરુની આવી વાણી સાંભળતાં સાંભળતાં શિષ્ય રોમાંચ અનુભવવા લાગ્યો. મનમાં એને થઈ આવ્યું, નંદબાબુ સાચું જ કહે છે: એમને જે સૂઝે છે તે મને બતાવે છે. આજે જે કંઈ છું તે એમને કારણે. ગુરુ એટલે શું તે અત્યારે સમજાય છે, પણ બીજાને એ સમજાવાય કયી રીતે?

એ ગુરુ નંદલાલ વસુ આજે શાંતિનિકેતનમાં જીવનના શેષ દિવસો નિર્ગમન કરે છે ત્યારે શિષ્ય રમેન્દ્રનાથ નથી! એક અસામાન્ય કલાકાર, નિરભિમાની, બંધુવત્સલ અને અંતરની અપ્રતિમ ઉદારતાને કારણે સૌના પ્રિય રમેન્દ્રનાથના જવાથી બંગાળ જ નહિ, ભારતદેશ દરિદ્ર બન્યો છે. એક દુર્લભ સસ્કૃતિના એ ઉત્તરાધિકારી હતા. એમના જતાં એ સંસ્કૃતિના ભેખધારીઓમાં ન પુરાય તેવી ખોટ પડી છે. —શિવકુમાર જોષી

## નવી જાતનું કૃત્રિમ રબર

અમેરિકાની ડુપોન્ટ કંપનીએ એક નવી જાતનું રબર બનાવ્યું છે, જે કોઈ પણ રબર કરતાં અનેકગણા વધુ ગુણો ધરાવે છે. તે ઘણું જ કઠણ છે, ઘસારાનો પ્રતિકાર કરે છે, શૂન્યની નીચે ૯૦ અંશ જેટલા નીચા ઉષ્ણતામાને પણ એ બરડ થઈ જતું નથી, અને તેલ, ઑક્સિજન, ઓઝોન અને હવામાનની વિનાશક અસરનો પ્રતિકાર કરી શકે છે. એનો દેખીતો સંભવિત ઉપયોગ ટાયરમાં છે. ઉપરાંત તે તેલના વિસ્તારોનાં સાધનોમાં, જોડામાં, યંત્રના પટામાં અને ઘસારાનો પ્રતિકાર કરવાની વિશેષ જરૂર હોય તે બધી ચીજોમાં પણ વાપરી શકાશે.

## અદ્ભુત રસાયન-પ્રયોગ

મહારાષ્ટ્રના કાશી ગણાતા વાઈ ગામના સુપ્રસિદ્ધ વિદ્વાન તર્કતીર્થ લક્ષ્મણશાસ્ત્રી જોષી 'ઉત્સાહ વર્ધન પ્રયોગ' કરતા હતા. તેમના ભાણેજે તેમને એ દવા પીતા જોયા, એટલે પૂછપરછમાં શ્રી લક્ષ્મણશાસ્ત્રીજીએ સ્વમુખે જ આ પ્રયોગ કહ્યો: શંખપુષ્પી, શતાવરી ને અશ્વગંધા—આ ત્રણે દ્રવ્યો સરખા વજનમાં લેવાં અને વસ્ત્રગાળ ચૂર્ણ બનાવી સવારે તથા સાંજે ગાયના દૂધ સાથે આ દવા લેવી. ખૂબ જ સોંઘી છે, વનસ્પતિઓ છે. બજારમાં એનાં ચૂર્ણો તૈયાર પણ મળે છે. અંડસારનાં ૭ અને યકૃતસાર(લીવર એક્સટ્રૅક્ટ)નાં ૭ ઈંજેક્સનો લીધાં છતાં જેટલો ઉત્સાહ અને શક્તિ હું આજ ભોગવી રહ્યો છું, તેટલાં મને અત્યારે જણાયાં ન હતાં. આ પ્રયોગ કર્યાને હજી તો ૮-૧૦ દિવસ જ થયા છે, પરંતુ તે પછી તો હું રોજ ૬-૭ કલાક એક સરખું વાચન, લેખન અને મનન કરી શકું છું, થાક લાગતો નથી, મગજ શ્રમિત થતું જ નથી. વાગ્ભટે ઉત્તરતંત્રમાં આ પ્રયોગ કહેલો છે.

મંડૂકી શંખકુસુમા વાજિગંધા શતાવરી:
ઉપયુજ્યેત મેધાવી વય:સ્થૈર્યબલપ્રદા.

મંડકપર્ણી (ગુજરાતીમાં બ્રાહ્મી કહીએ છીએ તે), શંખાવલી, અશ્વગંધા (આસન, ઘોડાઆહન) અને શતાવરી—આ ચાર દ્રવ્યો સરખા વજને લઇ તેનું ચૂર્ણ સવાર-સાંજ ખાવાથી ઉત્તમ મેધ્ય છે=બુદ્ધિવર્ધક છે, વય:સ્થાપન કરનાર છે અર્થાત્ ગમે તેટલી અવસ્થા થઈ હોય પરંતુ ઉમર લાગે જ નહિ—યુવાન જેટલો જ ઉત્સાહ સદા કાયમ રહે, અને બલપ્રદ છે—ઉત્તમ ટૉનિક છે. માનસિક કામ કરનારાઓ માટે આ યોગ ખરેખર ઉત્તમ છે, સ્મૃતિ, બુદ્ધિ, મનન, સામર્થ્ય, ઉત્સાહ અને ઉત્તમ વય:સ્થાપન માટે આવા યોગોનું સેવન, ૪૦ વર્ષની ઉમર પછી, રોજ સવાર-સાંજ કરવામાં આવે તો જરૂર સારો લાભ થાય.

ચરકે અત્યંત સારગર્ભિત સૂત્ર કહેલું ओषधी: प्रशस्ता धारयेत्।' અર્થાત્ પ્રત્યેક મનુષ્યે પોતાને યોગ્ય હોય એવી કોઈ ઔષધિનું સેવન રોજ રાખવું જોઈએ. કાસશ્વાસવાળા દરદી રોજ 'અગસ્ત્ય હરીતકી અવલેહ'નું સેવન રાખે, રક્તક્ષયવાળા દરદીઓ રોજ લોહની બનાવટ કે વાગ્ભટે પાંડુ રોગમાં બતાવેલ 'ધાત્રીલેહ' લે, વાજીકરણ તરીકે રોજ રસાયનચૂર્ણનું સેવન રાખે અને માનસિક કામ કરનારા ઉપલો પ્રયોગ કરે, કે પછી નીચે બતાવેલો 'મેધ્ય રસાયન'નો પ્રયોગ કરે.

બ્રાહ્મી સ્વરસ રોજ લેવો, અથવા રોજ જેઠીમધનું ચૂર્ણ દૂધ સાથે લેવું. અથવા ગળોનો રસ રોજ લેવો અથવા તો મૂળ પુષ્પ સાથે શંખાવલીના છોડ લાવી તેની ચટણી બનાવી રોજ લેવી.

(ભિષગ્ભારતી) —બાપાલાલ ગ. વૈદ્ય

**રત્નમણિરાવ ભીમરાવ** (અનુસંધાન પૃષ્ઠ ૩૮૨થી)

આમ લવારો લાંબો ચાલતો. આવો એક નહિ પણ ઘણા લવારા એમણે રચ્યા હતા!

ભાણાભાઈ બેઠા છે. આજુબાજુ પોતાનાં જ નહિ, પણ સગાંસંબંધીનાં પણ છોકરાં વીંટળાઇને બેઠાં છે. છોકરાંઓનો ખિલખિલાટ, મુક્ત હાસ્યનો અવાજ આવ્યા કરે છે. બધાને થાય છે કે આ શું છે? જોવા જાય છે તો ઉપરનું દૃશ્ય નજરે પડે છે. ત્યાં તો છોકરાં ઘાંટા પાડીને કહે છે કે 'ભાણાભાઇ! વીજળી ઝબૂકાવો! વીજળી ઝબૂકાવો!' ભાણાભાઈ એના જવાબમાં કહે છે કે 'જુઓ મારું મોં. એમાં કાળી મોટી મૂછો છે તેને કાળાં વાદળાંથી ઘેરાયલું આકાશ માનજો, અને પછી જુઓ એમાં આ...વીજળી ઝબૂકી!' એમ કહી આંખો, ભવાં, પાંપણો, હોઠ, ગાલ વગેરેને એકીસાથે એક એવી તો ત્વરિત ગતિથી વાંકાંચૂકાં હલાવે છે કે છોકરાંઓ ખુશખુશ થઇને 'વીજળી ઝબૂકી' કહેતાં કૂદાકૂદ કરવા મંડી પડે છે!

લખવાનો ભાણાભાઇને શૉખ છેક નાનપણથી હતો. નાના હતા ત્યારે તેઓ એક 'ઘર સમાચાર' (હસ્તલિખિત સાપ્તાહિક) કાઢતા. ત્રણચાર પાનાંના આ સાપ્તાહિકે તો કમાલ કરેલી. ઘરનાં બધાંનું એ ખૂબ માનીતું થઈ પડેલું અને એક મુખ્ય આકર્ષણ બની રહેલું. જે દિવસે એ બહાર પડવાનું હોય તે દિવસની સૌ રાહ જોતાં, ને બહાર પાડવાને દિવસે સવારે એ ઘરના ઉંબરા ઉપર આવીને પડ્યું હોય તે લઇ વાંચવા માટે બધાની દોડાદોડી અને પડાપડી થતી. એનાં મુખ્ય અંગોમાં એક નાના અગ્રલેખ (લીડર) ઉપરાંત ઘરનાં તમામ માણસોની ખાસિયતો, ટેવો, લાક્ષણિકતાઓ, રીતો વગેરે ઉપર કાંઈ ને કાંઇ સચોટ ટકોર-ટીકા હોય જ; પણ તે એવી કે એ વાંચતાં જ ઘરમાં સર્વત્ર હસાહસ થઈ રહેતી. એ સાપ્તાહિકનું બીજું આકર્ષક અંગ એ એની જાહેરાતો હતી. 'જોઇએ છે', 'ખોવાયું છે', 'વેચવાનું છે' એવીએવી ઘણી જાતની જાહેરાતો એ સાપ્તાહિકમાં એવી કુનેહ ને કુશળતાથી એ મૂકતા કે વાંચનારા ચકિત થઈ જાય. આ બધી જાહેરાતો ઘર, કુટુંબ ને તદ્દન નિકટના પડોશીને જ લગતી હોય. (આ 'ઘર સમાચાર'ના આનંદમાં પડોશીઓ પણ ભાગ લેતા.) સાથોસાથ એમાં એક ચાલુ વાર્તા રૂપે એકાદ અંગ્રેજી નવલકથાનો ગુજરાતી અનુવાદ દર હપતે આવતો જેને માટે પણ સૌ ઉત્કંઠાથી રાહ જોઈ બેસતાં.



એ ઉપરાંત જુદાજુદા છંદોમાં પોતે બનાવેલાં નાના કાવ્યો પણ આવતાં. ભાણાભાઈ નાનપણથી જ કવિતા રચતા થયા હતા. એનો રસ, શૉખ ને આવડત એમને પહેલેથી જ હતાં. એમના પિતા તો નાટકો પણ લખતા અને તે નાટક-કંપનીવાળાઓમાં 'કવિ' તરીકે ઓળખાતા. ભાણાભાઇનાં કાવ્યોમાં મોટે ભાગે સૌભાગ્ય અને મંગલ ઇચ્છાનાં આશીર્વચનો, અર્થગંભીર અને પ્રાસાદિક મુક્તકો, હસતાં હસાવતાં કોઇની ટેવો અને રીતરસમો ઉપર કટાક્ષ કરતાં નાનાંમોટાં કાવ્યો થતાં. ગંભીર કાવ્યો ઉપર પણ એમની હથોટી એવી ઉત્તમ હતી કે લગ્ન-જનોઇ વગેરે પ્રસંગો માટે છેક છેલ્લે સુધી એમનાં રચેલાં મંગલાષ્ટકો માટે એમના સ્નેહી-સંબંધી-મિત્રો આગ્રહ રાખતા. સંસ્કૃત સુભાષિતોના તો એ બહુ જ રસિક જ્ઞાતા હતા. સંખ્યાબંધ સુભાષિતો એમને કંઠસ્થ હતાં ને વાર્તાલાપમાં વારંવાર તે ટાંકતા. તેની ખૂબીઓ અને લાક્ષણિકતાઓ એમણે ઘણા સારા પ્રમાણમાં સાધી હતી અને એનો ઉપયોગ પણ એ પોતાનાં કાવ્યોમાં ઠીકઠીક કરતા. ર. ભી.ની સહીથી 'કુમાર'માં આવતાં સુભાષિતો, એમના સંસ્કૃત સાહિત્યનો અભ્યાસ ને આસ્વાદ સાથે એના સમશ્લોકી અનુવાદમાં રહેલી એમની કાવ્યરચનાની સિદ્ધહસ્તતાની પ્રતીતિ કરાવતાં હતાં તે સૌને યાદ હશે. દરેક બેસતા વર્ષે સૌ મિત્રોને એ સ્વરચિત એક શ્લોક લાલ શાહીથી લખી મોકલતા, જેમાં વર્ષોવર્ષ કોઈક નવો જ ભાવ બહુ સુંદર અને રસમય રીતે વ્યક્ત થયો હોય. પોતાની આવડત અને શક્તિઓ એમણે કવિતા તરફ પ્રેરી હોત તો એ એક ઉત્તમ કવિ થયા હોત એ નિઃશંક છે.

એક રાણીની વાત છે કે એણે પોતાના કુંવરને બહાર જરા પણ ખબર ન પડે એવી રીતે એવી ઉત્કૃષ્ટ શારીરિક તાલીમ આપી કે એ કુંવર સોળ સત્તરની ઉંમરનો થયો એટલામાં તો અચ્છામાં અચ્છા પહેલવાનોને શરમાવે એવો પહેલવાન થયો. ભાણાભાઇના વિકાસમાં આવું જ કાંઈક થયું હોય એમ લાગે છે. એમણે પોતાનો ઇતિહાસનો અભ્યાસ એવી તો શાંતિથી અને અજ્ઞાતપણે શરૂ કર્યો અને તે જારી રાખી વિકસાવ્યો કે એમના બી.એ. થયા પછી ત્રણ વર્ષમાં તો એ ગુજરાતના ઇતિહાસના અભ્યાસમાં અધિકારપૂર્વક અભિપાય વ્યક્ત કરી શકે એવા નિષ્ણાત થઇ ગયા. આ આશ્ચર્યકારક ઘટના લાગે છે, કેમકે એ જ અરસામાં એ વેપારમાં પણ એક જવાબદારીની જગ્યાએ બેસી ભાગીદાર તરીકે ગંભીરપણે વેપાર ખેડવા લાગી ગયા હતા. આને પરિણામે, ૧૯૨૪-૨૫માં જ્યારે એમણે 'ગુજરાતની સંસ્કૃતિ અને ઇતિહાસનું વિહંગાવલોકન' નામનો એક અભ્યાસપૂર્ણ લેખ લખી નાની

પુસ્તિકારૂપે છપાવ્યો ત્યારે જ એમનાં તલસ્પર્શી અભ્યાસ, સારગ્રાહી શક્તિ, તુલનાત્મક વિવેક, આલોચનનું તાટસ્થ્ય અને પોતાના વિષયની સર્વગ્રાહી પકડ, આ બધી વિશેષતાઓની સૌને સાનંદાશ્ચર્ય જાણ થઈ.

આ જ ગાળામાં 'વસંત' માસિકના રજતમહોત્સવ પ્રસંગે એમણે એના ગ્રંથ માટે 'ગુજરાતનું વહાણવટું' એ નામનો અભ્યાસપૂર્ણ લેખ લખ્યો, જે જુદી પુસ્તિકારૂપે પણ બહાર પડયો છે. એ લેખે તો એમને ઊંચી પ્રતિષ્ઠા અપાવી અને હિંદ બહારના વિદ્વાનો–Indologists (ભારતીય સંસ્કૃતિશાસ્ત્રના જ્ઞાતાઓ) તરફથી એ પુસ્તિકાની માગણીઓના ઘણા કાગળો એમને મળવા લાગ્યા. એમાં એમણે ગુજરાત પોતાના વહાવટામાં કેવું મોખરે હતું, કેવો દરિયાપારનો વેપાર ખેડતું, દરિયાઈ વીમાની એની પદ્ધતિ કેવી પ્રચલિત હતી, હૂંડીઓનું ચલણ કેવું હતું, તે વખતનાં બંદરો અને વહાણો કેવાં હતાં, તેની તથા વહાણના વિવિધ ભાગો સુદ્ધાંનાં પ્રચલિત નામો વગેરેની ખૂબ અભ્યાસપૂર્ણ, રસિક અને પ્રમાણભૂત માહિતી એમણે આપી છે. હજી પણ એમનો આ લેખ બહુ જ ઊંચી કક્ષાનો અને વિદ્વત્તાપૂર્ણ ગણાય છે.

આ પછી ગુજરાત સાહિત્ય સભાએ એમનો સહકાર સાધ્યો. જ્યારે પણ સભા અમદાવાદની આસપાસના કોઈ ઐતિહાસિક સ્થળનું જ્ઞાનપર્યટન ગોઠવતી ત્યારે તે સ્થળની ઐતિહાસિક માહિતી આપતી પુસ્તિકા તેઓ લખી આપતા, અને આમ પર્યટનનો રસ વધતો. એમાં શાહે-આલમ, જેતલપુર, શાહીબાગ વગેરે પુસ્તિકાઓ છપાએલી છે.

આ પછી ગુજરાત સાહિત્ય સભાએ ગુજરાતનો સિલસિલાબંધ ઇતિહાસ રચવા માટે તેનાં બધાં ઐતિહાસિક શહેરો અને મોટાં ગામોને લગતું એકએક પુસ્તક તૈયાર કરવાની યોજના કરી અને તે માટે ભાણુભાઈની સલાહ લીધી. તેઓ સદ્ય ઊલટપૂર્વક તે માટે ઉદ્યુક્ત થયા અને ખૂબ સંશોધન, ઉદ્યમ તથા જહેમત ખેડીને 'ગુજરાતનું પાટનગર અમદાવાદ'નો મહાગ્રંથ તૈયાર કરી આપ્યો. લગભગ ૮૨૫ પાનાંના, ૫૧ પ્રકરણો અને સંખ્યાબંધ સુરેખ ચિત્રોવાળા તથા નકશા અને સૂચિથી મંડિત એ ગ્રંથે બહાર પડતાંવેંત જ ગુજરાતને ને અમદાવાદને તેની મહત્તા અને અસ્મિતાનું ભાન કરાવવા સાથે તેના લેખકની પ્રકાંડ વિદ્વત્તા, તલસ્પર્શી ગવેષણા અને તટસ્થ નિર્ણયશક્તિનું પણ ભાન કરાવ્યું. ને એ પુસ્તકે જ રત્નમણિરાવનું નામ ગુજરાતના વિદ્વાનોની પહેલી હરોળમાં પ્રતિષ્ઠિત કરી આપ્યું. એ ગ્રંથમાં છેક ભૂમિની પ્રાચીનતાથી માંડી સાબરમતી નદી અને આદિસ્થાન આશાવલ તથા કર્ણાવતીની વિગતો, ગુજરાતના બાદશાહ ને મુઘલો વચ્ચેના સંબંધ, તથા ગુજરાતના બાદશાહો મુસ્લિમ હોવા છતાં પોતાને પ્રથમ 'ગુજરાતી' કેમ ગણાવતા ને ગુજરાતની એકતા જાળવવા મુઘલો સામે કેવા લડેલા તેની ગૌરવકથા આલેખી છે. ઉપરાંત પરદેશી મુસાફરોનાં વર્ણન; મુઘલ બાદશાહોની અમદાવાદની મુલાકાતો; અમદાવાદના કોટની પ્રાચીનતા; સાબરમતીનું વિવિધરીતે પલટાતું વહેણ; શહેરનાં પરાંઓ, મહાજનો, વેપાર ઉદ્યોગ, વીમા પદ્ધતિ વગેરેની તવારીખ; મરાઠા સમય, અંગ્રેજી રાજ્ય, તેની ટંકશાળ, ઉદ્યાનો અને નગરરચનાની માહિતી; અમદાવાદનું લાક્ષણિક સ્થાપત્ય ને તેની વિશેષતા; તેની વાવો, કૂવાઓ અને તળાવોનાં વર્ણન શહેરના સંતો અને સુલતાનો, અમીરો અને ઐતિહાસિક પુરુષો, મુખ્ય વેપારીઓ ને નામાંકિત પુરુષો, લેખકો અને કવિઓ વગેરેના પરિચયો આદિ વિષે એવી તો પ્રમાણભૂત અને રસપ્રદ માહિતી એમાં ખીચોખીચ ભરેલી છે કે એ ગ્રંથ એક એન્સાઇક્લોપીડિયા જેવો મોટો આકરગ્રંથ (reference book) બની રહ્યો છે. ઇતિહાસના વિષયની ભાણુભાઈની અસાધારણ વિદ્વત્તાના જ્વલંત પુરાવારૂપ એ ગ્રંથ એમનો કીર્તિદ બની ગયો. એ પુસ્તકમાં એમણે કરેલાં અનેક અનુમાનો આજે ખરાં પડયાં છે. જેમાંનાં બે જ ઉદાહરણ લઈએ તો 'પુરાણી આશાવલ અને કર્ણાવતી નગરીઓ આજની કૅલિકો મિલ આગળ નદીને બન્ને તીરે વહેંચાઈને પથરાએલી પડી હશે અને જો કૅલિકો નીચે ખોદકામ થાય તો જરૂર તે સમયનાં બાંધકામ તેમજ શિલ્પના અવશેષો મળી આવે' એવું એમનું વિધાન સાચું પડયું છે; અને એ ગ્રંથના પૃષ્ઠ ૫૦૨ ઉપર, અમદાવાદના અગ્રણી મિલઉદ્યોગ વિષે લખતાં આ શહેરમાં એ ઉદ્યોગના વિકાસ માટે લૅબોરેટરી જેવી સંશોધન સંસ્થા સ્થપાવી જોઈએ એવી દીર્ઘદૃષ્ટિની સૂચના એમણે કરેલી, જે આજની 'અટીરા'ની સંસ્થામાં મૂર્તિમંત થઈ છે.

'અમદાવાદ'ના ગ્રંથ પછી એમણે સ્વ. દી. બા. નર્મદાશંકર દેવશંકર મહેતાના આગ્રહથી 'ખંભાતનો ઇતિહાસ' લખ્યો. સ્વ. નર્મદાશંકરભાઈ આપણા એક વિદ્વાન તત્ત્વચિંતક અને સાક્ષર હતા, અને એ સમયે તેઓ ખંભાતના દીવાન હતા. એ રાજ્ય તરફથી સુંદરરીતે છપાવેલા એ ઇતિહાસની ૫૦૦ નકલો એમણે ગુજરાત સાહિત્ય સભાને પ્રકાશક તરીકે પોતાનું નામ છાપવાના હક સાથે આપી પોતાની સાહિત્યપ્રીતિની પ્રતીતિ આપી હતી. એ ગ્રંથથી પ્રસન્ન થએલા નર્મદાશંકરભાઈએ ભાણુભાઈને લખેલું કે 'હવે હું તમને 'વિદ્વદ્વર'એ વિશેષણથી સંબોધું તો તેમાં લેશમાત્ર વ્યાજોક્તિ કે અતિશયોક્તિ ન ગણશો.' એ ગ્રંથના મુખ્ય અંગની સાથોસાથ એનાં ચાર પરિશિષ્ટો તો બહુ જ વિદ્વત્તાભર્યાં છે.

'અમદાવાદ' અને 'ખંભાત'નાં પુસ્તકોમાં ભાણુભાઈએ મસ્જિદો, મકાનો, તળાવો, વાવ વગેરેનાં સ્થાપત્યની જે ચર્ચા કરી છે તે બહુ ધ્યાન ખેંચે એવી અને વિચારપ્રેરક છે. ગુજરાતમાં મુસલમાન અમલ થયા પછી અને અમદાવાદની સ્થાપના પછી હિંદુ સ્થપતિઓ અને કારીગરો પાસે જ એમને પોતાની મસ્જિદો, મકબરાઓ અને મહેલો બંધાવવાં પડેલાં. પણ એમાં બાદશાહોના ફરમાન મુજબ તથા ઇસ્લામ ધર્મને અનુરૂપ જોઈતા ફેરફાર એમણે કેવી ખૂબીથી કરીને હિંદુ સ્થાપત્યની અસર કાયમ રાખી છે એ ગુજરાતની મસ્જિદોનાં દીવાલ, થાંભલા, મંડપો, તોરણો, કિનારીઓ, કોતરણીઓ, બારીઓ, ઝરૂખા વગેરેની ચર્ચા કરીને ભાણુભાઈએ વિશદરીતે સમજાવ્યું છે, અને બર્જેસ તથા કઝેન્સ જેવા અંગ્રેજ મીમાંસકોના મતનું પ્રતિપાદન કર્યું છે કે પશ્ચિમ હિંદમાં ગુજરાતનું સ્થાપત્ય અનોખું અને વિશિષ્ટ સૌંદર્યવાળું છે. એનું લાક્ષણિક સૌંદર્ય એવું છે કે જે હિંદભરમાં બીજે ભાગ્યે જ જોવા મળે. વિખ્યાત અંગ્રેજ લેખક આલ્ડસ હક્સલેએ પોતાના 'જેસ્ટિંગ પાઈલેટ' પુસ્તકમાં તાજમહાલના સૌંદર્ય વિષે પોતાનો અણગમો પ્રકટ કર્યો છે એ મત ભાણુભાઈનો પહેલેથી જ હતો. અમદાવાદની કે ગુજરાતની શોભનસમૃદ્ધ મસ્જિદો, વાવો, તળાવો વગેરેની કારીગરી અને સૌંદર્ય ભાણુભાઈ જ્યારે સમજાવતા ત્યારે ગુજરાતની મુસ્લિમ સલ્તનતના કાળમાં જાણે લીન થઈ જતા, અને એમને મન તો એ સુલતાનો પણ 'ગુજરાતી' તરીકે માનભર્યા સ્થાનને પાત્ર લાગતા, જે ગૌરવનું સ્થાન એમણે પોતાના ઇતિહાસગ્રંથોમાં એ બાદશાહોને આપ્યું છે.

ભાણુભાઈનું મિત્રમંડળ બહોળું હતું. એમાં વિદ્વાનો ને સાહિત્યકારો ઉપરાંત નિકટનું મંડળ અમુક મિત્રોનું જ હતું, જેમાંના ઘણાખરા બાલમિત્રો પણ હતા. પોતાના વિનોદી સ્વભાવ મુજબ એ પ્રત્યેકની ખાસિયત અનુસાર એમણે તે દરેકનું નામ પાડેલું. નામ પાડવાની એમની આવડત તો અજબ હતી. એમાં કાંઈ ને કાંઈ અદ્ભુત વિચિત્રતા એ લાવતા જ. એ ઉપરાંત એ દરેકની ખોડ કે ઊણપ ઉપર પોતાની ઢબે કટાક્ષ કરવા એ વિવિધ નુસખા શોધી કાઢતા. એમના એક અત્યંત નિકટના મિત્ર જે પ્રથમ પંક્તિના ઍડવોકેટોમાંના એક છે તેમનું દૃષ્ટિબિંદુ હમેશાં નિરાશાવાદી જ હોય, અને જ્યારે ને ત્યારે એ સૂરમાં જ એ

પોતાની વાત કરતા હોય. આથી કંટાળી ભાણાભાઈએ એક નુસખો એવો કાઢેલો કે એ આવે તે પહેલાં સૌ મિત્રોને પોતાની યોજના મુજબ સમજાવી રાખે, અને પેલા મિત્ર આવીને પોતાની ટેવ પ્રમાણે નિરાશાના સૂરમાં વાત શરૂ કરે કે તરત ભાણાભાઈ સૌ મિત્રોને ઇશારત કરી, વૃંદવાદન(ઑર્કેસ્ટ્રા)નો સંચાલક જેમ નિશાની કરીને સંગીત શરૂ કરાવે છે તેમ, શ્વાસ લેવડાવી એકીસાથે નિસાસા મુકાવડાવે! પોતાના આ 'નિસાસા-ઑર્કેસ્ટ્રા'થી ભાણાભાઈ પેલા મિત્ર ઉપર તરત ધારી અસર ઉપજાવી શકતા;–જોકે એ કામચલાઉ જ રહેતી.

વાર્તાલાપમાં એમનો વિનોદ તો સદા ચાલુ જ રહેતો, અને એમાં અનેકવિધ પ્રકારો આવ્યા કરતા. દાખલા તરીકે એ કહેતા કે મને ત્રણ અવાજો બહુ પ્રિય છે (૧) શીરો શેકાતો હોય ત્યારે તાવડીમાં થતો તવેથાનો અવાજ, (૨) કોઇને મળવા ગયા હોઇએ ત્યારે અંદરના ઓરડામાંથી આવતો ચાનાં પ્યાલારકાબીનો ખખડાટ અને (૩) અલબત્ત, સર્વપ્રિય રૂપિયાનો ખણખણાટ!

એમના એક સહાધ્યાયી (જે આજે તો બે આઈસ ફૅક્ટરીઓના માલિક અને કાપડના વેપારી છે) જ્યારે ભણતા ત્યારે એની મુગ્ધતાનો લાભ લઇને એની આગળ વહેમનું વાતાવરણ ઊભું કરી એનામાં જુદાજુદા વહેમો ઉતારતા, અને પછી પરીક્ષા વખતે એ ઉપર પોતાની રમત કરતા. રામકૃષ્ણ શાસ્ત્રી પાસે તેઓ સંસ્કૃત શીખેલા હોઈ એમનું સંસ્કૃત સારું મનાતું. આથી 'મનુસ્મૃતિ'માં 'અનધ્યાય' ક્યારે ક્યારે થાય તે બતાવી અંદરથી પેલા મિત્રને વાંચી સંભળાવે કે, ગધેડું ભૂંકતું હોય ત્યારે ન વંચાય; અને વાંચતા હોઇએ તો તે તરત બંધ કરવું જોઇએ! અમદાવાદમાં સાંકડી શેરીના એમના રહેવાના મકાન પાસે ઘણી વાર–લગભગ રોજ ગધેડાં ભૂંકે ત્યારે તરત તે તરફ પેલાનું ધ્યાન ખેંચી કેટલી યે વાર તેનું વાંચવાનું પરીક્ષા વખતે બંધ કરાવેલું!

ભાણાભાઇનો વેપારનો અનુભવ પણ લાંબા કાળનો, વિશાળ અને ઝીણવટભર્યો હતો. મુંબાઈ, કલકત્તા, મદ્રાસ અને બૅંગલોર એમ ચાર જગ્યાએ એમણે કાપડ, સૂતર, અને નાની ફૅક્ટરીના ધંધા અને વહીવટનો અનુભવ મેળવેલો. આજના લક્ષાધિપતિ ગણાતા શ્રી સાંકળચંદ જી. શાહ ભાણાભાઈના હાથ નીચે એમની કંપનીમાં મૅનેજર હતા. ભાણાભાઈના નસીબે અને તબિયતે એમને જરા યારી આપી હોત તો તે વ્યાપારના ક્ષેત્રમાં પણ દીપી ઊઠત.

એમનું જ્યોતિષનું જ્ઞાન તો એટલું સારું હતું કે એ વિષે એક જુદો લેખ જ લખાય. દક્ષિણ હિંદના એક નાના સ્ટેશનના સ્ટેશન માસ્તર પાસેથી એમને 'નક્ષત્ર-જ્યોતિષ' વિષે જાણવા મળ્યું ત્યારથી બીજા કરતાં એ શાખા ઉપર એમને વિશેષ શ્રદ્ધા બેઠેલી. સ્વ. કવિ શ્રી ખબરદાર મદ્રાસમાં હતા ત્યારે ભાણાભાઈ એમના સંપર્કમાં ખૂબ આવેલા. અને એ બંને જ્યોતિષના 'ખાં' એટલે પછી પૂછવું જ શું? સ્વ. ખબરદારે ભાણાભાઇને એક જાડા ગ્રંથવાળા ગુરુસ્વામીની પિછાન કરાવી આપેલી અને ભાણાભાઇએ એનો લાભ પણ ઠીક લીધેલો. ભાણાભાઇનો ઇરાદો એ ગ્રંથોને ગુજરાતીમાં ઉતારવાનો. એ સંકલ્પ મનમાં જ રહ્યો.

ભાણાભાઈ બહુ ધાર્મિક વૃત્તિના હતા અને એમનામાં ઊંડી શ્રદ્ધા અને ભક્તિ હતાં. છતાં એની પણ એ ઠેકડી ઉડાડતા. ઘણી વાર એ કહે કે 'હું ધ્યાન ધરું છું ત્યારે મને ધ્યાનમાં પોલીસ દેખાય છે!'

વિનોદ અને હાસ્ય ઉપરની સામગ્રી પણ એ પોતાની શાંત રીતે એકઠી કરી રહ્યા હતા અને ઘણી વાર નિકટનાં માણસોને કહેતા કે 'મારે 'હ્યૂમર' ઉપર ગુજરાતીમાં એક મહાનિબંધ તૈયાર કરવો છે.' એમના જેવાને હાથે એ થયું હોત તો?

ઈ. ૧૯૪૩માં બૅંગલોરમાં એમને 'ટાઈફૉઇડ' થએલો; એ રોગ એમના હૃદયને હમેશને માટે અપંગ બનાવતો ગયો. ત્યારથી હેડકીનો રોગ એમને વળગેલો. હમણાં એ બારે વર્ષે લાગટ બારબાર દિવસના એ હેડકીના એક પછી એક ચાર હુમલા થયા. પાછી આવી અને પ્રાણ લઇને ગઈ. અપંગ થએલું હૃદય એનો શ્રમ જીરવી ન શક્યું ને બંધ પડી ગયું! એ ૧૯૪૩થી ૧૯૫૫ સુધીના બાર વર્ષનો એક તપનો સમય ભાણાભાઇ ટક્યા તે એમનાં પત્નીની સ્નેહભરી શુશ્રૂષાને લીધે જ.

એમને એક પુત્ર છે જે હાલ બી.એ.ના છેલ્લા વર્ષમાં છે, અને બે પુત્રીઓ સુખી લગ્નથી સ્થિર થએલી છે. ગઇ તા. ૨૪મી સપ્ટેમ્બરે શનિવારે, બપોર પછી સાડા ત્રણ વાગ્યે, પોતાના એ સર્વ પરિવાર–પત્ની, પુત્ર, પુત્રીઓ, જમાઇઓ, સૌ–ની હાજરીમાં પોતાની મોટી પુત્રીના ખભે માથું મૂકી ઘણી જ શાંતિથી એમણે પ્રાણ છોડ્યા.

મરણ પર્યંત એમણે હાસ્ય, આનંદ અને વિનોદનો રસ બધાંને પાયે જ રાખ્યો. હેડકી એમને સતત આવતી તે બારમે કે તેરમે દિવસે આપોઆપ બંધ પડતી. એ બંધ પડે ત્યારે એ કહેતા કે 'ચોવીસે કલાક સતત મારી સાથે આ બારબાર દિવસ રહ્યા બાદ એ સહચરી આમ ઓચિંતી આવતી બંધ થાય છે તેથી એના વિના ઘણું સૂનું લાગે છે!' આમ છેક અંત સુધી બધાંને હસાવતા એ અવસાન પામ્યા.

ભગવાન શ્રીકૃષ્ણે તો ગીતાજીમાં આપણને ખાતરી આપી છે કે **'न मे भक्तः प्रणश्यति'** અને **'न हि कल्याणकृत्कश्चित् दुर्गतिं तात गच्छति'** એટલે ભાણાભાઇ જેવાનો પુણ્યાત્મા તો એની સ્વાભાવિકી ગતિને જ પામી પરમાત્મ-તત્ત્વમાં વિલીન થવાનો જ; બાકી એમનાં આત્મીય જનોને તો, એમની મધુર સ્મૃતિના છોડને, એમના વિયોગના ગાઢ ઉદ્વેગથી દબાતા હૃદયમાંથી આંખોમાં ઊભરાતાં આંસુ વડે, સીંચી સીંચી હમેશાં લીલો રાખવાનું પવિત્ર કાર્ય માથે આવી પડ્યું.

કવિ ટેનિસને 'ઇન મેમોરિયમ'માં ગાયું છે કે 'It's Death that is dead, not He.' અને નરસિંહરાવભાઇએ 'સ્મરણસંહિતા'માં આ જ શબ્દો સુંદર રીતે મૂક્યા છે કે 'મૃત્યુ મરી ગયું રે લોલ'. ગમે તે હોય, પણ એક વાત તો દીવા જેવી સ્પષ્ટ છે કે **'नास्ति तेषां यशःकाये जरामरणजं भयम्।'**

ભાણાભાઈની યશકાયા અમર છે.

---

## આહારશાસ્ત્ર વિષે ઉપયોગી પુસ્તક

**આહાર વિજ્ઞાન :** શરીરને ઘડવાનું મુખ્ય કામ આહારનું છે. આપણે ત્યાં શરીર–સ્વાસ્થ્ય અને તેમાં યે આહારવિજ્ઞાન વિષે બહુ ઓછું લખાયું છે. સામાન્ય રીતે બને છે એવું, કે આહારશાસ્ત્ર વિષેનાં પુસ્તકોમાં જો શાસ્ત્રીય તત્ત્વો બહુ બહોળા ફલક પર આલેખાતાં હોય તો લખાણ બહુ ભારેખમ હોય છે, અને જો કોઈ પુસ્તક લોકરુચિને અનુકૂળ સરળ-સરસ રીતે આલેખાએલાં હોય છે તો તેમાં શાસ્ત્રીય તત્ત્વ ઓછું હોય છે, પરિણામે આ આખો વિષય છીછરો કે નિઃસત્ત્વ બની જાય છે. આ પુસ્તકમાં આમાંનાં બંને ભૂષણો છે, અને તેમાંનું એકે દૂષણ નથી. તેની શાસ્ત્રીયતા અને વિષયને સ્પર્શતા જુદાજુદા વિભાગો, પેટા–વિભાગો ને ભાગો સમૃદ્ધ ને સઘળી વિગતો–માહિતીઓથી ભરપૂર છે. આહાર પણ અંતે તો સ્વાસ્થ્ય માટે જ છે, અને તેથી આ પુસ્તકમાં જેટજેટલું નિરૂપણ થયું છે તે બધું સ્વાસ્થ્યને અનુલક્ષીને અને સ્વાસ્થ્ય માટે જ હોય તેમ ઠેરઠેર સ્વાસ્થ્ય સંબંધી મહત્ત્વની સૂચનાઓ ને હકીકતો આપણને જોવા મળે છે. આરોગ્ય–શાસ્ત્ર વિષેના આપણા અલ્પસંખ્ય સાહિત્યની ખોટ પૂરવામાં આ પુસ્તક મહત્ત્વનો ઉમેરો કરે છે. લેખકો : જયશંકર પ્ર. પાઠક અને અનંતરાય મ. રાવળ, પ્રકાશક : મ. સ. યુનિવર્સિટી વડોદરા, કિંમત રૂા. ૫-૨-૦.

# પત્રમિત્ર વિભાગ

**જાપાની પત્રમિત્રો** (હરેક સરનામાને છેડે Japan ઉમેરવું)

(1) Mrs. Tasukichi Morimoto, Age—23, Shimo Koizumi, Namerikawa City, Toyama, Foreign Policies of different Countries, Education in India, World Peace; (2) Shigemi Satoh, Boy-18, C/o The School for the Blind, Minami-machi, Hiroshima City, World Peace, Religious Affairs, Blinds' Welfare; (3) Shinjiro Kawano, Boy—22, 39, 6-Chome, Omoiya-Cho, Asahika, Osaka, Movies, Picnics, Reading, General Correspondence; (4) Shoji Mori, Male-27, Toj Chome Komagawacho, Higashisumiyo Shiku, Osaka, World Peace, Foreign Affairs; (5) Susumu Kuno, Male-32, Dept. of Linguistics, Tokyo University, Bunkyoku, Tokyo, Study of Dravidian Literature; (6) D.P. Adoma, Male-24, C/o Unit S., U.S. Navy No.14, Japan, Agriculture, Liberal Arts, Photography, Music, History, Literature; (7) Miss Kibuko Taurba, Age-22, C/o Mr. Kenji Osawa, 162, Kaminimaibarhi, Kogaucimachi, Kitataneagun, Tokyo, World-peace, Religion-Affairs, Economics, Mode of Life; (8) Haru Kawabata, Boy-17, Shimoyama-Cho, Mizuho-Ku, Nagoya, Aichi, Social Science, History; (9) Mrs. Yasukirhi Morimoto, Age—22, Shimokoi Zumi, Namerikawa City, Social Affairs, Music, Literature; (10) Miss Junko Ho, Age-17, 326, Higashi, (a) Koiso, Kanagawa, Music, Dancing; (11) Masaaki Hoshino, Boy-21, 672, Mama, Ichikawa, Chiba, English Literature, Philosophy, Stamps, View-Cards; (12) Kozo Ishida, Boy-21, C/o Mr. Tozo Toshida, 19, Higashiharuna-michi, Janaka, Sakyo-Ku, Kyoto city, World Peace, Reading, Travelling, Art, Photography; (13) Mutsuo Audo, Boy-21, 2-7, Mishi Hatchtobori, Chuo-Ku Tokyo, Music, Movies, Novels, Stories; (14) Michia Ilda, Boy-20, 52, Inoue-Cho Higastino, Yamastuna, Higashiyoma-Ku, Kyoto, Temples, Gardens, Singing, Travelling, View-Cards; (15) Michiaki Kuraoka, Boy-21, C/o Matsumura, 775. Musashisaki, Musashino City, Tokyo, Films, Music, Photography, Correspondence-only with Indian Boys) (ઉલ્લેખ: A.J. Mehta, C/o Jayantilal Ravjibhai Mehta, Blook 5/6, 2nd Floor, 153 Jain Society, Sion, Bombay-22).

ફ્રાન્સ તેમજ અન્ય દેશોમાં મિત્રો મેળવવામાં મદદકર્તા નીવડે તેવી દિલ્હીની બે પત્રમિત્ર સંસ્થાઓનાં સરનામાં અમને શ્રી નરેન્દ્ર પટેલ (એમ. એસ. પટેલની કું., કરમસદ–ખેડા જિ.) તરફથી મળ્યાં છે તે અહીં આપીએ છીએ: (1) Nations League of Pen-friends, 44-C, North Avenue, New Delhi (Director: Mr. Radha Raman, M. P.); (2) Pen-friends & Hobbies (India) International, 16/28. W. E. A., Karolbagh, New Delhi (Directoress: Mrs. Sheela Gupta).

# આ માસ (ઑક્ટોબર) ઈતિહાસમાં: દિનવિશેષ · વ્યક્તિવિશેષ · પ્રસંગવિશેષ

## વ્યક્તિવિશેષ: વલ્લભભાઇ પટેલ



ભારતની સ્વાતંત્ર્ય-સાધનામાં ગાંધીજી પછીના અગ્રણીઓમાં અગ્રણી, ને સ્વાતંત્ર્ય-સિદ્ધિ પછી પોતાના એ જ અસાધારણ નિશ્ચય બળ અને ઝડપી કાર્યશક્તિ દ્વારા નૂતન ભારતની નિમેષમાત્રમાં આશ્ચર્યકારી કાયાપલટ કરી દઈ તેને અખંડ રૂપ આપનાર ભારતના 'લોખંડી પુરુષ' સરદાર વલ્લભભાઈ પટેલનો જન્મ ખેડા જિલ્લાના કરમસદ ગામમાં ઝવેરભાઈ પટેલને ત્યાં ઈ. ૧૮૭૫ની ૩૧મી ઑક્ટોબરે થયો હતો. મોસાળ નડિયાદમાં બાળપણથી મૅટ્રિક સુધીનું શિક્ષણ લઇ, આર્થિક સ્થિતિને કારણે કૉલેજમાં ન જઇ શકાતાં તેમણે ડિસ્ટ્રિક્ટ પ્લીડર થઇને ઈ. ૧૯૦૦માં ગોધરામાં વકીલાત શરૂ કરી, ને ત્યાંથી બોરસદ, આણંદ એમ ઈ. ૧૯૧૦ સુધીની વકીલાતમાં ઊજળી નામના મેળવી. એ દરમ્યાન ગણા ગામમાં ઝવેરબા સાથે તેમનાં લગ્ન થએલાં. ઈ. ૧૯૦૫માં પુત્ર ડાહ્યાભાઇ ને પછી પુત્રી મણિબેનના જન્મ બાદ ઇ. ૧૯૦૯માં ઝવેરબાનું અવસાન થયું. ઈ. ૧૯૧૦માં ઈંગ્લંડ જઇને પહેલા નંબરે બૅરિસ્ટર થઈ આવી ઈ. ૧૯૧૪થી તેમણે અમદાવાદમાં બૅરિસ્ટરી શરૂ કરી. ઇ. ૧૯૧૫માં અમદાવાદ મ્યુનિસિપાલિટીમાં ચૂંટાઈ આવી જાહેરજીવનમાં પ્રવેશ કર્યો, જ્યાં ઈ. ૧૯૧૭ના પ્લેગમાં એવી તો નિષ્ઠા ને પરિશ્રમથી કામ કર્યું કે સૌના પ્રેમ ને માનનું ભાજન બન્યા. ઈ. ૧૯૧૬માં તેઓ ગાંધીજીના સમાગમમાં આવતાં તેમની અભિનવ કાર્યપદ્ધતિમાં શ્રદ્ધા પ્રકટી અને ઈ. ૧૯૧૭માં ખેડાએલા ખેડા સત્યાગ્રહમાં તેમણે અગ્ર ભાગ લીધો. ઈ. ૧૯૨૧માં અમદાવાદ કૉંગ્રેસના સ્વાગત-પ્રમુખ તરીકે પોતાની અજોડ વ્યવસ્થાશક્તિનો પુરાવો આપ્યા બાદ ઇ. ૧૯૨૨માં બોરસદ સત્યાગ્રહની ને ઈ. ૧૯૨૩માં નાગપુર ઝંડા-સત્યાગ્રહની નેતાગીરી લઇ તેમણે બંનેમાં વિજય મેળવ્યો. ઈ. ૧૯૨૪થી ૧૯૨૮ દરમ્યાન અમદાવાદ મ્યુનિસિપાલિટીના પ્રમુખ તરીકે અસહકારકાળની સરકાર સામેની મ્યુનિસિપાલિટીની કપરી લડતમાં કુનેહ ને હિંમતથી એનું સુકાન સંભાળ્યું અને ઇ. ૧૯૨૭માં ગુજરાતના જળપ્રલય વખતે ગામડેગામડે ઘૂમીને તેમણે કરેલી રાહતની વ્યવસ્થાથી સરકાર પણ હેરત પામી. ઇ. ૧૯૨૮માં બારડોલીની લડતમાં સરકારની નાગચૂડ સામે અણનમ લડત આપીને સરકારને નમાવી ઝળહળતો વિજય મેળવી તેઓ 'સરદાર' બન્યા. ઇ. ૧૯૩૦ની ૧૨મી માર્ચની દાંડીકૂચની પૂર્વતૈયારી તરીકે તેઓ ખેડા જિલ્લામાં સ્વાતંત્ર્યની ચિનગારીઓ વહેતી મૂકતા હતા, ત્યાં રાસ મુકામે તેમની ધરપકડ થઇ. ગાંધી-અર્વિન કરાર બાદ ઇ. ૧૯૩૧ની કરાંચી કૉંગ્રેસના તેઓ પ્રમુખ બન્યા, જે સ્થાનેથી ફરી સ્વાતંત્ર્યની ચળવળ જગાવવાના આરોપસર ઈ. ૧૯૩૨થી ૩૪ સુધી તેમને જેલનિવાસ ભોગવવો પડ્યો. ઈ. ૧૯૩૫માં કૉંગ્રેસે પ્રધાનપદાં લેતાં પ્રાંતોની વહીવટી દોરવણી આપનાર પાર્લમેન્ટરી બોર્ડના તેઓ પ્રમુખ ચૂંટાયા અને ત્યારથી જ, એક રીતે, દેશ આખાના વહીવટનું સુકાન તેમને હાથ સોંપાયું. પાંચ વર્ષ બાદ ઈ. ૧૯૪૦માં વ્યક્તિગત સત્યાગ્રહમાં તેઓ ફરી પકડાયા. પણ ઈ. ૧૯૪૧માં નાદુરસ્ત તબિયતને કારણે સરકારે તેમને છોડી મૂક્યા. ઇ. ૧૯૪૨ની ૮મી ઑગસ્ટે થએલી સામુદાયિક ધરપકડમાં નેતાઓ સાથે તેઓ પણ નજરકેદ થયા, જ્યાંથી ઇ. ૧૯૪૫માં છૂટ્યા. ઈ. ૧૯૪૬ની કામચલાઉ સરકારમાં પ્રધાનમંડળમાં તેઓ આવ્યા, અને ઈ. ૧૯૪૭માં દેશ સ્વતંત્ર થતાં ભારત સરકારના ગૃહસચિવ અને નાયબ વડા પ્રધાન થયા, જે પદેથી એ વરસમાં દેશી રાજ્યોને વિલીન કરીને અખંડ ભારતનું તેમણે નિર્માણ કર્યું. ઈ. ૧૯૫૦ના ડિસેમ્બરની ૧૫મીએ નવરાષ્ટ્રના એ મહાન નિર્માતાનું અવસાન થયું.

## દિનવિશેષ

**તા. ૧** સ્વ. માલવીયજીના અથાક પરિશ્રમથી બનારસ હિંદુ વિશ્વવિદ્યાલયની સ્થાપના, ૧૯૧૭.

**તા. ૨** રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીનો પોરબંદર મુકામે જન્મ, ૧૮૬૯.

**તા. ૩** ૧૫,૦૦૦ માણસો લઈ શિવાજીએ સૂરત પર ચડાઇ કરી ત્યાં લૂંટ ચલાવી તેને ભાંગ્યું, ૧૬૭૦.

**તા. ૧૧** વરાળથી ચાલતી પહેલી હોડી ન્યૂ યૉર્ક–હૉબોકેન વચ્ચે ચાલુ થઈ, ૧૮૧૧.

**તા. ૧૨** અકબરનો શાહજાદો સલીમ 'જહાંગીર' નામ ધારણ કરી તખ્તનશીન થયો, ૧૬૦૫.

**તા. ૧૪** ઑક્સફર્ડ વિશ્વવિદ્યાલયે પહેલી જ વાર સ્ત્રીસ્નાતકોને ઉપાધિ આપવા માંડી, ૧૯૨૦.

**તા. ૧૬** લંડનમાં મહાભયંકર આગ, જેનાથી પાર્લમેન્ટનાં મકાનો ભસ્મીભૂત થઈ ગયાં, ૧૮૩૪.

**તા. ૧૭** હિંદમાં પડતર જમીનના વેચાણને લગતો ધારો પસાર કરવામાં આવ્યો, ૧૮૬૧.

**તા. ૨૧** 'નૉબેલ પ્રાઈઝ'ના પુરસ્કર્તા આલ્ફ્રેડ નૉબેલનો સ્વીડનમાં જન્મ, ૧૮૩૩.

**તા. ૨૬** વર્ષોની લડત પછી આયર્લૅંડ સ્વતંત્ર થયું, ડીવેલેરા તેના પ્રમુખ ચૂંટાયા, ૧૯૨૨.

**તા. ૨૮** હિંદુ ધર્મ સ્વીકારી ભારતની સેવા કરનાર ભગિની નિવેદિતાનો જન્મ, ૧૮૬૭.

**તા. ૨૯** આર્યત્વની અસ્મિતા જગાડનાર મહર્ષિ દયાનંદ સરસ્વતીનું અવસાન, ૧૮૮૬.

**તા. ૩૧** સાયમન કમિશનના વિરોધી સરઘસને મોખરે લાલા લજપતરાય પર લાઠીમાર, ૧૯૨૮.

## પ્રસંગવિશેષ: એશિયામાં યુરોપીય સામ્રાજ્યનો જન્મ, ૨૪મી ઑક્ટોબર ૧૫૦૬

તુર્ક લોકોએ ઈ. ૧૪૫૩માં કોન્સ્ટાન્ટિનોપલ કબજે કરી પોતાની સત્તા અગ્નિ યુરોપમાં વધારવા માંડતાં, તે સમયનાં અગ્રણી યુરોપીય રાજ્યો પૈકીના એક પોર્ટુગીઝ રાજ્યને એશિયા–ખાસ કરીને હિંદ–સાથે સીધો દરિયાઈ માર્ગ શોધવાની અત્યંત જરૂર જણાઈ. એ કામ પોર્ટુગાલના રાજા મૅન્યુઅલે આલ્ફૉન્ઝો આલ્બુકર્કને સોંપ્યું. હિંદી મહાસાગરથી સુપરિચિત આલ્બુકર્ક જાણતો હતો કે સોકોટ્રા એ રાતા સમુદ્રમાંથી અરબી સમુદ્રમાં આવતા મુખ્ય દરિયાઈ માર્ગ ઉપર આવેલું હોઈ લશ્કરી વ્યૂહની દષ્ટિએ અગત્યનું સ્થાન છે. તેથી તેણે તરત જ સોકોટ્રા કબજે કર્યું. તેનું બીજું લક્ષ્ય ઈરાનના અખાતમાંથી અરબી સમુદ્રમાં આવતા વ્યાપારી માર્ગ ઉપર કાબૂ જમાવી શકે એવા ઑર્મઝના ટાપુ ઉપર હતું. ફક્ત પોતાની જ બુદ્ધિથી અને બીજા કોઈ ઉપરી અધિકારીની પરવાનગી વગર તેણે ઑર્મઝ શહેર ઉપર પણ તોપો ચલાવીને ત્યાંના રાજાને હરાવ્યો, અને તા. ૨૪મી ઑક્ટોબર ૧૫૦૬ના રોજ તેની સાથે સંધિ કરી, જેની મુખ્ય શરતો આ પ્રમાણે હતી: રાજાએ પોર્ટુગાલના રક્ષણ તળે રહેવું, પોર્ટુગાલથી વિરુદ્ધ એવા કોઈ પણ રાજ્ય સાથે સંબંધ ન રાખવો, ઑર્મઝના રક્ષણ માટે પોર્ટુગાલને કિલ્લેબંધી કરવા દેવી, પોર્ટુગીઝ લશ્કરને નિભાવવું અને પોર્ટુગાલના રાજાને ખંડણી ભરવી. આમ ઑર્મઝ એ એશિયાનું સૌ પહેલું યુરોપીય–પોર્ટુગીઝ સંસ્થાન બન્યું.

–જયકાન્ત સૈયદ

> ઊંચાં શિખર ઠેકવા અધિક જેમ ઈપ્સા વધે,
> વિભો! નવલ શૃંગ ઉચ્ચતર તેમ સર્જ્યે જજે.
>
> —ચન્દ્રકાંત દેસાઈ

માણસ જીવે ત્યાં લગી માર માર કરે તો યે શત્રુઓનો નાશ ન થાય. પરંતુ જે એકલા ક્રોધને જ હણે છે તેના શત્રુમાત્ર હણાઈ જાય છે.

સંસ્કૃત સુભાષિત

ન્યુ ઑરીએન્ટલ બૅંક તૂટવાના ખબર સાંભળી ગોવર્ધનરામ પોતાના ત્યાં મૂકેલા ૨,૭૦૦ રૂપિયા લેવા ગયા ત્યારે બૅંક પર તાળું લાગી ગયું હતું! આથી લેશમાત્ર ખિન્ન થયા વગર કે બૅંકવાળા વિષે કટુવચન સરખું કાઢ્યા વગર ઘેર આવીને સૌને આ ખબર સંભળાવતાં તેઓ ખડખડાટ હસી પડ્યા ને બોલ્યા, 'આટલા રૂપિયા જવાના જ હશે તેથી આપણને આટલી મોડી સૂઝ પડી!'



કલાકણિકા: ૧૬મી સદીના સ્પેનમાં તાળાં-કૂંચી. એમાં કળની પ્લેટ ઉપર ખૂબ બારીક, ઝીણવટપૂર્વકનું કોતરકામ કરવામાં આવ્યું છે.

**અનેકાર્થી શબ્દ: છારી**=કોઈ વસ્તુ પર બાઝતા મેલનું પડ; એક ખેતી-ઉપયોગી વનસ્પતિ; અભિમાન; મેળવણી વગરનો સોના યા રૂપાનો ગઠ્ઠો; છારા જાતિની સ્ત્રી.

કહેવતોની કથા: 'સુણ ભાઈ માધા, કે નવ તેરકા આધા'. લખો ને માધો નામના બે મિત્રો મુસાફરીમાં લુટારાને હાથ પડ્યા. તેમની સામે બીજું કાંઈ ચાલે તેમ ન હોવાથી લખાએ માધાને સંકેતમાં ઉપલી પંક્તિવાળી કવિતા કહી. તેનો અર્થ એ કે ૯+૧૩=૨૨ તેનું અર્ધું ૧૧. હવે અગિયારા ગણી જવામાં—નાસી જવામાં જ માલ છે. કોઈ મોટી મથામણમાં પણ અંતે સાર ન જણાતાં તેને પડતી મૂકવા માટે પણ મજાકમાં આ કહેવત વપરાય છે. તેની પૂરી પંક્તિઓ આ મુજબ છે:

સુણ ભાઈ માધા, નવ તેરકા આધા,
તેતીસકા તીજા ભાગ, છે પાંચકા હુવાલાગ,
મેરા કહ્યા કીજીએ તો નવ ઉપર દો લીજીએ.

જે બધા સંકેતનો અર્થ 'અગિયાર' જ થાય છે.

**ઉમર કહી દો:** ૧૯મી સદીમાં જન્મેલા માણસને કહો: 'તમારા જન્મના વરસનો ત્રીજો આંકડો લ્યો. તેને પાંચે ગુણો. તેમાં બે ઉમેરો. તેને બેએ ગુણો. તેમાં તમારા જન્મના વરસનો છેલ્લો આંકડો ઉમેરો. શું આવ્યું?' એ જે રકમ કહે તે રકમ ૧૫૯માંથી બાદ કરતાં વધે તેટલાં વરસ તેને ૧૯૫૫માં થયાં. (૨૫)

ચોપડી ઉપર તેલનો ડાઘ પડ્યો હોય તો તેની ઉપર તથા નીચે મૅગ્નેશ્યમ કાર્બ (ચાકની ભૂકી) પાથરવી; પછી તે પર પાતળો લોખંડનો ગરમ કકડો મૂકવો. ડાઘ ચુસાઈ જશે. (૨૫)

હોકેઇડો (Hokkaido) નામના જાપાનના ટાપુ પર વસતી 'આઈનુ' નામની પ્રાચીન જાતિની સ્ત્રીઓ ઉપલા હોઠ ઉપર મૂછોની માફક છૂંદણાં છૂંદાવે છે. આવી મૂછ વગરની સ્ત્રી સાથે કોઈ પુરુષ લગ્ન કરતો નહિ. પણ છેલ્લાં કેટલાંક વર્ષથી ત્યાંની સરકારે આવી મૂછો ત્રોફાવવા પર પ્રતિબંધ મૂક્યો છે. આ જાતિ હવે નાબૂદીને પંથે છે. (મ. વી.)

કોઈ પણ વર્ષના માર્ચ માસની જે તારીખે જે વાર હોય છે તે જ વાર ને તારીખ એ જ વર્ષના નવેમ્બર માસમાં પણ હોય છે.

શીમળો બહુ ઉપયોગી ઝાડ છે. તેની છાલ ચોપડવાથી વાળો મટે છે. શીમળાનાં ફૂલનું શાક ઘી ને સિંધવ સાથે સિદ્ધ કરીને લેતાં આવડે તો પ્રદરનો રોગ મટે છે. ગામડાના લોકો ધાતુપુષ્ટિ માટે શીમળાનાં કૂળાં બારીક મૂળને દૂધમાં ઘસીને પીએ છે.

તાજાં બટેટાંની છાલ સખત બ્રશથી તરત ઊખડી જાય છે; પણ આપણે ત્યાં તો કાથી ભરેલો ખાટલો કે માચી પણ ચાલે. (૨૫)

ચીનાઓ બાળકના જન્મ સાથે જ તેની એક વર્ષની ઉમર ગણે છે.


જાડી મીણબત્તી કરકસરથી બાળવી હોય તો તેના પર સફેદ વારનિશનો હાથ મારી સૂકવી રાખવી. આથી મીણબત્તી બળશે ત્યારે ઓગળેલું મીણ વારનિશના પડની પાળમાં રોકાઈને બળશે, બહાર રેલા નહિ ઊતરે. (૨૫)




આ માસની ૨૪મીએ 'સંયુક્ત રાષ્ટ્રસંઘ દિન'ના સ્મરણમાં યૂનો તરફથી બહાર પડનારી નવી ટિકિટના આ ચિત્રમાં, ખુલ્લા મૂકેલા રાષ્ટ્રસંઘના કરારગ્રંથ ઉપર 'અમે સંયુક્ત રાષ્ટ્રોના લોકો...' એવા એ કરારના શરૂના શબ્દો જુદીજુદી ભાષાઓમાં લખેલા છે: ૩ સેન્ટની ટિકિટ પર અંગ્રેજીમાં, ૪ સેન્ટની ટિકિટ પર સ્પૅનિશમાં અને ૮ સેન્ટની ટિકિટ પર ફ્રેન્ચમાં.




પુષ્પરાશિ : કલાકાર સ્વ. રમેન્દ્રનાથ ચક્રવર્તી (એમનાં પુત્રી શ્રીમતી કલ્યાણી ચક્રવર્તીના સૌજન્યથી)



છાયામાં (ઇચિંગ) : કલાકાર રમેન્દ્રનાથ ચક્રવર્તી








ગયા જુલાઈમાં જેમનું અવસાન થયું તે, કલકત્તા સરકારી કળાશાળાના આચાર્ય રમેન્દ્રનાથ ચક્રવર્તીના આ અંકમાં અન્યત્ર આપેલા જીવન-પરિચય સાથે એમની વિવિધ શૈલીની કૃતિઓ આ અંકની ચારે ય આર્ટ પ્લેટ ઉપર આપીએ છીએ, જેમાં બે ત્રિરંગી ચિત્રો, બે ઇચિંગ, એક ડ્રાઈ પૉઈન્ટ, એક એક્વા ટિન્ટ, એક રંગીન વૂડકટ અને એક પેન્સિલ સ્કેચ (એક રંગમાં) છે.

મથાળે: 'અંધ ગાયક' (ઇચિંગ); જમણી બાજુ મથાળે: 'તેલ-સિચન' (રંગીન વૂડકટ)

જમણી બાજુ નીચે: 'ઉદ્યાનમાંથી' (પેન્સિલ સ્કેચ)

# રાજ્ય પુનર્રચના પંચે સૂચવેલા ભારતના નવા પ્રાંતો




ભારતીય સંઘમાંના પ્રત્યેક એકમની જનતાની તેમ જ સમગ્ર રાષ્ટ્રની સુખાકારીની અભિવૃદ્ધિ સધાવા પામે એ રીતે ભારતીય સંઘમાંનાં રાજ્યોની પુનર્રચનાના સમગ્ર પ્રશ્નની હેતુલક્ષી અને આવેશરહિત તપાસ માટે ભારત સરકારે ૧૯૫૩ની ૨૯મી ડિસેમ્બરે શ્રી સૈયદ ફઝલ અલીના પ્રમુખપણા નીચે 'રાજ્ય પુનર્રચના પંચ'ની નિમણૂક કરી હતી. શ્રી હૃદયનાથ કુંઝરુ અને શ્રી કે. એમ. પણિક્કર એ આ પંચના બીજા બે સભ્યો હતા. ગઈ તા. ૧૦મી ઑક્ટોબરે આ પંચના બહાર પડેલા અહેવાલમાં ભારતનાં બધાં રાજ્યોની પુનર્રચના અંગે જે ભલામણો પ્રકટ થઈ છે એ મુજબની નવા પ્રાંતોની રચના બાજુના નકશામાં દર્શાવી છે. એમાં જોતાં જણાશે કે વર્તમાન ૨૭ રાજ્યોને બદલે ફક્ત નીચેનાં ૧૬ જ રાજ્યોનાં એકમો એમાં સૂચવાયાં છે. મધ્યપ્રદેશ, મુંબઈ, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, જમ્મુ અને કાશ્મીર, આસામ, કર્ણાટક, બિહાર, આન્ધ્ર, ઓરિસ્સા, પંજાબ, મદ્રાસ, હૈદરાબાદ, વિદર્ભ, પશ્ચિમ બંગાળ, કેરળ. આ નવાં રાજ્યો ઉપરાંત દિલ્હી, મણિપુર, આંદામાન-નિકોબારના પ્રદેશો (ટેરિટરીઝ) સીધા કેન્દ્ર સરકારના વહીવટ તળે રહેશે. પંચે સૂચવેલી આ પુનર્રચના પરથી આટલા મુદ્દાઓ આગળ તરી આવે છે: રાજ્યોની સંખ્યા ૨૭માંથી ઘટીને ૧૬ની થશે. આર્થિક દૃષ્ટિએ નબળી સ્થિતિનાં તથા વહીવટી અને રાજકીય દૃષ્ટિએ અસ્થિર એવાં ક વર્ગનાં રાજ્યો આ પુનર્રચનાથી સમૂળગાં દૂર થાય છે. બ વર્ગનાં રાજ્યોને અ વર્ગની કક્ષામાં લાવીને લોકશાહી તંત્રરચના સાથે અસંગત તથા પ્રજાનો બહોળો વર્ગ જેની તરફેણમાં નથી એવા રાજપ્રમુખોનો હોદ્દો રદ કરાયો છે. વિસ્તારમાં સૌથી મોટું રાજ્ય મધ્ય પ્રદેશનું છે, જેમાં વર્તમાન મધ્ય પ્રદેશના શેષ ૧૪ જિલ્લાઓ, સમસ્ત ભોપાલ અને વિંધ્યપ્રદેશ, મધ્ય ભારતનો ઘણોખરો ભાગ તથા રાજસ્થાનના સિરોંજ સબ ડિવિઝનનો સમાવેશ કરાયો છે. કેરળનું નવું રાજ્ય એ સૌથી નાનું રાજ્ય છે, જેમાં મદ્રાસ રાજ્યને સોંપાતા તાલુકાઓ સિવાયનું ત્રાવણકોર-કોચીનનું રાજ્ય ફોર્ટ કોચીન ને લખદીવ ટાપુઓ સહિત મલબાર જિલ્લો, દક્ષિણ કાનડાનો કસારગોડ તાલુકો તથા અમીનદીવ ટાપુઓનો સમાવેશ થાય છે. ઉત્તર પ્રદેશ એ સૌથી વધુ વસતિવાળું, કંઈપણ ફેરફાર પામ્યા વિનાનું યથાસ્થિત રાજ્ય રહે છે. આવું બીજું ફેરફાર નહિ પામેલું રાજ્ય ઓરિસ્સાનું છે. સૌથી ઓછી વસતિવાળું વિદર્ભ એ નવું રાજ્ય છે જેમાં મધ્યપ્રદેશના બલદાણા, અકોલા, અમરાવતી, યવતમાલ, વર્ધા, નાગપુર, ભંડારા ને ચાંદા જિલ્લાઓનો સમાવેશ કરાયો છે. આખા ભારતમાં માત્ર મુંબઈ અને પંજાબ એ બે જ દ્વિભાષી રાજ્યો બને છે. એ પૈકી પંજાબમાં પેપ્સુ અને હિમાચલ-પ્રદેશને સમાવી લેવાયાં છે, જ્યારે મુંબઈ રાજ્યમાંથી આબુરોડ તાલુકો, ધારવાડ, વિજાપુર, ઉત્તર કાનડા અને ચંદગઢ તાલુકા સિવાયના બેલગામ જિલ્લાને અન્ય રાજ્યો સાથે ભેળવી દેવાયા છે, ઉપરાંત હૈદરાબાદના મરાઠીભાષી જિલ્લાઓ ઓસ્માનાબાદ, ભીર, ઔરંગાબાદ, પરભણી અને નાંદેડ તથા ગુજરાતીભાષી સૌરાષ્ટ્ર ને કચ્છને આ રાજ્યમાં ઉમેરવામાં આવ્યાં છે. આ રીતે નવી રચના કરવા માટે પંચને રાજકીય, વહીવટી, આર્થિક, ભૌગોલિક ઇત્યાદિ અનેક દૃષ્ટિબિંદુઓને ખયાલમાં રાખવા સાથે ૧,૫૨,૨૫૦ દસ્તાવેજો જોવા પડયા છે. અલબત્ત, આમાં મોટા ભાગના તો ફક્ત પોતાને અમુક રાજ્યોમાં જ લેવાની ઇચ્છા દર્શાવતાં પ્રજાનાં તારો, દરખાસ્તો, સૂચનો વગેરે છે, છતાં આમાંથી ૨,૦૦૦ જેટલા દસ્તાવેજો પંચને ખાસ ધ્યાન આપવા જેવા લાગ્યા છે. આ સિવાય, પોતાની ભલામણો નિશ્ચિત કરતાં પહેલાં પંચે રૂબરૂ મુલાકાતો માટે ૩૮,૦૦૦ માઇલનો પ્રવાસ પણ ખેડયો છે.

# ગુજરાતી ભાષામાં અનન્ય કલાપ્રકાશનો

## શિલ્પપરિચય

હિંદી કલાનાં રૂપ અને રહસ્યદર્શનના અગ્રણી આવિષ્કારક તથા 'રૂપમ્'ના તંત્રી, વિખ્યાત કલાવિવેચક શ્રી અર્ધેન્દ્રકુમાર ગાંગુલીએ વિદ્યાર્થીઓ માટે તૈયાર કરેલા મૂળ બંગાળી ગ્રંથનો અનુવાદ. સંખ્યાબંધ દૃષ્ટાંતચિત્રોથી ખીચોખીચ ભરેલું આ પુસ્તક કલાનાં રૂપ-રહસ્યની શાસ્ત્રીય સમજણ આપીને રસદૃષ્ટિ ખીલવવા ઉપરાંત કોઇ પણ કલાપ્રેમી માટે હિંદી કલાની સમજણના એક મહત્ત્વના અભ્યાસરૂપ બની રહેશે. કલારસિકો, રસદૃષ્ટિના અભ્યાસી વિદ્યાર્થીઓ, ચિત્રશિક્ષકો, બધી માધ્યમિક શાળાઓ, પુસ્તકાલયો વગેરેને ઉપયોગી, ખીચોખીચ લખાણ સાથે લગભગ ૨૦૦ ચિત્રોથી ભરચક અતિ મૂલ્યવાન, સંગીન અને સમૃદ્ધ મીમાંસાપોથી. કિં. રૂ. ૩. (પો. વગેરે ૦ાાા)

## ગુજરાત કલાકલાપ

સર્વશ્રી રવિશંકર રાવળ, કનુ દેસાઈ, સોમાલાલ શાહ, રસિકલાલ પરીખ, જગન્નાથ અહિવાસી, છગનલાલ જાદવ, ત્રિગુણાતીત પંચોળી, બંસીલાલ વર્મા, શકુન્તલા દીવાનજી આદિ ગુજરાતી કલાકારોનાં પૂર્ણરંગી ચુનંદાં ચિત્રો આર્ટ કાર્ડ પર સુઘડ છપાઈમાં પ્રત્યેક ચિત્રકાર ને ચિત્રના પરિચય સાથે. **કલાપ-૧:** જીવનસંગીત (રવિશંકર રાવળ), નવધાન્ય (રસિકલાલ પરીખ), અર્જુનઉર્વશી (કનુ દેસાઈ), કલાતંતુ (સોમાલાલ શાહ), રંકની કલા (છગનલાલ જાદવ), રાજકુંવરી રૂપાંદે (રવિશંકર રાવળ); **કલાપ-૨:** કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય (રવિશંકર રાવળ), વાસન્તી (જગન્નાથ અહિવાસી), ઝરૂખે (રસિકલાલ પરીખ), પીરની માનતા (છગનલાલ જાદવ), પ્રતીક (કનુ દેસાઈ), ચંદ્રહાસ (પંચોળી); **કલાપ-૩:** ચાંદાચોળી રવિશંકર (રાવળ), કૃષિમહોત્સવ (રસિકલાલ પરીખ), શિશિર વસંત (સોમાલાલ શાહ), જન્મોત્સવ (શકુન્તલા દીવાનજી), ઝૂંપડીની લક્ષ્મી (બંસીલાલ વર્મા), આભઅરતીનો ઉપાસક (છગનલાલ જાદવ). આવાં, ગુજરાતી કલાનાં પ્રતિનિધિરૂપ છ છ ચિત્રોના દરેક કલાપની કિંમત રૂા. ૨ (પોસ્ટેજ વગેરે ૦-૧૨-૦)

## ભારતીય કલાકલાપ (નવું પ્રકાશન)

ગુજરાતમાં પ્રસિદ્ધ થએલા ચિત્રકળાના સર્વ સંપુટોમાં વૈવિધ્ય અને સર્વગ્રાહિતા માટે લોકપ્રિય, ઉપર્યુક્ત 'ગુજરાત કલાકલાપ'ની ઢબ ઉપર જ સમસ્ત ભારતના નામચીન કલાકારોની કલાના ચુનંદા નમૂનાઓ રજૂ કરતી ત્રણ સંપુટોની આ નવી માળા કેવી અદ્વિતીય અને અનન્ય બની રહેશે તેને વિષે અમે કાંઈ પણ કહીએ તે કરતાં આ નીચેનાં એ ચિત્રો તથા ચિત્રકારોનાં નામ જ તે આપોઆપ કહી રહેશે: **કલાપ-૧:** પ્રણયોત્સવ (અજંતા), બાબરનો દરબાર (મુઘલ), ગોઠડી (કાંગરા), કુણાલ (નંદબાબુ), રાગિણી ગૌરી (પ્રમોદકુમાર), વનભોજન (વનવિહારી); **કલાપ-૨:** રાજરાણી(પોર્ટ્રેઇટ/આરુઆ), ચાંદબીબી(દખ્ખણ કલમ), દંપતી(રાજપુત), મહિયારી(નંદબાબુ), ચન્દ્રશેખર (પ્રમોદકુમાર), બુદ્ધ (પુલિન બિહારી); **કલાપ-૩:** જીવનસખ્ય (પુલિન બિહારી), આકાશી ગાન (માસોજી), બાજબહાદુર રૂપમતી (મુઘલ), કમળતળાવડી (રમેન્દ્રનાથ), અંધની લાકડી (દેવવર્મન), પહાડી ઝરણુ (વીરેશ્વર સેન). ટૂંક સમયમાં બહાર પડશે.

## અમદાવાદ (ગુજરાતનું પાટનગર)

જેણે પશ્ચિમના સમર્થ કલામીમાંસકોને મુગ્ધ કર્યા છે અને જેની પ્રશસ્તિ સાંભળીને જગત-યાત્રીઓ અમદાવાદ આવે છે, એ શિલ્પ અને સ્થાપત્યનાં કાવ્યો સમાં અમદાવાદનાં બાવન નામચીન સ્થાનોના ફોટોગ્રાફોનું આલ્બમ. ચિત્રોની માહિતીનોંધ તથા અમદાવાદની ચડતીપડતીના વિદ્વત્તાભર્યા નિબંધ સાથે. કિં. રૂ. ૨. (પો. વગેરે ૦ાા)

## વૈષ્ણવજન

જીવનનો ઉચ્ચ આદર્શ પ્રબોધતું મહાત્માજીનું એ પ્રિય ભજન સૌ સરળતાથી નજર સામે રાખી શકે એ હેતુથી કાળી ભોંય પર સફેદ અક્ષરે ઉઠાવદારરીતે છાપીને તેનાં પોસ્ટકાર્ડ કાઢયાં છે. ભજનની બંને બાજુ મહાત્માજી તથા નરસિંહ મહેતાનાં નાનાં રેખાલેખન પણ છે. ℂ મહાત્માજીની માસિક તિથિઓએ, એમના પુણ્ય સ્મરણની સાથોસાથ જીવનનો આદર્શ પ્રબોધતું આ ભજન બહુ ઉચિતરીતે મિત્રો વગેરેને ટપાલમાં પોસ્ટકાર્ડ તરીકે મોકલી શકાય, અગર રૂબરૂ વહેંચી શકાય. એક ડઝન કાર્ડના ટપાલ-ખર્ચ સાથે ૦-૭-૦નો મ. ઓ. કરો.

## યોગાસનો

શરીર, મન અને જ્ઞાનતંતુઓને એકીસાથે સ્વસ્થ રાખતી અને કોઈ પણ ઉમરના માણસને આરોગ્ય પ્રાપ્ત કરાવી આપનારી આપણી આ પ્રાચીન વ્યાયામપદ્ધતિની સચિત્ર લેખમાળા 'કુમાર'માં ખૂબ લોકપ્રિય થઈ ગઈ. હવે તે નાની અને સસ્તી પુસ્તિકા રૂપે એનાં સર્વ ચિત્રો સાથે પ્રકટ થઈ છે. કિંમત રૂા. ૦ાા (પો. ૦-૧-૦) વી. પી. કરવામાં આવશે નહિ અને ટપાલમાં ટિકિટો મોકલવી સલામત નથી; માટે નાણાં મનીઑર્ડરથી મોકલવાં.

**કુમાર કાર્યાલય લિમિટેડ • ૧૪૫૪ રાયપુર • અમદાવાદ**